અ૯૬૫-૨૦૫

# કચ્છના કોળીઓ

અહેવાલ લેખન
જસવંતસિંહ રાઠોડ

સંપાદક
ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

૨૦૫

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૫-૮૬

# કચ્છના કોળીઓ

અહેવાલ લેખન
જસવંતસિંહ રાઠોડ

સંપાદક
ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૫-૮૬

૨૦૫

# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાના નંબર |
|---|---|---|
| | પ્રાસ્તાવિક | |
| ૧ | વિસ્તાર વસતિ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ | ૧ |
| ૨ | ભૌતિકજીવન | ૧૩ |
| ૩ | આર્થિકજીવન | ૩૩ |
| ૪ | સમાજવ્યવસ્થા<br>(સામાજિક સંગઠન, રીતરિવાજ, ધાર્મિક કહેવતો અને ખાસિયાતો) | ૬૯ |
| ૫ | શિક્ષણ | ૮૯ |
| ૬ | મળેલા લાભો અને જરૂરિયાતો | ૧૦૧ |
| ૭ | સમસ્યાઓ અને સુઝાવ | ૧૧૮ |
| ૮ | સૂચિત વિકાસ કાર્યક્રમ | ૧૩૦ |
| | **પરિશિષ્ટ** | |
| ૧ | ૧૯૮૪-૮૫ના વર્ષની કામગીરીનું સ્ટેટમેન્ટ<br>જિલ્લા વિકાસ એજન્સી, કચ્છ-ભૂજ | ૧૪૫ |
| ૨ | રાપર તાલુકા વિકાસ એજન્સીની કામગીરી<br>૧૯૮૪-૮૫નું સ્ટેટમેન્ટ | ૧૪૯ |
| ૩ | અનુસૂચિ | ૧૫૩ |

# કોઠા સૂચિ


| કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ | |
| ૨ | દાયકા દરમ્યાન વસતિમાં થયેલ વધારો-ઘટાડો | |
| ૩ | અભ્યાસમાં આવરી લીધેલ ગામોની કુલ વસતિ તથા અનુસૂચિત જનજાતિની વસતિ | |
| ૪ | દિવાલ તથા છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો | |
| ૫ | મકાનનો પ્રકાર, મકાનનું ક્ષેત્રફળ તથા ખોરડાની સંખ્યા દર્શાવતો કોઠો | |
| ૬ | મકાનની જમીન માલિકી દર્શાવતો કોઠો | |
| ૭ | વાસણો દર્શાવતો કોઠો | |
| ૮ | ઘરવખરીનાં સાધનો દશાવતો કોઠો | |
| ૯ | ખેતીનાં સાધનો દર્શાવતો કોઠો | |
| ૧૦ | મુખ્ય ધંધા દર્શાવતો કોઠો | |
| ૧૧ | ગૌણ ધંધો દર્શાવતો કોઠો | |
| ૧૨ | કમાનાર બિન કમાનાર દર્શાવતો કોઠો | |
| ૧૩ | જમીનવાળાં કુટુંબો તથા જમીન દર્શાવતો કોઠો | |
| ૧૪ | પશુધન દર્શાવતો કોઠો | |
| ૧૫ | વૃક્ષો દર્શાવતો કોઠો | |
| ૧૬ | ચોખ્ખી આવક દર્શાવતો કોઠો | |
| ૧૭ | ઘર વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો | |
| ૧૮ | દેવું દર્શાવતો કોઠો | |
| ૧૯ | દેવાનો હેતુ દર્શાવતો કોઠો | |
| ૨૦ | અસ્કયામત દર્શાવતો કોઠો | |
| ૨૧ | સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો | |

| કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૨૨ | વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો | |
| ૨૩ | તાલુકાવાર શિક્ષણ દર્શાવતો કોઠો (અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબો સંબંધિત) | |
| ૨૪ | શિક્ષણ દર્શાવતો કોઠો | |
| ૨૫ | ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો | |
| ૨૬ | અંજાર નગર પ્રાથમિક શાળા શિક્ષણ દર્શાવતો કોઠો | |
| ૨૭ | કોટડા જદોદર ગામના કુટુંબોને મળેલ મદદ : ૧૯૮૪-૮૫ | |
| ૨૮ | સરકારી લાભો દર્શાવતો કોઠો | |
| ૨૯ | નવો ધંધો કરવા ઈચ્છતા કુટુંબો | |
| ૩૦ | ધંધા માટે જોઈતી મદદ દર્શાવતો કોઠો | |
| ૩૧ | જરૂરિયાત દર્શાવતો કોઠો | |
| ૩૨ | શૈક્ષણિક લાભો દર્શાવતો કોઠો | |
| ૩૩ | ખેતી વિષયક જરૂરિયાત દશાવતો કોઠો | |
| ૩૪ | ખેતીનાં સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો | |
| ૩૫ | પિયતનાં સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો | |
| ૩૬ | દૂધાળાં ઢોરની જરૂરિયાત દર્શાવતો કોઠો | |
| ૩૭ | રાપર તાલુકા વિકાસ એજન્સી દ્વારા આપવામાં આવેલી સહાય દર્શાવતો કોઠો : ૧૯૮૪-૮૫ | |

# પ્રસ્તાવના

સમાજના નબળા વર્ગોના ઉત્થાન માટે સ્વતંત્રતા બાદ બંધારણીય જોગવાઈ અનુસાર પંચવર્ષીય યોજનાના આયોજનમાં પછાત વર્ગોના કલ્યાણના વિકાસનો પાયો નંખાયો હતો તે જુદા જુદા સ્વરૂપે હતો. જેમાં ૧૯૫૨ની ૨૩ ઓકટોબરે 'કોમ્યુનીટી ડેવલપમેન્ટ અને નેશનલ એક્ષટેન્સન' પ્રોગ્રામ અમલમાં આવ્યો હતો. જયારે ૧૯૫૫માં સમગ્ર ભારતમાં જયાં ખાસ કરીને આદિજાતિઓની વસતિ સ્થાઈ થયેલી છે તેઓના સંકુલિત વિકાસ માટે ખાસ બહુહેતુક બ્લોકોની શરૂઆત કરાવી હતી.

ટ્રાઈબલ સબ પ્લાન ૧૯૭૪-૭૫માં અને ત્યારબાદ ૧૯૭૫-૭૬માં આઈ.ટી.ડી.પી. કાર્યક્રમનો અમલમાં આવ્યા હતા. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિકાસ માટે મુખ્યત્વે નીચે પ્રમાણેના બે અભિગમો અપનાવ્યા હતા.

(૧) આદિવાસી અને અન્ય વિસ્તાર વચ્ચેનું અંતર ઘટાડવું

(૨) આદિવાસી જાતિઓના જીવનની ગુણવત્તા સુધારવી

પાંચમી પંચવર્ષીય યોજનાના અનુભવના આધારે છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિમજાતિઓની પેટા યોજનાના સંકલિત વિકાસ માટેનો વિસ્તાર વધારવાની શક્યતા જોઈ છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી પેટા યોજનાના મુખ્ય ત્રણ અંગો નક્કી કર્યા હતા તેમાં,

(૧) આદિવાસી પેટા યોજના

(૨) લઘુ વિસ્તાર

(૩) પ્રિમિટીવ આદિમજાતિ પ્રોજેકટ

(૪) અન્ય વિસ્તારોમાં છૂટાછવાયા આદિવાસીઓ માટેની યોજના સંકલિત આદિવાસી વિકાસ પ્રોજેકટ હેઠળ ગુજરાતમાં સઘન વસતિ ધરાવતા આઠ જિલ્લાઓના ૩૨ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિવાયના આદિવાસીઓને પોકેટ વિસ્તાર અને છૂટાછવાયા આદિવાસીઓમાં ગણના કરવામાં આવી છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ છૂટાછવાયા આદિવાસીઓની વસતિ રાજયમાં ૧૦,૭૧,૪૭૮ની છે, જેમાં વડોદરા અને સુરત જિલ્લામાં સૌથી વધારે વસતિ છે. જયારે પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે તે કચ્છ જિલ્લામાં ૬૩,૩૦૧ આદિવાસીઓ છે. છૂટાછવાયા આદિવાસીઓ શૈક્ષણિક રીતે ખૂબજ પછાત છે, તેમજ તેમની આર્થિક પરિસ્થિતિનું પ્રતિબિંબ કેવું

છે. પ્રસ્તુત સંશોધન દ્વારા છૂટાછવાયા આદિવાસીઓની જીવન પ્રણાલી, આર્થિક સ્થિતિ આવક-ખર્ચ આવક ઉપાર્જનનાં સાધનો, સાંસ્કૃતિકતા, સામાજિક સંગઠન, સરકારી યોજનાઓનો ઉપયોગ વગેરે બાબતો જાણી કચ્છ જિલ્લામાં વસતા આદિવાસી જાતિના વિકાસ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

**સંશોધનના હેતુઓ**

૧. છૂટાછવાયા આદિવાસીઓની આર્થિક સંરચના તપાસવી. તેઓ કઈ આર્થિક પ્રવૃત્તિઓમાં કયા ધંધા રોજગારમાં રોકાયેલા છે તે જોવું. એમાંના કેટલા ગરીબી રેખા નીચે છે તે જાણવું.

૨. તેમનામાં શિક્ષણનું પ્રમાણ કેવું છે. તેમના બાળકો શાળાએ જાય છે કે કેમ ? કેમ નથી જતા તથા શિક્ષણ કેવા લાભો મળ્યા છે વિગેરે માહિતી મેળવવી.

૩. જિલ્લામાં ચાલતા રોજગારીનાં કામો જેવાં કે એન.આર.ઈ.પી./આર.એલ.ઈ.જી.પી. વગેરે કાર્યક્રમોમાં તે માટે રોજગારીની તકો મળે છે કે કેમ ? કેટલી છે તે માહિતી મેળવવી.

૪. ગરીબી દૂર કરવાના કાર્યક્રમોને લીધે તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે કે કેમ તે જોવું.

૫. તેમની જમીન અન્ય કોમોના હાથમાં ગઈ છે ? ગઈ હોય તો તે ગયાનાં કારણો તપાસવા.

૬. અન્ય કોમો સાથેના તેમના આર્થિક સામાજિક સંબંધો કેવા છે તેની અસર કેવી પડે છે તે તપાસવું.

૭. સરકારશ્રી અને સમાજ પાસેથી તેઓ શી અપેક્ષાઓ રાખે છે, તેમને કેવા કાર્યક્રમો જોઈએ તે તપાસવું.

૮. તેમને એકંદરે શું લાભ મળ્યો છે; કોના દ્વારા મળ્યો છે; તેનો અભ્યાસ કરી તેમના માટે કેવા પ્રકારના વિકાસ કાર્યક્રમો બનાવી શકાય અને તે દ્વારા જીવનસ્તર કેટલું સુધારી શકાય તે સુચવવાનો ઉદ્દેશ છે.

**સંશોધન પ્રવિધિ**

**નિદર્ષનિયતી**

કચ્છ જિલ્લાના છૂટાછવાયા આદિવાસી માટેના વિકાસાત્મક આયોજન માટે જિલ્લાના તાલુકાઓમાંથી સૌથી વધુ આદિવાસી વસ્તી હોય તેવા બે તાલુકાના ગામો જે સંપૂર્ણ આદિવાસી વસતિ ધરાવતા હોય તેવા બે ગામો જેમાં રાપરનું માનગઢ અને ભચાઉનું રાજણસર ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ઓછી વસતિ ધરાવતા નખત્રાણા તાલુકાનું એક ગામ કોટડા જડોદર ગામમાં કોળીઓ અન્ય જાતિની સાથે રહેતા હોય, જયારે અંજાર નગર વિસ્તારમાં વસતા આદિવાસીઓને પસંદ કર્યા હતા. જેના કારણે શહેરમાં વસતા

આદિવાસી અન્ય આદિવાસીઓ કરતાં કેવા પ્રકારના વ્યવસાય કેવા પ્રકારની આર્થિક, સામાજિક સ્થિતિ છે તે જાણવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેના કારણે સઘન વસતિ ધરાવતા વિસ્તારના આદિવાસીઓ શહેરી આદિવાસી અને અન્ય જાતિઓ સાથે વસતા આદિવાસીઓનો સમગ્ર અભ્યાસ કરી તેમની સાચી સ્થિતિને જાણી શકાય. પસંદ થયેલ ચારે તાલુકાઓમાંથી એક એક ગામ પસંદ કરવામાં આવ્યાં હતાં. આમ ચારે તાલુકાના ચાર ગામ પસંદ થયાં હતાં. જયારે દરેક ગામમાંથી દૈવનિદર્શન પદ્ધતિથી ૨૫ કુટુંબોને પસંદ કરવામાં આવ્યા હતા. આમ કુલ ૧૦૦ કુટુંબો પસંદ કરાયા હતા.

**સંશોધન પ્રવિધિ**

સર્વેક્ષણ સંશોધનમાં ઉપરોક્ત હેતુઓને બર લાવવા માટે વૈજ્ઞાનિક પ્રવિધિઓનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કર્યો હતો તેમાં સહભાગી નિરીક્ષણ, બિન-સહભાગી નિરીક્ષણ એમ બન્નેનો ઉપયોગ કર્યો હતો.

ઉપરાંત કુટુંબની માહિતી માટે અનુસૂચિ તૈયાર કરી માહિતી મેળવી હતી. ગામપત્રક જેવી પ્રવિધિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો તે ઉપરાંત જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી, સ્થાનિક નેતાઓ, આદિવાસી આગેવાનો, કાર્યકર્તાઓ પાસેથી આદિવાસીઓની આર્થિક સામાજિક સ્થિતિ અંગેના અભિપ્રાયો મેળવવા મુલાકાત પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ગ્રંથાલય**

કચ્છના કોળીઓના અભ્યાસ માટે ગ્રંથાલયોમાંથી જે માહિતી મળે તે માટે સ્નાતક કક્ષાના નિબંધો, સેન્સસ, નકશામાં ગુજરાત, કચ્છી કહેવતો, કચ્છ દર્શન, સૌરાષ્ટ્રની પછાત જાતિઓ રાસમાળા વગેરેનો જેટલો ઉપયોગ થાય તેટલો કરવામાં આવ્યો હતો. આમ આ અભ્યાસને વધુ સારો અને વધુ લાભદાયી બનાવવા માટે વાસ્તવિક પરિસ્થિતિથી નજીક જઈ તેમના વિકાસ માટે તેમના જ અભિપ્રાયો તેમજ તેમના આગેવાનોના અભિપ્રાયો વગેરેને લક્ષમાં રાખી વિકાસ માટેના સુઝાવો કરવામાં આવ્યા છે.

આ અભ્યાસમાં મદદ કરનાર કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઈ નાયક, ગૌરી શંકર પંડ્યા, લક્ષ્મણભાઈ મકવાણા, તાલુકા વિકાસ અધિકારીઓ, કોળી આગેવાનો, અખિલ કચ્છી કોળી આદિવાસી જાગૃતિ મંડળના પ્રમુખ શ્રી સવાભાઈ લગધીરભાઈ તથા ભેખધારી સમાજસેવક શ્રી નરશીભાઈ ગોવાભાઈનો હું ખૂબ ખૂબ આભારી છું. આ ઉપરાંત આ અભ્યાસ માટે જે જે મિત્રોએ સાથ સહકાર આપ્યો હોય તે બધાનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

# પ્રકરણ-૧
## વિસ્તાર, વસતિ અને ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિ

કચ્છની ભૂગોળ ઉપર દ્રષ્ટિ કરીએ તો કચ્છ ગુજરાતની વાયવ્યે આવેલ રાજયનો મોટામાં મોટો જિલ્લો છે. રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩.૨૭ ટકા થાય છે. તેનો વિસ્તાર ૪૫૬૧૨ ચોરસ કિલોમીટર છે. ઉત્તર અક્ષાંશ ૨૨ અને ૨૪ પૂર્વ રેખાંશ ૬૮ અને ૭૨ વચ્ચે આવેલ છે. હિન્દ મહાસાગરને ઉગમણે કિનારે સિંધ અને કાઠિયાવાડની વચ્ચે ઉત્તર અક્ષાંશ ૨૨°-૪૬' તથા ૨૪° - ૧૬' અને પૂર્વ રેખાંશ ૬૮°-૩૧' તથા ૭૫°-૫' ની અંદર આવેલો છે. તેની ઉત્તરે અને ઈશાને રાજસ્થાન, પૂર્વે બનાસકાંઠા અને મહેસાણા જિલ્લો. અગ્નિદિશાએ સુરેન્દ્રનગર જિલ્લો, દક્ષિણે કચ્છનો અખાત અને રાજકોટ જિલ્લો તેના પૂર્વ ઉત્તર અને અગ્નિકોણમાં રણ આવેલું છે. દક્ષિણ અને નૈઋત્યકોણમાં હિન્દ મહાસાગર અને પશ્ચિમ અને વાયવ્યકોણમાં અરબી સમુદ્ર અને સિંધુ નદીની કોરી નામની શાખા આવેલી છે.

પૂર્વમાં નાનું રણ અને ઉત્તરમાં મોટું રણ આવેલાં છે. મોટું રણ જે ઉત્તરે આવેલ છે તે પાકિસ્તાનની સરહદને કચ્છ સાથે જોડે છે. નાનું રણ ઉત્તર ગુજરાતની સીમાને અડકે છે. કચ્છ પ્રદેશમાંનું રણ ઘણે અંશે કચ્છના એ વિસ્તારોને તદ્દન સુકા રાખે છે. આ રણ બીજા રણ કરતાં જુદા પ્રકારનું છે. લેફ.બર્નિસે તેના સંસ્મરણો (૧૮૨૭-૨૮)માં આ અજબ રણ પ્રદેશનું વર્ણન આપતાં લખ્યું છે કે ''જગતમાં આ વિશાળ પ્રદેશની બીજી જોડ નથી.'' રણ શબ્દ સાંભળતાંજ આપણા કલ્પના પ્રદેશમાં રેતીના મોટા મોટા ઢગલાવાળો પ્રદેશ નજરે પડે. પણ કચ્છનું રણ આવું નથી. કહેવાય છે કે પહેલાં આ રણ પ્રદેશ પર દરિયો ઘૂઘવતો હતો પણ આજે એ દરિયો ત્યાંથી ખસી ગયો છે. તેથી તે પ્રદેશ સપાટ ખારો પ્રદેશ છે. ત્યાં વર્ષાઋતુમાં પાણી ભરાઈ જાય છે. તે સૂકાય ત્યારે ઝીણી રેતી માટી મિશ્રિત મીઠાના થર પથરાઈ જાય છે જેના કારણે સમગ્ર વિસ્તાર વનસ્પતિ અને રહેણાંકથી વંચિત છે. આ રણપ્રદેશની આંખને આંજી નાખતી સફેદી ઉપર લાંબા લાંબા મૃગજળ પ્રભુત્વ ધરાવે છે અને તેની ઉપર છૂટાં છવાયાં હરણાંઓ અથવા જંગલી ગધેડાંઓ અથવા કોઈ વખત ઊંટની વણઝાર સિવાય કશું નજરે પડતું નથી. નીચાણવાળા પ્રદેશમાં આવેલો વિશાળ બન્નીનો વિસ્તાર ૧૬૫૮ ચો.કિ. મીટરનો વિસ્તાર ઘાસિયા જમીનનો પ્રદેશ છે.

કચ્છમાં મોટા પર્વતો કે મોટા ડુંગરો નથી પણ નાના ડુંગરો ઘણા છે. આવા ડુંગરોની પૂર્વ પશ્ચિમ ત્રણ હાર છે તેને ધાર કહેવાય છે. (૧) ઉત્તરધાર (૨) મધ્યધાર (૩) દક્ષિણધાર, ઉત્તર ધારના ડુંગર ૧૪૪૦ ફૂટ ઊંચાઈવાળા છે. મધ્ય ધારના ડુંગરોની ઊંચાઈ ૧૨૩૬ ફૂટની છે. દક્ષિણ ધારની ઊંચાઈએ ૧૪૨૪

ફૂટની ઊંચાઈ ધરાવતા ડુંગરો આવેલા છે. બે બાજુ આવેલું ખારું રણ જોતાં આવો પ્રદેશ તેની ફળદ્રુપતા માટે કેવી લાયકાત ધરાવતો હોય તે સમજી શકાય તેવું છે. પ્રાકૃતિક રચનાની દ્રષ્ટિએ ત્યાંની જમીન ટેકરીઓની હારમાળાઓ, છુટી છવાઈ ડુંગરની ટોચો, ઊંડા નદીતળો, સારા ખેડાયેલ ખીણપ્રદેશો અને સમૃધ્ધ ચરાણ જમીનોના વિશાળ પટોથી વિવિધતા ધરાવે છે. જિલ્લાના જુદા જુદા વિસ્તારની જમીન કાંતો કાંપવાળી, રેતાળ, કલણવાળી અથવા કાળી અથવા પાટીવાળી છે. વાગડ વિસ્તારની જમીન જિલ્લાના બીજા વિસ્તારો કરતાં વધારે સારી છે.

**નદીઓ**

કચ્છની કોઈપણ નદી બારમાસી નથી. મધ્યના ઉંચાણવાળા પ્રદેશમાંથી નીકળતી નદીઓ ટૂંકો માર્ગ કાપી ઉત્તરે કચ્છના રણને અથવા દક્ષિણે કચ્છના અખાતને મળે છે. ઉત્તર તરફ વહેતી નદીઓમાં ભુરાડ નદી મુખ્ય છે અને તે બન્ની વિસ્તારમાં મળે છે. તે દરમિયાન ૪૭ કિલોમીટરની તેની લંબાઈ છે. દક્ષિણ તરફ વહેતી નદીઓમાં લાંબામાં લાંબી નદીઓમાં નાઈરો અને કંકાવટી અનુક્રમે ૫૫ અને ૫૧ કિલોમીટર લાંબી છે. તે અનુક્રમે અરબી સમુદ્ર અને કચ્છના અખાતને મળે છે.

કચ્છની પૂર્વ - પશ્ચિમ લંબાઈ આશરે ૧૮૦ માઈલ અને ઉત્તર દક્ષિણ પહોળાઈ ૫૦ માઈલ છે. એક સ્થળે (ચોબારી અને ભચાઉ પાસે) તેની પહોળાઈ માત્ર ૧૫ માઈલ છે. કચ્છની સીમા રણના સામા છેડા સુધી ગણાય છે. રણ વિસ્તાર ૩૨૮૮૧ ચો.કિ.મીટરનો છે. બાકીનો વિસ્તાર ૧૨૭૩૧ ચો.કિ.મીટર સાથે ગણીએ તો એકંદરે વિસ્તાર ૪૫૬૧૨ ચો.કિ.મી. થાય છે. જે આખા ગુજરાત રાજયમાં મોખરે આવે છે. વર્ષાઋતુમાં રણ પાણીથી ભરાયેલું રહે છે. ત્યારે કચ્છ એક બેટ જેવો ભાસે છે તેનું નામ તોપ પાછળથી પાણિનિ મુનિના સમયથી કચ્છ કહેવામાં આવે છે એ મહામુનિએ/કચ્છની જમીનનું ભૂમિપૃષ્ઠ જોઈ વિચારી સાર્થક લાગે એવું નામ કચ્છ આપેલ છે. કચ્છ શબ્દનો અર્થ કાચબો થાય છે.

આથી અગાઉ આ પ્રદેશને જાદવોના સમયે ભોજકટ અને ઈ.સ.ની શરૂઆતે અનુપ્રદેશ કે આનર્ત દેશ તરીકે પણ વર્ણવેલ છે. એ વખતે તેનો સીમા વિસ્તાર ઘણો મોટો હતો. કચ્છની ઉત્તર-પૂર્વમાં સિંધુ સાગર હતો અને તેનો કાંઠો હાલના વાગડ વિભાગમાં આવેલ બેલાજાટાવાડા અને લોદ્રાણી પાસે હતો. લોદ્રાણી પાસેની એક ડુંગરાળ ધારમાં નીચે વહાણોને કાંઠે બાંધવાનાં લોખંડી તોતિંગ કડાંઓ આજે પણ હજુ મોજૂદ છે તે આ વાતની સાક્ષી પૂરે છે. ત્યાંથી ખડીરના ઉત્તર ભાગના ડુંગરાઓ પાસેથી થઈ એ સાગરનો કાંઠો પચ્છમાઈ ડુંગરો પાસે થઈને પશ્ચિમ તરફ ચાલી ખાવડા થઈ હાલના માક પટ્ટમાં આવેલ વેગાડ ડાડોર પાસે ખારડિયા બંદર જે આંજે પણ એ જ નામે ઓળખાય છે ત્યાં સુધી આ સાગર કિનારો હતો.

આ સમયે આનર્ત દેશ સાથે હાલનો કાઠિયાવાડ સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિરમગામ સુધીનો પ્રદેશ અને સિંધનો કેટલોક પશ્ચિમ ઉત્તર વિભાગ જોડાયેલો હતો. કાઠિયાવાડમાં ગિરનાર પર્વત પર ગુરુ દત્તાત્રેયનાં પગલાં છે. એવાં જ પગલાંનું સ્થાન કચ્છમાં ઉત્તર આવેલ પચ્છમાઈ ડુંગર પર છે. વળી કેટલાક દંતકથાઓના આધારે આ બધો પ્રદેશ એક હતો. કાઠિયાવાડમાંના દ્વારકા, સૌરાષ્ટ્રમાંના સોમનાથ ધામ અને કચ્છમાંના નારાયણ સરોવરની યાત્રા એક સાથે પગપાળા થઈ શકતી હતી. પાછળથી આ ધરતીએ ભૂકંપોના ઘણા બધા આંચકાઓ અનુભવ્યા તેથી સિંધુ સાગરના કિનારાઓમાં ફેરફાર થયો. સિંધુ નદીએ પણ પોતાનું વહેણ પશ્ચિમ તરફ બદલ્યું.

### આબોહવા

કચ્છની આબોહવા સમશીતોષ્ણ જેવી છે. નથી ઘણી ગરમ કે નથી ઘણી ઠંડી એપ્રિલ-મે માસમાં થરમોમીટર ૧૦૦ ઉપર પાંચ-દશ ડિગ્રી સુધી ચઢી જાય છેં પણ તે વખતે દરિયાકિનારાની હવા સારી હોય છે. ઘણામાં ઘણી ઠંડી કોઈ વખત ૫૦ ડિગ્રી સુધી જાય છે. વરસાદ આ પ્રદેશ માટે ૧૫ થી ૨૦ ઈંચ પુરતો થઈ રહે છે. પણ તે જો બે ત્રણ હપ્તે થાય તો નહીંતર એક સામટો કે આગળ પાછળ થવાથી વર્ષ નબળું થઈ જાય છે. આટલી ઓછી સરેરાશ વરસાદવાળા પ્રદેશ પર દુષ્કાળનો ભય તો ઝઝુમતો જ હોય છે. કચ્છમાં ખેડૂતો વરસાદને અનુકૂળ પાક લે છે. મુખ્ય પાક બાજરી, જુવાર, કપાસ, તેલીબીયાં, કઠોળ વગેરે છે. શિયાળુ ઘઉં પણ થાય છે. આ ઉપરાંત શેરડી, શાકભાજી, ફળફળાદિ પણ વાડી વિસ્તાર તેમજ દરિયા કિનારે થાય છે. સૌથી વધુ પાક બાજરીનો થાય છે.

### ખનીજ સંપત્તિ

રાજયના બોકસાઈડ અને ચુનાના પથ્થરનો મોટામાં મોટો જથ્થો આ જિલ્લામાં છે. ચિનાઈ અને સફેદ માટી, ચુનાનો પથ્થર, ચીરોડી, અકીક અને બોકસાઈટ વ્યાપારી ધોરણે મેળવવામાં આવે છે. બીજા ગૌણ ખનિજોમાં રેતિયો પથ્થર અને ફુલર્સ માટી વ્યાપારી ધોરણે મેળવવામાં આવે છે. કોલસો, લિગ્નાઈટ અને ગેરુ મળવાની શક્યતાઓ રહેલી છે.

### વનવિસ્તાર

સને ૧૯૭૦-૭૧ના આંકડા અનુસાર આ જિલ્લામાં ૨૭૬-૨૨ ચો.કિ.મી. અનામત વન વિસ્તાર, ૯૮.૯૮ ચો.કિ.મી. રક્ષિત અને ૬૪૦-૦૬ ચો.કિ.મી. બિન વર્ગીકૃત વન વિસ્તાર છે. જંગલ વિસ્તારને રખાલના નામથી ઓળખવામાં આવે છે. કચ્છમાં આવી ૫૬ રખાલ આવેલી છે.

### દરિયાકિનારો

કચ્છના દરિયાકિનારાની લંબાઈ આશરે ૩૨૦ કિ.મી. છે. દરિયાકિનારો ઘણોખરો સીધો છે. માત્ર કયાંક કયાંક નાની નાળો બનાવે છે. લખપત, કોટેશ્વર, જખૌ, ખારી રોહર, તુકના અને મુદ્રા નાનાં બંદરો છે. માંડવી અને કંડલા મોટાં બંદરો છે. કંડલા મુક્ત વ્યાપાર મથક હોવાથી તેનો વિકાસ ઝડપી થઈ રહ્યો છે.

આ જિલ્લો અલ્પ વરસાદ અને નાની અને મોસમી નદીઓનો વિસ્તાર હોઈ, પૂરથી કોઈ નુકસાન થતું નથી. પરંતુ દુષ્કાળ, અછત અને ધરતીકંપનો તેમાં ઈતિહાસ ભરેલો છે. ૧૮૧૯ના ભયંકર ધરતીકંપથી ભુજથી ૧૬ કિલોમીટર જેટલા વિસ્તારને અસર થયેલી અને તેનો ધક્કો એટલો તો પ્રચંડ હતો કે સિંધુ નદીનો માર્ગ કચ્છની પશ્ચિમ તરફ ફંટાયો, સને ૧૮૧૯ થી ૧૯૫૬ સુધીમાં ૭૨ ધરતીકંપના આંચકા નોંધાયા છે. જેમાં ૧૮૧૯, ૧૮૯૮, ૧૯૦૩ અને ૧૯૪૦ના ધરતીકંપો ગંભીર હતા. સને ૨૦૦૧માં જાન્યુઆરી માસમાં ગુજરાતના ઘણા પ્રદેશોમાં આવેલા ધરતીકંપ પૈકી કચ્છમાં તેની અસર ઘણી વ્યાપક હતી, અને ભૂજ, અંજાર, ગાંધીધામ, કંડલા, ભચાઉ, માંડવી અને મુંદ્રા વિસ્તારોમાં તેણે ઘણો વિશા વેર્યો હતો અને મોટાપાયે જાનમાલ અને મિલકતોને નુકસાન પહોંચ્યું હતું. આ જિલ્લામાં સને ૧૯૫૧-૫૨ થી ૧૯૬૯-૭૦ના વર્ષો દરમિયાન સને ૧૯૫૩-૫૪, ૧૯૫૬-૫૭, ૧૯૫૮-૫૯, ૧૯૬૧-૬૨, ૧૯૬૪-૬૫, ૧૯૬૫-૬૬ સને ૧૯૬૭-૬૮ના વર્ષો બાદ કરતાં બધા વર્ષોમાં દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી.

ચાલુ સાલે એટલે કે ૧૯૮૫-૮૬ના વર્ષો પણ આ જિલ્લામાં દુષ્કાળ પ્રવર્તે છે. અગાઉ જોયું તેમ બન્ની વિસ્તારનાં ઘાસનાં મેદાનો જયાં સારી ઓલાદના પશુઓનો મેળો જામેલો રહેતો જે આજે દુષ્કાળમાં વેરાન રણ બની રહ્યો છે. તારીખ ૩૦-૧૦-૮૫ના ''કચ્છ મિત્ર''માં કચ્છી બોલીમાં આવેલ વાક્ય ''હી ડુકાર ભારી ઓખો આય'' (આ દુકાળ ગણો ભારે આવ્યો છે) આ બતાવે છે કે આ દુષ્કાળ કેટલો વસમો હશે.

### વસતિ

નવ તાલુકા અને ત્રણ પેટા વિભાગનો કચ્છ જિલ્લો બનેલો છે. ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, લખપત, નખત્રાણા, રાપર, ભચાઉ, અબડાસા. આ નવ તાલુકા ઉપરાંત ખાવડા, બન્ની અને ખડીર એ ત્રણ મહાલ છે. ૯૦૦ ગામ અને ૧૧ શહેરના બનેલા આ જિલ્લાની કુલ વસતિ ૧૦૫૦૧૬૧ પુરુષ સ્ત્રીઓની હતી જે રાજયની કુલ વસતિના ૩.૦૮ ટકા થાય છે. ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ નીચે પ્રમાણે હતી.

## કોઠા નં.૧

### જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની વસતિ | અનુસુચિત જનજાતિ | કુલ વસતિના ટકા |
|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૨૧૬૩૧૮ | ૭૨૯૪ | ૩.૩૭ |
| ૨. | મુન્દ્રા | ૬૩૨૨૪ | ૩૧૭૪ | ૫.૦૨ |
| ૩. | માંડવી | ૧૩૦૧૪૬ | ૪૯૧૨ | ૩.૭૮ |
| ૪. | અબડાસા | ૭૮૯૮૨ | ૩૦૭૧ | ૩.૮૯ |
| ૫. | લખપત | ૨૮૯૦૨ | ૮૩૮ | ૨.૯૦ |
| ૬. | નખત્રાણા | ૧૦૫૯૦૦ | ૪૦૨૯ | ૩.૮૧ |
| ૭. | રાપર | ૧૩૫૦૪૯ | ૨૧૮૬૭ | ૧૬.૧૯ |
| ૮. | ભચાઉ | ૧૦૦૨૫૨ | ૧૦૭૭૩ | ૧૦.૭૫ |
| ૯. | અંજાર | ૧૯૧૩૮૮ | ૭૩૪૩ | ૩.૮૪ |
| | કુલ | ૧૦૫૦૧૬૧ | ૬૩૩૦૧ | ૬.૦૨ |

સમગ્ર ગુજરાત રાજયકમાં આદિવાસીઓની કુલ વસતિ ૪૮.૪૮ લાખની છે. રાજયમાં મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ પથરાયેલી છે. આ આઠ જિલ્લાઓ સિવાય આદિવાસીઓની વસતિ અન્ય જિલ્લાઓમાં વેરવિખેર છે. વેરવિખેર આદિવાસીની વસતિમાં કચ્છ જિલ્લામાં આદિવાસીઓની વસતિનું પ્રમાણ વધુ છે. ઉપરોક્ત કોઠો જોતાં ૧૯૮૧ ગણતરી પ્રમાણે ૬૩૩૦૧ આદિવાસી વસતિ હતી. જે રાજયની કુલ આદિવાસી વસતિના ૧.૩૦ ટકા થાય છે અને કચ્છ જિલ્લાની કુલ વસતિના ૬.૦૨ ટકા થાય છે. આ જિલ્લામાં પાંચ અનુસૂચિત જનજાતિઓ નોંધાયેલી છે જે પૈકી કોળી જનજાતિની વસતિ ૧૯૭૧ પ્રમાણે ૩૦૨૪૧ હતી જે જિલ્લાની મુખ્ય અનુસુચિત જનજાતિ છે. આ ઉપરાંત વાઘરી (૪૪૮૭), પારઘી (૨૮૮૫), ભીલ (૧૨૨૭) અને ડોડીયા (૨૧૬) હતી.

સને ૧૯૦૧ અને ત્યાર પછીની વસતિ ગણતરી દરમિયાન નોંધાયેલ જિલ્લાની વસતિના આંકડા જોતાં જિલ્લામાં દાયકા દરમિયાન વસતિમાં થયેલ વધારા-ઘટાડાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

### કોઠા નં.૨

### દાયકા દરમ્યાન વસતિમાં થયેલ વધારો-ઘટાડો દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | વસતિ | દાયકામાં થયેલ વધારો ઘટાડો |
|---|---|---|---|
| ૧. | ૧૯૦૧ | ૪૮૮૦૨૨ | - |
| ૨. | ૧૯૧૧ | ૫૧૩૪૨૯ | + ૫.૨૧ |
| ૩. | ૧૯૨૧ | ૪૮૪૫૪૭ | - ૫.૬૩ |
| ૪. | ૧૯૩૧ | ૫૨૦૪૯૬ | + ૭.૪૨ |
| ૫. | ૧૯૪૧ | ૫૦૭૮૮૦ | - ૨.૪૨ |
| ૬. | ૧૯૫૧ | ૫૬૭૬૦૬ | + ૧૧.૭૬ |
| ૭. | ૧૯૬૧ | ૬૯૬૪૪૦ | + ૨૨.૭૦ |
| ૮. | ૧૯૭૧ | ૮૪૯૭૬૯ | + ૨૨.૦૨ |
| ૯. | ૧૯૮૧ | ૧૦૫૦૧૬૧ | + ૧૯.૦૮ |

ઉપરોક્ત વસતિના આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૨૧ અને ૧૯૪૧ સિવાયનાં વર્ષ બાદ કરતાં ૧૯૮૧ સુધી વસતિ સતત વધ્યા કરી છે. પણ વધવાની ટકાવારીમાં ફેરફાર જોવા મળે છે. ૧૯૮૧નો વધારો ૧૯૭૧ અને ૧૯૬૧ કરતાં ઓછો જોવા મળે છે.

અભ્યાસમાં આવરી લીધેલ ચાર તાલુકા રાપર, ભચાઉ, અંજાર અને નખત્રાણા તાલુકાઓમાંથી એક એક ગામ પસંદ કરવામાં આવ્યું હતું. જે ગામોની કુલ વસતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ નીચે પ્રમાણે જોવા મળી હતી :

### કોઠા નં.૩

### અભ્યાસમાં આવરી લીધેલ ગામોની કુલ વસતિ તથા અનુસૂચિત જનજાતિની વસતિ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | ગામની કુલ વસતિ | અ.જ.જાતિ વસતિ | અ.જ.જાતિ વસતિના ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૬૨૨ | ૬૨૨ | ૧૦૦.૦૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૧૮૦ | ૧૮૦ | ૧૦૦.૦૦ |
| ૩. | અંજાર | અંજાર (સીટી) | ૩૩૬૨૩ | ૧૦૧૬ | ૩.૦૨ |
| ૪. | નખત્રાણા | કોટડા(જડોદર) | ૪૬૩૯ | ૧૪૫ | ૩.૧૨ |
| | | કુલ | ૩૯૦૬૪ | ૧૯૬૩ | ૫.૦૨ |

ઉપરોકત પસંદ કરવામાં આવેલ ગામોની કુલ વસતિના ૫.૦૨ ટકા જ વસતિ અનુસૂચિત જનજાતિની વસતિ જોવા મળી હતી. રાપર અને ભચાઉ તાલુકાના બે ગામોમાં ૧૦૦% વસતિ અનુસૂચિત જનજાતિ કોળીની વસતિ જોવા મળી હતી. જયારે અંજાર સીટી અને કોટડા (જડોદર) ગામોમાં અન્ય વસતિ સાથે અનુસૂચિત જનજાતિ કોળીઓની વસતિ જોવા મળી હતી જે ઉપરોક્ત કોઠા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તે બે ગામોમાં કુલ વસતિના ફક્ત ૩ ટકા જેટલી જ અનુ.જનજાતિની વસતિ જોવા મળી હતી.

**કોળીનો ઈતિહાસ**

કોળી જાતિનો ઈતિહાસ જાણવાનો ઘણા વિદ્વાનોએ પ્રયાસ કર્યો છે. આ જાતિ એવા સમયથી ચાલી આવે છે કે તેના કોઈ સગડ મળતા નથી. વળી કેટલાકનો મત એવો છે કે આ લોકો મૂળે આદિવાસી જાતિના છે.

વિંધ્ય પર્વતની દક્ષિણે મધ્ય પ્રદેશમાં વસતી કોલ જાતિ અને આ કોળી જાતિ મૂળ એક જ છે અને તે કોલમાંથી 'કોળી' શબ્દ નિર્માણ થયો છે. એવો પણ મત છે. જયારે એક મત એવો પણ છે કે 'કોલ' એટલે 'માછવો' અને તે ઉપરથી કોળી નામ પડ્યું એવો છે. કાઠીયાવાડ સર્વસંગ્રહમાં આ અંગે જણાવવામાં આવ્યું છે કે ''કોળી'' શબ્દનું મૂળ નક્કી થયું નથી. ફાર્બ્સ રાસમાળામાં લખ્યું છે કે '' તેમના મૂળ પુરુષનું નામ કોળી હતું. કોઈ ઋષિએ તેને વગડામાં ઉછેર્યો હતો ને તે નિરંતર જંગલમાં ભટક્યા કરતો હતો. આ ઉપરથી કહેવાય છે કે તેના વંશજો વસ્તીમાં કાંઈ વિખ્યાતી ન હતા.

આર.ઈ.એન્થોનનું કથન પણ એવું છે કે ભીલ અને કોળી એ મૂળે તો આદિવાસી પ્રજા છે. તેઓનું મૂળ એકબીજાથી ભિન્ન નથી. એક મત એવો છે કે કોળીઓની મૂળ ઉત્પત્તિ સિંધુ નદીના પ્રદેશમાં થઈ હતી.

મહાભારતના હરિવંશ પર્વ અનુસાર આ ''કોળી'' જાતિ મૂળ ક્ષત્રિય હતી.

''રાજા સગરે સર્વ હૈહેયોને નષ્ટ કર્યા અને તે વળી શક, કબ્બોજ પારદ, કોળી, સર્પ મહિષ, દારદ ચોલ કેરવ, ખસ વગેરે ક્ષત્રિયોને પણ નષ્ટ કરી દેત પરંતુ તેઓએ પોતાના રક્ષણાર્થે પોતાના કુળ ગુરુ વશિષ્ઠની શરણ લીધી ત્યારે ગુરુએ સગરને રોક્યો અને કહ્યું કે હવે તેમનો પીછો ન પકડ. મેં તારી પ્રતિજ્ઞા ખાતર એ સર્વ ક્ષત્રિયોને તેમના ધર્મથી ચ્યૂત કરી દીધા છે.''

આમ વશિષ્ઠ દ્વારા ધર્મ ભ્રષ્ટ થયેલી જાતિ તે આ કોળી જાતિ મૂળે ક્ષત્રિય હતી.

વળી પાછળથી બૌધ્ધ ધર્મ સ્વીકાર કરતાં વૈતિ મતવાળાઓએ તેમની ગણના મ્લેચ્છમાં કરી અને

બ્રાહ્મણોએ ધર્મદ્વિષને કારણે તેઓને શુદ્ર ગણ્યા તે અંગેનો ઉલ્લેખ નીચેના શ્લોકમાં મળે છે.

निःस्वाध्याय यषद्रकाराव णतान्योश्च

क्षत्रियां श्वकार ते चनिल वर्म परित्यागोद

ब्रह्मणे पदितावकता म्लेच्छुतांयु मु ॥

આમ ક્ષત્રિય ધર્મથ ચ્યૂત થયેલી અને બ્રાહ્મણ સંસર્ગથી છૂટી પડેલી ક્ષત્રિય જાતિની ગણના મ્લેચ્છમાં થઈ.

આમ આ કોળી લોકો મહારાજા સગરના કાળમાં એટલે કે રામચંદ્રજી અને દશરથ રાજાથી પણ કંઈ પેઢીએ પહેલાં હતા અને તેઓ ક્ષત્રિય ગણાતા અને મહારાજા સગર પછી તેઓ ક્ષત્રિય મટી કેવળ કોળી તરીકે રહ્યા. આમ આ પ્રજા ઘણી પૂરાણી અને જુના કાળથી હસ્તિ ધરાવતી આવી છે એમ કહી શકાય.

મોહન-જો-ડેરોના ખોદકામમાંથી મળેલા કેટલાક લેખોમાં પણ કોળી રાજાઓના વર્ણન છે. મોહન-જો-ડેરો અને સિંધુ સભ્યતાના લેખક શ્રી સતીષચંદ્ર કાલાએ તો પોતાના પુસ્તકમાં સિધ્ધ કર્યું છે કે ભારતની વર્તમાન કોળી જાતિ એ આ લોકોના જ વંશજ છે એટલે કે પ્રાચીન કોળી અને આ લોકો એકજ છે.

આ કોળી જાતિ જુદા જુદા વિભાગોમાં જુદા જુદા નામે ઓળખાતી હતી. એક મત એવો છે કે પ્રાચીન કાળમાં શાક્ય જાતિના નામે ઓળખાતી જાતિ પણ કોળી જ છે. કેટલાક વિભાગોમાં આજે શાક્યવાર, શાક્યવર, શાક્ય, શકવા, શકોલી, સહોરી વગેરે નામે ઓળખાતી જાતિઓ પણ મૂળે કોળી જાતિનો જ એક વર્ગ છે એમ મનાય છે.

આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વ અર્થાત્ બુધ્ધયુગમાં ભારતની જન સાધારણ ભાષા 'પાલી' હતી. આ પાલી ભાષામાં 'શક્ય' 'સકવ' અથવા 'સક્ક' રૂપ પણ લખાયું છે, અને આ કારણે જુદે જુદે સ્થળે શાક્ય લોકો જુદા જુદા શબ્દોથી ઓળખાવા લાગ્યા. આમ 'સક્ક' અને 'કોળી' ને અતૂટ સંબંધ હતો એટલે શાક્ય. શાકવાર, સકવાર એમ સકોલી એ એક જ હોય એ અસંભવિત નથી.

એક માન્યતા એવી છે કે ભગવાન ગૌતમ બુધ્ધ એ કોળી પુત્ર હતા. હિમાલયના ખોળામાંથી નીકળતી રોહીણી નદીના કાંઠે શાક્ય રાજની રાજધાની કપિલવસ્તુ નામનું નગર હતું. ઈક્ષ્વાકુવંશના મહાપરાક્રમી રાજા શુધ્ધોધનનું રાજ અને સામે કાંઠે કોલિયે વૃંશના રાજાનું રાજવિદહનગર હતું. એને માયાવતી અને માયા પ્રજાપતી નામે બે રાણીઓ હતી, તે બન્ને સગી બહેનો હતી. તે દેવદહના કોલિયા રાજાની કુંવરીઓ હતી.

**પ્રાચીનકાળ**

પ્રાચીન કાળમાં આ જાતિઓના મોટામોટા રાજ્યો હતા. તેમજ આ જાતિ ઘણી યુધ્ધપ્રિય અને ઝનૂની હતી તેમજ જાતિય ગૌરવવાળી હતી અને તે એટલે સુધી કે અંદરો અંદર શાક્યો શાક્યો પણ લડતા. આ લડાયક પ્રજા પોતાનો વ્યવહાર સંભાળી લેતી. આ શાક્યોમાં પોલીસ કે સૈન્ય તંત્ર ન હતું. પણ કોળી પ્રજા તંત્ર હતું. તેમજ પંચાયત દ્વારા જાતિનું શાસન ચાલતું હતું. તેમજ આ જાતિના દરેક સદસ્યને 'રાજા' ના નામથી ઓળખવામાં આવતો.

બુધ્ધકાળમાં આ જાતિએ બૌધ્ધ ધર્મ અપનાવ્યો હતો અને જેમ બુધ્ધ ભગવાનને માનનાર પ્રજાના ઝંડા પંચરંગી હતા તેમ આ કોળી સમાજનો ઝંડો પણ પંચરંગ જ કહેવાતો અને આજે પણ કેટલાક વિભાગોમાં 'પંચરંગ' તરીકે જ ઓળખાય છે. આ પંચરંગને સાથે રાખીને જ ધાર્મિક યાત્રા તથા ધર્મવિધિ કરે છે.

બુધ્ધના સમયમાં આ લોકોનો મુખ્ય ધંધો તો ખેતીનો જ હતો પણ તે ઉપરાંત વસ્ત્ર વણાટના ધંધામાં પણ તેઓ ઘણા આગળ વધ્યા હતા.

આપણે અગાઉ જોઈ ગયા કે મોહન-જો-ડેરોના કાળમાં આ કોળી રાજાઓના ઉલ્લેખ જોવા મળે છે. તેમજ મહારાજા સગરના કાળમાં પણ તેમના રાજયોના ઉલ્લેખ મળે છે. વળી બૌધ્ધકાળમાં પણ તેમનાં રાજયો હતાં. બુધ્ધ ભગવાને ગૃહત્યાગ કરી કોલિન રાજ્યમાં પ્રવેશ કર્યાનો ઉલ્લેખ મળે છે. એટલે આ સમયે પણ કોળીઓના મોટા રાજયો હતા. વળી ચીની મુસાફરો ફાહ્યાન અને હ્યુસેનસંગના વર્ણનોમાં પણ તેમના ઉલ્લેખ મળે છે. તેઓ જણાવે છે કે ભારતમાં નવ દશ મોટાં રાજયો હતાં જેમાં કોળીઓનાં પણ રાજયો હતા. આ પછી મધ્યકાળમાં પણ કોળી પ્રજાનું કેટલીય જગ્યાએ વર્ચસ્વ તો રહ્યું જ હતું. તેઓની સંખ્યા પણ ઘણી મોટી હતી, પરંતુ તેઓ સંગઠિત ન હતા. આજે ભારતમાં વસતી બધી કોળી જાતિઓ મૂળે તો એક જ છે પરંતુ એકબીજા સંબંધ ન જાળવવાથી તેઓ અલગ પડ્યા. મી.ફાર્બસ સાહેબ કહે છે કે જો કોળીઓમાં સંગઠન હોત તો તેમની સંખ્યા ઘણી ખતરનાક બનત. જોકે આ લોકો અસંગઠિત હોવા છતાં ઈતિહાસના પાને ચમક્યા વગર રહ્યા નથી. તેનાં અનેક દ્રષ્ટાંતો ઈતિહાસમાંથી મળી રહે છે. જેમકે (૧) ચાંપાનેર અને ખંભાત આગળ કોળીઓએ હુમાયુ ઉપર હલ્લો કર્યાનો ઉલ્લેખ મળે છે. વળી (૨) અકબરનું મૃત્યુ થતાં કોળીઓએ તોફાન મચાવ્યાનું અને તેને દાબવાને માટે જહાંગીરે રાજા શૂરસિંહજીની સરદારીમાં લશ્કર મોકલવાનો ઉલ્લેખ મળે છે. (૩) ઈ.સ. ૧૪૫૧માં મહમદ ખીલજી ઉપર કોળીઓએ હુમલો કર્યાનો અને તેમાં ઘણા લોકો માર્યા ગયાના ઉલ્લેખ મળે છે. વળી દક્ષિણ કાઠીયાવાડ, ખંભાત અને ગુજરાતને

કિનારે કિનારે કોળીઓ મુખ્યત્વે ચાંચીયાગીરી કરતા હતા તેવા ઉલ્લેખ પણ છે. વળી છત્રપતિ શિવાજીના સરદાર તાનાજીરાવ માલુસરે એ પણ જાતે માવલા કોળી જ હતા.

આજે પણ ભારતભરમાં આ કોળી જાતિ ફેલાયેલી છે તેમાં અનેક ફાંટા પડ્યા છે તથા જુદા જુદા નામે ઓળખાય છે. પણ મૂળે તો તેઓ એક જ જાતિના છે. મધ્યપ્રદેશમાં તેઓ કોલના નામે ઓળખાય છે. યુ.પી.માં તેઓ 'કોરી' ના નામે ઓળખાય છે. ભરતપુરમાં કોરિયાના નામે ઓળખાય છે. આ વિભાગમાં કોરી અને કોળીમાં બેટી વ્યવહાર થતો આવ્યો છે તે ઉપરથી પણ ફલિત થાય છે કે 'કોરી' અને 'કોળી' એ સમાનાર્થી જાતિવાર શબ્દ હોવા જોઈએ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વસતા કોળીમાં પણ ચારપાંચ જાતો જોવામાં આવે છે. (૧) તળપદા કોળી (૨) ચુંવાળીયા કોળી (૩) ઘોડીયા કોળી (૪) વળાંકીયા કોળી (૫) ખાંટ કોળી (૬) કોળી પટેલ એ મુખ્ય જાતો છે. આ ઉપરાંત કેટલાક કોળીઓ સ્થાનિક વતનના નામ ઉપરથી યા ધંધા ઉપરથી અલગ ઓળખાય છે.

આ કોળીઓનો પ્રદેશ કોઈ એક જ નિશ્ચિત જગ્યાએ નથી પણ સૌરાષ્ટ્રથી માંડી ઉત્તર પ્રદેશ, ગુજરાત, થાણા, ડાંગ, ખાનદેશ, નાસિક વગેરે પ્રદેશોમાં તેઓ વિશેષ જોવા મળે છે.

કોળીઓ અંગે કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં નીચે મુજબ ઉલ્લેખ મળે છે : ''કોળીઓ આખા કાઠીયાવાડમાં પ્રસરેલા છે. તેમની જાતો પણ ઘણી છે. તે સૂર્યવંશી રાજા યુવનાશાથી ઉતરેલા છીએ એમ તેઓ કહે છે. કોળીઓ સિંધુ નદીના મુખ આગળ દરિયાકાંઠા ઉપર ઘણા કાળ સુધી રહ્યા હતા. પણ તેઓ હિંગળાજ દેવીની આજ્ઞાથી નળ આગળના મુલકમાં જ વસ્યા તે વખતે તેઓ મેર તથા કોળી એમ બન્ને નામે ઓળખાતા હતા અને સો-નંગમેર તેમનો મુખી હતો. સોનંગ મેરને બાર દિકરા હતા તે દરેકે એક-એક શાખ સ્થાપી. આગળ ચાલતાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ''ગુજરાત તથા કાઠીયાવાડના નિઃશંસય સૌથી જુના રહેવાસી હશે.'' બિશપ હેબર કહે છે કે કોળીઓ તથા ભીલો મધ્ય અને પશ્ચિમ હિંદના મૂળ વતની હતા. વેદ ધર્મ પાળનારી જાતોના હુમલાથી તેઓને જંગલ પહાડ અને કોતરો સેવવાં પડેલાં અંતે તેથી તેમની દુર્દશા થઈ.'' (કાઠીયાવાડ સર્વસંગ્રહ પાનું ૯૦)

કાઠિયાવાડ સર્વ સંગ્રહમાં ઘેડીયા (ગેડીયા) શબ્દની ઉત્પત્તિ અંગે દર્શાવવામાં આવ્યું છે કે કચ્છના ગેડી શહેર ઉપરથી 'ગેડીયા' એ નામ પડ્યું જણાય છે. જેઠવા રજપુતોએ કાઠિયાવાડ ઉપર હુમલો કર્યો ત્યારે ગેડીયા તેમની સાથે હતા. રીતભાત તથા પહેરવેશ બરડાના મેર લોકો જેવા છે. બીજા કોળીઓ કરતાં વધારે આબરૂદાર હોઈ ખેતીથી ગુજરાન કરે છે. લૂટફાટ કરવી છોડી દીધી છે. કોળીઓની પેઠે ઝુંપડામાં નહીં પણ

ઘરમાં રહે છે. તેઓ માંસ ખાતા નથી. તેઓ કોળીઓમાં સૌથી ઊંચી જાતના ગણાય છે તે પોતાના જ વર્ગમાં લગ્ન- વ્યવહાર રાખે છે.

એકંદરે આ ઘેડીયા કોલીઓ પણ મુખ્યત્વે ગામડાઓમાં વસતા આવ્યા છે. ઘણા ખરા ગામોમાં આ કોળીઓની જ વસ્તી જોવામાં આવે છે. જ્યારે કેટલાક ગામોમાં આયરો અને આ કોલીઓની અથવા તો મેર અને આ કોલીઓની મિશ્ર વસતિ જોવામાં આવે છે. આ લોકો પાસે પોતાની માલિકીની જમીનો તેમજ કાચાં ઘરો છે. ઘેડ પંથકમાં પથ્થરનાં ઘરો પણ જોવામાં આવે છે. આ લોકોનો મુખ્ય ધંધો તો ખેતીનો જ, જેમની પાસે જમીન નથી તેઓ દહાડીયા મજૂરી કરી જીવન ગુજારો ચલાવે છે. રાજાશાહી વખતમાં આ લોકો પાસે વેઠ કરાવવામાં આવતી તેમજ કેટલીય બાબતમાં શોષણ કરવામાં આવતું.

**વાગડીયા કોલી**

કચ્છ જિલ્લાના વાગડ વિભાગમાં કોળી વાગડીયા કોળી કહેવાય છે. વાગડમાં બે પ્રકારના કોળી વસે છે. (૧) વાગડીયા કોળી (૨) પારકરા કોળી. આ બંને કોળી કોમમાં વાગડીયા કોળી ઊંચા મનાય છે. તેઓ પારકરા કોળીની જોડે રોટી તેમજ બેટી વ્યવહાર રાખતા નથી. પારકરા કોળી સિંધ પ્રદેશના પારકરમાંથી ઉતરી આવેલ હોવાથી તેઓ પારકરા કોલી કહેવાય છે. પારકરા કોલી રંગે શ્યામ છે. તેઓ સંસ્કારે વાગડીયા કોલી કરતાં ઉતરતા છે. તેઓની પાસે ખેતીને માટે પુરતી જમીનો ન હોવાથી તેઓ ખેતમજુરી કરવાનું, મધ ભેગું કરવાનું, લાકડાં વીણવાનું, તેમજ અન્ય છૂટક મજૂરી કરવાનું કામ કરે છે. તેમનાં મકાનો ગામ બહાર હોય છે. તેઓ કુબામાં વાસ કરે છે.

વાગડીયા કોલી સામાન્યપણે દરેક ગામમાં વત્તાઓછા પ્રમાણમાં વસે છે. તેઓ ગામની એક બાજુ સમૂહમાં ઝૂપડાં બાંધીને રહે છે. તેઓ હવે ખેતી તરફ વિશેષ વળ્યા હોવાથી તેમની પાસે પાકાં મકાનો પણ છે. મુખ્ય વ્યવસાય ખેતી છે. કેટલાક ગામોમાં માત્ર કોળીઓની જ વસતિ છે.

કોળીની ચાર શાખ જોવા મળે છે. (૧) ઝાટ (૨) કાળું (૩) ઝંડારિયા (૪) પાટડીયા

**ઝાટ**

આ લોકો મૂળે સોલંકી વંશના રજપુત છે. તે આબુ બાજુના પ્રદેશમાં રહેતા હતા. (આબુ કેમ છોડ્યું તે અંગેનો ઈતિહાસ મળતો નથી) તેઓ બનાસકાંઠા જિલ્લાના રાધનપુર તાલુકાના વરસોડ ગામમાં આવીને વસ્યા. આશરે ૪૦૦ વર્ષ પહેલાં તેમણે આબુ છોડ્યું હોય એમ લાગે છે. ભગો અને ભોજો નામે બે ભાઈ હતા. તેમાંના એક ભાઈએ પલાંસવની સોબયાણી કોમની કોલણ બાઈને લઈને ભાગ્યો. ત્યારથી તેઓ

વટલાયા છે. તેઓ વરસોડ ગામના રહીશ હોવાથી તેઓ પોતાની અટક વરસોંડ પણ લખાવે છે. તેઓ બંને ભાઈ ખૂબ બહાદુર હતા. બંનેના શરીર એવા વજ્ર જેવાં હતા કે તેમને બંદૂકની ગોળી કાંઈ અસર કરી શકતી નહીં. આ વાત તેમણે પોતાની વહુને કરી. જો બંદૂકમાં વેઢલો (સ્ત્રીને કાનમાં પહેરવાનું ઘરેણું) ભરીને મારવામાં આવે તો મોત થાય. પાછળથી બંદૂકમાં વેઢલાં ભરીને માર્યો. પરિણામે મોત થયું. તેમના શબને ચીરવામાં આવ્યું. કાળજા (બુકા) આગળ બકરાને વાળ હોય છે એ જાતના વાળ ત્યાં જોવામાં આવ્યા. બકરાના વાળને ઝાટ કહેવામાં આવે છે. ત્યારપછી તેમના વંશજો ઝાટ કહેવાયા. ત્યાંથી તેઓ ભાગીને રાપર તાલુકાના ગેડી ગામે આવી વસ્યા; પણ અંદરો અંદરના ઝગડાને પરિણામે તેઓ કિડિયાનગર ગામમાં આવીને વસ્યા. કિડિયાનગર ગામ આજના વલ્લભપુર ગામથી પૂર્વ દિશામાં પાંચ માઈલના અંતરે આવેલી કિડિયાનગરથી દક્ષિણ દિશાએ આવેલ ઢાઢિયાસરી તળાવની આજુબાજુની જમીન તેઓ ખેડતા. કાળક્રમે ઢાંઢિયાસરીમાંજ રહ્યા. જે આજનું વલ્લભપુર ગામ છે.

### કાળું

કાળુ કોળી પણ અસલ કોળી નથી પણ રજપુતમાંથી વટલાઈને કોલી બનેલ છે. તેઓ મૂળ રહીશ માળિયાથી પશ્ચિમ દિશા તરફ આવેલા જાહર ગામના રહીશ છે. ત્યાંથી તેઓ ભાગીને ગેડીએ જઈ વસ્યા. ગેડીથી તેઓ કિડિયાનગરમાં આવીને વસ્યા. કિડિયાનગરથી તેઓએ ઝાટની સાથે વસવાટ કર્યો. તેઓ કાળુ કેમ કહેવાય તેના અંગેનો ઈતિહાસ મળતો નથી. સામાન્યપણે કોલીમાં દાદા પરથી યા ગામ પરથી શાખ પડતી હોય છે. એટલે એમ કલ્પના કરી શકાય કે તેમનો વડવો કાળુ નામે થઈ ગયેલ હોવો જોઈએ. અને તે પછીની પેઢી કાળુ નામે ઓળખાઈ હોય. આ કાળુ સામાન્યપણે વાને કાળા છે તેથી પણ તેઓ કાળું કહેવાતા હોય તે પણ બનવા જોગ છે.

### પાટડીયા

આ કોળી વીરમગામ તાલુકાના પાટડી ગામના મૂળ રહીશ છે. પણ ધંધાર્થે તેઓ રાપર તાલુકાના નાના રણ બાજુ આવેલ ભીમધોકા પાસે એમના વડીલો ઉતરી આવ્યા. પાછળથી તેમણે ભચાઉ તાલુકાના લાકડીયા ગામે વસવાટ કર્યો.

### ઝંડારિયા

આ કોળી ચોરાડ બાજુ આવેલા ઝંડારા ગામના મૂળ રહીશ છે. ત્યાંથી તેઓ વાગડ તરફ ઉતરી આવ્યા. ઝંડારા ગામના મૂળ રહીશ હોવાથી તેઓ પોતાની અટક ઝંડારિયા લખાવે છે.

## પ્રકરણ - ૨

## ભૌતિક જીવન

રાપર, ભચાઉ અને અંજાર તાલુકાઓમાં વસતા કોળીઓ કચ્છી કોળીઓ સાથે સંબંધ રાખતા નથી. ભુજથી આગળના વિસ્તારમાં વસતા કોળીઓ એટલે કે ચિરાઈથી તેમને અલગ ગણે છે. કચ્છી કોળીઓ મુસ્લીમ સાથે ભળ્યા તેથી તેઓ કચ્છી કોળીઓ ગણાયા. તેમના સંબંધો વાગડ સાથે નથી. તેઓ સંપૂર્ણ હિન્દુ ધર્મી હોવા છતાં મુસ્લીમો સાથેના કેટલાક સંબંધોને કારણે તેમને અલગ ગણવામાં આવે છે. તેઓ મૂળે હિન્દુ કોળીઓ જ છે. દરિયાકિનારે વસવાટના કારણે માચ્છીમારીનો કે અન્ય વ્યવસાય સાથે સંપર્કમાં આવતાં આમ બન્યું હશે તેમ લાગે છે. નખત્રાણા વિસ્તારના કોળીઓએ મુસ્લીમોના નામોનું અનુકરણ કરેલું હશે તેમ લાગે છે. તેમના નામ મુસ્લીમ નામ સાથે મળતાં આવે છે. હાલમાં નવાં નામોમાં એવા કોઈ નામ રાખવામાં આવતાં નથી. આ વિસ્તારના કોળીઓ પાસે ખેતીની જમીન ન હોવાથી અન્ય મજૂરી, જંગલ ગૌણ પેદાશ એકઠી કરવી વગેરે કામો કરે છે. આ વિસ્તારના કોળીઓના વસવાટ ગામની બહાર હોય છે અને તેઓ ભૂંગા બનાવી રહે છે.

રાપર ભચાઉ તાલુકામાં કોળીઓની વસતિ સવિશેષ છે. કેટલાંક ગામો તો કોળીઓનાં જ છે. અન્ય જાતિઓ સાથે વસતા કોળીઓ ગામ બહાર છૂટાછવાયા કે હરોળમાં પણ રહે છે. મોટાભાગના કોળીઓ ભૂંગા બનાવી રહે છે. ભૂંગાઓની આજુબાજુ ગાંડા બાવળની વાડ કરી લેવામાં આવે છે.

અન્ય વસતિ સાથે કોળીઓનો વસવાટ હોય તેવા બે ગામ અંજાર અને કોટડા જઠોદરના ગામોનો વસવાટ જોઈએ તો તેઓ ગામની બહાર સમૂહમાં ૨૦ થી ૨૫ ઘરોના જૂથમાં વસવાટ કરતા જોવા મળ્યા હતા. તેઓ જૂથમાં પણ પોતાનો ભૂંગો કે ઘર અલગ બનાવી રહે છે. શહેરમાં વસતા કોળીઓનાં મકાનો એક ખંડવાળાં, કાચા અને કંતાનથી ઢાંકેલાં હતાં. કેટલાંક ઘરો પથ્થરના નાના ટૂકડાઓ એકઠા કરી બે પાંચ ફૂટ ઊંચી પથ્થરની દિવાલ કરી ૧૦'x૧૦' ના ઘર બનાવી રહે છે. મોટાભાગના ઘરો છાપરાં જેવાં જ હોય છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હોય છે. અંજાર શહેરમાં કોળીઓ ત્રણ વાસમાં વસવાટ કરે છે. (૧) નગરપાલિકા હાઈસ્કૂલ સામેનો વિસ્તાર વોર્ડ નં.૮ (૨) હેમલાઈ વાસ (૩) વિજયનગર પ્લોટ વોર્ડ નં.૭. આમાંનાં તમામ ઘરો કાચા ભૂંગા હતા. તેમજ શહેરની બહાર બે કિ.મી. સુધી દૂર હતા. તેમના નિવાસ-સ્થાનોમાં ચોમાસામાં પાણી ભરાઈ રહે છે. વાસમાં જાહેર નળ અને લાઈટની સગવડ અપૂરતી છે. તેમના એક પણ ઘરમાં લાઈટ કે પાણીની સગવડ નથી.

કોટડા જઠોદર ગામના કોળીઓનો વસવાટ ગામની પૂર્વે તળાવની બાજુમાં ભૂંગા બનાવી રહે છે. એકપણ મકાન નળીયાંવાળું નથી. બધાં જ મકાન કાચા ભૂંગા છે. કોળીઓના ભૂંગામાં લાઈટ, પાણીની વ્યવસ્થા નથી. તેમનાં ભૂંગાઓની સ્થિતિ રાપર, ભચાઉના કોળીઓ કરતાં પણ વધારે ખરાબ હાલતમાં જોવા મળી. છાજ બદલાવી શકે તેવી સ્થિતિ પણ તેમની હોતી નથી. આ વિસ્તારના કોળીઓ પાસે ખેતીની જમીન નથી, જયારે રાપર અને ભચાઉ તાલુકાઓમાં વસતા કોળીઓ પાસે વત્તા ઓછા પ્રમાણમાં ખેતીની જમીનો હોવાથી ખેતી ઉપરાંત પશુપાલન અને મજૂરીનો વ્યવસાય કરે છે. અન્ય જાતિઓ સાથે તેઓ અલગ વસવાટ કરતા હોય છે. કેટલાક સંપૂર્ણ કોળી વસતિ ધરાવતા ગામો પણ છે. ત્યાં પણ અલગ અલગ જૂથમાં રહે છે. તેઓ ૧૦ થી ૨૦ના જૂથમાં રહે છે. તેઓ આ રીતે અલગ રહે તેને વાંઢ પણ કહેવામાં આવે છે.

ઘર

મોટાભાગના કોળીઓ કૂબાનાં ઘરો બનાવી રહે છે. તેમના આ ઘર ૧૦' x ૧૦' ના વર્તુળમાં બનાવેલા હોય છે. તેની ઊંચાઈ ૨૦' ફૂટની હોય છે. ઘરો અલગ અલગ પણ હોય છે અને લગોલગ પણ હોય છે. ઘર દસ પંદર કૂબાના જૂથમાં હોય છે. આર્થિક સ્થિતિ સારી હોય તે પથ્થરના ઘર બનાવે છે. ઉપર વિલાયતી કે દેશી નળીયાં પણ નાખે છે. આવાં ઘર એક ખંડ ઓસરીનાં હોય છે. કૂબો એક જ બારણાવાળું ગોળાકાર ઘર છે. બધી જ વ્યવસ્થા અંદર ગોઠવવામાં આવે છે. જમીનથી રા થી ૩ ફૂટ જેટલી ઊંચાઈ સુધી માટી કે પથ્થરની દિવાલ બનાવે છે. ત્યારપછી તેની ચારેબાજુ ગોળાકારમાં લીંબડાના લાકડા ગોઠવે છે. તેને પેઢીયા કહેવામાં આવે છે. વચ્ચે પાતળાં લાકડાં ગોઠવે છે તેને બટનપટ્ટી કહેવામાં આવે છે. તેને દોરીથી બાંધી દેવામાં આવે છે ત્યાર પછી ઉપર ખીપરો (સળીવાળા ઘાસના છોડ) છાજ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ખીપરો દર વર્ષે બદલવો પડે છે. એક ચોમાસા પછી તે કહોવાઈ જાય છે. કેટલાંક ગરીબ કુટુંબો છાજ પણ બદલી શકતાં નથી. ઘર બનાવવામાં વપરાતી સાધનસામગ્રી પોતાની આજુબાજુના વિસ્તારમાંથી મેળવી લેવામાં આવે છે. ૩૦૦ થી ૮૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. ઘરના લાકડાં હોય તો ખર્ચ કરવો પડતો નથી. શહેરમાં વસતા આદિવાસીઓને તો ખીપરો પણ વેચાતો એક ગાડાના ૫૦ રૂા. પ્રમાણે ખરીદવો પડે છે.

આ ઘરોમાં માટીના કોઠાર હોય છે તેની સાથે કોઠીઓ પણ હોય છે. તેની ઉપરનીચે માટીની અભરાઈ બનાવે છે. જેને નવેરીના નામથી ઓળખવામાં આવે છે. તેનો ઉપયોગ વાસણો મૂકવામાં કરે છે. (વાસણને ઠામણા કહેવામાં આવે છે.) આ કોઠીઓ અને કોઠાર એક દિવાલે હોય છે તે માટીના પાયા ઉપર

ઉભી હોય છે. તેની નીચે વાસણો મૂકી રાખે છે. કોઠીઓ અને કોઠારની દિવાલોમાં કાચના ટુકડા ગોઠવવામાં આવે છે. સફેદ માટીથી લીંપણ કરવામાં આવે છે જેથી આકર્ષક લાગે છે. કોઈકના ઘરમાં લાકડાનું કોતરકામ કરેલ કબાટ હોય છે. તેને મંજુસ કહેવામાં આવે છે. આ મંજુસ ૩ાા ફૂટ x રાા ફૂટનું હશે. તેમાં વસ્તુઓ રાખી શકાય છે તેને ઉપર ઢાંકણ હોય છે. તેની અંદાજ ૪૦૦ રૂા. જેટલી કિંમત ગણે છે. માટીના વાસણોમાં માટલા નથી અને તાવડાનો ઉપયોગ કરે છે. તે એક દિવાલ બાજુ રાખે છે. ત્યાં ચૂલો પણ હોય છે. પતરાના ડબ્બા હોય તો તે એકાદ ખૂણામાં હોય છે. પેટી અને ગોદડીઓ કોઠીઓ ઉપર કે કોઠલા ઉપર રાખવામાં આવે છે. ગોદડીઓ ઘણા દોરા ભરી ખૂબ આકર્ષક બનાવે છે. એક વાંસ કે લાકડી ઉપર વળગણી બનાવી હોય છે જયાં કપડાં એકાદ બે પડી રહે છે. ઉપર દોરી બાંધી લટકાવી તેનું છીકું બનાવે છે જેમા દહીં, છાશ લટકતું હોય છે. ખાવાની વસ્તુઓ પણ ઘણીવાર તેમાં મુકવામાં આવે છે. એકાદ ખૂણામાં નાનાં ઓજારો મૂકી રાખે છે. ખેતીના ઓજારો ઘરની બહાર મૂકી રાખે છે. ઢોર માટે બાજુમાં જ વાડો બનાવી રાખે છે. ઉપર છાપરી કે ખુલ્લું પણ હોય છે. ખાટલા હોય તો તે બહાર રાખે છે. (ખાટલાને પણ મંજુસ કહે છે) શિયાળે ઉનાળો તો બહાર ખુલ્લામાં સુવે છે. દાખલ થવાના દરવાજાની આજુબાજુ માટીનો ઓટલો બનાવવામાં આવે છે. તેને છાણથી લીંપવામાં આવે છે. ઓટલા ઉપર બેસી શકાય તેવો વ્યૂહ હોય છે. બહારથી આવનાર વ્યક્તિ પણ ઓટલા ઉપર બેસી શકે છે. ઘરો અંગેની વધુ વિગતો કોઠા દ્વારા જોઈએ તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં.૪

દિવાલ તથા છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | માટી તથા લાકડાં | પથ્થર | ઈંટ | અન્ય કંતાન/ પ્લાસ્ટીક સાદડી | કુલ | ઘાસ | નળિયાં | મેંગ્લોરી નળિયાં | પતરાં સીમેન્ટ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૨ | ૧૩ | - | - | ૨૫ | ૧૧ | - | ૭ | ૭ | - | ૨૫ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૫ | - | - | - | ૨૫ | ૨૫ | - | - | - | - | ૨૫ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧૨ | ૨ | - | ૧૧ | ૨૫ | ૧૨ | ૧૨ | ૧ | - | - | ૨૫ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨૧ | ૪ | - | - | ૨૫ | ૨૧ | ૩ | ૧ | - | - | ૨૫ |
| | કુલ | | ૧૦૦ | ૭૦ | ૧૯ | - | ૧૧ | ૧૦૦ | ૬૯ | ૧૫ | ૯ | ૭ | અ | ૧૦૦ |

અભ્યાસમાં આવરી લીધેલ ૧૦૦ કુટુંબોના ઘરોની દિવાલ અને છાપરાના પ્રકાર દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સીત્તેર ટકા ઘરોની દિવાલ માટી અને લાકડાની બનાવેલી હતી, એટલે કે મોટાભાગના કોળીઓ ભૂંગાના ઘરો બનાવી વસવાટ કરતા માલુમ પડ્યા હતા. ફક્ત ૧૯ ટકા કુટુંબોના ઘરોની દિવાલ એવી હતી કે જે પથ્થરની બનાવેલી હોય. પથ્થરની દિવાલવાળા ઘરો રાપર તાલુકાના માનગઢ ગામમાં વધારે જોવામાં આવ્યાં હતાં તેનું પણ એક કારણ જાણવા મળ્યું હતું કે હરિૐ આશ્રમ તરફથી એક ખંડ ઓસરીવાળાં ઘર બનાવા માટે મદદ કરવામાં આવેલી. તેનાથી આવાં ઘર બનાવેલાં હતાં. બાકીનો મોટો વર્ગ તો કાચા ઘરોમાં જ રહેતો હતો. અંજાર અને નખત્રાણામાં અનુક્રમે ૨ અને ૪ ઘરોની દિવાલ પથ્થરની જોવા મળી હતી. જો કે તેમની આ દિવાલો નાના પથ્થરના ટુકડાઓમાંથી બનાવેલી હતી. નખત્રાણા તાલુકાના કોટડા જઠોદર ગામના કોળીઓને ઘરથાળના પ્લોટ અને મદદ મળેલી હોવાથી ચાર ઘરની ભીંત પથ્થરની દિવાલવાળી હતી. પણ હાલમાં તે પડી ગઈ છે. અંજાર શહેરમાં વસવાટ કરતા અગિયાર કુટુંબોનાં ઘરની દિવાલ તો કંતાન, પ્લાસ્ટીક, સાદડી વગેરેની હતી, એટલે કે તેઓ ખૂબ નાનાં છાપરાં બનાવી આજુબાજુ કંપાન કે પ્લાસ્ટીક વીંટાળી રાખી રક્ષણ મેળવતા હતા.

તે જ રીતે તપાસમાં આવરી લીધેલ કુટુંબના ઘરોના છાપરાનો પ્રકાર જોઈએ તો મોટાભાગનાં ઘરો ઉપર ઘાસ છાયેલું હતું. માટી અને લાકડાની દિવાલવાળા દરેક ઘરો ઉપર ઘાસ (ખીપરો) નું છાજ જોવા મળ્યું હતું. જયારે દેશી નળિયાં હોય તેવાં ફક્ત ૧૫ ઘરો જ હતા. મેંગ્લોરી નળિયાવાળાં ૯ ઘરોના છાજ જોવામાં આવ્યા હતા. તે મોટાભાગે અડધા ભાગમાં હોય અને અડધામાં દેશી નળિયાં કે ઘાસ છાયેલું હોય તેવી સ્થિતિ જોવામાં આવી હતી. સીમેન્ટ પતરાવાળાં રાપર તાલુકાના માનગઢ ગામે ૭ ઘરોનાં છાજ જોવામાં આવ્યાં હતાં કે જેની પાસે પથ્થરની દિવાલવાળા ઘરો હતા તેમજ જેની આર્થિક સ્થિતિ થોડી સારી હતી તેવાં જે ઘરો હતા તેમજ જેણે આશ્રમની મદદથી ઘરો બનાવ્યા હતા તેવાં ઘરો ઉપર સીમેન્ટના પતરાં જોવા મળ્યાં હતાં. આમ એકંદરે જોઈએ તો મોટાભાગનાં કોળીઓનાં ઘરોના છાજ બીપરો (ઘાસ) છાયેલા જોવા મળ્યા હતા. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોના મકાનોના પ્રકાર, મકાનનું ક્ષેત્રફળ તથા ઓરડાની સંખ્યા જોતાં તેઓ કેવા પ્રકારના કેટલા નાના મકાનોમાં રહે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં.૫

મકાનનો પ્રકાર, મકાનનું ક્ષેત્રફળ તથા ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | મકાનનો પ્રકાર અને ક્ષેત્રફળ | | | | | | ઓરડાની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કાચું | પાકું | ૧૫ x ૧૦ | ૧૦ x ૧૦ | ૧૫ x ૧૫ | ૧૨ x ૧૦ | ૧ | ૨ | ૩ |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૩ | ૧૨ | ૮ | ૧૨ | ૫ | - | ૨૦ | ૫ | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૫ | - | ૪ | ૫ | - | ૧૭ | ૨૫ | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨૫ | - | ૩ | ૨૦ | ૨ | ૨૪ | ૧ | - | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨૪ | ૧ | - | ૨૫ | - | - | ૨૩ | ૨ | - |
| | કુલ | | ૧૦૦ | ૮૭ | ૧૩ | ૧૫ | ૬૨ | ૭ | ૧૭ | ૯૨ | ૮ | - |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૮૭ કુટુંબોના મકાન કાચાં હતાં, એટલે કે મોટો વર્ગ કાચાં મકાનોમાં રહે છે. ફક્ત ૧૩ કુટુંબો એવાં હતાં જેમનાં મકાનોની દિવાલો પથ્થરની બનાવેલી હતી તે પણ હરિ ૐ આશ્રમની મદદથી બનેલી હતી તે વિગતો પણ આપણે જાણીએ છીએ.

તેમના મકાનોનું ક્ષેત્રફળ જોઈએ તો ૧૦ x ૧૦ ના ક્ષેત્રફળવાળાં ઘરો બનાવી રહે છે જે ઘણાં નાનાં કહી શકાય તેવાં એક ખંડવાળાં ગોળાકાર કૂબા બનાવી રહે છે. ૧૫' x ૧૦' માં પંદર ઘરો ૧૦' x ૧૦' ના ૬૨ ઘરો ૧૫' x ૧૫' ૭ ઘરો અને ૧૨' x ૧૦' ના ૧૭ ઘરો જોવા મળ્યા હતા, એટલે કે એક ખંડ એક ઓસરીવાળા કુટુંબોનું પ્રમાણ પણ ઘણું નહીવત હતું. મોટાભાગનાં ઘરો એક જ ખંડનાં બનેલાં હતાં. ક્ષેત્રફળની સાથે સાથે ઓરડાની સંખ્યા જોઈએ તો ૯૨ ટકા ઘરો એક ખંડવાળાં હતાં. ફક્ત આઠ ઘર એવાં હતાં જેમાં એક ઓરડો અને ઓસરી બનાવી રહેતા હોય. આમ મોટા ભાગના ઘરો એકજ ઓરડાવાળા બનાવી રહેતા હતા. તેઓ કોની જમીનમાં ઘરો બનાવી રહેતા હતા તે જોઈએ તો ઘરો પોતાની માલિકીની જમીનમાં છે કે અન્ય કોઈની જમીનમાં તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

કોઠા નં.૬

મકાનની જમીન માલિકી દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | પોતાની જમીન | | 'ના' તો કોની | | ટેક્ષ લેતા નથી | પશુ માટેની છાપરી | | 'હા' તો કયો ઘરબહાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | નગરપાલિકા | પંચાયત | | હા | ના | |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૨૫ | - | - | - | - | - | ૬ | ૧૯ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૫ | - | - | - | - | - | ૧ | ૨૪ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧૨ | ૧૩ | ૧૩ | - | ૧૩ | - | ૨૫ | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨૪ | ૧ | - | ૧ | - | - | ૨૪ | ૧ |
| | કુલ | | ૧૦૦ | ૮૬ | ૧૪ | ૧૩ | ૧ | ૧૩ | ૨૦ | ૫૬ | ૪૪ |

ઉપરોક્ત જમીનની માલિકી દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટાભાગના ઘરોની જમીન માલિકીની જગ્યાએ હતાં. ફક્ત ૧૪ ઘરો એવા હતા જેમના ઘરો માલિકી જમીનમાં ન હતાં. અંજાર સીટીમાં વસતા કોળીઓનાં ઘરો અંજાર નગર પંચાયતની જમીનમાં બાંધીને રહેતા જોવા મળ્યા હતા એટલે કે તેઓ ઘણા વર્ષોથી ત્યાં રહેતા હતા. તેમના જણાવ્યા પ્રમાણે તેઓ છપ્પનના દુષ્કાળમાં લાખાગઢથી, મુંદરાથી આવી વસવાટ કરેલો. તેઓનો મૂળ વસવાટ અંજારમાં કાકરવાનો કૂષ, ભાગીલાલના પંપ પાસે, અંબામાતાના મંદિર પાસે હતો. ૧૯૪૭માં જયારે એ જમીન વેચાણ થયેલી ત્યારે તેમને બીજી જમીન આપી અને ૨૦૦ રૂા. આપી ત્યાંથી ખસેડી લીધા. તેમને અલગ જમીન આપી પાકા મકાન બનાવી રહેતા હતા. પણ ધરતીકંપ થવાથી તે મકાન પડી ગયાં ત્યારથી કાચા ભૂંગા બનાવી રહે છે. આમ તેમનો વસવાટ ઘણો જૂનો છે. આજે તેમની પાસેથી પંચાયત ટેક્ષ લેતી નથી તો તેમને ભવિષ્યમાં આ જમીનમાંથી હાંકી કાઢશે તેવા ભય સાથે રહે છે. પંચાયતે તેમને લાઈટ-પાણીની જાહેર સેવા આપી પણ અપૂરતી છે. ઘરો માટે માલિકી જમીનનો હક આપી ટેક્ષ લેવામાં આવતો નથી.

તપાસમાં લીધેલ કુટુંબોનો મોટાભાગનો વ્યવસાય ખેતી પશુપાલન હોવા છતાં પશુ માટેની છાપરી જોવામાં આવી નથી. તેમનાં ઘરો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ઘરમાં પશુ રાખી શકાય તેવી સ્થિતિ હોતી નથી. ૧૦' x ૧૦' ના ભૂંગામાં રહે છે જેના કારણે ઘરની બાજુમાં પશુઓ માટે બાવળની વાડ કરી વાડો બનાવવામાં આવે છે. જેમાં પશુઓને રાખવામાં આવે છે. ઘરની આજુબાજુ ખુલ્લી જમીનમાં પશુઓ રાખે છે. અલગ છાપરી બનાવી રાખતા નથી.

તપાસમાં આવરી લીધેલા ૧૦૦ કુટુંબોમાંથી ૪૪ કુટુંબો ઘરની બહાર પશુઓને રાખતા હતા, જયારે અંજાર સીટી અને કોટડા જડોદર ગામના કોળીઓ પશુઓ રાખતા જ ન હતા.

કોઠા નં.૭

વાસણો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ત્રાંબાના | એલ્યુમિનિ-યમના | પિત્તળના | સ્ટીલના | માટીના | કાચના | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧ | ૧૪૧ | ૧૯૦ | ૯૭ | ૧૨૧ | ૮૧ | - | ૬૨૯ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | - | ૧૬૮ | ૨૦૧ | ૯૦ | ૧૧૪ | ૧૨૮ | - | ૭૦૧ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | - | ૧૪૨ | ૧૨૨ | ૮૧ | ૯૫ | ૮૫ | - | ૫૨૫ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | - | ૧૨૨ | ૭૮ | ૪૪ | ૯૨ | ૬૫ | ૨ | ૪૦૩ |
| | કુલ | | ૧૦૦ | ૧ | ૫૭૩ | ૫૯૧ | ૩૧૧ | ૪૨૨ | ૩૫૯ | ૨ | ૨૨૫૮ |
| | ટકા | | | ૦.૦૪ | ૨૫.૩૭ | ૨૬.૧૭ | ૧૩.૭૭ | ૧૮.૬૮ | ૧૫.૮૯ | ૦.૦૮ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત વાસણો દર્શાવતો કોઠો જોતાં તપાસમાં લીધેલ ચાર તાલુકાના સો કોળી કુટુંબો પાસે કેટલા અને કેવા પ્રકારનાં સાધનો હતા તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. કોળીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે એલ્યુમિનિયમનાં વાસણોનો ઉપયોગ વધારે કરે છે. એલ્યુમિનિયમનાં વાણસોમાં તપેલી, લોટા, વાટકા વગેરે હલકાં વાસણો વધારે જોવામાં આવ્યા હતા. જેનું પ્રમાણ ૨૫.૩૭ ટકા હતું. તે જ રીતે પિત્તળના વાસણોમાં બેડું, થાળી, લોટા વગેરેનો ઉપયોગ કરે છે. જેનું પ્રમાણ કુલ સાધનોમાં ૨૬.૧૭ ટકા જેટલું હતું. માટીનાં વાસણોમાં માટલા, તવી વગેરેનો ઉપયોગ કરે છે તેનું પ્રમાણ કુલ સાધનોમાં ૧૮.૬૮ ટકા જેટલું હતું. એટલે કે માટીના વાસણોનો ઉપયોગ સવિશેષ કરે છે. કાચના વાસણોમાં ચા પીવાના કપ, રકાબી, કયાંક ગ્લાસ વગેરેનો ઉપયોગ કરે છે. તેનું ૧૫.૮૯ ટકા જેટલું પ્રમાણ જોવા મળ્યુ હતું. જયારે સ્ટીલના વાસણોનો ઉપયોગ આર્થિક રીતે સારા કુટુંબો કરતા હોય છે તેઓ પ્યાલા, લોટા, થાળી વગેરેનો ઉપયોગ કરે છે. તેનું પ્રમાણ ઘણું ઓછું હતું. તાંબાના વાસણો અને કાંસાના વાસણોનું પ્રમાણ હવે રહ્યું નથી. કયાંક કાંસાના તાંસળા જોવા મળે છે. પણ પ્રમાણ ઘણું ઓછું. આગળના કોઠામાં કેવા પ્રકારના અને કેટલા પ્રમાણમાં વાસણોનો ઉપયોગ કરે છે તે જોયું. મોટાભાગના કુટુંબો પાસે વાસણોની સંખ્યા સારી જોવા મળી હતી પણ તે વાસણો હલકા અને માટી કે પિત્તળના વધુ જોવા મળ્યા હતા એટલે કે નાના મોટા દરેક પ્રકારના વાસણોની ગણત્રી કરવામાં આવી હતી. જેથી કુટુંબદીઠ પ્રમાણ વધુ જોવા મળે પણ એકંદરે કિંમતમાં તે ઘણાં હલકાં હોય છે.

કોઠા નં.૮

ઘરવખરીનાં સાધનો દર્શાવતો કોઠો (ચાલુ)

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ખાટલા | પલંગ | ટેબલ-ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડિયો | શિકારનાં સાધન | વાજિંત્રો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૮૪ | - | - | ૪ | ૯ | ૫ | - | ૧ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૪૪ | - | - | ૩ | ૨ | ૩ | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૯ | ૧ | - | - | ૫ | ૬ | - | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૩ | ૧ | ૧ | ૨ | ૭ | ૯ | ૧ | - |
| | કુલ | | ૧૦૦ | ૧૪૦ | ૨ | ૧ | ૯ | ૨૩ | ૨૩ | ૧ | ૧ |

કોઠા નં.૮ (ચાલુ)

ઘરવખરીનાં સાધનો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ફાનસ ચિમની | ટોપલા-ટોપલી | દળવાની ઘંટી | પ્રાયમસ | પેટી | અન્ય કોઠી, સુપડું | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૫૯ | ૧૯ | ૫ | ૧૬ | ૭ | ૯ | ૨૪૪ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૭૪ | ૨૫ | - | ૨૨ | - | ૧૮ | ૨૧૬ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧૦ | - | ૧ | ૨૪ | ૧ | ૧૦ | ૮૭ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨૩ | ૧ | - | ૧૮ | ૨ | ૧૦ | ૧૦૩ |
| | કુલ | | ૧૦૦ | ૧૬૬ | ૪૫ | ૬ | ૮૦ | ૧૦ | ૪૭ | ૬૫૦ |

આ સાથે ઘરવખરીનાં સાધનો દર્શાવતો કોઠો જોઈએ તો વાસણો સિવાય કોળી કુટુંબો પાસે અન્ય સાધનો કેવા પ્રકારના વાપરે છે. ફર્નિચર, મોજશોખની ચીજો વગેરેનું પ્રમાણ કેવું છે તેનો ખ્યાલ કોઠા દ્વારા મેળવીએ તો સ્પષ્ટ લાગે છે કે જીવન જરૂરી સાધનો સિવાયના સાધનોનું પ્રમાણ નહિવત્ જોવામાં આવે છે. તપાસેલ ૧૦૦ કુટુંબો પાસે કાથીના દોરીવાળા ખાટલાનું પ્રમાણ ૧૪૦નું હતું જે ઘણું ઓછું કહી શકાય એટલે કે કુટુંબદીઠ બે ખાટલાનું પ્રમાણ પણ નથી, જયારે સભ્ય સંખ્યાનું પ્રમાણ જોઈએ તો કુટુંબદીઠ છ સભ્ય સંખ્યાનું પ્રમાણ ગણીએ તો પણ ઘરના ચાર વ્યક્તિઓએ નીચે સુવું પડે તેવી સ્થિતિ જોવા મળે છે. લોખંડની પાટીવાળા પલંગ બે જોવા મળ્યા હતા. એક અંજાર સીટીના કારણે એક અને કોટડા જકોદરમાં એક ખેતીવાળા કુટુંબને ત્યાં એક એમ બે જ પલંગ જોવા મળ્યા હતા. ટેબલ ખુરશી એક જોવા મળ્યા છે. સાયકલ ૯ જોવા મળી હતી. માનગઢ રોડ ઉપરનું ગામ હોવાથી તેમજ ગામમાં ચીજવસ્તુની દુકાન નહીં હોવાથી ૫ કિ.મી. પલાસવા ગામે ખરીદી માટે જવું પડે છે. તેમજ એકાદ બે કુટુંબના છોકરા ભણવા માટે બહારગામ જઈ શકે તે માટે સાયકલ વસાવી હતી. જેથી માનગઢમાં ૪, રાજણસરમાં ૩ અને નખત્રાણામાં બે એમ કુલ નવ સાયકલ હતી. ઘડિયાળ અને રેડિયોનું પ્રમાણ જોઈએ તો ૨૩નું થાય છે. એટલે કે યુવાનવર્ગ ઘડિયાળ અને રેડિયાના શોખના કારણે કમાણી કરી જુના અથવા નવા ઘડિયાળ રેડિયો ખરીદે છે. શિકારનાં સાધનો હવે કોળીઓ રાખતા નથી. પહેલાં ભાલા, કાતર, બંદુક વગેરે રાખતા, હાલમાં રાખતા નથી. એક કુટુંબ પાસે બંદુક જોવા મળી હતી. વાજિંત્રમાં ઢોલનો ઉપયોગ કરે છે તે ગામ કે વાઢના વચ્ચે સમસ્ત ગામનું હોય છે. કોળીઓના કુબાઓમાં લાઈટ નથી. આજે પણ તેઓ પોતાના ઘરમાં ફાનસ કે ચીમની વાપરે છે. મોટાભાગે ચીમનીનો ઉપયોગ વધારે કરે છે. દરેક કુટુંબ પાસે ચીમની હોય, એમ છતાં ચીમની પણ કુટુંબદીઠ જોવા મળતી નથી. તેવી સ્થિતિ કોળીઓની છે. કોળીઓ ખેતી ઉપરાંત પશુપાલનનો વ્યવસાય કરે છે. એટલે દરેક કુટુંબ પાસે ટોપલા, ટોપલી તો હોય જ તો પણ પ્રમાણ જોતાં ઘણું ઓછું કહી શકાય તેમ છે. કુટુંબદીઠ બે ટોપલીનું પ્રમાણ પણ જોવા મળતું નથી. દળવાની ઘંટીનું પ્રમાણ ઘટતું ચાલ્યું છે. સંપૂર્ણ કોળી વસતિ ધરાવતા ગામોમાં હજુ જાતે દળવાનું ચાલે છે જેના કારણે રાપર તાલુકાના માનગઢ અને ભચાઉ તાલુકાના રાજણસર ગામે ૨૫ ઘંટી હતી, જયારે અંજાર સીટી અને કોટડા જડોદર ગામોએ દળવાની સુવિધા હોવાથી હાથે દળવાની ઘંટી જોવા મળી ન હતી. માનગઢમાં પાંચ અને અંજારમાં એક એમ કુલ ૬ પ્રાયમસ જોવા મળ્યા હતા જે પ્રમાણ નહીંવત્ કહી શકાય. પેટી જૂની યા નવી દરેક કુટુંબ પાસે હોય છે, કારણ કે કંઈને કંઈ ચીજવસ્તુઓ કપડાં દાગીના વગેરે મૂકવા માટે પેટી એક માધ્યમ છે. પેટી પતરાની વાપરે છે તે ઘણી જુની થઈ ગઈ હોય, તૂટી જાય તેમ હોય તો પણ તેનો ઉપયોગ

કરતા હોય છે. જેના કારણે ૮૦ ટકા કુટુંબો પાસે પેટી જોવા મળી હતી. ખેતીનો વ્યવસાય હોવાના કારણે તેમજ ગામડાના વસવાટના કારણે સારી સ્થિતિ ધરાવતા કુટુંબો બેટરી પણ વસાવે છે જેનું પ્રમાણ ઘણું જ નહીંવત કહી શકાય. આ ઉપરાંત દરેક કુટુંબો પાસે સુપડું, મરચું લસોટવાનો પથ્થર, માટીની કોઠીઓ, ડબ્બા જેવી ચીજવસ્તુઓ જોવા મળે છે તેનું પ્રમાણ ભલે ઓછું હોય પણ દરેક ભૂંગામાં માટીની કોઠી, સુપડું વગેરે ચીજવસ્તુ હોય છે. આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોય તેવા કુટુંબો પાસે જ આવી સામાન્ય ચીજવસ્તુઓ હોતી નથી. મોટાભાગનાં કુટુંબો પાસે આવી ચીજવસ્તુઓ વત્તા ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે.

કોઠા નં.૯

ખેતીનાં સાધનો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | લાકડાનું હળ | કરબ | સમાર | વાવણિયો | નાના ઓજારો | લાકડાના પૈડાવાળું ગાડું | કૂવો | ઓઈલ એન્જીન | ઊંટગાડી | અન્ય (આંકડા) | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૬ | ૧૩ | ૩ | ૧૬ | ૭૦ | ૭ | - | - | ૨ | - | ૧૨૭ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૦ | ૧૫ | ૧ | ૧૬ | ૫૭ | ૮ | ૧ | ૨ | - | - | ૧૧૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | ૧ | ૧ | ૧૧ | - | ૧ | - | - | - | ૧૬ | ૩૧ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૫૭ | - | - | - | ૧ | - | ૬૨ |
| | કુલ | | ૧૦૦ | ૨૮ | ૩૦ | ૬ | ૪૪ | ૧૮૪ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૧૬ | ૩૩૦ |
| | ટકા | | | ૮.૪૮ | ૯.૦૯ | ૧.૮૨ | ૧૩.૩૩ | ૫૫.૭૬ | ૪.૮૬ | ૦.૩૦ | ૦.૬૦ | ૦.૯૦ | ૪.૮૬ | ૧૦૦.૦ |

તપાસમાં લીધેલ કુટુંબોમાં ૩૮ કુટુંબો જમીનવાળાં હતા, જયારે ૬૨ કુટુંબો જમીન વગરનાં હતા. ૩૮ કુટુંબો જે જમીનવાળાં હતા તે કુટુંબો પાસે ખેતીનાં સાધનો વત્તા ઓછા પ્રમાણમાં હતાં. આ ઉપરાંત જે જમીન વગરનાં કુટુંબો હતાં તેઓનો મુખ્ય આધાર ખેતમજૂરી તથા અન્ય મજુરીનો હતો. જેના કારણે તેના પાસે ખેત ઉપયોગી નાનાં ઓજારો તેમજ કુહાડી, પાવડા, કોદાળી, ત્રીકમ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી મજૂરી કરતા હોય છે. આ સાધનોની આંકડાકીય માહિતી જોઈએ તો ઉપરોક્ત સાધનો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ખેતી કરતાં ૩૮ કુટુંબો હતાં જેની સામે લાકડાનાં હળ ફક્ત ૨૮ હતાં એટલે કે કુટુંબદીઠ એક હળ પણ ખેડૂત પાસે ન હતું. તે જ રીતે કરબ પણ કુટુંબદીઠ જોવામાં આવ્યું નથી. કુલ સાધનોમાં ૯.૦૯ ટકા કરબ, ૧.૮૨ ટકા સમાર અને ૧૩.૩૩ ટકા વાવણિયો જોવામાં આવ્યા હતા. આ સાધનનું પ્રમાણ ઘણું નહિવત્ કહી શકાય, કારણ કે ખેતી કરતાં કુટુંબો પાસે પણ પૂરતાં સાધનો ન હતાં. નાના ઓજારોનું પ્રમાણ જોઈએ તો કુલ સાધનોના ૫૫.૭૬ ટકા થાય છે એટલે કે આ નાનાં સાધનો ખેતી કરતાં કુટુંબો ખેતમજૂરી કરતા કુટુંબો અને અન્ય વ્યવસાય કરતાં કુટુંબો પાસે જે નાનાં સાધનો હોય છે તે બધા જ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના કારણે તેનું પ્રમાણ વધુ છે. તે પણ વધુ તો ન જ કહી શકાય. કચ્છના ખેડૂત પાસે લાકડાનું ગાડું હોવું અનિવાર્ય હોવા છતાં તેનું પ્રમાણ ફક્ત ૧૬નું હતું. જે કુલ સાધનોના ૪.૮૬ ટકા થાય છે. માનગઢ અને રાજણસર ગામના ખેડૂતો પાસે અનુક્રમે ૭ અને ૮ એમ ગાડાં જોવા મળ્યાં હતાં. તેમની પાસે આ ગાડાં જુનાં હતાં. હાલમાં નવાં ગાડાં ખરીદે તેવી આર્થિક સ્થિતિ તેમની નથી. એક ખેડૂત પાસે કુવો જોવા મળ્યો હતો પણ તે હાલમાં બંધ હાલતમાં હતો. પાણી ખારું હતું. ઓઈલ એન્જીન હોવા છતાં કુવામાં પાણી નહીં હોવાને કારણે બંધ હાલતમાં ઘરે મૂકી રાખેલ હતું. ઊંટગાડી માનગઢમાં બે અને કોટડા જડોદરમાં એક એમ ત્રણ ઊંટગાડી આઈ.આર.ડી.પી.ની મદદથી મળેલી હતી, જેના કારણે ભાડા કરી રોજગારી મેળવી શકતા હતા. અન્ય સાધનોમાં અંજાર સીટીમાં જે ગુણ ઉંચકવાનું કામ કરે છે તેમની પાસે સોયા, આંકડાનો સમાવેશ કરેલ હતો. આ ઉપરાંત બારદાન સિવવાનું કામ કરતાં કુટુંબો પાસે સોયા, ટૂક, છરી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત સાધનો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સાધનોનું પ્રમાણ ઘણું જ ઓછું છે. સાધનો ઓછાં હોવાના કારણે ઉત્પાદન પણ ઓછું મેળવી શકાય છે. વળી રોજગારી પણ ઓછી મેળવી શકાય. સાધનના અભાવે મહેનત કરવા ઈચ્છતો ખેડૂત, મજૂર કે કારીગર મજૂરી કરી શકતો નથી અને આવક મેળવી શકતો નથી.

**પહેરવેશ**

પુરૂષો સામાન્ય પણે ૫ થી ૬ વારનું ધોતીયું પહેરે છે. અહીં આ લોકો ધોતી યાને પોતીયું કહે છે. તેનો એક છેડો લાંબો અને બીજા છેડો ટૂંકો રાખવામાં આવે છે. તેઓ પાટલી વાળતા નથી. લાંબા છેડાને વાળી તેમાં તમાકુ, પથ્થર વગેરે રાખવા હોય તો રાખી શકાય છે. માથે રંગીન પાઘડી તથા કાળો અથવા સફેદ રૂમાલ બાંધે છે. રૂમાલ તેઓ બંને કાનને ઢાંકતો અને માથાને વીંટો લઈને બાંધે છે. શરીરે ખમીસ પહેરે છે. જુવાન વર્ગ પટાવાળા ખમીશ પહેરે છે. કેટલાક વડીલો પોતીયાને બદલે ચોરણો તથા ખમીસને બદલે કેડીયું પણ પહેરે છે. શહેરમાં વસતા કોળીઓ મોટી ઉંમરના પુરૂષો ધોતીયું, ખમીસ તથા માથે કપડાનો ટૂકડો બાંધે છે. યુવાનો પેન્ટ, બુશર્ટ પહેરે છે. તેઓ વાઘરી પાસેથી જુનાં કપડાં ખરીદીને પણ પહેરે છે. નાનાં બાળકોને ચડ્ડી અને ખમીશ તૈયાર લાવી પહેરાવે છે.

સ્ત્રીઓ ૧૦-૧૨ હાથનો ઘેરદાર લાલ રંગનો ટપકાવાળો ઘાઘરો પહેરે છે. ઘરડી સ્ત્રીઓ લાલ રંગમાં કાળાં ટપકાંવાળો ઘાઘરો પહેરે છે. શરીરે કાપડું પહેરે છે. જે પાછળના ભાગમાં ખુલ્લું હોય છે. પાછળ તેઓ કસથી બાંધે છે. માથે ઓઢણી ઓઢે છે. ઓઢણું સામાન્ય યલો ચુંદડી ભાતના અગર તો તેના મળતા રંગની હોય છે.

કુંવારી છોકરીઓ કાપડું પહેરતી નથી પણ ઝુલડી પહેરે છે. લગ્ન થયા બાદ તે ઝુલડી કાઢીને કાપડું પહેરે છે. શહેરમાં વસતી કોળી સ્ત્રીઓ ઘેરવાળો ચણીયો (બ્લાઉઝ) ચોળી અને ઓઢણી ઓઢે છે. ઘણીવાર તો બહેનોના કપડાં પણ જુનાં મળે છે તે લાવીને પહેરે છે.

**ઘરેણાં**

ઘરેણાં અને છુંદણાની શોખીન આ જાતિ પાસે હાલમાં તો કયાંક ચાંદી અને પ્લાસ્ટીકના નકલી દાગીના જોવા મળે છે, પણ આર્થિક સ્થિતિ સારી હોય તેવા લગ્ન પ્રસંગોએ દાગીના પહેરવા લેવાના હોય છે તેમના દાગીના જોઈએ તો,

**પુરુષના દાગીના**

(૧) બેડી - પગે પહેરવાની હોય છે જે આશરે ૧૦૦૦ રૂા.ની હોય છે.

(૨) ડોળીયો

(૩) ચાંદીનાં બટન - ખમીસે ચાંદીના બટન લગાડે છે. તે પણ એક શોખ છે.

**સ્ત્રીઓનાં ઘરેણાં**

(૧) નાકમાં પહેરવાની ફૂદડી તેને વીંટી કહે છે. તે સોનાની પણ હોય છે. તે ૧૫૦૦ રૂા. સુધીમાં તૈયાર થાય છે.

(૨) કાને - પુખાદરી (બે) તે ૮૦ રૂા. ની હોય છે.

(૩) કાનમાં વેડલા ચાંદીના પહેરે છે. તે એક કાને ૩ નંગ પ્રમાણે પહેરે છે. અંદાજે ૧૨૦ રૂા. સુધીના હોય છે. તે લટકતા હોય છે.

(૪) ગળાનો હાર - રામરામી તે સોનાનો હોય છે. તે હાલમાં જોવામાં આવતા નથી. તે ૬૦૦૦ રૂા. સુધીનો હોય છે.

(૫) હાથે હાથી દાંતના બે ચૂડા પહેરે છે. હાલમાં પ્લાસ્ટીકનો પહેરે છે. એકના ૧૦ રૂા. કિંમત હોય છે. ઉપરાંત બંગડીઓ પણ પહેરે છે. આંગળીએ વીંટીઓ પહેરે છે.

(૬) પગે કડલાં, કાંબીઓ ચાંદીનાં હોય છે. કડલાં - ૧ કીલોના ચાંદીના, કાંબીઓ ૫૦૦ ગ્રામ ચાંદીના - પગે કાંબી અને કડલાં પહેરે છે. હાલના સંજોગોમાં આ ગરીબ પ્રજા પાસે ભાગ્યે જ દાગીનો નજરે ચડે છે. પણ તેના શરીરે છુંદણાં તો આજે પણ હોય છે.

**છુંદણાં**

છોકરી સાસરે જાય અને તેને છુંદણાં ન હોય તો તેની માને મેણું મારે કે તેની માને છુંદણાં છુંદાવાની પણ ત્રેવડ નથી. જેના કારણે દરેક કોળી સ્ત્રીના શરીરે હાથે, પગે, મોંએ, ગળામાં છુંદણાં જોવામાં આવે છે. જેની જેવી ઈચ્છા તે રીતે તે કોતરાવે, પુરુષો પણ દેવદેવીના ફોટા કે નામ કોતરાવે છે. છુંદણાં જાતે પાડી લે છે. બીયાના લાકડાને ૭ દિવસ પાણીમાં પલાળી રાખવામાં આવે છે ત્યાર પછી દિવાની (દિવો) મેશ લઈ સોંયથી આ છુંદણાં તૈયાર કરે છે. છુંદનાર ૧ થી ૨ રૂપિયા લે છે. આ સિવાય બહારના છુંદનાર પાસે પણ છુંદાવવામાં આવે છે તે વધારે પૈસા લે છે તેથી જાતે જ છુંદે છે.

**ખોરાક અને પીણાં**

દિવસમાં બે ટંક ખોરાક ખાય છે. સૌ પ્રથમ સવારે જાગી દાતણ પાણી કરી ચા પીવે છે. ચા સાથે બાજરાનો રોટલો પણ ખાય છે. (ખાસ કરી બાળકો) બપોરે બાજરીના રોટલા, શાક, દાળ (મગ, મઠનું શાક પણ બનાવે) લીલા શાકભાજી વિસ્તારમાં મળે તે ઘી, ગોળ અને છાશ ખાવાનો રિવાજ છે. પણ

કોળીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી દરરોજ ઘી-દૂધ ખાઈ શકતા નથી. મહેમાનને ઘી, ગોળ, રોટલા આપવામાં આવે છે. છાશ બન્ને ટંક મળી રહે છે.

**સાંજે**

રોટલા, શાક કે ખીચડી પણ બનાવી ખાય છે. ખીચડી ચોખાની બનાવે. ચોખા ન હોય તો બાજરી અને મગની દાળ નાખી બનાવીને ખાય છે. દહીં, છાશ જે હોય તે સાથે ખાય. ન હોય તો બન્ને સમય રોટલા અને  મરચાની ચટણી વાટીને પણ ખાય છે. આર્થિક સ્થિતિ સારી હોય તે જ દૂધ, દહીં, ઘીનો ઉપયોગ કરે છે, બધા કરતા નથી. જે મળે તેનાથી ચલાવે છે.

ચા, બીડી પીવાનું પ્રમાણ વધારે છે. દારૂ કોઈક પીવે. બધા પીતા નથી. મહેમાન માટે સ્વાગતનું પીણું ખરું.

## પ્રકરણ - ૩

## આર્થિક જીવન

અગાઉના પ્રકરણ વિસ્તાર અને વસતિમાં કચ્છની ભૌગોલિક સ્થિતિ જોઈ. તેમાં કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતમાં મોખરે છે. ગુજરાતના વિસ્તારમાં લગભગ ચોથોભાગ કચ્છ જિલ્લો છે. કચ્છની ભૂમિમાં વિવિધતા ઘણી છે. ઘણો મોટો ભાગ રણ છે. નાની ટેકરીઓ છે. કાયમી નદીઓ નથી, જંગલનું પ્રમાણ ઓછું છે. કેટલાક તાલુકાઓની જમીન કાળી છે. કેટલાકની જમીન રેતાળ છે. કયાંક પાણી છે. કયાંક રણ છે. કેટલીક જગ્યાએ વાડીઓ છે. વાડીઓમાં ખજૂર, આંબા, લીંબુ વગેરે થાય છે. જંગલમાં બાવળ, આવળ, બોરડી, લીંમડા, પીલુડી, સમીવૃક્ષો, ગુગળ, કેરડા વગેરે વનસ્પતિ થાય છે. આ વનસ્પતિનો ઉપયોગ આદિવાસીઓ કરે છે. કોળીઓ કચ્છના આદિવાસીઓ છે. કોળીઓ ખાસ કરી જંગલમાં રહેવાનું પસંદ કરે છે. પહેલાં જાગીરો હતી ત્યારે કોળીઓ બે જાગીરોની સરહદે વસવાટ કરતા હતા. કયાંક કોળીઓ વર્ચસ્વ ધરાવતી જાતિઓની જમીનો સાચવવાનું કામ કરતી. વાગડ વિસ્તારના કોળીઓ ખેતી કરે છે. જમીન એટલી બધી રેતાળ છે તેથી પાકતું નથી. કેટલીક જગ્યાએ કોળીઓ પાસે વાડીઓ છે ત્યાં રજકો, શાકભાજી, ઘોડા ઘાસ, શિયાળુ ઘઉં વગેરે થાય છે. ખેતીની જમીન ઓછી હોય તો ભાગે લે કે ભાડે પણ ખેડે છે. કચ્છ જિલ્લાના દરેક તાલુકાઓમાં કોળીઓની વસતિ વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. કચ્છી કોળીઓમાં બે જૂથ જોવા મળે છે તે વાગડ વિસ્તારના કોળી અને કચ્છી કોળીઓ, વાગડ વિસ્તારના કોળીઓની વસતિ રાપર, ભચાઉ અને અંજાર ભૂજ સુધી ગણવામાં આવે છે. વાગડ વિસ્તારના કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન છે. ખેતી પશુપાલનના વ્યવસાયમાંથી પોષણ ન થવાથી પૂરક ધંધાઓ પણ કરે છે. જેમાં કોલસા પાડવા, જંગલ પેદાશ એકઠી કરવી, ખેતમજૂરી, મીઠાના અગરોમાં મજૂરી વગેરે કામો કરવા પડે છે. તે જ રીતે કચ્છી કોળીઓ વિશે જોઈએ તો કચ્છી કોળીઓ ચિરાઈથી આગળના ભાગમાં વસવાટ કરતા કોળીઓ ગણવામાં આવે છે. તેમની પાસે જમીનોનું પ્રમાણ નહીંવત્ છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી તેમજ અન્ય છૂટકમજૂરી, જંગલ ગૌણ પેદાશ એકઠી કરવી વગેરે છે. આમ આપણે કચ્છના કોળીઓને બે ભાગમાં વહેંચીને બન્ને વિભાગના કોળીઓ મૂળે તો એક જ છે પણ કેટલાક દરિયાકિનારે વસવાટ કરતા કોળીઓ માચ્છીમારીનો ધંધો કરે છે. વળી મુસ્લીમના સંપર્કને કારણે મુસ્લીમને મળતાં નામો પાડતા હોવાથી વાગડના કોળીઓ તેમને અલગ ગણે છે. વાગડ જિલ્લાના કોળીઓ કરતાં કચ્છી કોળીઓની આર્થિક સ્થિતિ નબળી છે. કાયમી વ્યવસાયોમાં ખેતી જેવા સાધનોનો અભાવ જોવા મળે છે. કોળીઓ ખેતી

કરવામાં ઘણો રસ ધરાવે છે પણ ઓછા વરસાદ, રેતાળ જમીન અને પાણીના અભાવે ખેતીમાં સફળતા મળતી નથી. આમ છતાં ખેતી એમનો મુખ્ય વ્યવસાય કહી શકાય. આ ઉપરાંત પશુપાલન કરે છે. ગાય, ભેંસ, બકરી, બળદ, ઘેટાં રાખે છે. દૂધ વેચે છે. કેટલાક ઘર પુરતો ઉપયોગ કરે છે. પશુપાલનનો વ્યવસાય કરવામાં ખૂબ સારો ચાલે છે પણ વારંવાર દુષ્કાળ, પાણીની તંગી, ઓછા વરસાદને કારણે કાયમી મુશ્કેલી જેવા આ વિસ્તારમાં વસવાટ કરતા કોળીઓનું જીવન સંઘર્ષમય હોય છે. ઉપરોક્ત વ્યવસાય કરતા હોવા છતાં જીવન જરૂરી આવક પ્રાપ્ત કરી શકતા નથી. જેથી જંગલ પેદાશ, કોલસા પાડવા, મીઠાના અગરોમાં મજૂરી માટે ભટકવું પડે છે. કયારેક કયારેક શિકાર પણ કરે છે. શિકાર તેતર, સસલું, સુવર વગેરેનો કરતા. પહેલાં કોળીઓ ચોરી કરતા. હાલમાં એક ટકો પણ ચોરીનું પ્રમાણ નથી તેમ જાણવા મળ્યું છે. ચોરીઓમાં મુખ્યત્વે તૈયાર પાક, ખેત પેદાશો વગેરે કરતા. એનો અર્થ એ કે પેટ પૂરતો ખોરાક ન મળવાથી પણ તે ચોરી કરવા મજબૂર થતા હશે. મેલી મંથાવટીના કારણે આજે પણ કયાંક ચોરી થાય તો તે વિસ્તારના કોળીઓને શંકા ઉપરથી પકડી અટકમાં લેવામાં આવે છે અને નિર્દોષ માણસોને કયારેક ગુનો કબુલાવવા માટે માર પણ મારવામાં આવે છે તેમ જાણવા મળ્યું છે. શહેરમાં વસવાટ કરતા કોળીઓનો વ્યવસાય છૂટક મજૂરી મુખ્ય છે. શહેરમાં વસવાટ કરતા કોળીઓનો વ્યવસાય છૂટક મજૂરી મુખ્ય છે. છૂટક મજૂરીમાં અનાજની ગુણો ઉંચકવાની, એક જગ્યાએથી બીજી જગ્યાએ રેંકડીમાં ગુણો પહોંચાડવાની, ટ્રકની કંડકટરી, બારદાન સિવવાનો, રીક્ષા ચલાવવાનો, ઊંટલારી ફેરવવાની, ક્યારેક કડીયા કામની મજૂરી વગેરે કરતા માલુમ પડ્યા હતા. શહેરમાં વસતા કોળીઓ છૂટક મજૂરી ઉપર જ આધારિત હતા. શહેરમાં તેઓને કોઈ નિશ્ચિત મજૂરી મળતી નથી. કામ મળે તે દિવસોમાં સારું મળે, કોઈક સમય બેસી રહેવું પડે છે. શહેરમાં વસતા કોળીઓ બહાર કંપાન કે પ્લાસ્ટીક ઢાંકી છાપરા બનાવી વસવાટ કરતા હોય છે. અત્યંત ગંદા વસવાટોના કારણે તેમના આરોગ્ય ઉપર ઘણી માઠી અસર થવા સંભાવના રહેલી છે.

આમ કચ્છના કોળીઓના વ્યવસાયમાં ઘણી બધી વિવિધતા રહેલી છે. કારણ કે કચ્છની ભૌગોલિક રચના જ એવા પ્રકારની છે કે જયાં વધારેમાં વધારે સ્થળાંતર થયેલું છે. કચ્છ પ્રદેશમાં સૌરાષ્ટ્ર, રાજસ્થાનની સરહદો આવેલી હોવાથી રાજસ્થાનથી પણ કેટલીક જાતિઓ આવી છે. ભીલ લોકો મારવાડથી ગુજરાતમાં આવેલા છે. તપાસમાં લીધેલ કોળી કુટુંબો કેવા કેવા પ્રકારના વ્યવસાયો કરે છે, ક્યારે કેટલો સમય અને કેવી રીતે કરે છે તેનો વિગતો જોઈએ :

### મુખ્ય વ્યવસાય - ખેતી

કચ્છમાં રાપર ભચાઉને વાગડ વિસ્તારના નામથી ઓળખવામાં આવે છે. વાગડનું પશુધન ગુજરાતભરમાં પ્રખ્યાત છે. ખેતી બળદથી કરવામાં આવે છે. બળદ બે હજારથી ૨૫૦૦ સુધીના પણ હોય છે. બળદો હૃષ્ટપૃષ્ટ અને મોટા કદના હોય છે. મુખ્ય ચોમાસું ખેતી થતી હોવાથી બળદોને ચોમાસું કામ વધારે રહે છે. આ સિવાય બળદગાડીએ માલવાહક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. માલવાહક તરીકે ઊંટગાડીનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ઊંટથી ખેતી કરવામાં આવતી નથી.

ખેતીમાં મુખ્યત્વે : (૧) લાકડાનું હળ (૨) ઓરિયો (વાવણિયો) (૩) કરિયુ (કરબ) (૪) વિખેડું (રાંપડી) (૪) ગાડું (ખેત ઉત્પાદન લાવવા) વગેરે સાધન છે. આ ઉપરાંત નાનાં ખેતીનાં ઓજારોનો ઉપયોગ કરવામાં આવે છે. જેવાં કે દાતરડું, કોદાળી, પાવડા, કુહાડી, ધારિયું વગેરે. આમ ઘણા અલ્પ સાધનો દ્વારા ખેતી કરવામાં આવે છે. ચોમાસુ બાજરો, કપાસ, જુવાર, મગ, કાળા તલ, એરંડા વગેરે વત્તા ઓછા પ્રમાણમાં થાય છે. એક વિઘામાં બાજરો અંદાજે ૩૦ થી ૩૨ મણ, કપાસ ૨૫ મણ, જુવાર ૨૦ મણ, મગ ૨૦ મણ, કોળ ૨૦ મણ દિવેલા ૫ મણ વગેરે જેવી માવજત એવા પ્રમાણમાં થાય છે. ક્યારેક ખેતી ભાગે કરવામાં પણ આપે છે. જેની પાસે જમીન વધારે હોય કે જેની પાસે સાધન ન હોય તેવા ખેડૂતો ખેતી ભાગે ખેડવા આપી દે છે. તેમાં અડધા ભાગે, ત્રીજા ભાગે પણ હોય છે. આમાં ખેતી કરનાર વ્યક્તિએ ખર્ચ આપવાનો હોય છે. જમીનવાળા ભાઈને ખેતર કે કૂવાનો જ ભાગ આપવાનો હોય છે. ૧૦ વર્ષનો કોળી છોકરો ખેતી કામ કરી શકે છે. મજૂરી જાય તેને દાડીયા ગયા છે તેમ કહેવામાં આવે છે. ગામમાં ખેતીકામ મળતું નથી. લાકડીયા ગામે ચોમાસામાં મળે છે જેમાં ૭ થી ૮ રૂા. દૈનિક રોજ આપવામાં આવે છે. ખેત મજૂરી ઘણા ઓછા દિવસ મળે છે, કારણ કે ઘરના સભ્યો જ ખેતીનું કામ કરી લેતા હોય છે. ખેતી મુખ્ય વ્યવસાય હોવા છતાં તેમાંથી પુરતું પોષણ મેળવી શકતા નથી. તેથી અન્ય વ્યવસાયો કરવા પડે છે.

### પશુપાલન

વાગડ વિસ્તારમાં વસવાટ કરતા કોળીઓ ખેતી ઉપરાંત પશુપાલનનો વ્યવસાય કરે છે. પશુઓને માલ તરીકે ઓળખવામાં આવે છે. માલમાં બળદ, ગાય, વાછરડા, વાછરડી, ભેંસ, બકરી, ઘેટા, ઊંટ વગેરે પશુઓ પાળે છે. પશુઓનું પ્રમાણ કોળીઓ કરતાં અન્ય જાતિઓ પાસે વધારે જોવામાં આવે છે. મોટાભાગના કોળી કુટુંબો દૂધ વેચતા નથી, પણ તેને દહીં જમાવી ઘી બનાવે છે. ઘી કયારેક વેચે છે અથવા ખોરાકમાં ઉપયોગ કરે છે. શહેરી વિસ્તાર નજીકના કોળી કુટુંબો હમણાં દૂધ વેચવાનો વ્યવસાય કરે છે.

ખાસ કરી રબારી, ભરવાડ લોકો દૂધ વેચવાનો વ્યવસાય વધારે કરે છે. પશુપાલન કરતા હોવાથી પશુની જાળવણી માટે (ચારા માટે) ગામથી દૂર સુધી જવું પડે છે. કપરી (દુષ્કાળ) જેવી સ્થિતિમાં તો ઢોર-ઢાંખર સાથે બહાર હિજરત પણ કરી જાય છે. આમ વાગડ વિસ્તારના કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી પશુપાલન હોવા છતાં અન્ય મજૂરી કરવી પડે છે. તેનું મુખ્ય કારણ અપૂરતો વરસાદ અને પાણીનો અભાવ રહેલો છે. જેના કારણે જુદા જુદા પ્રકારની મજુરી માટે બહારગામ જવું પડે છે તથા જંગલ ગૌણ પેદાશોમાંથી પૂરક ચીજવસ્તુઓ મેળવી જીવન ધોરણ ચલાવે છે તેની વિગતો જોઈએ :

**મીઠાના અગરમાં મજૂરી**

કોળી લોકો મીઠાના અગરોમાં કામ કરતા હોય છે. દિવાળી પછી મીઠાના અગરોનું કામ ચાલુ થાય છે. મીઠાના અગરમાં પુરુષ, સ્ત્રીઓ મોટી ઉંમરના બાળકો પણ કામ કરે છે. બારથી તેર વર્ષનું બાળક મીઠાના અગરમાં કામે લાગે છે. મીઠાના અગરમાં જોડીથી કામ કરવાનું હોય છે, સવારે આઠ વાગે પોતાની જોડી કામ પર લાગે તે સાંજે ૫ વાગ્યા સુધી કામ કરે છે તેમને એક દિવસના ૧૫ રૂપિયા મળે છે.

આ સિવાય બ્રાસ ઉપર પણ કામ રાખે છે. બ્રાસનો ભાવ પણ ૧૫ થી ૨૦ રૂપિયા સુધી મળે છે. બે વ્યક્તિ એક દિવસના એકથી દોઢ બ્રાસ મીઠું કાઢે છે. આ કુટુંબો અગર વિસ્તારમાં ભૂંગા બનાવી રહે છે કે કંતાન કે વાંસની ચટ્ટાઈના ઘરો બનાવી રહે છે. તેમને બીજી કોઈપણ જાતની સુવિધા આપવામાં આવતી નથી. આ કામ જેઠ માસ સુધી ચાલે છે. જેઠ માસે વરસાદ પડવાની તૈયારી હોય ત્યારે પોતાના વતન તરફ પાછા ફરે છે. સતત મીઠામાં કામ કરતા રહેવાથી તેમના પગના ઘુંટણ સુધીના ભાગને ઘણી અસર થાય છે.

આ સિવાય પણ સિઝન પ્રમાણે પોતાના વિસ્તારમાં મળતા નાનાં મોટાં કામ જેમકે જંગલ પેદાશ એકઠી કરી વેચવાનું કામ કરતા હોય છે. જેનો વિગતે વિચાર કરીએ :

(૧) કોલસા પાડવા (૨) મધ મેળવવું (૩) લાકડા કાઢવાનું (૪) ગુંદર એકઠો કરવો.

જંગલમાંથી : કેરાં, બોર, બીજડાની ફળિ, બીજડાના પાન, ગાંડા બાવળની ફળી, ફોગ, ગોલીવાડ વગેરે એકઠા કરવાનું કામ

ચોમાસામાં કંકોડાં, કારેલાં, કોઠીડાં - શિકાર થોડો ઘણો ખરો.

**(૧) કોલસા બનાવવાનો વ્યવસાય**

રાપર ભચાઉ તાલુકાના કોળી જાતિના કેટલાક કુટુંબો કોલસા પાડી વેચવાનો ધંધો કરે છે. આ

વિસ્તારમાં ઘર બાવળ અથવા ગાંડા બાવળ ઘણા પ્રમાણમાં થતા હોવાથી બાવળના કોલસા બનાવી વેચે છે. કોલસો બનાવવા માટે ૫ થી ૬ માણસ રોકાય છે, એટલે કે એક સ્વતંત્ર કુટુંબ આ કાર્ય કરી શકે છે. ૪ થી ૫ વર્ષનો બાવળ કાપવા લાયક ગણી શકાય છે. કોલસા પાડવાની ક્રિયામાં સૌ પ્રથમ બાવળને કાપી તેને સાફ કરવાનો હોય છે. બાવળ કાપવામાં ધારિયાનો ઉપયોગ થાય છે. એક ભઠ્ઠી કરવા પાછળ ૧૫ થી ૨૦ દિવસનો સમયગાળો લાગે છે. એક ભઠ્ઠામાંથી અંદાજે ૧૫ થી ૨૫ ગુણ કોલસો મેળવી શકાય છે. કોલસા બનાવવામાં ધારિયું, પાવડો, સાજી (ઢાંકવા માટેનું સાધન) અને કોથળા આમ ખૂબ ઓછી સાધન સામગ્રીથી આ વ્યવસાય ખૂબ સારી રીતે થઈ શકે તેમ છે. આ વ્યવસાયમાં તાલીમની જરૂર પણ પડતી નથી. મારકેટ પણ બાજુના શહેરી વિસ્તારોમાં મળી રહે છે. આ માટે બાવળનું પ્લાન્ટેશન કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. એક એકરમાં અંદાજે પાંચ હજાર બાવળ રોપી શકાય તેમ માનવું છે.

**લાકડાં કાપવાં**

કોલસાની સાથે સાથે લાકડાં કાપવાનો પણ વ્યવસાય કરી શકાય. લાકડાની નાની ભારી બનાવી તેને બજારમાં વેચવામાં આવે તો એક ભારાના ૫ થી ૬ રૂપિયા સુધી મળે છે. કેટલાક કોળી લોકો ગાડામાં લાકડા ભરી લાવી વેચે છે. એક ગાડામાં ૫ થી ૬ મણ લાકડા ભરી લાવે છે. તે આખા ગાડાની કિંમત ૩૦ થી ૩૫ રૂપિયા ગણીને વેચે છે આમ લાકડાં કાપી વેચવાનો પણ વ્યવસાય કરે છે. લાકડા કાપી વેચવામાં જલ્દી અને ઝડપી પૈસા મળે છે. લાકડાં કાપી વેચવાનું કામ દરેક વિસ્તારના કોળીઓ કરતા હોય છે.

**મધ મેળવવાનું કામ**

કચ્છના કોળી આદિવાસીઓ તેમજ વાઘરી લોકો પણ સિઝનમાં મધ મેળવવાનો વ્યવસાય કરે છે. મધ ફાગણ, ચૈત્ર અને વૈશાખ એમ ત્રણ માસમાં મળે છે. એક વ્યક્તિ એક દિવસનું ૧૦ થી ૧૫ રૂપિયા સુધીનું મધ પણ મેળવી શકે છે. મધની સિઝનને વસંતના ફૂલો ઉપરથી નક્કી થાય છે. ફૂલો સારા હોય તો મધ વધારે પ્રમાણમાં મળે છે. મધ દેશી નાની માખીનું હોય છે. ખીજડા (સમી વૃક્ષ) કેડા, લીંમડા, વખેઠો (પીલુડી) નદીની ભેખડોમાં, ડુંગરની કરાડોમાં વગેરે જગ્યાએ મધ મળે છે. કોળી લોકો સિઝનમાં મધ એકઠું કરવાનું કામ કરે છે. મધ મેળવવા માટે માખી દૂર કરવી પડે છે. તેના માટે બીડીનો ધુમાડો અથવા કપડું સળગાવી તેનો ધુમાડો કરી મધ મેળવે છે. ૬ થી ૮ રૂપિયા સુધી

કિલોના ભાવે મધ વેચાય છે. જંગલ ઓછું હોય ત્યાં મધ ઓછા પ્રમાણમાં મળે છે. ઝાડી વધારે હોય નાનાં ઝાંખરાં વધારે હોય ત્યાં મધ વધારે મળે છે. હાલમાં નિગમ દ્વારા મધ ખરીદી કરવામાં આવે છે. ૮ રૂા. કીલોના ભાવે ખરીદે છે. મધ મેળવવા માટે ઘણો બધો વખત જંગલમાં રખડવું પડે છે. મળે જ તેવું ચોક્કસ હોતું નથી.

**ગુંદર**

મધની સાથે સાથે ગુંદર પણ મળે છે. ગુંદર બે પ્રકારનો મળે છે. તેમાં દેશી બાવળ, ગાંડો બાવળ (વિજય બાવળ)નો બીજો ગુંગરનો ગુંદર પણ કચ્છમાંથી મળે છે. હાલમાં ગુંગરના ઝાડનું પ્રમાણ ઓછું થતું ગયું હોવાથી ગુંગરના ગુંદરનું પ્રમાણ ઘટતું જાય છે. દાતરડા અને ખુરપીના હાથા ગુંગરના ઝાડના બનાવવામાં આવે છે તે વજનમાં ખૂબ હલકા અને મજબુત આવે છે. ગુંદરના એક ઝાડમાંથી એક સિઝનમાં બેથી ત્રણ કીલો ગુંદર મળે તેવી ધારણા છે. આ સિવાય બાવળનો ગુંદર મળે છે. જે ખાસ કરી શિયાળામાં અને ઉનાળામાં મળે છે. ગુંદરના એક કિલોના ૧૫ થી ૧૮ રૂા. જેટલા મળે છે. કંઈ ન મળે ત્યારે કોળીઓ પણ ગુંદર એકઠો કરવા માટે જંગલમાં જાય છે.

**અન્ય જંગલ પેદાશો**

અન્ય જંગલ પેદાશોમાં ડેરા, બોર, ખીજડાની ફળી, ખીજડાના પાન, ગાંડા બાવળની ફળી, ફાગ, ગોલીવાડ વગેરે મળે તે પ્રમાણે એકઠા કરી વેચે છે.

(૧) **કેરા (કેરડા અથાણા માટે) :** ફાગણ માસ પછી આની સિઝન ગણવામાં આવે છે. ઉનાળામાં પણ કેરા મળે છે. આમ વર્ષમાં બે સિઝન આવે છે. કોળી સ્ત્રીઓ પોતાના વિસ્તારમાં કેરાના ઝાડ હોય તેના ઉપરથી આ કેરા લઈ આવે છે. એક કિલોના ૧ થી ૨ રૂપિયા સુધી વેચાય છે. આની સિઝનમાં રોજના ૧૫ થી ૨૦ રૂપિયા સુધીના મેળવે છે. તેનો ઉપયોગ ઢોરને ખવડાવવામાં પણ કરવામાં આવે છે.

(૨) **બોર :** નાના નાના બોરડીના ઝારડાં થાય છે તેને નાના ચણી બોર લાગે છે. આ બોર પણ કોળીઓ વીણી લાવી નજીકના ગામમાં કે બજારમાં લઈ વેચે છે. બે થી ત્રણ રૂપિયા સુધી કિલોના ભાવે વેચે છે.

(૩) **ખીજડાની ફળી અને પાન :** ખીજડાની ફળી એ ઢોર માટેનો ચારો છે. બકરા રાખનાર કુટુંબો

પણ તેને ખરીદે છે. કેટલાક લોકો એક કીલોની ઝુડી બનાવી ૧ કીલોના ૧ રૂપિયા ભાવથી વેચવામાં આવે છે. ડાળીઓ કાપી લાવીને પણ વેચે છે. ડાળીનો ભાવ એક કીલોનો ૫૦ પૈસા પ્રમાણે હોય છે.

(૪) **ગાંડા બાવળ, વિજય બાવળની ફળી (ફળી-સિંગ) :**

ગાંડા બાવળ કે વિજય બાવળની ફળી શિયાળામાં થાય છે. તે ખાસ કરી પશુઓના ખાણમાં ઉપયોગમાં આવે છે. ગધેડા, ગાય તેમજ અન્ય પશુઓ પણ આને ખાય છે. તે પણ ૫૦ પૈસાથી ૧ રૂપિયા સુધી કીલોના ભાવે વેચાય છે.

(૫) **ફાંગ :** વૃક્ષ ઉપર એક પ્રકારની વેલ ચઢે છે તેને ફાંગ વેલ કહેવામાં આવે છે. આ બકરા ઘેટાનો ચારો ગણાય છે. આમ છતાં ગાય પણ તેને ખાય છે. ફાંગ ૧ કિલોના ૫૦ પૈસાથી ૧ રૂપિયા સુધીના ભાવે વેચાય છે.

(૬) **ગોલીવાડ :** ગોલીવાડના વેલા અને પાંદડાંનો ઉપયોગ પશુઓને ખવડાવવામાં કરવામાં આવે છે. તેને લાવી ટૂકડા કરવા પડે છે. (નાના-નાના ટૂકડા) પછી બળદ, ગાય, ભેંસને ખવડાવવામાં આવે છે.

આ પ્રમાણેની ઉપરોકત જંગલ પેદાશો વાડ ઉપર પોતાના વિસ્તારમાં અને બાવળના ઝાડમાંથી થાય છે. પોતાના ઘરના ઢોર માટે પણ આવી વસ્તુઓ જંગલમાંથી મેળવે છે. આ સિવાય તેને વેચવામાં પણ આવે છે.

**ચોમાસામાં મળતી ચીજ**

ચોમાસામાં કંકોડાં, જંગલી કારેલાં અને કોઠીડાં, કંકોડાં અને જંગલી કારેલાં શ્રાવણ, ભાદરવા માસમાં વધારે મળે છે. જેને જંગલી કારેલાં કહેવામાં આવે છે તે બારેમાસ પણ મળે છે. આના વેલા નાના ઝાંખરાં કે બોરડી, કેરડાના ઝાડ ઉપર ઘણા થાય છે. વાડ ઉપર ઠેર ઠેર જોવા મળે છે. સિઝનમાં ૫ થી ૮ રૂપિયે કીલોના ભાવથી વેચાય છે. કોળી લોકોને અન્ય મજૂરી ન મળે ત્યારે આને વીણી લાવી વેચે છે. તેમના જણાવ્યા પ્રમાણે આવાં નાનાં ઝાડવાંઓમાં દરેક જગ્યાએ નાના સાપનો ઉપદ્રવ વધારે જોવામાં આવે છે.

### કોઠીડાં

ભાદરવા માસમાં તૈયાર થાય છે. આસો, કારતક માસ સુધી મળે છે. શેઢાઓ ઉપર આના વેલા થાય છે. કાકડી જેવા લાગે પણ તે લંબગોળ આકારના હોય છે. પાકે ત્યારે જ વધારે મીઠા લાગે છે. તે ૧ થી ૧ાા રૂપિયે કીલોના ભાવથી વેચાય છે. કેટલાક લોકો કંકોડાં અને કોઠીબડાંની નાની કાતરી કરી તેની સુકવણી પણ કરે છે. આ સુકવણી બિન-સિઝનમાં ૫ થી ૧૦ રૂપિયાના કિલોના ભાવથી વેચે છે. કોળીઓ જાતે આવી સુકવણી કરતા નથી પણ કેટલાક વેપારી લોકો આવી સુકવણી કરી વેચતા રાપર શહેરમાં જોવામાં આવેલા.

### શહેરમાં વસતા કોળીઓના મુખ્ય વ્યવસાય

અંજાર શહેરમાં વસતા કોળીઓનો મુખ્ય વ્યવસાય છૂટક મજૂરીનો છે. ત્રણ કોળીઓ પાસે થોડી ઘણી જમીન છે. બાકીના બધા કોળીઓ જમીનવિહોણા છે. ઘણા વર્ષોથી વસવાટ હોવા છતાં નથી જમીન કે નથી સારાં ઘર.

### ગુણ ઉંચકવાની મજૂરી

શહેરી વિસ્તારના વેપારીઓનો માલ આવે ત્યારે ટ્રકમાંથી ગુણો ઉતારવાની મજૂરી તેમજ એક જગ્યાએથી બીજી જગ્યાએ રેંકડી દ્વારા માલ હેરાફેરીનું કામ પણ કરે છે. વેપારીનો માલ આવવાનો હોય તો તેની પહેલાં વેપારી પાસેથી માલ ખાલી કરવાનો પાસ મેળવી તેના ગોદામે પહોંચાડી જાય છે. ૫ થી ૭ માણસો એક સાથે આવું કામ કરે છે. એક ગાડી ખાલી કરવાના ૨૫ રૂપિયા મજૂરી મળે છે. માલ આવે તે પ્રમાણે મજૂરી મળે છે, ન આવે તો બેસી રહેવું પડે છે. કેટલીકવાર અનાજનો પાલો કરવાનો હોય છે. (મીક્ષ કરવાનું) તેમાં એક ગુણના ૭૫ પૈસા પ્રમાણે મજુરી મળે છે. આ સિવાય શહેરી વિસ્તારમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ માલની હેરફેર કરવી પડે છે. તે રેંકડી દ્વારા એ માણસો કરે છે. તેમને આવવા-જવાના સ્થળના અંતર ઉપર મજુરી મળે છે. વેપારીઓનું છૂટક કામ કોળી લોકો કરે છે. રેંકડી ભાડે લાવે છે. કોઈની પાસે પોતાની માલિકીની રેંકડી નથી. ગુણ ઉચકવાનું કામ અઢાર વર્ષનો છોકરો પણ કરી શકે છે તેથી નાના છોકરા મજૂરીએ જાય તો તૂટેલ ગુણને ટાંકા દેવાનું કામ તેમજ ગુણને ટેકો દેવાનું સહાયક તરીકેનું કામ કરે છે.

**સીમેન્ટની થેલીઓમાંથી મોટા થેલા બનાવવાનો વ્યવસાય**

ઘણા બધા કોળી કુટુંબો થેલા બનાવવાની મજૂરી કરે છે. વેપારીઓ તેમને કાચો માલ આપે છે તેમને એક થેલો બનાવવાની મજૂરી ૪૦ પૈસા આપે છે. કોથળા બનાવવાની મજૂરીમાં પુરુષ, સ્ત્રી અને બાળકો પણ કામ કરે છે. એક કુટુંબ એક દિવસમાં ૨૫ થી ૩૦ રૂા. સુધીનું કામ કરી શકે છે. આ થેલા બહાર વેપારીઓ ૪ રૂા. ૫૦ પૈસા પ્રમાણે વેચે છે. મોટા ભાગે કપાસીયામાં અને મીઠામાં આ કોથળાનો ઉપયોગ વધારે થાય છે. આની અંદર વપરાતા સામાનમાં સીમેન્ટની થેલી નં.૨, થેલી નંગ એકનો ભાવ ૧-૫૦, સુતળી કિલો એકના ૨૫ રૂપિયા, પિત્તળની હથોડી - ૩ રૂા. (હાથમાં રાખી સોયો દબાવવાનો) સોયા વગેરે સાધનોની જરૂર પડે. હેમલાઈ ફળિયુ અને વિજયનગર ફળિયાના મોટાભાગના કુટુંબો કોથળા સિવવાનું કામ કરે છે. આ કામ વેપારીઓનું હોય છે જે મજૂરીથી કરવાનું હોય છે. તેની જગ્યાએ પોતાનું હોય તો સારી આવક મેળવી શકે, વળી કુટુંબના અન્ય સભ્યો પણ તેમાં મદદ કરી શકે.

**(૨) બળતણ અને છાણા વેચવાનું કામ**

કેટલાક કુટુંબની સ્ત્રીઓ ગાય, ભેંસનું છાણ એકઠું કરી તેનાં છાણાં બનાવે છે. ખુલ્લા વિસ્તારમાંથી છાણ વીણી લાવે છે. પોતાના ઘરની આજુબાજુ બનાવે. સુકાય ત્યારે એક તગારાના ૧ રૂા. પ્રમાણે વેચે છે. એક તગારામાં અંદાજે ૨૫ છાણાં રાખવામાં આવે છે.

**લાકડાં વેચવાનું કામ**

અંજાર શહેરી વિસ્તાર હોવાથી બળતણની માગ રહ્યા કરે છે. દિવસે સ્ત્રીઓ ગાંડા બાવળના કે અન્ય જે મળે તે લાકડા દૂરના વિસ્તારોમાંથી લાવે છે. તેની અંદાજે ૨૦ કીલો વજનની ભારી બનાવી વેચે છે. જેના ૧૨ રૂા. મળે છે. આમ કાયમી કામો ન મળવાથી મળે તે કામ કરે છે.

**કડીયાકામ**

સ્ત્રીઓ નજીકના વિસ્તારમાં કામ ચાલતું હોય તો કડીયાકામ કરવા જાય છે. કાયમી કામ મળતું નથી, ક્યારેક મળે ક્યારેક ન મળે. મોટાભાગે ઘરે ઘરકામ કરે છે. ક્યારેક સ્ત્રીઓ ગંજીફાના પાના રમે છે. તે જુગાર રમે છે કે કેમ તેની ચોક્કસ માહિતી નથી પણ બપોરના નવરાશના સમયે રમે છે.

**નોકરી**

અંજાર શહેરમાં કોળીઓ વસતા હોવા છતાં તે નોકરી કરતા નથી, કારણ કે તેમનામાં શિક્ષણ નથી. સ્વતંત્ર વ્યવસાય કરતા હોય તેવાં કુટુંબો પણ નથી. મોટાભાગના કુટુંબો છુટક મજૂરી ઉપર જ આધારિત છે. તેઓ રેંકડી પણ પોતાની ખરીદી શક્યા નથી. એક કોળીભાઈ સસ્તા અનાજની દુકાનમાં ૧૫૦ રૂા. ના પગારે તોલાટ તરીકે નોકરી કરે છે. એક ભાઈ ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરે છે. આ સિવાય શહેરી વિસ્તારમાં પણ કંઈ નોકરી ધંધા કરતા જોવા મળ્યા નથી.

**પારધી આદિવાસીઓ**

અંજાર શહેરની ઉત્તર ભાગમાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં જોગી પારધી આદિવાસીઓની વસાહત છે, જયાં ૪૦ કુટુંબો રહે છે. અંજારમાં ૬૦ થી ૭૦ કુટુંબોની વસતિ પારધીની છે. તેમનો મુખ્ય ધંધો છૂટકમજૂરી  સોમીલ, કાગળના ફુલહાર બનાવવાનો ધંધો, રીક્ષા ચલાવવાનો વ્યવસાય, પટ્ટાની ધાર કાઢવાનું કામ, સોમીલો, સાયકલ રિપેરીંગ, શાકભાજીની લારી, સોડા ફેકટરીમાં નોકરી વગેરે કામોમાં પારધી લોકો રોકાયેલા છે. તેમને દૈનિક ૧૦ થી ૧૨ રૂા. પ્રમાણે રોજ મળે છે. અંજાર નગરપાલિકા તરફથી તેમને લાઈટ પાણીની સગવડ ઉપલબ્ધ છે પણ તેમનો વિસ્તાર ઘણોજ ગંદકીવાળો છે જેથી આરોગ્ય ઉપર માઠી અસર થાય છે. તેમની માગણીઓ પ્રમાણે તેમને મકાન માટે સહાય, બાલવાડીની સગવડ નથી તે માટે કાયમી મજૂરી માટે કંડલા પોર્ટ  ભરતી કરવી જોઈએ. સ્ત્રીઓ ઘરે રહે છે. તે સિવાયના મશીન મળે તો કરી શકે તેમ છે. આ ઉપરાંત ભરતગુંથણનું કામ પણ આ સ્ત્રીઓ ખૂબ સારી રીતે કરી શકે તેમ છે. ભરતગુંથણ લુગડાં ઉપર, ઈંઢોણી ઉપર, સાવરણી, ગૂંથી, સ્વેટર વગેરે બનાવે છે. કાગળના ફૂલો અને ફુલદાની બનાવવાનો વ્યવસાય તેમનો હાથવગો છે. તેના વિકાસ માટે પ્રોત્સાહન આપવું જોઈએ તથા નાણાંકીય સહાય પુરી પાડવી જોઈએ. સો મીલના કારીગરો છે. એકાદ સોમીલ થાય તો ઘણા બધા તેમાં કામ કરી શકે.

**ખેતમજૂરી**

કેટલાક કોળીઓ બિન આદિવાસીઓ સાથે રહે છે. બિન આદિવાસીનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. કોળીઓને તેઓ ખેતમજૂરી માટે બોલાવે છે. બિન પિયત ખેતી હોવાને કારણે ચોમાસામાં ખેતમજૂરી મળી રહે છે. બાકીનો સમય બેકાર રહે છે. કે અન્ય વ્યવસાય કરવો પડે છે. શિયાળામાં પિયત થઈ હોય તેવી વાડીઓમાં ખેતમજૂરી મળે છે. તેનું પ્રમાણ ઘણું ઓછું રહે છે.

ખેતમજૂરીમાં ખેડવાનું કામ, ઘાસ કાઢવાનું કામ, વાઢવાનું કામ, પાણત કરવું, ભૂતડી ઉખેડવાનું કામ (મગફળી ઉખેડવી) કરે છે. દૈનિક વેતન ૧૦ થી ૧૫ રૂા. સુધી મળે છે. સ્ત્રીઓને ૧૦ રૂા. અને પુરુષને ૧૧ થી ૧૨ રૂા. સુધીનું દૈનિક વેતન આપવામાં આવે છે. પણ આ વિસ્તારમાં ખેતી મુખ્ય વ્યવસાય હોવાથી દરેક ખેડૂત પાસે પુરતું લેબર યુનિટ હોવાથી ઘણા ઓછા દિવસ ખેતમજૂરી મળે છે. વળી બાજરો, કઠોળ, જુવાર જેવા ઓછા વરસાદના પાકો હોવાથી વાવણી બાદ ઘણી ઓછી માવજત કરવી પડે છે. ચોમાસામાં મજૂરી આપી શકે તેવું રોપણી અને નિંદવાનું કામ આ વિસ્તારમાં મળતું નથી. અહીંના કોળીઓને પટેલના ત્યાં કામ શોધવા માટે જવું પડે છે.

**માસિક વેતન**

વાડીવાળા ખેડૂતને ત્યાં ખેતીકામ માટે માણસ રાખે તો માસિક વેતન આપે છે. જરૂર હોય ત્યાં સુધી રાખે પછી રાખતા નથી. અહીં સાથી કે ભાગે ખેતી કરતા નથી. માસિક વેતન પર રહેનાર વ્યક્તિને દર મહિને ૧૫૦ રૂા. આપવામાં આવે છે. તેણે રાતદિવસ ખેડૂતને ત્યાં રહેવું પડે છે અને કામ કરવું પડે છે. તેને બે ટાઈમ ખાવાનું અને ચા આપવામાં આવે છે. આ સિવાય કંઈ આપવામાં આવતું નથી. કેટલાક ૧ વર્ષ માટે રાખે તો પણ માસિક પગાર બાંધીને જ રાખે છે.

**પાકની ચોકી**

ચોમાસા પછી પાકની રખેવાળી કરવા માટે રાત્રે ખેડૂતો તેના ખેતરમાં ચોકીયાત તરીકે મૂકે છે. મોટાભાગે પાક તૈયાર થયો હોય તે અરસામાં ચોકીયાત મૂકવામાં આવે છે તેમને એક રાત્રિના ૫ થી ૧૦ રૂપિયા સુધી આપવામાં આવે છે. આ સિવાય આ વિસ્તારમાં ખેતમજૂરી મળી નથી.

**દાતણ વેચવા :**

સામાન્ય રીતે કચ્છની વાઘરી આદિવાસી જાતિના લોકો દાતણ વેચવાનું કામ કરતા જોવા મળે છે પણ તે ઉપરાંત નખત્રાણા વિસ્તારમાં વસતા કોળી જાતિના લોકો પણ દાતણ વેચવાનો વ્યવસાય કરે છે. કેટલાક ગામના કોળીઓની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ હોવાથી જંગલમાંથી દાતણ કાપી પોતાના ગ્રાહકોને ત્યાં આપે છે. દાતણના વેચાણમાંથી દિવસના ૨ા થી ૩ રૂા. કમાણી કરે છે. એક સોટીના ૫ પૈસા પ્રમાણે વેચે છે. દરેક કુટુંબ પાસે ઘર બાંધેલા હોય છે તે કુટુંબમાં તે દાતણ પહોંચાડે છે. બદલામાં તેને થોડાક મહેનતાણા ઉપરાંત ખાવાનું અને જુનાં કપડાં પણ મળે છે. અહીંના કોળીઓના બાળકો ભોજન માગી લાવીને પણ ખાય છે. કોટઠા ગામના ૮ થી ૧૦ કુટુંબો દાતણ વેચવાનું કામ કરે છે.

તપાસમાં આવરી લીધેલ રાપર, ભચાઉ, અંજાર અને નખત્રાણા તાલુકાઓના ૧૦૦ કુટુંબોનો વ્યવસાય જોઈએ : અગાઉ જોયું તેમ તેઓ સૌ જુદા જુદા વ્યવસાયો દ્વારા રોજગારી મેળવે છે. કારણકે કોઈ એક વ્યવસાય જીવન જરૂરિયાત સંતોષી શકતો નથી. કારણ કે ત્યાંની ભૌગોલિક સ્થિતિ પણ આમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ છતાં તપાસમાં આવરી લીધેલ કુટુંબોનો મુખ્ય વ્યવસાય કેવો હતો તે ઉપરાંત ગૌણ વ્યવસાય કેવો હતો તે જોઈએ. વર્ષ દરમ્યાન વધારે રોજગારી અને વધારે સમય કુટુંબનો દરેક સભ્ય જે વ્યવસાય પાછળ આપતા હતા તેને મુખ્ય અને તેમાંથી અપૂર્ણ આવકો મળવાને કારણે સિઝન પ્રમાણે વત્તાઓછા પ્રમાણમાં અન્ય ધંધાઓ દ્વારા આવકો મેળવે તેને ગૌણ ધંધા ગણવામાં આવ્યા છે. આમ તપાસમાં લીધેલ ચાર તાલુકાઓના ચાર ગામોમાં વસતા સો કુટુંબોનો મુખ્ય વ્યવસાય કોઠા દ્વારા જોઈએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુલ કુટુંબોમાં ૩૯ કુટુંબો ખેતી, ૨૩ કુટુંબો ખેતમજૂરી, ૧ કુટુંબ પશુપાલન, ૨૭ કુટુંબો છૂટક મજૂરી, ૭ કુટુંબો બારદાન સિવવાનો, ૧ કુટુંબ રીક્ષા ચલાવવાનો અને બે કુટુંબ ઊંટલારી ચલાવવાના મુખ્ય વ્યવસાય કરતા હતા અને આ વ્યવસાય દ્વારા તે કુટુંબના સભ્ય ગૌણ વ્યવસાય કરતાં વધારે આવકો મેળવતા હતા.

કોઠા નં.૧૦

મુખ્ય ધંધો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ખેતી | ખેત મજૂરી | પશુપાલન | છૂટક મજૂરી | બારદાન સિવવાનો | રીક્ષા ચલાવવાનો | ઊંટલારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૨૦ | ૪ | ૧ | - | - | - | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૭ | ૨ | - | ૬ | - | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | - | - | ૧૬ | ૭ | ૧ | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૧૭ | - | ૫ | - | - | ૨ |
| | કુલ | | ૧૦૦ | ૩૯ | ૨૩ | ૧ | ૨૭ | ૭ | ૧ | ૨ |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે રાપર, ભચાઉ તાલુકાના કોળીઓ ખેતીના વ્યવસાયમાં વધારે રોકાયેલા છે. એટલે કે વાગડ વિસ્તારના કોળીઓ પાસે ખેતીની જમીનનું પ્રમાણ સારું છે. ઉપરાંત તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી દ્વારા કુટુંબનું પોષણ થતું ન હોયવાના કારણે અન્ય મજૂરી કરવી પડે છે. અંજાર અને નખત્રાણા તાલુકાના કોળીઓ પાસે જમીન ન હોવાથી માંડ એક એક કુટુંબ ખેતી કરે છે. બાકીનાં મોટાભાગનાં કુટુંબો અન્ય મજૂરી ઉપર આધારિત છે. તેમાં ગામ વિસ્તારમાં વસતા કુટુંબો ખેતમજૂરી ઉપર જ સવિશેષ આધારિત છે; જયારે શહેરી વિસ્તારમાં વસતા કોળીઓ છૂટક મજૂરી ઉપર આધારિત છે. સ્વતંત્ર વ્યવસાય કરતા હોય એવાં કુટુંબો નહીંવત્ છે. જેમાં રીક્ષા ચલાવવાનો અને ઊંટલારી ચલાવી આવક મેળવતા હોય તેવાં ફક્ત અનુક્રમે એક અને બે કુટુંબો જોવા મળ્યાં હતાં. ઉપરોકત મુખ્ય વ્યવસાય ઉપરાંત ભરણપોષણ માટે ફરજીયાત ગૌણ ધંધો કરવો પડે છે. કારણ કે કચ્છના કોળીઓ પાસે સાધનોનો અભાવ છે. વળી ભૌગોલિક સ્થિતિ પ્રતિકૂળ હોવાના કારણે કોઈપણ એક વ્યવસાયમાંથી ભરણપોષણ પૂરતી આવકો મળતી નથી. દરેક કોળી કુટુંબોને જુદા જુદા પ્રકારના વ્યવસાય કરવા પડે છે. તે કોઠા દ્વારા સમજીએ.

કોઠા નં.૧૧

ગૌણ ધંધો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ખેત મજૂરી | છૂટક મજૂરી | પશુપાલન | લાકડા વેચવા કોલસા | માગી ખાવું | જંગલ પેદાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧ | ૧૧ | ૧૩ | - | - | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | - | ૨ | ૨૩ | - | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | - | ૨૩ | - | ૧ | ૧ | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૧૦ | - | ૩ | - | ૧૧ |
| | કુલ | | ૧૦૦ | ૨ | ૪૬ | ૩૬ | ૪ | ૧ | ૧૧ |

ગૌણ ધંધો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટાભાગનાં કુટુંબોને છૂટક મજૂરી ઉપર આધાર રાખવો પડે છે. આ ઉપરાંત પશુપાલન કરતાં ૩૬ કુટુંબો જોવા મળ્યાં હતાં. એટલે કે ખેતી પશુપાલન એકબીજાને પૂરક વ્યવસાય છે. કચ્છમાં ખેતી કરતાં કુટુંબો ઉપરાંત બિન ખેતી કરતાં કુટુંબો પણ પશુપાલનનો વ્યવસાય કરતાં હોય છે. અગાઉ જોયું તેમ કોળીઓ પણ પશુપાલન કરે છે પણ અન્ય જાતિઓ કરતાં તેમની પાસે પશુઓની સંખ્યા ઓછી જોવા મળે છે. ગૌણ ધંધામાં તેઓ ગૌણ પેદાશ એકઠી કરવાનો પણ ધંધો કરે છે. શિયાળો, ઉનાળો જયારે નાના ઝાંખરાઓમાં મધ, ગુંદર કે અન્ય ચીજો મળે ત્યારે તે એકઠી કરવાનું કામ કોળી બાળકો અને પુરુષ, સ્ત્રીઓ તમામ લોકો કરે છે. કારણ કે તેમની પાસે જે આવકનાં સાધનો છે તે ઘણાં ઓછાં છે. આ ઉપરાંત લાકડાં વેચવા અને કોલસા બનાવી વેચવાનો ધંધો પણ કરતા હોય છે. કંઈ ન મળે તયારે ગામમાંથી ખાવાનું માગી લાવી ખાતું હોય તેવું પણ એક કુટુંબ છે. આમ તેમની આર્થિક સ્થિતિ કેટલી નબળી હશે, જેમને માગી લાવી પેટનો ખાડો પૂરવો પડે છે. કોટડા જડોદર ગામના કોળીઓ દાતણ વેચવાનો વ્યવસાય કરે છે. ગુજરાતમાં વાઘરી સિવાય કોઈ જાતિ દાતણ વેચતી હોય તેવું જાણવા મળતું નથી. અહીંના કોળીઓ પોતાના ગ્રાહકોને દાતણ આપે છે અને બદલામાં પૈસા અથવા રાંધેલ ખોરાક પણ મેળવે છે.

કોઠા નં.૧૨

કમાનાર બિન કમાનાર દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ૧૪ વર્ષ નીચેના કમાનાર | | ૧૪ વર્ષ ઉપરના કમાનાર | | બિન કમાનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૩ | ૫ | ૪૨ | ૩૪ | ૪૩ | ૪૨ | ૮૮ | ૮૧ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૩ | ૨ | ૪૪ | ૩૯ | ૩૧ | ૨૯ | ૭૮ | ૭૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૫ | - | ૩૮ | ૩૬ | ૩૮ | ૨૩ | ૮૧ | ૫૯ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૫ | ૩ | ૩૯ | ૩૩ | ૨૫ | ૩૫ | ૬૯ | ૭૧ |
| | કુલ | | ૧૦૦ | ૧૬ | ૧૦ | ૧૬૩ | ૧૪૨ | ૧૩૭ | ૧૨૯ | ૩૧૬ | ૨૮૧ |
| | ટકા | | | ૫.૦૬ | ૩.૫૬ | ૫૧.૫૯ | ૫૦.૫૪ | ૪૩.૩૫ | ૪૫.૯૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

તપાસમાં આવરી લીધેલ સો કુટુંબોના સભ્યોનો આર્થિક દરજ્જો કોઠા દ્વારા જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૩૩૧ પુરૂષ સ્ત્રીઓ કમાણી કરે છે જે કુલ સભ્ય સંખ્યાના ૫૫.૪૪ ટકા થાય છે. એટલે કે ઘણો મોટો વર્ગ બિન કમાનાર છે. ૧૪ વર્ષથી નીચેનાં બાળકોને પણ મજૂરી કરવી પડતી હતી તેનું પ્રમાણ જોઈએ તો ૧૬ કુમારો અને ૧૦ બાલિકાઓ હતી એટલે કે કુલ પુરુષના ૫.૦૬ ટકા અને કુલ સ્ત્રીઓના ૩.૫૬ ટકા બાલિકાઓ ૧૪ વર્ષથી નીચેની હોવા છતાં આર્થિક પ્રકારનું રોજી મેળવવાનું કામ કરતી માલુમ પડી હતી. એનો અર્થ એ નથી કે બીજાં બાળકો કામ નથી કરતાં કે અભ્યાસ કરવા જાય છે. મોટાભાગનાં બાળકો પોતાનાં મા-બાપને કોઈ ને કોઈ કામમાં મદદ કરાવતા હોય છે. તેમનાથી નાના બાળકોને રાખવા, ઘર સાચવવું, ઢોર ચરાવવા જવું, દુકાનેથી ચીજવસ્તુ લાવવી વગેરે કામ બાળકો કરતાં હોય છે. જેની ગણના કમાનારમાં કરવામાં આવી નથી. ૧૪ વર્ષ ઉપરના પુરુષો જેઓ કુટુંબના કમાનાર સભ્ય હતા તેવાની સંખ્યા ૧૬૩ની હતી જે કુલ પુરુષ સભ્ય સંખ્યાના ૫૧.૫૯ ટકા હતી, જયારે ૧૪૨ સ્ત્રીઓ રહી; જે કુલ સ્ત્રી સભ્ય સંખ્યાના ૫૦.૫૪ ટકા હતી, એટલે કે યુવાન પુરુષ અને સ્ત્રીઓએ ફરજીયાત કમાણી કરવી પડે છે. બિન કમાનાર વર્ગ ઘણો મોટો હોય છે તેમાં નાનાં બાળકો અને અશક્ત વૃધ્ધ માતા, પિતા અને ખોડ ખાંપણવાળાં બાળકોનો સમાવેશ થાય છે. કુલ પુરુષના ૧૩૭ પુરુષો બિન કમાનાર હતા જે કુલ પુરુષના ૪૩.૩૫ ટકા થાય છે, જયારે ૧૨૯ સ્ત્રીઓ જે કુલ સ્ત્રીઓના ૪૫.૯૦ ટકા થાય છે, એટલે કે ઘણો મોટો વર્ગ બિન કમાનાર છે. કુટુંબના કમાનાર સભ્ય ઉપર આધારિત આટલા મોટા વર્ગનું ભરણપોષણ ફક્ત કમાનાર ૫૫.૪૪ ટકા વર્ગે કરવાનું હોય છે. તેમના વ્યવસાય જોતાં લાગે કે તેમનું જીવન ધોરણ કેટલું ઊંચું હશે.

કોઠા નં.૧૩

જમીનવાળા કુટુંબો તથા જમીન દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબ | જમીન વાળા | જમીન વગરના | કુલ | કુલ જમીન | | પિયત | | બિનપિયત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | એકર | ગુંઠા | એકર | ગુંઠા | એકર | ગુંઠા |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૨૦ | ૫ | ૨૫ | ૯૭ | ૦ | - | - | ૯૭ | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૬ | ૯ | ૨૫ | ૨૪૨ | ૩૦ | - | - | ૨૪૨ | ૩૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | ૨૪ | ૨૫ | ૫ | ૦૦ | - | - | ૫ | ૦૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૨૪ | ૨૫ | ૬ | ૦૦ | - | - | ૬ | ૦૦ |
| | કુલ | | ૧૦૦ | ૩૮ | ૬૨ | ૧૦૦ | ૩૫૦ | ૩૦ | - | - | ૩૫૦ | ૩૦ |

પસંદ થયેલ કુટુંબોમાંથી ૩૮ ટકા કુટુંબો ખેતીનો વ્યવસાય કરતા હતા. તેમનો આ વ્યવસાય પરંપરાગત હતો. રાપર અને ભચાઉ તાલુકાઓમાં કોળીઓની વસતિ વધારે છે અને મુખ્ય વ્યવસાય ખેતી તથા પૂરક વ્યવસાય પશુપાલનનો છે. કુલ કુટુંબોમાંથી ૩૮ કુટુંબો પાસે જમીન હતી. જયારે ૩૨ કુટુંબો પાસે બિલકુલ જમીનો ન હતી. તેમનો મુખ્ય વ્યવસાય મજૂરી અને અન્ય ધંધાઓ હતા. એટલે કે ઘણો મોટો વર્ગ જમીન વગરનો હતો. ઉપરોક્ત જમીન દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પસંદ થયેલ કુટુંબોમાં ૩૮ ટકા કુટુંબો જમીનવાળા હતા. જેમની કુલ જમીન ૩૫૦ એકર ૩૦ ગુંઠા હતી, એટલે કે કુટુંબદીઠ સરેરાશ દસ એકર જમીન પણ ન હતી. તે જ રીતે વિસ્તારવાર જોઈએ તો રાપર તાલુકાના માનગઢ ગામનાં ૨૦ કુટુંબો પાસે ૯૭ એકર જમીન હતી જે કુટુંબદીઠ ૫ એકર જેટલી પણ નથી, જયારે ભચાઉ તાલુકાના રાજણસર ગામના ૨૫ કુટુંબોમાંથી ૧૬ કુટુંબો જમીનવાળા હતા. તેમની પાસે જમીનનું પ્રમાણ સારું હતું. એટલે કે ૨૪૨.૩૦ એ.ગું. જેટલી જમીન હતી. આ જમીનનું કુટુંબદીઠ સરેરાશ પ્રમાણ ૧૫.૧૪ એકર જેટલું હતું. આ જમીનો બાપદાદાના નામ પર હતી. વળી ભાઈ ભાઈ વચ્ચે ભાગ પડેલા હતા પણ મોટાભાઈ કે બાપના નામે જમીનો ચાલતી હતી. જેથી જમીનનું પ્રમાણ વધારે જોવામાં આવે છે જે કુટુંબદીઠ પંદર એકર જેટલી થવા જાય છે, પણ આ જમીનો જોઈએ તો આપણને ખ્યાલ આવે છે કે આ જમીનો રેતાળ, ખારા પટવાળી હોવાથી તેમાંથી ઉત્પાદન ઘણું નહીંવત્ મળે છે. એટલે કે જમીન વધારે હોય પણ ઉત્પાદન ન થાય તો તે જમીનો શા કામની ? આમ પ્રમાણ વધારે છતાં કુટુંબ પુરતું ઉત્પાદન મેળવી શકતા નથી. અંજાર સીટીના કોળીઓમાં એક કુટુંબ પાસે જમીન હતી જે પ્રમાણ ફક્ત ૫ એકર હતું, જયારે નખત્રણા તાલુકાના કોટડા જ ગામના એક કોળી પાસે ૬ એકર જમીન હતી. બાકીનાં કુટુંબો જમીન વગરના હતા. જેમનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી તથા અન્ય મજૂરી હતો. આમ જમીનનું પ્રમાણ વધારે હોવા છતાં જે જમીનો પુરતું ઉત્પાદન આપતી નથી કારણ કે રેતાળ, પથરવાળી કયાંક ખારાશ પટવાળી અને પાણીના અભાવવાળી આ જમીનોમાં ઉત્પાદન ઘણું ઓછું આવે છે. વળી કોળીઓ પાસે જે સાધનો છે તે પણ જુનાં પુરાણાં, અપૂરતાં, પાણીની સગવડ થઈ શકે તેવી જગ્યાએ પણ તેઓ જાતે સાધન ઉભું કરી શકતા નથી, કારણ કે તેમની આર્થિક સ્થિતિ જ એટલી નબળી હોય છે કે તેઓ કોઈપણ આવકનું સાધન ઉભું કરવા અશક્તિમાન છે. જે આવકના સાધનો વારસાગત મળેલા હોય છે તેમાં પણ દિવસે દિવસે કાપ આવે છે. દા.ત. કુવો હોય તેને ઊંડો કરવો હોય કે તેના ઉપર એન્જીન કે મોટર લાવવી હોય તેના પાણીનું ચેકીંગ કરાવવાનું હોય તો કોળી કુટુંબો આ કરી શકતા નથી. જે હોય અથવા તેના ઉપર આધાર રાખી ચલાવે છે. કારણ કે યોગ્ય માર્ગદર્શન અને પૈસાના અભાવને કારણે કોઈપણ નવી ટેકનોલોજી કે તે વિસ્તારને અનુકૂળ પાક ફેરબદલી, ખાતર કે અન્ય ટેકનોલોજીનો ઉપયોગ કોળીઓ કરી શકતા નથી.

કોઠા નં. ૧૪

પશુધન દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ગાય | ભેંસ | બકરી ઘેટાં | બળદ | વાછરડા | વાછરડી | પાડી-પાડા | મરઘાં | અન્ય ઊંટ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૯ | ૩૩ | ૭ | ૪૨ | ૧૩ | ૪ | ૨૧ | - | ૨ | ૧૪૧ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૭ | ૩૩ | ૬૧ | ૩૨ | ૩ | ૪ | ૧૪ | - | - | ૧૫૪ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | ૨ | ૭ | - | - | ૧ | ૧ | - | - | ૧૨ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨ | - | ૩૨ | - | - | ૧ | - | - | ૧ | ૩૬ |
| | કુલ | | ૧૦૦ | ૨૯ | ૬૮ | ૧૦૭ | ૭૪ | ૧૬ | ૧૦ | ૩૬ | - | ૩ | ૩૪૩ |
| | ટકા | | | ૮.૪૫ | ૧૯.૮૩ | ૩૧.૧૯ | ૨૧.૫૮ | ૪.૬૭ | ૨.૦૨ | ૧૦.૪૯ | | ૦.૮૭ | ૧૦૦.૦ |

ગ્રામ્ય જીવન ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલું હોય છે. ખેતી હોય કે ન હોય પણ પશુપાલન કરતાં કુટુંબો પણ ગામડાઓમાં જોવા મળે છે. કચ્છનું પશુધન ઘણું સારું ગણાય છે. કચ્છના બન્ની વિસ્તારનાં ઘાસના મેદાનોમાં પશુઓનો મેળો જામેલો રહે છે. અહીં સારી ઓલાદની ગાય, ભેંસ જોવા મળે છે. માલધારીઓ અને કચ્છની અન્ય જાતિઓ પાસે પશુધનનું પ્રમાણ સારું હોય છે. કેટલાંક કુટુંબો પશુપાલનનો વ્યવસાય કરતા હોય છે. તપાસમાં આવરી લીધેલ કોળી કુટુંબો પાસે પશુધન કેવા પ્રકારનું કેટલા પ્રમાણમાં હતું તે દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તપાસમાં લીધેલ ૧૦૦ કુટુંબો પાસે ૨૯ ગાયો, ૬૮ ભેંસ, ૧૦૭ ઘેટાં, ૭૪ બળદ, ૧૬ વાછરડા, ૧૦ વાછરડી, ૩૬ પાડા-પાડી, ૩ ઊંટ જોવા મળ્યા હતા. પશુપાલનનું આ પ્રમાણ જોતાં આજીવિકાની દૃષ્ટિએ તે ઘણું ઓછું કહી શકાય કારણ કે આ વિસ્તારમાં ઘી, દૂધનો વ્યવસાય ખૂબ સારા પ્રમાણમાં કરવામાં આવે છે. કોળીઓ દૂધ વેચતા નથી તેના કારણે પણ પશુઓ ઓછા પાળતા હશે પણ તેવું નથી. પશુઓ દ્વારા ખેતી ઉપરાંત, ઘી, દૂધ ઘરવપરાશમાં લઈ શકાય. પશુને વેચી આવક મેળવી શકાય. પણ તપાસમાં આવરી લીધેલ કુટુંબોમાં ફક્ત ૩૮ ટકા કોળીઓ પાસે ખેતીની જમીન હતી. ખેતીની જમીનવાળા ખેડૂતો જ પશુઓ વધારે રાખે છે. કારણ કે તેને સાચવવા માટે ઘાસચારાની જરૂરિયાત રહ્યા કરે છે. અન્ય ખેતી વગરનાં કુટુંબો બકરાં, ઘેટાં કે એકાદ ગાય રાખી શકે. એ સિવાય વધારે પશુઓ રાખતા નથી. જેના કારણે પશુઓનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય.

અગાઉ જોયું તેમ રાપર, ભચાઉ વિસ્તારના કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી આ બે તાલુકાના કોળીઓ પાસે પશુઓનું પ્રમાણ સારું જોવામાં આવે છે. જયારે અંજાર અને નખત્રાણાના બે ગામોમાં પશુઓનું પ્રમાણ નહીંવત્ છે. તેથી કહી શકાય એટલે કે ખેતી કરતા અને ગામડામાં વસવાટ કરતા કુટુંબો પાસે જ પ્રમાણ સારું છે. માનગઢના ૨૫ કુટુંબોમાં ૧૯ ગાયો, ૩૩ ભેંસ, ૭ બકરી, ૪૨ બળદ અને ૧૩ વાછરડી, ૪ વાછરડા, ૨૧ પાડા, બે ઊંટ વગેરે જોવા મળે છે. જેનું પ્રમાણ કુટુંબદીઠ એકાદ બે કહી શકાય. ખેતી કરતા હોવાને કારણે દરેક ખેડૂત પાસે બળદ છે તે જોઈ શકાય છે. એ જ રીતે ભચાઉના રાજણસર ગામના કોળી કુટુંબો પાસે પણ પશુઓનું પ્રમાણ સારું છે. ૭ ગાય, ૩૩ ભેંસ, ૬૧ બકરી, ૩૨ બળદ જોવા મળ્યા હતા. એટલે કે દરેક કુટુંબ પાસે પશુઓ જોવા મળે છે. પણ આ કોળીઓની મોટી ખાસીયત એ છે કે તેઓ કયાંય દૂધ વેચતા નથી. વાછરડાને ખસી કરતા નથી એટલે કે ખેતી કરવા માટે બળદ અનિવાર્ય હોવા છતાં તેઓ પોતાની ગાયના વાછરડાને ખસી કરાવતા નથી. પણ વેચાતો બળદ લાવે છે જેથી વધારે ખર્ચ

કરવો પડે છે. ખસી કરવામાં પાપ માને છે. કેટલીકવાર માતાજીની બકરીઓ રાખે છે. આ બકરીને વેચી શકાતી નથી. તેના દૂધને પણ વેચી શકાય નહિ તેના દૂધનો માત્ર ખાવામાં ઉપયોગ કરી શકાય. આવી ૫૦ બકરી એક કુટુંબ પાસે જોવામાં આવી હતી. આને માતાજીની બકરીઓ માનવામાં આવે છે. જયારે સીટી વિસ્તાર અને ખેતમજૂરી ઉપર આધારિત નખત્રાણા વિસ્તારના કોળીઓ પાસે પશુઓનું પ્રમાણ નહીંવત્ છે.

કોઠા નં.૧૫

વૃક્ષો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | લીંમડા | સમડા | ખજૂરી | બાવળ | નીલગીરી | આંબલી ગુલમોર અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | - | - | - | ૧૪ | - | - | ૧૪ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૫૫ | ૧૮ | - | - | - | - | ૭૩ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૪ | - | - | ૨ | ૩ | ૪ | ૧૩ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૬ | - | - | ૧ | - | ૭ | ૧૪ |
| | કુલ | | ૧૦૦ | ૬૫ | ૧૮ | - | ૧૭ | ૩ | ૧૧ | ૧૧૪ |
| | ટકા | | | ૫૭.૦૧ | ૧૫.૭૯ | | ૧૪.૯૧૨ | .૬૪ | ૯.૬૫ | ૧૦૦.૦ |

વૃની સંખ્યા દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે વૃક્ષો બાબતે કચ્છ ખરેખર દરિદ્ર છે. આમ પણ કચ્છની રેતાળ જમીનમાં મોટાં વૃક્ષો જોવા મળતા નથી કારણકે તે જમીનમાં વૃક્ષો પાંગરી શકતાં નથી. પણ રણ વિસ્તારમાં ખારાશ પટવાળી જમીનોમાં થતા ગાંડા બાવળ, લીંમડા, સમડા, પીલુડી, બોરડી જોવા મળે છે. તપાસમાં લીધેલ કુટુંબો પાસે કોઈ ઉત્પાદન આપે કે આર્થિક મદદ થાય તેવા વૃક્ષો જોવામાં આવ્યા નથી. પણ ખૂબ નાનાં અને ઘણી ઓછી સંખ્યામાં વૃક્ષો જોવામાં આવે છે. જો કે ગાંડા બાવળનું પ્રમાણ દરેક ગામમાં રસ્તામાં જોવામાં આવે છે તે તેમના ઘરની આજુબાજુ, વાડાની આજુબાજુ, રસ્તાની બન્ને બાજુએ, કોતર કે પથ્થરવાળી જમીનોમાં આવા બાવળનાં ઝુંડ ઝુંડ જોવામાં આવે છે. પણ પોતાની માલીકીની અને ઈમારતી લાકડું આપે તેવા વૃક્ષો કચ્છમાં ખૂબ ઓછાં જોવા મળે છે. તપાસમાં લીધેલ ચાર તાલુકાના ચાર ગામોમાંના કોળીઓ પાસે જોઈએ તો ભચાઉ તાલુકાના રાજણસર ગામના કોળીઓ પાસે ૫૫ લીમડા અને ૧૮ સમડા જોવા મળ્યા હતા. આ સિવાય ઝાડનું પ્રમાણ નહીંવત્ જોવામાં આવ્યું હતું. કયાંક કયાંક બાવળ જોવામાં આવ્યા હતા. જેની ગણના ત્યાંના લોકો ઝાડમાં પણ કરતા નથી. અંજારના કુટુંબો પાસે ૪ લીંમડા ઘરની આગળ ઉગાડેલા હતા. નખત્રાણામાં પણ પોતાના ભૂંગા આગળ છાંયડો થાય તે હેતુથી નાના લીમડા ઉછેરવામાં આવ્યા હતા. આમ વૃક્ષોનું પ્રમાણ ઘણું જ નહીંવત્ કહી શકાય.

કોઠા નં. ૧૬

ચોખ્ખી આવક દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ખેતીની આવક | પશુપાલનની આવક | જંગલ પેદાશ મજુરી | ખેત મજૂરી | છૂટક મજૂરી | લારીગલ્લા ઊંટલારી વગેરે | નોકરી | અન્ય ધંધાની આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૬૩૬૦૦<br>૪૯.૦૦ | ૨૪૭૦૦<br>૧૯.૦૨ | - | ૭૮૦૦<br>૬.૦૦ | ૨૮૧૦૦<br>૨૧.૬૬ | - | - | ૫૬૦૦<br>૪.૩૨ | ૧૨૯૮૦૦<br>૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૮૬૩૦૦<br>૫૫.૦૦ | ૧૫૮૦૦<br>૧૦.૦૮ | ૩૦૦૦<br>૧.૯૨ | ૧૦૦૫૦<br>૬.૪૧ | ૪૧૫૦૦<br>૨૬.૫૦ | - | - | - | ૧૫૬૬૫૦<br>૧૦૦.૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૩૫૦૦<br>૩.૧૭ | -<br>- | -<br>- | -<br>- | ૮૦૧૦૦<br>૭૨.૭૭ | ૧૦૪૦૦<br>૯.૪૫ | ૭૨૦૦<br>૬.૫૫ | ૮૮૮૦<br>૮.૦૬ | ૧૧૦૦૮૦<br>૧૦૦.૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૪૫૦૦<br>૪.૪૪ | ૩૦૦૦<br>૨.૯૬ | ૧૩૩૦૦<br>૧૩.૧૦ | ૩૯૩૫૦૦<br>૩૮.૭૯ | ૨૦૮૦૦<br>૨૦.૫૧ | ૬૫૦૦<br>૬.૫૦ | ૪૮૦૦<br>૪.૭૪ | ૯૨૦૦<br>૯.૦૦ | ૧૦૧૪૫૦<br>૧૦૦.૦ |
| | કુલ<br>ટકા | | ૧૦૦ | ૧૫૭૯૦૦<br>૩૨.૦૬ | ૪૩૫૦૦<br>૮.૮૪ | ૧૬૩૦૦<br>૩.૩૧ | ૫૭૨૦૦<br>૧૧.૬૨ | ૧૭૦૫૦૦<br>૩૪.૬૩ | ૧૬૯૦૦<br>૩.૪૩ | ૧૨૦૦૦<br>૨.૪૩ | ૧૮૦૮૦<br>૩.૬૮ | ૪૯૨૩૮૦<br>૧૦૦.૦ |

**આવક :**

તપાસમાં લીધેલ કુટુંબો જે સાધનોમાંથી આવકો મેળવે છે તે બાબતે તપાસ સમયે આ પ્રમાણે સ્થિતિ જોવા મળી હતી. ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે કોળીઓ જુદા જુદા વ્યવસાયો દ્વારા આવક પ્રાપ્ત કરે છે. જેમાં વધુમાં વધુ આવક છૂટક મજૂરીમાંથી પ્રાપ્ત કરે છે જેનું પ્રમાણ કુલ આવકના ૩૪.૬૩ ટકા છે, એટલે કે કોઈ એક એવા વ્યવસ્થિત ધંધાઓ નથી જેમાંથી વધારે અથવા આજીવિકા માટેની પર્યાપ્ત આવકો કોળીઓ મેળવી શકતા હોય ત્યાર પછી ખેતીની આવક આવે. કુલ આવકના ૩૨.૦૬ ટકા ખેતીની આવક છે. આ ખેતીની આવકના આંકડા ૧૯૮૪-૮૫ના વર્ષના ગણવામાં આવ્યા છે. ૧૯૮૫-૮૬ના વર્ષમાં વરસાદ નહીં થવાથી લગભગ વર્ષ નિષ્ફળ ગયું છે જેથી આગળના વર્ષના પાકના આંકડાઓ ઉપરથી આ આંકડા લેવામાં આવેલ છે. આથી ખેતીની આવકો પણ ઘણી ઓછી કહી શકાય કારણ કે ખેતીની જમીન રેતાળ, ખારાશવાળી અને બિનપિયત છે. વળી કોળીઓ પાસે સાધનોનો અભાવ, પરંપરાગત ખેતી, બિયારણ કે રાસાયણિક ખાતરનો ઉપયોગ નહીંવત્ કરતા હોવાથી પણ ઉત્પાદન ઓછું આવે છે. પશુપાલનમાંથી ૮.૮૪ ટકા આવકો મેળવે છે. પશુપાલનમાં ગાય, ભેંસ, બળદ અને બકરાં પાળે છે. ઘી, દૂધનો વેપાર નહીં કરતા હોવા છતાં ક્યારેક ઘી વેચે છે. વળી પશુઓ દ્વારા ઘર વપરાશ માટેનું ઘી, દૂધ પણ પુરતા પ્રમાણમાં મળી રહે છે. ક્યારેક પશુને વેચીને પણ આવક મેળવે છે. ખેતમજૂરીમાંથી ૧૧.૬૨ ટકા આવક મેળવે છે. રાપર, ભચાઉના કોળીઓ ઓચ્છવાળ જૈનના ખેતરોમાં ખેતમજૂરી કરવા માટે જાય છે. ખેતીની જમીન ન ધરાવતા કોળીઓ ખેતમજૂરી ઉપરાંત અન્ય મજૂરી કરે છે. કચ્છી કોળીઓ પાસે જમીન નહીં હોવાથી ગામના અન્ય ખેડૂત પટેલ, મુસ્લિમના ખેતરોમાં ખેતમજૂરી કરે છે. જેમાંથી ૧૧.૬૨ ટકા આવક મેળવે છે. આ સિવાય લારી, ગલ્લા, ઊંટગાડીમાંથી ૩.૪૩ ટકા, નોકરીમાંથી ૨.૪૩ ટકા, જંગલ ગૌણ પેદાશમાંથી ૩.૩૧ ટકા અને અન્ય ધંધામાંથી ૩.૬૮ ટકા આવક મેળવે છે. એટલે કે ઘણા પ્રકારના ધંધા કરે છે તો પણ પૂરતું પોષણ મેળવી શકતા નથી. શિક્ષણ નહીં હોવાને કારણે કોળી કુટુંબોમાંથી ઘણા ઓછા નોકરી કરે છે. નોકરીની આવક જોઈએ તો ૨.૪૩ ટકા છે. નોકરીઓમાં ટ્રકમાં ડ્રાઈવર, સહકારી મંડળીમાં તોલાટ કે ક્વોરીમાં કારીગર આવી નોકરીઓ સિવાય કોળીઓ વધારે સારી નોકરીઓ કરતા જોવા મળ્યા નથી. કારણ કે તેમનામાં શિક્ષણનું પ્રમાણ નહીંવત્ છે. જુદા જુદા ઘણા વ્યવસાયો કરવા છતાં તેઓ જે આવક પ્રાપ્ત કરે છે તેનું પ્રમાણ ઘણું જ ઓછું છે. તેમનો મુખ્ય વ્યવસાય છૂટક મજૂરી અને ખેતી કહી શકાય. છૂટક મજૂરીમાં મીઠાના અગર, કડીયાકામ, રોડકામ, ગુણ ઉંચકવાની વગેરે મજૂરીનો સમાવેશ

કરવામાં આવ્યો છે, જ્યારે ધંધાની આવકમાં બારદાન સિવાયનો કરિયાણાની દુકાન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ જુદા જુદા અનેક વ્યવસાય કરતા હોવા છતાં કોળીઓ ભરણપોષણ પૂરતું મેળવી શકતા નથી. ઉપરોક્ત આવકને કુટુંબદીઠ વાર્ષિક અને માથાદીઠ વાર્ષિક તેમજ માથાદીઠ માસિક આવકની ગણતરી કરીએ જેથી તેમના જીવન ધોરણનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

તપાસમાં લીધેલ સો કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક ૪૯૨૪ રૂા. થાય છે. જયારે કુટુંબદીઠ માસિક આવક ૪૧૦ રૂા. થાય છે. જયારે વાર્ષિક માથાદીઠ વ્યક્તિગત આવક ૮૨૫ રૂા. અને માસિક માથાદીઠ વ્યક્તિગત આવક ૬૯ રૂા. થાય છે. આવકનું આ પ્રમાણ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તપાસમાં લીધેલ કુટુંબો ગરીબી રેખા નીચે જીવન જીવી રહ્યા છે.

તપાસમાં લીધેલ ચાર તાલુકાઓમાંથી અંજાર સીટી અને નખત્રાણા તાલુકાના કોટડાજ ગામના કોળીઓની આવકો ઘણી જ ઓછી હતી. કારણ કે તેમનું જીવન ધોરણ છૂટક મજૂરી અને ખેતીને મજૂરી ઉપર આધારિત છે. ખેતીની અને પશુપાલનની આવક નહીં હોવાના કારણે તેમની એકંદર આવક ઘણી ઓછી છે. આ વિસ્તારના કોળીઓ સંપૂર્ણ ગરીબી રેખા નીચે જીવન જીવતા માલુમ પડ્યા હતા. જેમની કુટુંબદીઠ વાર્ષિક આવક ચાર હજારથી વધારે જોવા મળી ન હતી. સમગ્ર વિસ્તારના કોળી કુટુંબોનું જીવનધોરણ જોઈએ તો ગરીબી રેખા નીચે તેઓ જીવન જીવે છે. તેમાં પણ વધારે વાર્ષિક સંઘર્ષમય જીવતા આ બે તાલુકા અંજાર સીટી અને નખત્રાણા તાલુકાના કોળીઓની જોવા મળી હતી.



કોઠા નં.૧૭

ઘર વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ખાદ્યા ખોરાકી | બળતણ | કપડાં પગરખાં | સામાજીક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ મનોરંજન | દારૂ બીડી | દેવાનું વ્યાજ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૭૯૨૫૦<br>૬૧.૨૩ | ૩૬૫૫<br>૨.૮૩ | ૨૯૪૦૦<br>૨૨.૭૨ | ૩૩૭૦<br>૨.૬૧ | ૪૭૦૦<br>૩.૬૩ | ૧૬૨૦<br>૧.૨૫ | ૨૦૦<br>૦.૧૫ | ૬૯૨૦<br>૫.૩૫ | - | ૩૦૦<br>૦.૨૩ | ૧૨૯૪૧૫<br>૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૮૭૫૦૦<br>૬૪.૦૩ | ૩૯૫૦<br>૨.૯૦ | ૨૩૧૦૦<br>૧૬.૯૦ | ૬૫૦૦<br>૪.૭૬ | ૪૨૫૦<br>૩.૧૧ | ૧૦૦<br>૦.૦૭ | - | ૧૧૨૫૦<br>૮.૨૩ | - | અ | ૧૩૬૬૫૦<br>૧૦૦.૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૬૯૨૨૦<br>૬૭.૮૯ | ૩૬૦૦<br>૩.૫૪ | ૧૨૪૦૦<br>૧૨.૧૬ | ૩૦૫૦<br>૩.૨૮ | ૩૦૦૦<br>૨.૯૫ | ૨૫૦<br>૦.૨૪ | ૨૪૮૦<br>૨.૪૩ | ૭૪૭૦<br>૭.૩૨ | - | ૨૦૦<br>૦.૧૯ | ૧૦૧૯૭૦<br>૧૦૦.૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૬૪૭૦૦<br>૬૯.૨૪ | ૨૮૦૦<br>૩.૦૦ | ૯૫૫૦<br>૧૦.૨૨ | ૩૮૫૦<br>૪.૧૨ | ૩૦૫૦<br>૩.૨૬ | -<br>- | ૫૫૦<br>૦.૫૯ | ૮૦૪૦<br>૮.૬૧ | ૫૦૦<br>૦.૫૪ | ૪૦૦<br>૪.૪૨ | ૯૩૪૪૦<br>૧૦૦.૦ |
| | કુલ<br>ટકા | | ૧૦૦ | ૩૦૦૬૭૦<br>૬૫.૧૫ | ૧૪૦૦૫<br>૩.૦૩ | ૭૪૪૫૦<br>૧૬.૧૩ | ૧૭૦૭૦<br>૩.૭૧ | ૧૫૦૦૦<br>૩.૨૫ | ૧૯૭૦<br>૦.૪૩ | ૩૨૩૦<br>૦.૭૧ | ૩૩૬૮૦<br>૭.૩૦ | ૫૦૦<br>૦.૧૦ | ૯૦૦<br>૦.૧૯ | ૪૬૧૪૭૫<br>૧૦૦.૦ |

કોઠા નં. ૧૮

દેવું દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | દેવાદાર કુટુંબો | દેવાનું સ્રોત | | | | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | શાહુકાર વેપારી | સરકાર | બેંક | સગા-વહાલા | |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૫ | ૨૨૦૦<br>૨૩.૪૧ | ૭૦૦૦<br>૭૪.૪૭ | - | ૨૦૦<br>૨.૧૨ | ૯૪૦૦<br>૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૫ | ૨૦૫૦૦<br>૯૧.૧૧ | ૨૦૦૦<br>૮.૮૯ | -<br>- | -<br>- | ૨૨૫૦૦<br>૧૦૦.૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨ | ૧૫૦<br>૩૩.૩૩ | -<br>- | - | ૩૦૦<br>૬૬.૬૭ | ૪૫૦<br>૧૦૦.૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૬ | ૪૨૫<br>૨.૨૯ | ૧૧૦૦૦<br>૫૯.૩૮ | ૭૦૦૦<br>૩૭.૭૯ | ૧૦૦<br>૦.૫૪ | ૧૮૫૨૫<br>૧૦૦.૦ |
| | કુલ<br>ટકા | | ૧૦૦ | ૧૮ | ૨૩૨૭૫<br>૪૫.૭૫ | ૨૦૦૦૦<br>૩૯.૩૨ | ૭૦૦૦<br>૧૩.૭૬ | ૬૦૦<br>૧.૧૭ | ૫૦૮૭૫<br>૧૦૦.૦ |

ઉપરોક્ત ઘર વપરાશી ખર્ચ જોતાં પણ ખ્યાલ આવે છે કે તપાસેલ કુટુંબોનો ઘણો મોટો ભાગ ખાધાખોરાકી પાછળ એટલે કે કુલ ખર્ચના ૬૫.૧૫ ટકા ખર્ચ થાય છે. કપડાં અને પગરખાં પાછળ ૧૬.૧૩ ટકા વધારેમાં વધારે ખર્ચ જોવા મળે છે. એટલે કે જીવનનિર્વાહ માટે અનિવાર્ય એવી પ્રાથમિક જરૂરિયાત પાછળ કુલ ખર્ચનો મોટોભાગ ખર્ચાય છે, જયારે બાકીની જરૂરિયાતો પાછળ ઘણો ઓછો ખર્ચ થયેલો જોવા મળે છે. બળતણ પાછળ ૩.૦૩ ટકા, સામાજિક ૩.૭૧ ટકા, ધાર્મિક ૩.૨૫ ટકા, શૈક્ષણિક ૭.૪૩ ટકા, મોજશોખ મનોરંજન પાછળ ૦.૭૭ ટકા, દારૂ, બીડી માટે ૭.૩૦ ટકા, દેવાના વ્યાજ પાછળ ૦.૧૦ ટકા જયારે અન્ય ખર્ચ ૦.૧૯માં જોવામાં આવ્યો હતો, એટલે કે અનિવાર્ય એવી બાબતો પાછળ ખર્ચ કરવામાં આવેલો છે. ઘણા મોટા ભાગના ખર્ચ કુલ ખર્ચના ૩ થી ૪ ટકા વચ્ચે જ રહ્યો છે. એટલે કે આવકોની મર્યાદામાં રહી ખર્ચ કરતા હોય છે. પોતાની પાસે જે આવક છેતે આવક જેટલો જ ખર્ચ કરે છે. આવક ન હોય તો ખર્ચ કરતા નથી. વળી ઉધાર પૈસા પણ કોઈ આપતું નથી. એટલે દેવું કરી ખર્ચ કરે તેમ પણ શક્ય બનતું નથી, કારણ કે કોળીઓની આગળ જોયું તેમ મેલી મંથાવટીના કારણે તેમના ઉપર કોઈ વિશ્વાસ કરી નાણાં ધીરતા હોય તેમ બનતું નથી. તેમની આવક અને આર્થિક સ્થિતિ જોતાં પણ તેમને નાણા ધીરવાનું સાહસ કોઈ ભાગ્યે જ કરી શકે. કોઈ નાણા ધીરે તો ઘણું મોટું શોષણ થાય છે.

ઉપરોક્ત દેવું દર્શાવતો કોઠો જોઈએ તો દરેક ગામના કોળીઓ જરૂર પડે ત્યારે શાહુકાર વેપાર પાસેથી વ્યાજે પૈસા મેળવે છે જે કુલ દેવાના ૪૫.૭૫ ટકા થાય છે. એટલે કે કુલ દેવાના વધારેમાં વધારે દેવું શાહુકાર વેપારીનું છે. ત્યાર પછી સરકારી દેવું આવે છે. સરકારી લોન- સબસીડી દ્વારા જે સહાયો મેળવી છે તેને સરકારી દેવું ગણવામાં આવ્યું છે. રાપર, બચાઉ અને નખત્રાણા, ત્રણે તાલુકાના પસંદ થયેલ ગામોમાં કોળીઓને આખા ગામમાં એકાદ બે ઊંટગાડીની લોન મળેલી હોવાના કારણે બેન્કનું આ દેવું જોઈ શકાય છે. તેનું પ્રમાણ જોઈએ તો ૩૯.૩૨ ટકા જેટલું થાય છે. બેંકનું દેવું ધીરાણ તરીકે મેળવ્યું છે. બાકી હપ્તા જે બેંકમાં ભરવાના છે તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બેંકે કોઈ જામીનગીરી વગર ધીરાણ કર્યું હોય તેવું નથી એટલે ફક્ત કોટડા જડોદર ગામના એક ખેડૂતે આ રીતે બેંક ધીરાણ મેળવેલ છે. તેનું પ્રમાણ ૧૩.૭૬ ટકા થાય છે. સગાંવહાલાંઓનું દેવું નહીંવત છે, કારણ કે દરેક સગાંવહાલાંની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ અન્યને મદદ કરી શકતા નથી. આ દેવાનું પ્રમાણ ૧.૧૭ ટકા જેટલું જોવામાં આવ્યું હતું, જોકે સગાંવહાલાં પાસેથી હાથ ઉછીના તરીકે મદદ મેળવવામાં આવતી હોય છે તેનું પ્રમાણ ઘણું ઓછું હોય છે.

કોઠા નં. ૧૯

દેવું કરવાનો હેતુ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | દેવાદાર કુટુંબ | દેવાનો હેતુ | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ખોરાકી કપડાં | ઊંટગાઢી ખરીદવા | બીમારી | ખેતી માટે | કૂવા માટે | રોકડ | વસ્તુ કિંમત | |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૫ | ૨૨૦૦<br>૨૩.૪૧ | ૭૦૦૦<br>૭૪.૪૭ | ૨૦૦<br>૨.૧૨ | - | - | ૭૨૦૦<br>૭૬.૬૦ | ૨૨૦૦<br>૨૩.૪૦ | ૯૪૦૦<br>૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૫ | - | - | - | ૨૦૫૦૦<br>૯૧.૧૧ | ૨૦૦૦<br>૮.૮૯ | ૨૨૫૦૦<br>૧૦૦.૦ | - | ૨૨૫૦૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨ | ૪૫૦ | - | - | - | - | ૪૫૦ | - | ૪૫૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૬ | ૫૨૫<br>૨.૮૪ | ૧૮૦૦૦<br>૯૭.૧૬ | - | - | - | ૧૮૦૦૦<br>૯૭.૧૬ | ૫૨૫<br>૨.૮૪ | ૧૮૫૨૫<br>૧૦૦.૦ |
| | કુલ<br>ટકા | | ૧૦૦ | ૧૮ | ૩૧૭૫<br>૬.૨૪ | ૨૫૦૦૦<br>૪૯.૧૪ | ૨૦૦<br>૦.૩૯ | ૨૦૫૦૦<br>૪૦.૨૯ | ૨૦૦૦<br>૩.૯૪ | ૪૮૧૫૦<br>૯૪.૬૫ | ૨૭૨૫<br>૫.૩૫ | ૫૦૮૭૫<br>૧૦૦.૦ |

દેવું કોની પાસેથી કર્યું તે કોઠો જોયો. હવે દેવું કયા હેતુ માટે કરવામાં આવ્યું તે જોઈએ તો ધંધાકીય હેતુ માટે કરવામાં આવેલ દેવાનું પ્રમાણ સૌથી વધુ છે એટલે કે ઊંટગાડી ખરીદવા માટે કુલ દેવાના ૪૯.૧૪ ટકા, ખેતી માટે ૪૦.૨૯ ટકા, કુવા માટે ૩.૯૪ ટકા અને ખોરાકી માટે ૬.૨૪ ટકા દેવું કરવામાં આવ્યું હતું. એટલે કે કોળીઓએ જે દેવું કર્યું છે તે ધંધાના વિકાસ માટે કે કંઈ નવો ધંધો કરવા માટે કર્યું હોય તેમ લાગે છે. જોકે સરકારી લાભ મળવાને કારણે ઊંટગાડી ખરીદવાના પ્રલોભને દેવું થયે હોય તેમ લાગે છે. આમ છતાં ભચાઉ તાલુકાના રાજણસર ગામના કોળીઓએ જે દેવું કર્યું છે તે શાહુકાર વેપારી પાસે કર્યું છે. આ તેનો હેતુ જોઈએ તો ખેતી વિકાસ માટે અને કૂવા માટે મેળવ્યું છે. ઘણી મોટી રકમ હોવાને કારણે આ દેવું વ્યાજના વ્યાજમાં ભરપાઈ થઈ શકશે કે કેમ તે પણ શંકા થયા સિવાય રહી શકતી નથી. આ બધું દેવું રોકડમાં કરેલ છે કે વસ્તુ કિંમતમાં તે જોઈએ તો મોટાભાગનું દેવું એટલે કે કુલ દેવાના ૯૪.૬૫ ટકા દેવું તો રોકડમાં જ થયેલું છે. જયારે ૫.૩૫ ટકા દેવું જ વસ્તુનું કિંમત સ્વરૂપે થયેલું છે એટલે કે જીવન જરૂરિ ચીજવસ્તુઓ શાહુકાર વેપારી પાસેથી ખરીદી લાવ્યા હોય તેનું પ્રમાણ નહીંવત જોવામાં આવ્યું હતું. બધા જ કોળીઓને ધીરાણ મળે છે કે જયારે જોઈએ ત્યારે ચીજવસ્તુ મળે છે તેવું નથી. કેટલાક જમીનવાળા, આર્થિક સ્થિતિ સારી હોય તેમને જ શાહુકાર વેપારીઓ ધીરાણ કરતા હોય છે.

કોઠા નં. ૨૦

અસ્કયામત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | જમીન કિંમત | મકાનની કિંમત | વૃક્ષોની કિંમત | પશુધનની કિંમત | ખેતીનાં સાધનો કિંમત | ઘર વખરી સાધનો (વાસણો) | ઘર વખરીનાં સાધનો | ઘરેણાં તથા અન્ય અસ્કયામત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૯૫૦૦૦ | ૬૮૦૦૦ | ૫૫૦ | ૧૬૫૧૫૦ | ૨૪૨૮૫ | ૮૯૨૫ | ૧૦૩૨૦ | ૫૪૬૧૫ | ૪૨૬૮૪૫ |
| | | | | ૨૨.૨૫ | ૧૫.૯૩ | ૦.૧૨ | ૩૮.૭૦ | ૫.૬૯ | ૨.૦૯ | ૨.૪૧ | ૧૨.૮૧ | ૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૧૭૦૦૦ | ૨૪૩૦૦ | ૪૩૦૦ | ૧૩૧૨૦૦ | ૨૮૨૦૦ | ૮૧૯૨ | ૭૯૬૫ | ૨૫૮૦૦ | ૩૪૬૯૫૭ |
| | | | | ૩૩.૭૩ | ૭.૦૦ | ૧.૨૩ | ૩૭.૮૨ | ૮.૧૨ | ૨.૩૭ | ૨.૨૯ | ૭.૪૪ | ૧૦૦.૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૫૦૦૦ | ૨૪૩૫૦ | ૪૨૦ | ૬૯૫૦ | ૧૬૧૯ | ૪૦૬૧ | ૪૨૧૨ | ૬૯૮૦ | ૫૩૫૯૨ |
| | | | | ૯.૩૨ | ૪૫.૪૪ | ૦.૭૯ | ૧૨.૯૭ | ૩.૦૨ | ૭.૫૮ | ૭.૮૬ | ૧૩.૦૨ | ૧૦૦.૦ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૮૦૦૦ | ૭૩૫૦ | ૪૧૦ | ૮૧૫૦ | ૪૬૪૦ | ૩૪૦૪ | ૫૯૩૭ | ૬૨૬૫ | ૪૪૧૫૬ |
| | | | | ૧૮.૧૧ | ૧૬.૬૫ | ૦.૯૩ | ૧૮.૪૬ | ૧૦.૫૧ | ૭.૭૧ | ૧૩.૪૫ | ૧૪.૧૮ | ૧૦૦.૦ |
| | કુલ | | ૧૦૦ | ૨૨૫૦૦૦ | ૧૨૪૦૦૦ | ૫૬૮૦ | ૩૧૧૪૫૦ | ૫૮૭૪૪ | ૨૪૫૮૨ | ૨૮૪૩૪ | ૯૩૬૬૦ | ૮૭૧૫૫૦ |
| | ટકા | | | ૨૫.૮૨ | ૧૪.૨૨ | ૦.૬૫ | ૩૫.૭૪ | ૬.૭૫ | ૨.૮૨ | ૩.૨૬ | ૧૦.૭૪ | ૧૦૦.૦ |

ઉપરોક્ત અસ્કયામત દર્શાવતો કોઠો જોઈએ તો તપાસેલ કુટુંબોની કુલ અસ્કયામતોમાં ૨૫.૮૨ ટકા અસ્કયામત જમીનની કિંમત હતી એટલે કે કુલ અસ્કયામતોમાં જમીનની કિંમત વધારે હતી. જમીનનું પ્રમાણ વધારે હોવા છતાં તેની ઉત્પાદકતા ઓછી હોવાને કારણે કુલ અસ્કયામત કિંમતમાં વધારો જોઈ શકાય છે. રાપર ભચાઉ તાલુકાના બે ગામોમાં કુલ અસ્કયામતોમાં અનુક્રમ ૨૨.૨૫ અને ૩૩.૭૩ ટકા અસ્કયામત જમીનની કિંમત હતી, જયારે તે જ રીતે તે બે તાલુકાના ઘરોની અસ્કયામત પણ અનુક્રમે ૧૫.૯૩ ટકા અને ૭.૦૦ ટકા હતી. તે જ રીતે કોળીઓની બીજી મૂડી તેમનું પશુધન હતું એટલે કે કુલ અસ્કયામતોમાં ૩૫.૭૪ ટકા પશુધન કિંમત રાપર અને ભચાઉના બે ગામોમાં આ પ્રમાણ વધારે જોવામાં આવ્યું હતું. એટલે કે ખેતી અને પશુપાલન કરતા હતા તેમની અસ્કયામતની કિંમતો વધારે હતી.

નખત્રાણા અને અંજાર શહેરમાં વસતા કોળીઓની મુખ્ય અસ્કયામત તેમનાં ઘર હતા. અંજારમાં ૪૫.૪૪ ટકા અને કોટડા જ. ગામમાં ૧૬.૬૫ ટકા ઘરોની કિંમતની જોકે તેમનો ઘરો કાચા ભૂંગા હોવા છતાં આજની મોંઘવારી અને કટોકટી ભરેલી જીંદગીમાં સહેજે એક હજાર રૂપિયા જેટલી કિંમત થઈ જાય તેવાં ઘરો હતા, જોકે દેખાવે તેમના ઘરો ખૂબ  જર્જરિત અને ખૂબ ઓછી કિંમતનાં જોવા મળ્યાં હતાં. કચ્છમાં વૃક્ષોનું પ્રમાણ તો નહીંવત છે એટલે તે સંખ્યા ખૂબ ઓછા હતી. જે ૦.૬૫ ટકા ખેતીનાં નાનાં સાધનો પણ પરંપરાગત અને સ્થાનિક બજારમાં મળતા લાકડાનાં હોવાના કારણે ઘણી ઓછી કિંમતનાં અને પ્રમાણ ઘણું ઓછું આમ ટાંચા સાધનોથી ખેતી કરતા હોવાથી તેનું પ્રમાણ કુલ અસ્કયામતોમાં ૬.૭૫ ટકા રહે. ઘરવખરીમાં વાસણો કુલ અસ્કયામતમાં ૨.૮૨ ટકા, ઘરવખરી ફર્નિચરમાં ૩.૨૬ ટકા, ઘરેણા તથા અન્ય અસ્કયામત ૧૦.૭૪ ટકા જોવા મળી હતી. એટલે કે જમીન, ઘર અને પશુધન આ તેમની મુખ્ય અસ્કયામતો હતી. આ અસ્કયામતો કાઢી લેવામાં આવે તો કોળી પાસે કંઈ બચતું નથી. આજની મોંઘવારી પ્રમાણે કિંમત ઘણી મૂકી હોવાના કારણે આટલી અસ્કયામત જોવા મળે છે. વાસ્તવમાં તેમની સ્થિતિ આટલી અસ્કયામત ધરાવે છે તેવી પણ જોવા મળતી નથી. કુટુંબદીઠ અસ્કયામત ૮૭૧૫ રૂા.જેટલી થાય છે તે આજની કિંમતોને આધારે કહી શકાય. આમાંય કેટલાંક કુટુંબો તો બધાજ ગરીબ છે. જેમની પાસે જમીન અને પશુધન છે તેમની પાસે આટલી અસ્કયામત હોય છે. બાકીના મજૂરી પર આધારીત વર્ગની અસ્કયામતોમાં એક જર્જરિત ઝૂંપડું, બેચાર વાસણો, એકાદ ટૂટેલ ખાટલો, ફાટેલા ગોદડીના એકાદ બે ગાદલાં સિવાય ઘરમાં વધુ કંઈ જોવા મળે નહી તેવા સ્થિતિમાં પણ ઘણા કોળીઓ જોઈ શકાય છે.

## પ્રકરણ-૪

## સમાજ વ્યવસ્થા

## (સામાજિક સંગઠન, રીતરિવાજ, ધાર્મિક કહેવતો અને ખાસિયતો)

વસતિ અને વિસ્તારના પ્રકરણમાં જોયું તેમ કોળીઓના બે જૂથ જોવા મળે છે. વાગડ વિસ્તારના કોળી જેમાં રાપર, ભચાઉ, અંજાર, ભૂજ સુધીના કોળીઓમાં સમાવેશ કરવામાં આવે છે. જોકે કોળીઓ મૂળે એક જ છે. પણ વાગડ વિસ્તારના કોળીઓ કચ્છી કોળીઓ સાથે સામાજિક સંબંધો રાખતા નથી. અખિલ કચ્છી કોળી આદિવાસી જાગૃતિ મંડળના / પ્રમુખશ્રી સવાભાઈ લગધીરભાઈ ચૌહાણના જણાવ્યા પ્રમાણે તેઓ કચ્છી કોળીઓ સાથે સંબંધ રાખતા નથી તેનું કારણ એ છે કે તેઓ મુસ્લિમો સાથે ભળી ગયા છે. ચિરાઈથી આગળના ભાગમાં વસતા કોળીઓને કચ્છી કોળી ગણવામાં આવે છે. આમ અત્યારના સંજોગો પ્રમાણે કોળીઓમાં બે ભાગ જોવા મળે છે. વાગડ વિસ્તારના કોળીઓ પોતાને ઉંચા માને છે. તેઓ કચ્છી કોળીઓ સાથે કોઈપણ સામાજિક સંબંધો રાખતા નથી. વાગડ વિસ્તારના કોળીઓમાં ક્યારેક કોળીની નાત પણ ભેગી થાય છે. ખાસ કરીને કોઈ આર્થિક રીતે સમૃધ્ધ કુટુંબ હોય અને કોઈ પ્રસંગે નાત બોલાવે તો દરેક ગામના કોળીઓ આવે છે. કોળીઓ જુદી જુદી શાખ ઉપરથી ઓળખતા હોય છે. જન્મ સાથેજ તેમની શાખ જોડાય છે. લગ્ન બાદ સ્ત્રીની શાખ તેના પતિની શાખ પ્રમાણે બદલાય છે. સમાન શાખમાં લગ્ન વ્યવહાર થઈ શકતો નથી. કોળીઓમાં મુખ્યત્વે અખિયાણી, હુરાલી, પગી, મકવાણા મુખ્ય શાખો છે.

તપાસમાં લીધેલ કોળીઓની શાખ નીચે પ્રમાણે જોવા મળી હતી. જો કે કેટલાક કોળીઓ પોતે કોળીના નામથી જ ઓળખે છે. તેઓ સામાન્ય રીતે શાખ લખાવતા હોતા નથી. જોકે અંદરના વહેવારોમાં શાખ (ગોત્ર)નો ઉલ્લેખ થતો હોય છે. તપાસેલ કુટુંબોની શાખ જોઈએ તો નીચે પ્રમાણે જોવા મળી હતી.

| ક્રમ | શાખ | કુટુંબો |
|---|---|---|
| ૧. | અખિયાણી | ૨૪ |
| ૨. | સુરાલી | ૨ |
| ૩. | હુશલી | ૧૫ |
| ૪. | મકવાણા | ૭ |
| ૫. | પગી | ૩ |
| ૬. | માપાણી | ૫ |

| | | |
|---|---|---|
| ૭. | ભટ્ટી | ૩ |
| ૮. | હલાણી | ૧ |
| ૯. | ચવાણ | ૧ |
| ૧૦. | કાળું | ૨ |
| ૧૧. | ફકિરાત | ૧ |
| ૧૨. | સીધાડીયા | ૨ |
| ૧૩. | ડોડીયા | ૨ |
| ૧૪. | પરમાર | ૧ |
| ૧૫. | બારું | ૧૨ |
| ૧૬. | બારૈયા | ૩ |
| ૧૭. | સંગાર | ૧ |
| ૧૮. | ડાભી | ૧ |
| ૧૯. | કોળી | ૬ |
| | ખ્યાલ નથી- જવાબ નથી મળ્યા તેવા | ૮ |
| | | ૧૦૦ |

**કોઠા નં. ૨૨**

**સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો**

| સભ્ય સંખ્યા | કુલ કુટુંબો | પુરુષ | સ્ત્રી | કુલ સભ્ય સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ થી ૩ | ૮ | ૭ | ૧૩ | ૨૦<br>૩.૩૫ |
| ૪ થી ૬ | ૫૫ | ૧૪૦ | ૧૨૯ | ૨૬૯<br>૪૫.૦૫ |
| ૭ થી ૧૦ | ૩૩ | ૧૪૨ | ૧૨૧ | ૨૬૩<br>૪૪.૦૫ |
| ૧૦ થી ઉપર | ૪ | ૨૭ | ૧૮ | ૪૫<br>૭.૫૫ |
| કુલ | ૧૦૦ | ૩૧૬ | ૨૮૧ | ૫૯૪<br>૧૦૦.૦૦ |

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો જોઈએ તો ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતાં ૮ કુટુંબો, ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં ૫૫ કુટુંબો, જે સંખ્યા સૌથી વધારે હતી. ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતાં ૩૩ કુટુંબો મળ્યાં હતાં. એટલે કે ૪ થી ૬ સભ્ય સંખ્યાવાળા અને ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો વધારે જોવા મળ્યાં હતાં. હકીકતમાં કુલ કુટુંબો પૈકી ૮૯.૧૦ ટકા કુટુંબો ૪ થી ૧૦ સભ્ય સંખ્યાવાળાં કુટુંબો જ હતાં. સભ્ય સંખ્યા પ્રમાણે જોઈએ તો ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં ૫૫ કુટુંબોની સભ્ય સંખ્યા ૨૬૯ હતી જે કુલ સભ્ય સંખ્યાના ૪૫.૦૫ ટકા જેટલી હતી જે સૌથી વધારે હતી, જયારે ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતા ૩૩ કુટુંબોની સભ્ય સંખ્યા ૨૬૩ હતી, જે કુલ સભ્ય સંખ્યાના ૪૪.૦૫ ટકા હતી. ૧૦થી ઉપરની સભ્ય સંખ્યાવાળા ૪ કુટુંબો હતાં જે કુટુંબોની સભ્ય સંખ્યા ૪૫ હતી; જે કુલ કુટુંબોની સભ્ય સંખ્યાના ૭.૫૫ ટકા હતા. એટલે કે મધ્યમ સંખ્યાનાં કુટુંબો જોવા મળ્યા હતા.

**કુટુંબ વ્યવસ્થા**

મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હોવાથી સંયુક્ત કુટુંબ પ્રથા જળવાઈ રહેવા પામી છે. ખેતી કામમાં એકલો માણસ પહોંચી શકે નહીં તેમજ ભાડે કામ કરાવવું પણ પાલવે નહીં પરંતુ મોટે ભાગે બાપ કે એવા કોઈ મુરબ્બી વડીલની હાજરી દૂર થતાં સંયુક્ત કુટુંબ તૂટી જાય છે અને ભાઈઓ પોતાનો ભાગ લઈ જુદા પડે છે. કેટલાંક કુટુંબોમાં બાપનું સ્થાન લઈ શકે એવા મોટાભાઈ હોય અથવા કુટુંબમાં બીજા કોઈ મુરબ્બી વ્યક્તિ હોય તો સંયુક્ત કુટુંબ જળવાઈ રહે છે.

સંયુક્ત કુટુંબમાં દરેક સભ્ય પોતાથી બધું થઈ શકતું કામ કરવા તત્પર તો રહે છે જ. સામાન્યપણે ખેતી કામમાં એક કરતાં વધારે માણસો કામ કરે છે એટલે દરેક સભ્ય ઓછાવત્તા પ્રમાણમાં ખેતી કામમાં રોકાય છે. ખેતીકામની અંદર દરેક પોતાની મેળે પોતાની શક્તિ અનુસારનું કામ લઈ લે છે. કુટુંબના મુખ્ય માણસની શક્તિ પર તેમજ કુટુંબના સભ્યોની એક બીજા માટે છૂટછાટ મુકવાની વૃત્તિ પર એનો આધાર રહે છે. સાસુ, વહુના, દેરાણી, જેઠાણી કે નણંદ ભોજાઈના ઝગડા તો હિંદુ સમાજમાં બહુ સામાન્ય બની ગયા છે. કામમાંથી બહુ નવરાશ ન મળવાને કારણે કુટુંબની શાંતિ જળવાઈ રહે છે. પણ જયારે એ જોખમ વધે ત્યારે એને પુનઃસ્થાપિત કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ બની જાય છે.

કેટલીક વખત એવું પણ બને છે કે સૌ કામમાં ભેગા રહે, પણ માત્ર રોટલાથી જ અલગ રહેતા હોય. એટલે કે રસોડું અલગ હોય. સામાન્ય રીતે અહીં આવી પ્રથા વિશેષ જોવા મળે છે. અશક્ત વૃધ્ધોની દરકાર તેનાં જ સંબંધીઓ કરે છે. જેનાં કોઈ સગાંસંબંધી ન હોય તેણે મજુરી કરીને પોતાનો નિર્વાહ કરવાનો હોય છે.

સામાન્યપણે પુરુષો કરતાં સ્ત્રી વહેલી ઊઠે છે. પહેલું કામ અનાજ દળવાનું કરે છે. આજે પણ કેટલાક જાતે ઘરની ઘંટી પર અનાજ દળી લોટ બનાવે છે. પુરુષ વર્ગ ખેતરે કામ કરવા જાય છે. મોટાભાગે પુરુષ બહારનાં કામો કરે છે. સ્ત્રીઓ ઘરનાં કામો ઢોર દોહવાનું, છાશ બનાવવાનું, ઘી બનાવવાનું, ચા તૈયાર કરવી, ઘરની તેમજ આંગણાની સફાઈ કરવાનું, છાણ સાફ કરી ઉકરડે નાખવાનું, પાણી ભરવાનું, આ બધું કામ સ્ત્રીઓ વહેલી સવારે કરવા લાગી જાય છે. તે ૮ થી ૯ વાગ્યા સુધીમાં પૂરું કરી જમવાનું બનાવવા લાગી જાય. સવારના નાસ્તાને શિરામણ તથા બપોરના જમવાને રોટલા ખાવા કહે છે. શિરામણ તથા રોટલા તૈયાર કરે છે. શિરામણમાં રોટલા કઢી, શાક કે છાશ હોય છે. બપોરના રોટલામાં રોટલા, છાશ, ડુંગળી, શાક કે દાળ મુખ્ય હોય છે.

સ્ત્રી ભાત દેવા ખેતરે અગર વાડીએ જાય છે. સ્ત્રી પણ ખેતી કામમાં મદદ કરે છે. કોળીઓ જમવાના વાસણ તરીકે તાંસળીનો ઉપયોગ વધારે કરે છે જે જમ્યા પછી પાણીથી ધોઈ નાખવામાં આવે છે. દાળ કે શાક કે કઢી માટે માટીની હાંડલી હોય છે તે પણ પાણીથી ધોઈ નાખવામાં આવે છે. સ્ત્રીઓ સાંજે ૫ વાગે ખેતરેથી ઘરે પાછી આવે છે. આવીને સવાર માટે દળવા તેમજ ઘરકામ કરવા લાગે છે. રસોઈ બનાવવા પણ લાગે છે. સામાન્યપણે સાંજના ભોજનને વિયારું, (વાળુ) કહેવામાં આવે છે. સાંજના ભોજનમાં બાજરીમાં પાણી નાખી તેને છડવામાં આવે છે અને તેમાં મગ કે મઠની દાળ ઉમેરીને ખીચડો બનાવે છે. કેટલાક રોટલા, શાક કે છાશ અગર દાળ જ ખાય છે. દુઝણાવાળા કુટુંબના લોકો ખીચડામાં ઘી નાખી ખાય છે.

ત્યારબાદ ઢોરને નીરણ (ઘાસ) નાંખવાનું, દોહવાનું તેમજ આવતી કાલને માટે ઢોરનું ખાણ તૈયાર કરે છે. પુરુષો સામાન્યપણે ૭ વાગે ખેતરેથી પાછા ફરે છે, આવીને જમે છે. ત્યારબાદ પોતપોતાના આંગણામાં બીડી, તમાકુ પીતાં પીતાં વાતો કરે છે. વાતો મુખ્યત્વે ખેતીના કામની, ગામમાં કંઈ નવીનતાની, કેટલીકવાર મશ્કરીનીકે પૂર્વે થઈ ગયેલી ઘટનાની વાર્તાઓ પણ કહે છે. ત્યારબાદ સૂઈ રહે છે.

કચ્છમાં વસતિ જાતિઓને કચ્છી તરીકે જાણીએ છીએ. આ કચ્છી જાતિઓમાં દરેક જાતિનો વસવાટ જોવા મળે છે. આ કચ્છીઓ પોતાની અલગ પ્રાદેશિક બોલી બોલે છે. તેને કચ્છી બોલી તરીકે ઓળખવામાં આવે છે. મૂળ ભાષા ગુજરાતી હોવા છતાં તેમનો મોટાભાગનો વ્યવહાર કચ્છી બોલીમાં થાય છે. ભૂજથી આગળના વિસ્તારમાં વસવાટ કરતા કચ્છીઓ તો ગુજરાતી પણ બરાબર સમજતા નથી. તેઓ કચ્છી બોલીથી જ બધો વ્યવહાર કરતા હોય છે. આ કચ્છી બોલીના કેટલાક શબ્દો જોઈએ તો તેમની બોલી વિષે થોડો ઘણો પરિચય થાય. કચ્છી બોલીમાં મુખ્યત્વે ગુજરાતી અને સિંધી ભાષાનું મિશ્રણ જોવા મળે છે. સિંધ નજીકનો મુલક હોવાથી તેમજ સ્વાતંત્ર્ય પૂર્વે તેની સાથે વેપારી અને સામાજિક સંબંધો હોવાથી તેની બોલીની અસર કચ્છી બોલીમાં જોવા મળે છે.

| ગુજરાતી શબ્દ | કોળી બોલીનો શબ્દ |
|---|---|
| ભાઈ | અદા |
| દોસ્ત | બેલી |
| આપવું | દઉં |
| નાખીશ | નીરીશ |
| સારું | ઠાવકું |
| અહીં આવ | ઓરો આવ |
| છેટો જા | પરોજી |
| ચાલો | હાલો |
| રસ્તો | મારગ |
| દુકાન | હાટ |
| શરીર | ડીલ |
| કેરી | આંબડી |
| વાળ | મોવરી |
| ધીમો | હરુવો |
| દોડાવ | તગડ |
| પોતાની | આઉગી |
| ખભો | ખવો |
| ન્હાવું | ઝીલવું |
| ઘર | ભેણી |
| ઝુપડું | કુડ |
| ડારિયા | ભોગડી |
| ખજૂર | કતલ |
| પપૈયું | કાટ ચિભડું |
| ઝૂંપડાનો જથ્થો | વાંઢિયો |

| | |
|---|---|
| ભજિયાં | પકોડાં |
| શીંગ | ફોફરિયા |
| પાયજામો | પતલંગ |
| બકરાનું ટોળું | એવડ |
| મારી પાસે | મું કને |
| મારા જેવો | મું જેવો |
| ઉજો | ત્યાં |
| લઉં | લ્યું |
| દઉં | દયું |
| મારે છે | મારસો |
| ખાય છે | ખાસો |
| બગડી ગયો | મગજી ગયો |
| શા માટે | શાઈ |
| સારુ | હફરુ |
| ખૂબ ઘણું | અલાઈ |
| શિકાર કરવો | આવડો |
| ઘઉં | ગવાં |
| લેશમાત્ર | માગે |
| ગાંગડો | ગંઢો |
| દાણાથી ભરેલાં કણસલાં | સકડશાં |
| મગફળી | ભૂતડી |
| મંજુસ | ખાટલો |
| તમાકુ | બજર |
| પથ્થર | પાણો |
| સિમેન્ટ | ચુનો |
| બિલાડી | મની |

| | |
|---|---|
| કબાટ | બટિયો |
| સરસામાન | સજાઈ (ખેતીને લગતો) |
| કપડાંની જોડ | મડ |
| બળદ | ઢાંઢો |
| મકાન | કરઈ |
| સોજી | હેમ |
| વર | લાડો |
| કબ્જો | કાપડું |
| કોઠી | ખેરીવો |
| જોડા | કાંટારખાં |
| વીર્ય | પારો |

**જાતિપંચ**

કોળીઓમાં કોઈ બંધારણીય પંચ નથી પણ કોળી સમાજના વડીલો મળી જે નક્કી કરે તે માન્ય રાખવામાં આવે છે. નાત પટેલ તરીકે ગામના વડીલ વ્યક્તિઓ કામ કરે છે. ઝગડો કે મારામારી થાય તો વડીલો દ્વારા સમાધાન કરાવવામાં આવે છે. પતિ-પત્નીના કાયમી ઝગડા થતા હોય અથવા સ્ત્રી સાસરીમાં ન આવતી હોય તેવા કિસ્સાઓમાં બન્ને પક્ષના વડીલો / સંબંધીઓ હાજર રહી જે કાર્યવાહી કરે તેને પંચ કહેવામાં આવે છે. પંચ પરંપરાગત રીતરિવાજો મુજબનો ન્યાય તોખે છે. પ્રથમ તબક્કે તો પંચ સમાધાન શક્ય હોય તો સમાધાન લક્ષી વ્યવહાર અપનાવે છે. જો સમાધાન શક્ય ન જણાતું હોય તો પંચ યોગ્ય ન્યાય કરે છે. આમ પંચ કોઈ બંધારણીય જોગવાઈવાળું કે ગોળ પ્રમાણે હોતું નથી. જોકે વાગડ વિસ્તારની રીતે એ વિસ્તારના બધા વ્યવહારો સરખા હોય છે. આ સિવાય સામાજિક ઉત્કર્ષનાં કામો મંડળો દ્વારા ધીરે ધીરે થવા લાગ્યાં છે. અખિલ કચ્છી કોળી આદિવાસી મંડળ દ્વારા સમાજમાં સુધારક ઠરાવો કરી સમાજ જાગૃતિ આવે, શિક્ષણ વધે અને આર્થિક સ્થિતિ સુધરે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

**સીમંત**

પહેલીવાર ગર્ભવતી બનેલી સ્ત્રી સમાજમાં કુતૂહલનો વિષય બને છે. આ સમાચાર કુટુંબમાં જાણ્યા પછી કુટુંબમાં આનંદ પ્રસરે છે. ગર્ભકાળ નવ માસનો ગણવામાં આવે છે. સ્ત્રી ગર્ભવતી બન્યા પછી તેને

સ્ત્રીના સંસર્ગમાં ઓછી આવવા દેવામાં આવે છે. પુરુષ પણ સંયમ પાળે છે. ગર્ભવતી સ્ત્રી પાસે ખાસ ભારે કામ કરાવવામાં આવતું નથી. પાણી પણ ભરાવવામાં આવતું નથી. ઘરમાં કરી શકાય તેવાં હળવાં કામો કરે છે. ગર્ભવતી સ્ત્રીઓ પણ પોતાનાથી થઈ શકે તેટલાં બધાં કામો જાતે કરતી હોય છે. મોટાભાગે ખાવામાં ખાટા અને વાયડા પદાર્થ ન ખાય એ માટે ધ્યાન આપવામાં આવે છે.

છઠ્ઠા કે સાતમા માસે સીમંત ઉજવવામાં આવે છે. પહેલી પ્રસૂતિ પિયરમાં જ કરાવવી એવો કોઈ ખાસ આગ્રહ આ કોમમાં જોવામાં આવતો નથી. પ્રથમ સુવાવડ સાસરીયામાં પણ કરવામાં આવે છે. કેટલાંક મા-બાપ તેની દિકરીને પોતાને ઘરે પણ લઈ જાય છે. સુમેળ ન હોય તો સાસરીમાં સુવાવડ થાય છે. મોટાભાગે પ્રથમ પ્રસૂતિ બાપને ઘેરે કરાવવામાં આવે છે.

ખોળો ભરે ત્યારે પાલીમગ, કમખો (સ્ત્રીનું એક કપડું) નાળિયેર વગેરે કન્યાપક્ષવાળા લાવે છે અને વર પક્ષને આપે છે. આ પ્રસંગે વરપક્ષવાળા કન્યાપક્ષવાળાને સારું સારું જમાડે છે. સામાન્યપણે સુવાવડ પ્રસંગે ગામની અનુભવી બાઈ જેને અહીં સુયાણી કહેવામાં આવે છે તે એમના કોમનીજ હોય છે, તે આવે છે. કોળી બાઈઓની સુવાવડમાં બહેનોને ખાસ દુઃખ પડતું નથી, કારણ કે તેઓ વધારે કસાયેલી હોય છે. કામના કારણે સુવાવડમાં તકલીફ પડતી નથી. છેલ્લી ઘડી સુધી પણ કામ કરતી હોય છે. આ પ્રસંગે દાયણને રૂા.૫ નાળિયેર, માપધાન અને ઓઢણું આપવામાં આવે છે.

**નામકરણવિધિ**

છઠ્ઠીને દિવસે બાળકનું નામ પાડવામાં આવે છે. બ્રાહ્મણ પાસે નામ જોવડાવવામાં આવે છે. આ પ્રસંગે સૌ પોતપોતાને ઘરેથી કાચા ઘઉં લઈ આવે છે, અને તેને રાંધવામાં આવે છે. બાળકને ઘોડિયામાં સુવાડવામાં આવે છે. આ પ્રસંગે તેની ફુઈ સુપડું લઈને વગાડે છે. સમૂહમાં ભેગા થઈને પાડેલ નામની પાછળ ''કપિલા'' શબ્દ લગાડીને સમૂહમાં જોરથી બોલે છે અને તાળી વગાડે છે અને ગાય છે. દા.ત. નામેહી નામ પાડ્યું હોય તો 'નામેહી કપિલો એ રીતે ગાય છે.

કન્યાની સુવાવડ જો સાસરીયાવાળાએ કરી હોય તો તેનાં મા-બાપ તરફથી લાડુ મોકલાવે છે અને બાળક માટે હાંસડી, બેડી વગેરે મોકલાવે છે.

બહુ મોટી ઉંમરે છોકરો જન્મ્યો હોય અગર તો પાંચ-છ છોકરીના જન્મ પછી દીકરો આવ્યો હોય તો તેનું નામ તુચ્છ રાખવામાં આવે છે. ભીખો, ઉકરડો જેવાં નામો રાખવામાં આવે છે. તેનાં કપડાં તેનાં મા-

બાપ લાવતાં નથી પણ ગામના લોકો કે પાડોશીઓ કપડાં આપે છે. બાળક સમજણું થાય ત્યાં સુધી બીજાનાં આપેલાં કપડાં પહેરે છે. સારી સ્થિતિ હોય તો ગામ જમાડે છે.

જીયાણામાં વાસણો, ખાટલો, ગોદડાં અને પશુ (ગાય, ભેંસ) પણ આપવામાં આવે છે. પ્રસૂતિ પોતાની જાતિની દાયણ કરાવે છે. કંઈ તકલીફ થાય તો દવાખાને લઈ જવામાં આવે છે. દોરા, ધાગા કે માનતા પણ માનવામાં આવે છે.

**જાતિય સંબંધો**

લગ્ન પહેલાં કોળીઓમાં જાતિય સંબંધને અનિષ્ટ ગણવામાં આવે છે. આવા કોઈ સંબંધની જાણ થાય તો છોકરીને મારી નાખવામાં આવે છે. લગ્ન પછી પણ પરપુરુષ સાથેના સંબંધની જાણ થાય તો તેને કાઢી મુકવામાં કે મારી નાખવામાં આવે છે. વિધવા થયેલી સ્ત્રી કે છૂટાછેડા લીધેલ સ્ત્રી પુનઃ લગ્ન કરી શકે છે. પુનઃલગ્ન કર્યા સિવાયની વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી પરપુરુષ સાથે શારીરિક સંબંધ રાખી શકતી નથી.

**સામાજિક સંબંધ**

**લગ્ન**

અગાઉ જોયું તેમ વાગડ વિસ્તારના કોળીઓ અને કચ્છી કોળીઓ વચ્ચે સામાજિક સંબંધ નથી. લગ્ન સંબંધો પોતાના વિસ્તારની આજુબાજુ જ ગોઠવવામાં આવે છે. એક જ શાખમાં લગ્ન થઈ શકતાં નથી. કચ્છી કોળીઓ અને વાગડ વિસ્તારના કોળીઓમાં સામાજિક રીતરિવાજોમાં ભિન્નતા જોવામાં આવે છે. ખર્ચ પણ વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. જો કે તેનું મૂળ કારણ આર્થિક સ્થિતિ જવાબદાર છે. વાગડ વિસ્તારના કોળીઓ ખેતી, પશુપાલન અને અન્ય મજૂરી પણ કરતા હોય છે, જયારે કચ્છી કોળીઓ માત્ર મજૂરી પર આધારિત જીવન જીવતા હોવાથી તેમની આર્થિક સ્થિતિ આ વિસ્તારના કોળીઓ કરતાં નબળી જોવામાં આવે છે.

વાગડ વિસ્તારના કોળીઓમાં ૧૫ થી ૧૬ વર્ષની લગ્ન ઉંમર ગણવામાં આવે છે. મા-બાપ લગ્ન ગોઠવે છે. છોકરા, છોકરીએ તે માન્ય રાખવાનું હોય છે. મા-બાપ, જમીન, ઘર, મોસાળ, ખેતીવાડી અને દેખાવે સારો હોય તેવો જમાઈ પસંદ કરે છે. મોટાભાગે પોતાના સગાઓની નજર તળે આવેલું કુટુંબ હોય છે. જેથી સગાં કરે તે સંબંધ માન્ય રાખે છે. ખેતીને પ્રાધાન્ય આપવામાં આવે છે. લગ્નમાં સાડાત્રણથી ચાર હજાર રૂપિયા સુધી ખર્ચ કરવામાં આવે છે. છોકરાના બાપે એક હજાર રૂપિયા દહેજ તરીકે આપવાના હોય

છે. છોકરાના બાપે છોકરીને કડલાં, નાકની કડી અને ચુડીઓ આપવાની હોય છે. છોકરીનો બાપ છોકરીને કેટલાંક જીવનજરૂરી વાસણો, પિત્તળનું બેડું, કળસિયો (લોટો), તાંસળી, થાળી, વાટકો, ખાટલો, ગોદડું વગેરે આપે છે. છોકરાની જાન જાય છે. જાનમાં ૫૦ માણસ સુધી લઈ જઈ શકાય છે. તેથી વધારે વ્યક્તિ જાનમાં જાય તો માણસ દીઠ ૧૦ રૂા. ચાર્જ લેવામાં આવે છે.

કચ્છી કોળીઓ પોતાના વિસ્તારમાં લગ્ન સંબંધ ગોઠવે છે. લગ્ન મા-બાપ નક્કી કરે છે. આર્થિક સ્થિતિ પ્રમાણે લગ્ન ખર્ચ કરતા હોય છે. ૫૦૦ થી ૬૦૦ સુધીના ખર્ચમાં પણ લગ્ન કરે છે. છોકરીના બાપને ૧૦૦ રૂા. દહેજ આપવા પડે છે. છોકરીનો બાપ છોકરીને એક જોડ કપડાં, એક જોડ જમાઈને કપડાં આપે છે. છોકરીનો બાપ દાગીનામાં નાકની સળી અને હાથે બંગડી આપે છે. વાસણો થાળી, વાટકો, ખાટલો, કળશિયો, ગોદડાં નં.૨ વગેરે આપે છે. જાનમાં ૧૫ થી ૨૫ માણસ સુધી જાય છે. તેમને બે ટાઈમ જમાડે છે. જમણ લાપસી, ભાત આપવામાં આવે છે.

છોકરાના બાપની સ્થિતિ સારી હોય તો નવા દાગીના બનાવીને લઈ જાય છે. ન હોય તો ઉછીના માગીને લઈ જાય છે. દાગીનામાં ગળામાં પહેરવાનો વાલવો, પગે પહેરવાના તોળા, કાનની સળી વગેરે લઈ જાય છે, ન હોય તો ચાલે. લગ્ન માટે માંજલથી મહારાજ આપે છે તેને જે આપે તે લઈ લે છે. બંધારણ સવા રૂપિયાનું છે.

તપાસમાં લીધેલ કુટુંબોના વૈવાહિક સંબંધો કોઠા દ્વારા જોઈએ તથા સગાઈથી માંડી લગ્ન સુધી કેવા પ્રકારની વિધિઓ કરવામાં આવે છે તે વિગતો જોઈએ જેથી વધારે સ્પષ્ટ ખ્યાલ આવે છે.

કોઠા નં. ૨૨

વેવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | પરિણિત | | અપરિણિત | | વિધુર | વિધવા | છૂટાછેડા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૩૧ | ૩૧ | ૫૫ | ૫૦ | ૨ | - | - | - | ૮૮ | ૮૧ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૮ | ૩૦ | ૪૯ | ૩૭ | ૧ | ૩ | - | - | ૭૮ | ૭૦ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨૯ | ૨૯ | ૫૨ | ૨૫ | - | ૫ | - | - | ૮૧ | ૫૯ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૩૧ | ૩૧ | ૩૮ | ૪૦ | - | - | - | - | ૬૯ | ૭૧ |
| | કુલ | | ૧૦૦ | ૧૧૯ | ૧૨૧ | ૧૯૪ | ૧૫૨ | ૩ | ૮ | - | - | ૩૧૬ | ૨૮૧ |
| | ટકા | | | ૩૭.૬૬ | ૪૩.૦૬ | ૬૧.૩૯ | ૫૪.૦૯ | ૦.૯૫ | ૨.૮૫ | | | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

તપાસમાં લીધેલ ચાર તાલુકાના ચાર ગામના કુટુંબોનો વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુલ પુરુષ સભ્ય સંખ્યામાંથી ૩૭.૬૬ ટકા પુરુષ સભ્યો પરિણિત હતા. કુલ સ્ત્રી સભ્ય સંખ્યાના ૪૩.૦૬ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જ્યારે કુલ સ્ત્રી સભ્ય સંખ્યામાં ૨.૮૫ ટકા સ્ત્રીઓ વિધવા જોવા મળી હતી, જ્યારે ૦.૯૫ ટકા પુરુષ વિધુર જોવા મળ્યા હતા. કુલ પુરુષ સભ્ય સંખ્યાના ૬૧.૩૯ ટકા અપરિણિત હતા, જ્યારે કુલ સ્ત્રીઓમાં ૫૪.૦૯ ટકા અપરિણિત હતી. એટલે કે પુરુષો અને સ્ત્રીઓ મળીને થતી વસતિના કુલ સભ્ય સંખ્યાના ૪૦.૨૦ ટકા લોકો પરિણિત અને ૫૭.૯૬ ટકા અપરિણિત સભ્ય સંખ્યા જોવા મળી હતી. કોળી સમાજમાં પુનઃલગ્ન થતાં હોવાથી તથા લગ્ન સંબંધી ઘણી તપાસ કરી લગ્ન સંબંધ ગોઠવાતા હોવાથી છૂટાછેડાના કિસ્સાનું પ્રમાણ નહીંવત્ બનતું હશે. તપાસમાં લીધેલ સો કુટુંબના સભ્યોમાં એક પણ પુરુષ, સ્ત્રી છૂટાછેડા લીધેલ જોવા મળ્યાં નથી, એટલે આ સમાજમાં છૂટાછેડા ઘણા નહીંવત્ થતા હશે અને થતા હોય તો પુનઃલગ્નમાં ગોઠવાઈ જતા હશે; એમ અનુમાન કરી શકાય.

**સગાઈ (સગપણ)**

વરપક્ષવાળા દ્વારા પોતાનાં સગાં-સ્નેહીઓ મારફતે યોગ્ય કન્યાની શોધ કરાવડાવવામાં આવે છે. ત્યારબાદ કન્યા પક્ષના માવતર વરપક્ષવાળાને ત્યાં જાય છે. ભાવી જમાઈને જુએ છે. જો કન્યાના મા-બાપને યોગ્ય લાગે તો હા પાડે છે, અને આ પ્રસંગે વરપક્ષવાળા કન્યાપક્ષવાળાને ૧ રૂા. આપે છે. આ પ્રસંગે કન્યાના પક્ષવાળા છોકરાનું કુળ, કુટુંબ, રૂપ, શરીરનો બાંધો તેમજ મિલકત વગેરે જુએ છે.

બે ચાર મહિના પછી વરપક્ષવાળા કન્યાપક્ષને ત્યાં ચોખા ખાવા જાય છે. આ પ્રસંગે વરપક્ષના સગાંસ્નેહીઓ ૧૦થી ૧૨ની સંખ્યામાં કન્યા પક્ષને ત્યાં જાય છે. સાથે અહીંથી ટોપરું, અડધો શેર ગોળ અને કપડાંની એક જોડ લઈ જાય છે. તે કપડાંની જોડ કન્યાપક્ષવાળાને આપે છે. આમાંથી અર્ધા ટોપરાની કાચલી ઘરે પાછી લઈ આવે છે. આ કાચલીનો પ્રસાદ કરી સગાંસંબંધીને વહેંચવામાં આવે છે.

કન્યાપક્ષવાળા વરપક્ષવાળા માણસોને બે ટંક જમાડે છે. સાંજે શીરો, સાથે દાળ કે શાક હોય છે. બીજો દિવસે સવારે મીઠાભાત સાથે દાળ કે ચોખાનું જમણ આપે છે. આ વિધિને ચોખા ખાવા કહે છે. પહેલાં આ પ્રસંગે માંસ પણ ખવડાવવામાં આવતું, અત્યારે નથી આપતા.

તે પછી કન્યા પક્ષવાળા ખમીશ, રુમાલ અને ઓછાડ લઈને વરપક્ષવાળાને ત્યાં જાય છે. આને લુગડું ઓઢાડવું કહે છે.

લગ્ન ન થાય ત્યાં સુધી વરપક્ષવાળા દ્વારા કન્યાપક્ષને દર હોળીએ હારડો મોકલવાનો રિવાજ છે. આ પ્રસંગે અડધો મણ ગોળ, ૨ શ્રીફળ અને કપડાંની જોડ મોકલાવે છે. પહેલી હોળી વખતે મોકલવામાં આવતા હારડાને મોટો હારડો કહેવામાં આવે છે. આ લોકો માસી, ફુઈ કે મોસાળમાં ઉતરતા નથી; એટલે કે તે કુટુંબોમાં લગ્ન સંબંધ બાંધતા નથી.

લગ્ન

બ્રાહ્મણ પાસે મૂહુર્ત જોવડાવવામાં આવે છે. આ પ્રસંગે બ્રાહ્મણને એક નાળિયેર અને ૧૧ રૂા. આપવામાં આવે છે. ગ્રહ નડતા હોય તો બ્રાહ્મણ પૂજા કરે છે.

વર અને કન્યા વચ્ચે ઊંમરમાં સામાન્ય પણે ૩-૪ વર્ષનો ગાળો રાખવામાં આવે છે. છોકરીની ઉંમર ૧૬ વર્ષની અને છોકરાની ઉંમર ૧૯ થી ૨૦ વર્ષની હોય છે.

લગ્નના ૨૦ દિવસ પહેલાં ગણેશ બેસાડવામાં આવે છે. ગણેશ અને લગ્ન વચ્ચેના ગાળાને અહીં આંગણું કહેવામાં આવે છે. આ દિવસો દરમિયાન લાડાને તેનાં સૌ સ્નેહીઓ પોતાના ઘરે તેડી જઈને તેને જમાડે છે. આને વાનોરાં દેવાં કહે છે. આ પ્રસંગે જમણમાં શીરો, થુલી, મીઠાભાત વિગેરે સારી વાનગી હોય છે. લગ્ન કરનાર છોકરાને લાડો કહેવામાં આવે છે. આ લાડો જાન રવાના થાય ત્યાં સુધી જુનાં કપડાં પહેરે છે. દર બીજે કે ત્રીજે દિવસે પીઠી ચોળવામાં આવે છે. પીઠીમાં હળદર અને તેલનો ઉપયોગ કરવામાં આવે છે. આ જુનાં કપડાં પાછળથી વાળંદને આપવામાં આવે છે. લાડો પોતાની પાસે સોપારીના કટકા, ધાણાની દાળ અને બીડીઓ રાખે છે અને સૌને વહેંચે છે. તે પોતાના જમણા પગમાં બેડી અને તોડા પહેરે છે. લગ્ન પ્રસંગ દરમયાન તેને કામ કરવાનું હોતું નથી. જયારે ગામમાંથી કોઈ વાનોરા માટે (ભોજન માટે) બોલાવવામાં ન આવે ત્યારે ઘરે જમે છે. ઘરે પણ જમણ સારું હોય છે.

પરણી આવે ત્યાં સુધી લાડો કોઈની સાથે રામરામ કરતો નથી. ખાટલા પર બેસતો નથી. પણ જમીન પર બેસે છે. પરણવા જાય ત્યારે તેની સાથે ઉતરિયા (અણવર) સાથેને સાથે રહે છે. તે તેનું બધુંજ કામ કરી આપે છે. લાડો પોતાની તલવાર કાયમ ઊંચી રાખીને ફરતો હોય છે.

આ પ્રમાણે લાડીને (કન્યાને) પણ વાનોરા આપવામાં આવે છે.

લાડો જયારે વાનોરા ખાવા જાય છે ત્યારે તે પોતાની સાથે ધાણાની દાળ, સોપારી, બીડીઓ વગેરે સાથે રાખે છે. જમીને ઊઠ્યા પછી તેને નાળિયેર આપવામાં આવે છે. નાળિયેર ન હોય તો ધાનની મુઠી

આપવામાં આવે છે. જે ઘેર લાડો જમ્યો હોય તે કુટુંબવાળાને તે સોપારી, દાળ, બીડી વગેરે આપે છે. બંને પક્ષવાળા પોતાના મકાનને લીંપણ કરે છે તથા ધોળી માટીથી રંગરોગાન કરે છે. કેટલાક પોતાના ઘરની દિવાલે ચિત્રો પણ દોરે છે. દરરોજ સાંજે ભાઈઓ અને બહેનો ઘર આગળ આંગણામાં ભેગા થઈ રાસડા લે છે. રાસડા એકલા ભાઈઓ તેમજ બહેનોના પણ હોય છે. કેટલાક ચોપાટ પણ રમે છે.

સવારમાં ૫ વાગ્યાના સુમારે બહેનો ગીતો ગાઈને લાડાને ઊઠાડે છે. લાડો ગણેશ આગળ દીવો કરે છે અને પગે લાગે છે. સાંજે પણ દીવો કરે છે અને પગે લાગે છે. લગ્નના આગલા દિવસે વરપક્ષમાંથી બે માણસો કન્યા પક્ષવાળાને ત્યાં જાય છે અને જાન આવવાના સમાચાર આપે છે.

**વરરાજાનો પોશાક**

જાન નીકળવાના બે અઢી કલાક આગળથી લાડાને ઘરેથી વિદાય આપવામાં આવે છે. ગામ બહાર મોટા ઝાડ આગળ લાડાને ઉતારો આપવામાં આવે છે. સાંજે દિવસ ઠંડો પડે ત્યારે જાન રવાના થાય છે.

લાડો સુરવાલ, સુતરાઉ ખમીશ અને તેના ઉપર રેશમી બંડી પહેરે છે. ખમીસમાં ચાંદીના બટનની સટ હોય છે. ભેટ ચુંદડી પહેરે છે. જે કન્યાપક્ષને આપવામાં આવે છે. પગમાં મોરબી બનાવટના જોડા પહેરે છે. માથા ઉપર રંગબેરંગી પાઘડી પહેરે છે. તેના ઉપર મોડીઓ અને કલગી ખોસવામાં આવે છે. જમણા ગાલ પર માખલી કરવામાં આવે છે. મેશથી (-+) વત્તા આકારથી ચોકડીને માખલી કહેવામાં આવે છે. આંખમાં સુરમો આંજે છે. હાથમાં તલવાર પકડે છે. આંગળીમાં વીંટી અને ફેરવા પહેરે છે. કાનમાં અત્તરનું પુમડું પણ ખોસે છે. કમરે બાંધેલ ભેટની જમણી બાજુએ નાળિયેર ખોસેલું હોય છે.

જાન ગામમાંથી રવાના થાય ત્યારે બળદને શણગારવામાં આવે છે. બળદને ઝુલ પહેરાવે છે. પગમાં ઘુઘરા બાંધે છે. લાડાની જોડે તેની બેન બેસે છે. તેના હાથમાં એક નાનો લોટો હોય છે. એમાં ગુવારા નાની કાંકરી ભરવામાં આવે છે અને તે લાડાની પીઠ પાછળ વારંવાર હલાવ્યા કરે છે. આ ક્રિયાને લુણ ઉતારવું કહે છે. આ ગાડામાં ગામના અન્ય બહેનો પણ બેઠા હોય છે. તે લગ્ન ગીતો ગાતાં હોય છે. લાડાની પાસે બે ઉતરિયા (અણવર) લુગડું પકડીને બેઠા હોય છે. જાનમાં સામાન્ય પણે ૨૫-૩૦ કે તેથી વધુ માણસો જાય છે. સ્ત્રીઓ પણ જાનમાં જાય છે. કેટલાક ગાડામાં, ઘોડા ઉપર તેમજ ઊંટ પર બેસીને પણ જાય છે. સૌ નવાં કપડાં પહેરીને જાય છે અને સાથે કંઈક હથિયાર રાખે છે.

જાન કન્યા પક્ષના ગામના ઝાંપે (ભાગોળે) આવે છે. કન્યા પક્ષવાળાને ખબર પડતાં તેઓ તાંસળીમાં

લાડુ લઈને જાય છે. પ્રથમ લાડુ લાડાને ખવડાવે છે અને પછી તે લાડુ જાનના માણસોને ખવડાવે છે. પાછળથી આ તાંસળી મગફળીથી ભરી દેવામાં આવે છે.

આ વિધિ પત્યા પછી જાનને પુંખવામાં આવે છે. સામૈયા વખતે નાની માટલી, તેના પર કુલડી જેની એક બાજુએ પાણી વહી જાય એ જાતની રચના હોય છે. તેના પર નાળિયેર તેની જોડે ત્રાડ ખોસવામાં આવે છે અને તેના પર લીલોતરું (લીલું લુગડું) ઓઢાડવામાં આવે છે. ત્રાકથી પુંખવામાં આવે છે. પુંખ્યા બાદ રાખના લાડુને ચારે દિશાએ ફેંકવામાં આવે છે.

વરપક્ષવાળા પોતાની શક્તિ મુજબ તે માટલીમાં ૫ થી ૧૦ રૂા. મુકે છે. આ રકમ કન્યાને આપવામાં આવે છે.

આ વિધિ પત્યા પછી જાનને ઉતારો આપવામાં આવે છે. સામાન્યપણે જાનને ઉતારો કોઈ સગાંસ્નેહીના ઘેર અગર તો ગામના જાહેર ચોરામાંના મકાનમાં આપવામાં આવે છે. જાનને જાનીવાસમાંજ (ઉતારામાં) જમાડવામાં આવે છે. આ પ્રસંગે શીરો, દાળ કે શાક, અગર થુલી દાળ કે શાકનું જમણ આપે છે. જાનને જમાડતાં પહેલાં કન્યાપક્ષવાળા જમી લે છે.

કન્યા પક્ષને ત્યાં જાન આવવાના દિવસે સવારમાં જ માંડવો નાખવામાં આવે છે. ચારેબાજુ ચાર લાકડાં ખોસી તેના પર મોદ ઢાંકવામાં આવે છે. અગર તો સંગેતરો (સળીવાળું ઘાસ) છાજ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ચાર થાંભલાને ચાર લોટા બાંધવામાં આવે છે. માંડવો તૈયાર થઈ ગયા બાદ માંડવા પર મગફળી ઉડાડવામાં આવે છે. આ મગફળી છોકરાઓ વીણી લે છે અને ખાઈ જાય છે.

**છૂટાછેડા**

પતિ-પત્ની વચ્ચે ઝગડા થતા હોય, સ્ત્રી સાસરીમાં આવતી ન હોય તેવા કિસ્સામાં છૂટાછેડા લઈ શકાય છે. છૂટાછેડા મેળવવા માટે બન્ને પક્ષના વડીલો હાજર હોય છે. તેને પંચ કહેવામાં આવે છે. છૂટાછેડામાં કંઈ વિશેષ લેવામાં આવતું નથી પણ બન્ને પક્ષે જે ચીજવસ્તુઓની આપલે થયેલી હોય તે પોતપોતાની વસ્તુઓ પાણી મેળવી લે છે.

**પુનઃલગ્ન**

વિધવા વિવાહ થઈ શકે છે. છોકરીએ છૂટાછેડા લીધેલ હોય કે વિધવા બની હોય તો તેને પુછવામાં આવે છે. તેને પુનઃલગ્ન કરવાની ઈચ્છા હોય તો લગ્ન કરી શકે છે. પુનઃલગ્ન કર્યા સિવાયની વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી પરપુરુષ સાથે શારીરિક સંબંધ રાખી શકતી નથી.

### મૃત્યું

મરણ થયા પછી તરત જ ઘરની વ્યક્તિઓ રડવાનું ચાલુ કરે છે. આજુબાજુના લોકો રડવાના અવાજ સાથે શું થયું તેની તપાસ કરે છે. અને ત્યાં પહોંચી જાય છે. નજીકના સગાંવહાલાંઓને પણ ખબર આપવામાં આવે છે. મૃતદેહને માટે વિધિની સામગ્રી ભેગી કરે ત્યાં સુધી સગાંવહાલાં આવી જાય છે. વડીલો મરનારના કુટુંબીજનોને આશ્વાસન આપી શાન્ત કરે છે.

મૃતદેહને નવડાવવામાં આવે છે. લીંપણ કરીને મૃતદેહને સુવડાવવામાં આવે છે. શ્વેત અથવા લાલ કપડું (પુરુષ હોય તો સફેદ, સ્ત્રી હોય તો લાલ) લાવી મૃતદેહ ઉપર ઓઢાડવામાં આવે છે. વાંસની ઠાઠડી તૈયાર કરી ચારે છેડા પર નાળિયેર બાંધવામાં આવે છે. સાથે તાંસળીમાં ઘી-ગોળમાં રોટલો મસળી લાડુ તૈયાર કરવામાં આવે છે. માટલામાં છાણાં સળગાવે છે. પૂર્ણ તૈયાર થઈ રહ્યા પછી મૃતદેહ પર ગુલાલ છાંટે છે. માંટલી પકડીને એક માણસ આગળ ચાલે છે. મૃતદેહને વારાફરતી ઉપાડી સ્મશાનમાં લાવે છે.

### અગ્નિ સંસ્કાર

સ્મશાનમાં અગ્નિ સંસ્કાર વખતે મૃતદેહને ચાર ફેરા ફેરવી ઉત્તર દિશા તરફ માથું અને દક્ષિણ દિશા તરફ પગ રાખવામાં આવે છે. માણસના જીવનમાં બે વખત ફેરા ફેરવવામાં આવે છે. એક લગ્ન વખતે અને બીજા સ્વર્ગમાં જવા વખતે. મૃતદેહની આંખ ખોલાવીને સૂર્યનાં દર્શન કરાવવામાં આવે છે. આંખમાં ઘીનાં ટીપાં નાખવામાં આવે છે અને સૌથી નાનો દીકરો અગ્નિ સંસ્કાર કરે છે. અગ્નિ સંસ્કાર પૂરો થયા પછી સૌ સ્નાન કરી ઘરે જાય છે. તે દિવસે મરનાર વ્યક્તિના ઘરે ખાવાનું બનાવવામાં આવતું નથી. આડોશી પાડોશી ખાવાનું આપવા માટે આવે છે. આશ્વાસન આપી ખાવાનું આપે છે.

કોળી સાધુ પુરુષોને બાળતા નથી પણ ચાર ફેરા ફેરવી સૂર્યનાં દર્શન કરાવી પગના જમણા અંગૂઠાને આગ લગાડીને દાટી દેવામાં આવે છે. તેને સમાધિ લીધી તેમ કહે છે. નાના બાળકનું મૃત્યુ થાય તો બાળકને હિંચોડી દાટવામાં આવે છે.

મૃત્યુ પછી બે-ત્રણ દિવસે સુવાળું ઉતારે છે. સુવાળાના દિવસે ડાઘુ તરીકે ગયેલા નગવેલા અને કુટુંબના લોકો બાલ, દાઢી ઉતરાવે છે. સુવાળું ન ઉતારે ત્યાં સુધી ઘરમાં તેલ, ગોળ, ઘી, દૂધ ખાઈ શકાતાં નથી. સુવાળું ઉતરાવ્યા પછી ખાઈ શકે છે.

**બારમું**

બાર દિવસે સગાંવહાલાં બોલાવે છે અને બારમું કરે છે. બારમામાં જમવામાં શિરો કે લાડવા કરે છે. ભજનો તથા ભાગવત પણ વાંચે છે. પુરુષનું મૃત્યુ થયું હોય તો સ્ત્રી પોતાના બધા આભુષણો ઉતારી નાખે છે. ઘણીવાર મોભો અને આબરૂ રાખવા આખું ગામ પણ જમાડે છે. જો બારમું ન કરે તો મરનારનો જીવ અવગતે જાય છે અને સ્વર્ગમાં જઈ શકતો નથી એવી માન્યતા હોવાથી દેવું કરીને પણ બારમું કરે છે. બારમા સમયે પાટ કરે છે. મરનારની બધી વસ્તુઓ પાટ ઉપર મુકવામાં આવે છે. આ વસ્તુઓ બ્રાહ્મણ લઈ જાય છે. પાટ ઉપર ધ્યાન હોય છે તેના ઉપર દીવો હોય છે. જોવા આવનાર માણસો પૈસા મુકે છે.

**શંખઢોળ**

મરણ પછી માણસની અવગતિ થઈ છે કે સદ્‌ગતિ થઈ છે તે જાણવા માટે જે ક્રિયા કરે છે તેને શંખઢોળ કહે છે. એક નાની સીડી બનાવી મરનાર માણસનું એક વેંતનું પૂતળું તૈયાર કરવામાં આવે છે. પૂતળાને સીડી ઉપર ચડાવી સીડી ઉપર દોરી બાંધી હોય છે. દોરીને સળગાવવામાં આવે છે. જો દોરી બળી જાય તો જીવ (આત્મા) સદ્‌ગતે ગયો છે અને દોરી સળગતી અટકી જાય તો મરનારની આશા અધુરી રહી ગઈ છે એમ માનવામાં આવે છે. માતા પંથી લોકો શંખઢોળ કરે છે અને જયોતનાં દર્શન કરવા આવે છે.

**મૃત્યુ**

નખત્રાણા વિસ્તારમાં વસતા કોળીઓમાં મૃતદેહને દાટવાનો રિવાજ છે. તેમના જણાવ્યા પ્રમાણે લાકડાના અભાવને કારણે મૃતદેહને દાટવામાં આવે છે. સૌ પ્રથમ મૃતદેહને સ્મશાનમાં લઈ જવામાં આવે છે. (મૃતદેહને દાટવાની અલગ જગ્યા છે) ત્યાં તેના પગના અંગૂઠાને અગ્નિ આપવામાં આવે છે. ત્યારપછી તેને દાટે છે એટલે કે તેઓ બાળવાની વિધિમાં માને છે પણ લાકડાના અભાવે બાળતા નથી.

૧૨ દિવસે બારમું કરવાનો રિવાજ છે. બારમામાં ૧૨૦૦ રૂા. જેટલો ખર્ચ થાય છે. બારમાના દિવસે ૫૦ થી ૧૦૦ સગાં આવે છે. નાની કુંવારી પાંચ છોકરીઓને સૌ પ્રથમ જમાડે તેમને કપડું આપે, પાણી આપે ત્યાર પછી ગામને અને કૂતરાને ખાવાનું આપે ત્યાર પછી બધા જમે છે.

**ધાર્મિક માન્યતા**

રાપર ભચાઉ વિસ્તારના કોળી લોકો હિન્દુ ધર્મી છે. દિવાળી, નોરતાં, હોળી, અખાત્રીજ વગેરે તહેવારો ઉજવે છે. આ દિવસોએ મીઠું ભોજન (લાપસી) બનાવી ખાય છે. ખૂબ આનંદથી ઉજવે છે.

નોરતાનો નવ દિવસનો ઉત્સવ માનવામાં આવે છે. મુમાઈ માતાને વધારે માનતા હોવાથી આ દિવસોમાં તેને ધૂપ, દીપ અને નૈવેધ ચઢાવે છે. ભચાઉના કોળીઓ પાબુને દાદા તરીકે ગણી તેને દેવ તરીકે માને છે. પાબુનું મંદિર બનાવે છે. પાબુ તેમના કોઈ પૂર્વજ થઈ ગયા હશે અને ગાયોના રક્ષણ માટે તેમણે પોતાનો જાન ખુવાર કરેલો હોવાથી કોળી લોકો પાબુને દેવ માને છે. પાબુના સોગન પણ કોળીઓ લેતા નથી. પાબુની પૂજા કેટલાંક ગામોમાં દરરોજ કરવામાં આવે છે. મહાસુદ ૧૧ ના દિવસે આખું ગામ મળી પાબુનો ઉત્સવ મનાવે છે. આ દિવસે મીઠું ભોજન બનાવી ખાય છે. પાબુને કોઈપણ પ્રકારનો બલી ચઢાવવામાં આવતો નથી. દેવના પુજારીને ભોપો કહેવામાં આવે છે. તેઓ ભૂત પ્રેતમાં માને છે. ભોપા પાસે દોરા ધાગા પણ કરવામાં આવે છે. આ સિવાય ખેતરપાળને પણ દેવ તરીકે માને છે. ખેતરપાળ એ ખેતરનો દેવ છે. ત્રણ દેવને ખેતરપાળ તરીકે ઓળખવામાં આવે છે. નાગપાંચમના દિવસે તેને શ્રીફળ ચઢાવવામાં આવે છે. રાજણસર ગામ બે ફળિયા વચ્ચે હનુમાનજીની સ્થાપના કરી તેના ઉપર તેલસિંદુર ચઢાવેલ પણ જોવા મળ્યું. હનુમાનજી ખુલ્લા જ અને રસ્તા વચ્ચે હતા. પહેલાં ગામની પાદરે હશે પણ ગામના ભૂંગા કોતરોને કારણે ખસેડવા પડ્યા હશે અને તે વચ્ચે આવ્યા હશે તેમ લાગે છે.

**કહેવતો**

કહેવતો વત્તા ઓછા પ્રમાણમાં દરેક સમાજમાં બોલાતી હોય છે. કહેવતો એ સમજતા અનુભવોનો નિચોડ છે. કહેવતોને લીધે લોક ઉપયોગી શિક્ષણનો ફેલાવો થાય છે. કહેવતો માટે શાળા કોલેજમાં જવાની જરૂર પડતી નથી. કહેવતો એકતો સ્થાનિક બોલીમાં હોય છે. જેના કારણે અભણ માણસ પણ તે સમજી શકે અને જાણી શકે. કહેવતો એ મોટાભાગે લક્ષણો ઉપર આધારિત હોય છે. તેમાં માણસ જાતનાં લક્ષણો હોય, પ્રાકૃતિક લક્ષણો વગેરે જોવામાં આવે છે. કહેવતો દ્વારા કોઈપણ કઠણ વાત સમજવામાં ઘણી સરળ થઈ જાય છે. કહેવત કહ્યા પછી તેનું વિશ્લેષણ કરવાનું રહેતું નથી. કચ્છી બોલીમાં કહેવતોનો ખજાનો ભરેલો છે જેનું પુસ્તક પણ પ્રકાશિત થઈ ગયું છે. તેમાંથી કેટલીક અતિ ઉપયોગી કહેવતો જોઈએ જેના ઉપરથી આપણને કચ્છીઓમાં કેવી આગાહી સૂચક, માનવીય સ્થિતિ સૂચક કહેવતો છે તેનો ખ્યાલ આવે છે.

**કચ્છી કહેવતો :**

(૧) ખા, ખા ! ધી નાંય ! પેર, પેર ! નો નોય !

ખા, ખા દીકરી નથી, પહેર, પહેર, પુત્રવધૂ નથી.

(એક બાઈ બીજી બાઈને કહે છે. હમણાં તારે દીકરી નથી ત્યાં સુધી જે કંઈ ખાવું હોય તે ખાઈ લે, દીકરી થયા પછી એવું ખાઈ શકાશે નહિ અને પુત્રવધૂ નથી ત્યાં સુધી જે કંઈ પહેરવું હોય તે પહેરી લે. પુત્રવધૂ આવ્યા પછી નહિ પહેરી શકાય. કારણ કે પહેલો હક્ક તેનો થશે.)

(૨) ખીર મેં ખન, ને છાય મેં મીંઠો

(દૂધમાં ખાંડ અને છાશમાં મીઠું) (સૌને એમની લાયકાત પ્રમાણે મળે છે.)

(૩) ખેતર તંડો ખરે ને, ને અરે તડો ઘરે ને.

- ખેતરે તેવું ખળે નહી અને મળે તેવું ઘેર નહિ.

(ખેતરના ઢગલામાંથી ખેડૂત જે આપે તે ઘણી ઉદારતાથી આપે, ખેતરમાંથી માત્ર ખળામાં આપે ત્યારે એ ઉદારતા ઓછી થઈ જાય અને ખળામાંથી દાણા ઘેર આવે ત્યારે ખેડૂતનો હાથ વધુ સંકુચિત થઈ જાય.)

- કંકુ- ચોખા ચોટી હવા

- કંકુ ચોખા ચોંટી ગયા, લગ્ન નક્કી થઈ ગયાં.

- કચ્છી જી ગાર ને કુવાડે જી માર,

(કચ્છીની ગાળ કુહાડાના ઘા જેવી)

- નૈ ગાલ નો ડીં, તાણે મેડે તેરો ડીં, મારે કુટે મેણું ડી.

- નવી વાત નવ દિવસ, તાણી ખેંચીને તેર દિવસ

મારી કુટીને મહિનો દિવસ, પછી ભુલાઈ જાય.

- અગાડ જો આડંગ, પછાડ જોવા,

ચોધલ ચેતા, ડુકાર જા ભા.

આગલા પહોરે વાદળાનાં ડોળ અને પાછલા પહોરે પવન; લોકવાણી કહે એ દુષ્કાળના ભાઈ છે.

- મૃગસર ન વાયા વાયરા, આદ્રા ન વઠા મીં,

જોબન ન જાયો બેટડો, ત્રાંય હાર્યા તીં,

મૃગસરમાં વાયુ ન વાય, આદ્રામાં મેહ ન વરસે,

જોબનમાં પુત્ર ન જન્મે તો ત્રણે હારી ગયા.

- એક નિમ ને બાર, વડ-પિયર ને જુઆર,

પણ ને કણે ડુમરો, ત હારી બિજ મ હાર.

આકડા અને લીમડા સારા ફાલે તો બાજરો વાવજે, વડ પીપળા સારા ફાલે તો જુવાર વાવજે, પણ જો ડુમરો ન ફાલે, તો ખેડૂત તું બીજ વાવતો મા !

**કોળીઓની કેટલીક ખાસીયતો**

(૧) કોળીઓ કુટુંબ નિયોજનમાં માનતા નથી. તેના કારણે કોળીઓમાં કુટુંબ નિયોજનનું પ્રમાણ ઘણું ઓછું છે.

(૨) આખલાને ખસી કરાવતા નથી

કોળીઓ ઘણા અંધશ્રધ્ધાળુ છે. પશુપાલનનો વ્યવસાય કરે છે. પોતે ગાય પાળે છે અને ખેતી પણ ખૂબ સારી કરે છે, ત્યારે પોતાની ગાયના વાછરડાને ખસી કરાવી બળદ બનાવતા નથી પણ પોતાની ગાયના વાછરડાને વેચી દે છે અને વેચાતા બળદ ખરીદે છે. ખસી કરાવવામાં દેવ નડે (નારાજ થાય) તેમ તેઓ માને છે, તેથી કરાવતા નથી.

(૩) માતાજીની બકરી

માતાની બકરીની માનતા માનવામાં આવે છે. આ બકરીને મારી ન શકાય, તેને વેચી ન શકાય, તેના દૂધની છાશ પણ ન કરી શકાય, તેનું દૂધ વેચી પણ ન શકાય, તેનું દૂધ ખાઈ શકાય ખરું. તેનાં જે બચ્ચાં થાય તેને પણ વેચી શકાય નહી. એક કુટુંબ પાસે આવી માતાજીની બકરીઓ ૫૦ મોટી અને ૩૦ નાની એમ કુલ ૮૦ બકરીઓ હતી. આમ માનતાવાળી બકરીઓને ફરજીયાત પાળવી પડે છે તેનો વંશવેલો પણ સાચવી રાખવો પડે છે.

## પ્રકરણ - ૫

## શિક્ષણ

અભ્યાસ માટે પસંદ કરેલ ચાર તાલુકાઓનું પ્રાથમિક શિક્ષણ જોઈએ તો ચારે તાલુકાઓના અનુસુચિત જનજાતિના બાળકોનું શિક્ષણ કેવું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. તે હેતુસર સમગ્ર  તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભણતા અનુસૂચિત જનજાતિના બાળકો, અનુસૂચિ જાતિના બાળકો અને અન્ય બિનપછાત તથા બક્ષીપંચ બાળકોનું શિક્ષણ કેવું છે. તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે. અંજાર તાલુકાની શહેરની અને ખાનગી પ્રાથમિક શાળાઓની સંખ્યા બાકી છે. તાલુકા પંચાયત દ્વારા ચાલતી શાળાઓની માહિતીનો સમાવેશ થાય છે. (શહેરની પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓમાં ભણતા બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

આગળ તાલુકાવાર શિક્ષણ દર્શાવતા કોઠાનું કુલ ટોટલ જોઈએ તો ચાર તાલુકાના ૯૫૯૯૩ બાળકો અભ્યાસ કરતા હતા. જેમાં ૫૯૯૩૯ છોકરા અને ૩૬૦૫૪ છોકરીઓ હતી. જે કુલ સંખ્યાના અનુક્રમે ૬૨.૫૦ ટકા અને ૩૭.૫૦ ટકા થાય છે. કુલ શિક્ષણ લેતા બાળકોમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ નહીંવત જોવા મળે છે.

જાતિવાર શિક્ષણ તપાસીએ તો કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૮૦ ટકા બાળકો અન્ય જાતિના એટલે કે બિનપછાત અને બક્ષીપંચના હતા. જયારે અનુસૂચિત જાતિના ૧૫.૩૪ ટકા અને અનુસૂચિત જનજાતિના ફક્ત ૪.૬૬ ટકા બાળકો જ અભ્યાસ કરતા હતા. એટલે કે ચાર તાલુકાના સમગ્ર ટોટલમાં અનુસુચિત જનજાતિના બાળકોનું પ્રાથમિક શિક્ષણ પ્રમાણ નહીંવત છે. તેની સરખામણીમાં અનુસૂચિત જાતિના બાળકોનું શિક્ષણ વધારે જોવા મળે છે.

તપાસમાં લીધેલ ચાર તાલુકાની કુલ વસતિમાં આદિવાસી શિક્ષણ ૦.૮૬ ટકા અને ચાર તાલુકાની આદિવાસી વસતિમાં ૧૦.૪૧ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. એટલે કે કુલ વસતિમાં એક ટકા જેટલું પણ શિક્ષણ આદિવાસીમાં નથી, જયારે આદિવાસી કુલ વસતિમાં ૧૦  ટકા શિક્ષણ જોવા મળે છે.

તાલુકાવાર વસતિ અને શિક્ષણ જોઈએ તો રાપર અને ભચાઉ તાલુકામાં અનુક્રમે ૧૬.૧૯ ટકા અને ૧૦.૭૯ ટકા કુલ વસતિમાં આદિવાસી વસતિ હતી જે સમગ્ર કચ્છ જિલ્લામાં સૌથી વધારે છે. રાપર તાલુકાની કુલ વસતિમાં આદિવાસી શિક્ષણ જોઈએ તો ૧.૩૩ ટકા અને ભચાઉ તાલુકાની કુલ વસતિમાં

કોઠા નં.૨૩

## તાલુકાવાર શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | કુલ પ્રાથમિક શાળાઓ | અનુસૂચિત જનજાતિ | | અનુસૂચિત જાતિ | | અન્ય બિનપછાત બક્ષી | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | છોકરા | છોકરી | છોકરા | છોકરી | છોકરા | છોકરી | છોકરા | છોકરી | |
| ૧. | રાપર | ૧૪૨ | ૧૪૭૫<br>૧૨.૦૮ | ૩૨૬<br>૭.૧૨ | ૧૨૮૩<br>૧૦.૫૨ | ૩૮૦<br>૮.૩૧ | ૯૪૪૪<br>૭૭.૪૦ | ૩૮૬૮<br>૮૪.૫૭ | ૧૨૨૦૨<br>૭૨.૭૪ | ૪૫૭૪<br>૨૭.૨૬ | ૧૬૭૭૬<br>૧૦૦.૦ |
| ૨. | ભચાઉ | ૧૦૯ | ૮૫૭<br>૮.૪૨૩ | ૧૯૨<br>૬૮ | ૧૦૮૦<br>૧૦.૬૨ | ૩૨૭<br>૬.૨૫ | ૮૨૩૩<br>૮૦.૯૬ | ૪૭૧૨<br>૯૦.૦૭ | ૧૦૧૭૦<br>૬૬.૦૩ | ૫૨૩૧<br>૩૩.૯૭ | ૧૫૪૦૧<br>૧૦૦.૦ |
| ૩. | અંજાર | ૧૧૪ | ૭૪૭<br>૨.૭૬ | ૩૮૩<br>૨.૧૧ | ૬૧૪૪<br>૨૨.૬૬ | ૩૧૦૬<br>૧૭.૧૨ | ૨૦૨૨૬<br>૭૪.૫૮ | ૧૪૬૪૯<br>૮૦.૭૭ | ૨૭૧૧૭<br>૫૯.૯૩ | ૧૮૧૩૮<br>૪૦.૦૭ | ૪૫૨૫૫<br>૧૦૦.૦ |
| ૪. | નખત્રાણા | ૧૩૬ | ૩૩૮<br>૩.૨૩ | ૧૫૦<br>૧.૮૫ | ૧૪૯૦<br>૧૪.૨૬ | ૯૨૩<br>૧૧.૩૭ | ૮૬૨૨<br>૮૨.૫૧ | ૭૦૩૮<br>૭૬.૭૮ | ૧૦૪૫૦<br>૫૬.૩૦ | ૮૧૧૧<br>૪૩.૭૦ | ૧૮૫૬૧<br>૧૦૦.૦ |
| | કુલ<br>ટકા | ૫૦૧ | ૩૪૧૭<br>૫.૭૧ | ૧૦૫૧<br>૨.૯૨ | ૯૯૯૭<br>૧૬.૬૭ | ૪૭૩૬<br>૧૩.૧૩ | ૪૬૫૨૫<br>૭૭.૬૨ | ૩૦૨૬૭<br>૮૩.૯૫ | ૫૯૯૩૯<br>૬૨.૪૪ | ૩૬૦૫૪<br>૩૭.૫૬ | ૯૫૯૯૩<br>૧૦૦.૦ |
| | | | ૪.૬૬ | | ૧૫.૩૪ | | ૮૦.૦૦ | | | | |

આદિવાસીઓમાં શિક્ષણ ૧.૦૪ ટકા જેટલું હતું. જ્યારે બન્ને તાલુકાઓમાં વસતા આદિવાસીઓની કુલ વસતિમાં અનુક્રમે ૮.૨૩ ટકા અને ૯.૯૩ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. જે વસતિના પ્રમાણમાં ઓછું કહી શકાય. તે જ રીતે અંજાર અને નખત્રાણા તાલુકાની વસતિમાં આદિવાસી શિક્ષણ જોઈએ તો કુલ વસતિમાં આદિવાસી શિક્ષણ અનુક્રમે ૦.૬૦ ટકા અને ૦.૪૬ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. જ્યારે કુલ આદિવાસી વસતિમાં અનુક્રમે ૧૫.૦૮ ટકા અને ૧૨.૧૧ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. એનો અર્થ એ થાય કે ઓછી વસતિના કારણે ટકાવારી આંક વધારે જોઈ શકાય છે. આમ છતાં તાલુકામાં શિક્ષણનું પ્રમાણ નહીંવત્ છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. કોઠામાં દર્શાવ્યા પ્રમાણે તાલુકાવાર શિક્ષણ જોઈએ તો રાપર તાલુકાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કુલ બાળકોમાં ૭૨.૭૪ ટકા છોકરા અને ૨૭.૨૬ ટકા છોકરીઓ હતી. એટલે કે માંડ ત્રીસ ટકા શિક્ષણ પણ સ્ત્રીઓ લેતી હતી. જાતિ પ્રમાણે વર્ગીકરણ જોતાં સ્પષ્ટ થાય છે કે કુલ અભ્યાસ કરતાં છોકરા છોકરીઓમાં ૭૭.૪૦ ટકા છોકરાઓ અને ૮૪.૫૭ ટકા છોકરીઓ બિન પછાત જાતિ હતી, એટલે કે મોટાભાગનાં અભ્યાસ કરતાં બાળકો બિનપછાત છે. અનુસૂચિત જનજાતિનું પ્રમાણ જોઈએ તો અભ્યાસ કરતા કુલ છોકરાઓમાં ૧૨.૦૮ ટકા અને છોકરીઓમાં ૭.૧૨ ટકા પ્રમાણ હતું. આ પ્રમાણ વસતિની સરખામણીમાં ઓછું કહી શકાય. જ્યારે અનુસૂચિત જાતિના બાળકોનું શિક્ષણ જોઈએ તો કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૧૦.૫૨ ટકા છોકરા અને ૮.૭૧ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી જે પ્રમાણ પણ ઓછું કહી શકાય. છોકરા કરતાં છોકરીઓમાં શિક્ષણ ઘણું ઓછું જોવા મળે છે. તે જ રીતે ભચાઉ તાલુકાના અભ્યાસ કરતા કુલ બાળકોમાં અન્ય બિનપછાત, બક્ષી પંચના બાળકો ૮૦.૯૬ ટકા છોકરા અને ૯૦.૦૭ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી. અનુસૂચિત જનજાતિના બાળકોનું શિક્ષણ જોઈએ તો કુલ અભ્યાસ કરતા છોકરા છોકરીઓમાં ૮.૪૨ ટકા છોકરા અને ૩.૧૮ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી. આ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તાલુકામાં અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ કેટલું ઓછું છે. અનુસૂચિત જનજાતિના પ્રમાણમાં અનુસૂચિત જાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધુ હતું.

અંજાર તાલુકાનું શિક્ષણ જોઈએ તો તાલુકામાં કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૮૦.૭૭ ટકા છોકરા અને ૫૯.૯૩ ટકા છોકરીઓ અન્ય જાતિના હતા, જ્યારે કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૨.૭૬ ટકા છોકરી અને ૨.૧૧ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી. આ પ્રમાણ પણ ઘણું નહીંવત્ કહી શકાય. તેની સરખામણીમાં ૪૫ અનુસૂચિત જાતિના ૨૨.૬૬ ટકા છોકરા અને ૧૭.૧૨ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી જે અનુસૂચિત જનજાતિ કરતાં પ્રમાણ સારું કહી શકાય.

નખત્રાણા તાલુકાના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા કુલ બાળકોમાં અન્ય જાતિના ૮૨.૫૧ ટકા છોકરી અને ૮૬.૭૮ ટકા છોકરીઓ અભ્યાસ કરતી હતી જેની સરખામણીમાં અનુસૂચિત જનજાતિના કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૩.૨૩ ટકા છોકરા અને ૧.૮૫ ટકા છોકરીઓ જોવા મળી હતી. જેનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય. તેની સરખામણીમાં અનુસુચિત જાતિનાં અભ્યાસ કરતા કુલ બાળકોમાં ૧૪.૨૬ ટકા છોકરાઓ ૧૧.૩૭ ટકા છોકરીઓ અભ્યાસ કરતી જોવા મળી હતી.

સમગ્ર ચાર તાલુકાનું ટોટલ જોઈએ તો અભ્યાસ કરતા કુલ બાળકોમાં ૭૭.૬૨ ટકા છોકરા અને ૮૩.૯૫ ટકા છોકરીઓ અન્ય જાતિની હતી. જયારે ૫.૭૧ ટકા છોકરા અને ફક્ત ૨.૯૨ ટકા છોકરીઓ અનુસૂચિત જનજાતિની હતી. એટલે કે છોકરાઓમાં અને છોકરીઓ બન્નેમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત્ જોવામાં આવ્યું હતું. તેની સરખામણીમાં અનુસૂચિત જાતિના બાળકોનું શિક્ષણ એકંદર ઠીક કહી શકાય. જોકે સમગ્ર શિક્ષણના આંકડા જોતાં તે પ્રમાણ પણ ઓછું કહી શકાય.

ઉપરોક્ત શિક્ષણના આંકડા તાલુકા પંચાયતના રેકડ ઉપરથી મેળવેલા છે. જેના આંકડા રજીસ્ટર સંખ્યા પ્રમાણેના છે. જયારે વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ જોવા મળે છે. અભ્યાસમાં આવરી લીધેલ ચાર ગામોના બાળકોના શિક્ષણના આંકડા લઈએ તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકશે કે ખરેખર બાળકો કેટલા હાજર રહી ભણે છે અને કેટલા નથી ભણતા. વળી અભ્યાસમાં સમાવેશ સો કુટુંબોના સભ્યોમાં શિક્ષણની સ્થિતિ કેવા પ્રકારની છે તે જોતાં કોળીઓમાં શિક્ષણ કેવા પ્રકારનું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં. ૨૪

## શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચત્તર | | નાની ઉંમરના બાળકો | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૪૪ | ૪૯ | ૭ | - | - | - | - | - | ૧૭ | ૨૯ | ૬૮ | ૭૮ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૬૦ | ૫૭ | - | - | - | - | - | - | ૭ | ૧૦ | ૬૭ | ૬૭ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૫૩ | ૪૩ | ૫ | - | - | - | - | - | ૧૬ | ૧૫ | ૭૪ | ૫૮ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૫૯ | ૫૮ | ૪ | - | - | - | - | - | ૬ | ૧૩ | ૬૯ | ૭૧ |
| | કુલ | | ૧૦૦ | ૨૧૬ | ૨૦૭ | ૧૬ | - | - | - | - | - | ૪૬ | ૬૭ | ૨૭૮ | ૨૭૪ |
| | ટકા | | | ૭૭.૬૯ | ૭૫.૫૫ | ૫.૭૬ | | | | | | ૧૬.૫૫ | ૨૪.૪૫ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| | કુલ | | | ૭૬.૬ | | ૨.૯ | | | | | | ૨૦.૫ | | ૧૦૦.૦ | |

કોઠા નં..૨૫

ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચત્તર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૮ | ૩ | ૨ | - | - | - | ૨૦ | ૩ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૧ | ૩ | - | - | - | - | ૧૧ | ૩ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૭ | ૧ | - | - | - | - | ૭ | ૧ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | - | - | - | - | - | - | - | - |
| | કુલ | | ૧૦૦ | ૩૬ | ૭ | ૨ | - | - | - | ૩૮ | ૭ |
| | ટકા | | | ૭.૨૦ | | ૦.૩૩ | | | | ૭.૫૪ | |

ઉપરોક્ત શિક્ષણ દર્શાવતો કોઠો જોતાં જોઈ શકાય છે કે કોળીઓમાં શિક્ષણનું પ્રમાણ કેટલું ઓછું છે. જેમનું ભણતર પુરું થયું છે તેવા સભ્યોનું શિક્ષણ જોઈએ તો કુલ સભ્ય સંખ્યાના ૨.૬૯ ટકા સભ્યોએ ફક્ત પ્રાથમિક શિક્ષણ મેળવેલું છે. તેમાં પણ જોઈ શકાય છે કે પુરુષોએ જ શિક્ષણ મેળવ્યું છે. સ્ત્રીઓએ તો પ્રાથમિક શિક્ષણ મેળવ્યું નથી. વળી પ્રાથમિકથી આગળ એક પણ વ્યક્તિ ભણેલી નથી.

કુલ સભ્ય સંખ્યામાં ૭૦.૮૫ ટકા સભ્યો તો અભણ છે. જેમાં પુરુષો ૭૭.૬૯ ટકા અને સ્ત્રીઓ ૭૫.૫૫ ટકા એટલે કે તપાસમાં લીધેલ સો કુટુંબોમાં બીલકુલ નાના કે જે સ્કૂલે જઈ શકે નહીં તેવાની સંખ્યા જે ૧૮.૯૩ ટકા છે. તે બાદ કરીએ તો પણ ઘણી મોટી સંખ્યામાં સભ્યો અભણ છે તે જોઈ શકાય છે. એટલે કે કોળીઓમાં શિક્ષણ નહીંવત્ છે અને સ્ત્રી કેળવણી તો બીલકુલ નથી તેમ કહી શકાય. તે જ રીતે ચાલુ અભ્યાસ કરતા છોકરા છોકરીઓની શિક્ષણની સ્થિતિ કોઠા દ્વારા જોઈએ તો તપાસમાં લીધેલ કુટુંબોના ૭.૨૦ ટકા પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતા માલુમ પડ્યા હતા. જ્યારે માધ્યમિક ધોરણમાં કુલ સભ્ય સંખ્યાના ૦.૩૩ ટકા આમ કુલ સભ્ય સંખ્યાના ૭.૫૪ ટકા કુમાર કન્યાઓ ચાલુ અભ્યાસ કરતા માલુમ પડ્યા હતા. એટલે કે ચાલુ અભ્યાસ હોય તેમાં છોકરાની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. પ્રાથમિકમાં ૩૬ છોકરા અને ૭ છોકરીઓ અભ્યાસ કરતી હતી. જ્યારે માધ્યમિકમાં ૨ છોકરા અભ્યાસ કરતા હતા. તાલુકાવાર સ્થિતિ જોઈએ તો આટલા ઓછા શિક્ષણમાં પણ રાપર અને ભચાઉ તાલુકાનું શિક્ષણ સારું હતું. જ્યાં સંપૂર્ણ કોળી જાતિના કુટુંબોનો વસવાટ હતો. જો કે આ પ્રમાણ ઘણું ઓછું કહી શકાય તેમ છતાં બીજા બે તાલુકાની સરખામણીએ સારું કહી શકાય.

તે જ રીતે અંજાર શહેર હોવા છતાં અને ત્યાં ભણવાની સુવિધા હોવા છતાં બાળકો નિશાળે ન જતાં અન્ય ધંધા પાછળ રોકાઈ રહે છે. જેનું પ્રમાણ જોઈએ તો અંજાર સીટીમાં ફક્ત ૭ છોકરા અને ૧ છોકરી પ્રાથમિકમાં અભ્યાસ કરતા જોવા મળ્યા હતા.

જ્યારે કોટડા જડોદર ગામ જે નખત્રાણા તાલુકાનું ગામ છે ત્યાં અન્ય વસતિ સાથે કોળીઓનો વસવાટ છે. આ ગામમાં બાલમંદિરથી હાઈસ્કૂલ સુધી ભણવાની વ્યવસ્થા ગામમાં છે. આમ છતાં એક પણ બાળક સ્કૂલે જતો હોય તેવું જાણવા મળ્યું નથી. તપાસમાં લીધેલ કુટુંબોમાંથી એકાદ બે છોકરાના નામ રજીસ્ટરમાં છે તેમ જાણવા મળ્યું હતું. બાળકો નિશાળે જતા ન હતા. જોકે તાલુકા પંચાયતના રેકર્ડમાં જોતાં ૧૨ કુમાર અને ૫૨ કન્યા પ્રાથમિક શાળામાં ભણે છે પણ વાસ્તવિક તપાસ કરતાં એક પણ બાળક શકાળામાં જતા ન હતા. હવે તપાસ કરેલ ગામોમાં સંપૂર્ણ કોળી વસતિ ધરાવતા બે ગામોની તથા અંજાર શહેરની પ્રાથમિક શાળાની માહિતી જોઈએ.

ગામ : માનગઢ, તા. રાપર :

## માનગઢ પ્રાથમિક શાળા

## ૧ શિક્ષકની શાળા ૧ થી ધોરણ ૭

**રજીસ્ટર સંખ્યા**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૫ | ૮ | ૩૩ |
| ૨ | ૧૧ | ૭ | ૧૮ |
| ૩ | ૩ | ૧ | ૪ |
| ૪ | ૨ | - | ૨ |
| ૫ | ૨ | - | ૨ |
| ૬ | ૨ | ૧ | ૩ |
| ૭ | ૫ | - | ૫ |
| કુલ | ૫૦ | ૧૭ | ૬૭ |

(૧) ગામમાં બાલવાડી, આંગણવાડી નથી.

(૨) વેકેશન પહેલાં મધ્યાહન ભોજન ચાલુ હતું, તપાસ સમયે બંધ હતું.

(૩) મુલાકાત દરમ્યાન ૧ થી ૭ ધોરણના કુલ ૬૭ બાળકોમાંથી ૧૨ બાળકો હાજર હતાં.

માનગઢ ગામની કુલ વસતિ ૬૨૨ પુરુષ સ્ત્રીઓની છે. તપાસમાં લીધેલ ૨૫ કુટુંબોમાં ૭ થી ૧૪ વર્ષના ૪૧ બાળકો છે. જ્યારે ૧ થી ૬ વર્ષમાં આવતા ૪૮ બાળકો છે. જે કુલ સંખ્યા ૮૯ બાળકોની છે. જોકે સ્કૂલ ન જઈ શકે તેવા બાળકો ન ગણીએ તો પણ સ્કૂલે આવતી આ સંખ્યા ઘણી ઓછી કહી શકાય. ૧૨૯ ઘરોની વસતિ ધરાવતું આ ગામ સંપૂર્ણ કોળી વસતિ ધરાવે છે. ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા છે. જેમાં એક શિક્ષક કામ કરે છે. પ્રાથમિક શાળા મૂળ માનગઢ ગામમાં એક જ ઓરડાવાળી છે. મારી મુલાકાત દરમ્યાન ૧ થી ૭ ધોરણના કુલ ૬૭ બાળકો છે. જેમાં ૧૨ બાળકોની હાજર સંખ્યા હતી. આમ દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિ, બહારગામ મજૂરી માટે ગયેલ કુટુંબો તેમજ દૂરના ફળિયાના બાળકોને આવવાની મુશ્કેલી વગેરે કારણોને લીધે સ્કૂલમાં પ્રાથમિક શાળામાં બાળકોની સંખ્યા ઓછી હશે તેમ

જાણવા મળ્યું. આમ છતાં ગામમાં પણ શિક્ષણનું પ્રમાણ નહીંવત્ હોવાથી બાળકોને શિક્ષણ ન આપતાં કામે લગાડવામાં આવે છે. આ સિવાય ગામમાં બાલવાડી કે આંગણવાડીની સુવિધા નથી. વળી મધ્યાહન ભોજન યોજના ચાલતી હતી તે પણ દિવાળી વેકેશન પછી બંધ છે. આમ કોળી વસતિ ધરાવતા આ ગામોમાં શિક્ષણની વ્યવસ્થાના અભાવના કારણે બાળકો નિશાળે જતા નથી.

**ગામ : રાજણસર, તા. ભચાઉ**

રાજણસર પ્રાથમિક શાળા, ૧ થી ૬ ધોરણની શાળા, એક શિક્ષક, એક ઓરડાની શાળા, રજીસ્ટર સંખ્યા ૪૨ વિદ્યાર્થીઓ હાજર સંખ્યા બે. બન્ને બાળકો ત્રીજા ધોરણમાં હતા. બાળકો રમતા હતા. શિક્ષક હાજર ન હતા. ધોરણવાર સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૫ | ૫ | ૧૦ |
| ૨ | ૩ | ૯ | ૧૨ |
| ૩ | ૭ | ૨ | ૯ |
| ૪ | ૭ | ૦ | ૭ |
| ૫ | ૩ | ૦ | ૩ |
| ૬ | ૭ | ૦ | ૧ |
| **કુલ** | **૨૬** | **૧૬** | **૪૨** |

અભ્યાસમાં આવરી લીધેલ ભચાઉ તાલુકાના રાજણસર ગામ સંપૂર્ણ કોળી વસતિ ધરાવતું ગામ હતું. જ્યાં ઉપર દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણિક સ્થિતિ જોવા મળી હતી. ગામની કુલ વસતિ ૨૧૨ પુરુષ સ્ત્રીઓની છે. જેમાં ૧૦૯ પુરુષો અને ૧૦૩ સ્ત્રીઓ છે. તપાસમાં લીધેલ ૨૫ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૧૪૮ ની હતી. જેમાં ૭૮ પુરુષ અને ૭૦ સ્ત્રીઓ હતી. તપાસમાં લીધેલ કુટુંબોમાં ૭ થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા ૩૧ ની હતી, જયારે ૧ થી ૬ વર્ષના બાળકોની સંખ્યા ૩૪ની હતી. આમ કુલે ૬૫ બાળકોની સંખ્યા જોવા મળી હતી. જે સ્કૂલમાં જવાને લાયક હતા. મોટાભાગના બાળકોનાં નામ રજીસ્ટર ઉપર હતા પણ બાળકો સ્કૂલમાં હાજર રહેતા ન હતા તેનાં કારણો જાણવા મળે છે તે પ્રમાણે (૧) બાળકો સીમમાં (ખેતરમાં) જતા રહે છે. (૨) ઢોર ચરાવવા જાય છે. (૩) નાના બાળકોને સાચવવા ઘરે રહે છે. (૪) મા બાપ ઓછું ધ્યાન આપે છે.

આમ ઉપરોક્ત કારણો સીધે સીધા આર્થિક સ્થિતિ સાથે સંલગ્ન છે. ચાલુ સાલે દુષ્કાળનું વર્ષ ગણીએ તો પણ તેમના ગામનું શિક્ષણ ઘણું જ ઓછું કહી શકાય. મોટી ઉંમરના પુરુષ સ્ત્રીઓ ખેતીકામ, ઘરકામ કે અન્ય મજૂરી કરી શકે તે માટે બાળકોને ઘેર અન્ય કામોમાં રોકી લેવામાં આવે છે. આ પ્રા.શાળાની મુલાકાત દરમ્યાન પણ મધ્યાહન ભોજન યોજના બંધ હતી.

કોઠા નં..૨૬

અંજાર નગર પ્રાથમિક શાળા શિક્ષણ દર્શાવતો કોઠો

| વિગત | કુલ પ્રાથમિક શાળા | અનુ.જનજાતિ | | અનુ.જાતિ | | અન્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| સરકારી | ૧૫ | ૫૩ | ૩૦ | ૨૭૯ | ૧૦૫ | ૨૫૭૯ | ૨૧૩૩ | ૫૧૭૯ |
| ખાનગી | ૮ | - | ૨ | - | - | ૨૬૨ | ૩૦૯ | ૫૭૩ |
| કુલ | ૨૩ | ૫૩ | ૩૨ | ૨૭૯ | ૧૦૫ | ૨૮૪૧ | ૨૪૪૨ | ૫૭૫૨ |
| ટકા | | ૧.૬૬ | ૧.૨૪ | ૮.૮૦ | ૪.૦૭ | ૮૯.૫૪ | ૯૪.૬૯ | |

અંજાર નગરપાલિકાનું શિક્ષણ પ્રમાણ તપાસીએ તો અંજાર શહેરમાં પંદર સરકારી પ્રાથમિક શાળાઓ અને આઠ ખાનગી પ્રાથમિક શાળાઓ મળી કુલ ૨૩ પ્રાથમિક શાળાઓ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકોમાં જોઈએ તો મોટાભાગના બાળકો બિન પછાત જાતિના જોવા મળે છે. એટલે કે લગભગ ૯૦ ટકા બાળકો બિનપછાત જાતિના અભ્યાસ કરે છે. વર્ગીકરણ જોઈએ તો કુલ અભ્યાસ કરતા કુમારોમાં ૮૯.૫૪ ટકા અન્ય જાતિના હતા જેમાં બિનપછાત બક્ષીપંચના બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે અનુસૂચિત જાતિના કુલ કુમારોમાં ફક્ત ૮.૮૦ ટકા અને અનુસૂચિત જનજાતિના તો ફક્ત ૧.૧૬ ટકા જેટલા જ કુમારો અભ્યાસ કરતા હતા. તેમાં પણ કચ્છની આદિવાસીમાં ગણવામાં આવેલ વાઘરી, પારઘી અને કોળી આમ ત્રણે જાતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરથી જોઈ શકાય છે કે શહેરમાં વસતા હોવા છતાં શિક્ષણનું પ્રમાણ કેટલું નહીંવત્ છે. તે જ રીતે કન્યાઓનું શિક્ષણ જોઈએ તો કુલ અભ્યાસ કરતી કન્યાઓમાં ૯૪.૬૯ ટકા કન્યાઓ બિન પછાત વર્ગની હતી, જ્યારે ફક્ત ૫ ટકા કન્યાઓ જ અનુસૂચિત જાતિ અને જનજાતિની એમ બન્ને મળી હતી. તેમાં અનુસૂચિત જાતિની કન્યાઓ ફક્ત ૪.૦૦ ટકા અને અનુસૂચિત જનજાતિની કન્યાઓ ૧.૨૪ ટકા એટલે કે નહીંવત પ્રમાણ જોવા મળે છે.

આમ ઉપરોક્ત શિક્ષણ દર્શાવતો કોઠો જોતાં સમગ્ર અંજાર શહેરના પ્રાથમિક શિક્ષણનો ખ્યાલ આવે છે. શહેરમાં વસતા હોવા છતાં કોળીઓમાં શિક્ષણ નથી, કારણ કે તેમનો વસવાટ શહેરથી દૂર, આર્થિક સ્થિતિ નબળી વગેરે પરિબળોને કારણે બાળકો પ્રાથમિક શિક્ષણ પણ મેળવી શકતા નથી.

**શિક્ષણ**

**ગામ : કોટડા જડોદરા, તા. નખત્રાણા**

આ ગામના કોળીઓમાં શિક્ષણનું પ્રમાણ નથી. ફક્ત એક કોળીભાઈ ૨ ધોરણ સુધી ભણેલા છે. બાકી કોઈ ભણેલું નથી. હાલમાં થોડા બાળકોનાં નામ સ્કૂલમાં છે; પણ બાળકો સ્કૂલમાં જતા નથી. તેમના જણાવ્યા પ્રમાણે કપડાં સારાં હોય તો જ સ્કૂલમાં બેસવા દે છે. ન હોય તો પાછા ઘરે મોકલે છે. બાલવાડીમાં કોઈ જતું નથી.

આ વિસ્તારના કોળીઓને અસ્પૃશ્ય ગણતા. અત્યારે તેવું વલણ રાખતા નથી. અગાઉ તો સ્કૂલમાં પણ બહાર બેસવું પડતું. ગુંદરને પાણી નાખી લેવામાં આવતું. હાલમાં આ બધું થતું નથી પણ પછાત તરીકે ગણવામાં આવે છે.

## પ્રકરણ - ૬

# મળેલા લાભો અને જરૂરિયાતો

કચ્છના કોળી આદિવાસીઓને સરકારી લાભો કેવા કેટલા પ્રમાણમાં મળ્યા હતા તેમજ શેની જરૂરિયાત છે તે જાણવા માટે તપાસમાં લીધેલ કુટુંબોને પ્રશ્નો પૂછયા હતા. પસંદ કરવામાં આવેલ ગામોમાં જુદી જુદી સરકારી યોજનાઓ દ્વારા કોને કેવા લાભો મળ્યા હતા તેની માહિતી તાલુકા પંચાયત ઓફીસેથી મેળવી હતી. રાપર તાલુકાના માનગઢ ગામે ૧૯૮૪-૮૫ માં ત્રણ કુટુંબોને લાભો મળ્યા હતા. જેમાં એક બળદગાડું અને બે કુટુંબોને ભેંસ મળી હતી. આમ સમગ્ર માનગઢ ગામમાં આઈ.આર.ડી.પી. દ્વારા ત્રણ લાભાર્થીઓને લાભ મળ્યો હતો.

તે જ રીતે ભચાઉ તાલુકાના રાજણસર ગામના કોળી કુટુંબોને ૧૯૮૪-૮૫ના વર્ષે કોઈ લાભ મળેલ નથી તે જ રીતે અંજાર સીટીમાં વસતા કોળીઓને પણ ૧૯૮૪-૮૫માં કોઈ લાભ મળેલ નથી. જ્યારે નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ગામે ૧૯૮૩-૮૪માં એક આદિવાસી કુટુંબને ઊંટગાડીની સહાય મળેલી છે. આ સિવાય કંઈ લાભ મળેલ નથી. જમીન વિહોણા ૬ કુટુંબોને મફત ઘરથાળના પ્લોટ મળેલા છે જેમના ઘરો ગામથી એક કિલોમીટર દૂર છે. કેટલાંક ઘર પડી ગયા છે જેથી સમારકામ કરાવવાની જરૂર છે. બાકીના કુટુંબોને પ્લોટ પણ મળેલ નથી.

આમ તપાસમાં લીધેલ ગામોમાં આદિવાસીઓને કેટલો લાભ મળ્યો છે. તે જોતાં નહીંવત લાભો મળેલા જોવા મળ્યા હતા. કેટલાક ગામોમાં તો લાભો મળ્યાં પણ નથી. ગામોની અન્ય જાતિની સરખામણીમાં આદિવાસીઓને લાભ મળ્યો નથી. કોટડા જડોદર ગામના કુટુંબોને મળેલી મદદ જોઈએ તો સ્પષ્ટ ખ્યાલ આવશે.

### ૧૯૮૪-૮૫

| ક્રમ | લાભાર્થીના નામ | લાભાર્થી | લોન | સબસીડી |
|---|---|---|---|---|
| ૧. | શ્રી નાગોર નૂરમહમદ ઈસ્માઈલ | ઊંટગાડી | ૪૬૬૭ | ૨૩૩૩ |
| ૨. | શ્રી સેમજી સભલા | ભેંસ | ૨૦૦૦ | ૧૦૦૦ |
| ૩. | શ્રી નર્મદાબેન મુળજી પટેલ | ભેંસ | ૨૦૦૦ | ૧૦૦૦ |
| ૪. | શ્રી કકુલાલજી હરિજન | ભેંસ | ૨૦૦૦ | ૧૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | શ્રી દાનાભાઈ ફતાભાઈ હરિજન | ઊંટગાડી | ૪૬૮૨ | ૨૩૧૮ |
| ૬. | શ્રી ડાહ્યા મેયાભાઈ હરિજન | ઊંટગાડી | ૪૬૮૫ | ૨૩૧૫ |
| ૭. | શ્રી લાલજીભાઈ માંકણભાઈ પટેલ | ભેંસ | ૨૦૦૦ | ૧૦૦૦ |
| ૮. | શ્રી બાડીયા જીવરાજ | ભેંસ | ૨૦૦૦ | ૧૦૦૦ |
| ૯. | શ્રી જમનાદાસ સુંદર કોઠારી | પીપરમેન્ટ અને બીસ્કીટના ધંધા માટે | ૬૬૭ | ૩૩૩ |
| ૧૦. | શ્રી અરજણ ડાહ્યા પટેલ | નવો કૂવો | ૧૧૦૦૦ | ૪૦૦૦ |

ઉપરોક્ત નામો જોતાં ૧૯૮૪-૮૫ના વર્ષે એકપણ આદિવાસીને સરકારશ્રી તરફથી કોઈ લાભ મળતા નથી. અંજાર તાલુકા દ્વારા ડિસેમ્બર ૧૯૮૫ સુધી ત્રણ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ૬૭૫૦ લોન અને ૬૭૫૦ સબસીડી આપી હતી. તેમાં એક કોળી કુટુંબ જેમનું ગામ ખારાપસવારી છે તેમને એક એકા ગાડી માટે મદદ કરી હતી. બીજા રાણપાદર ગામના વાઘરી ભાઈને ગાય ખરીદવા મદદ કરી હતી. તરીજા રત્નાર ગામનો વાઘરી ભાઈને એર કોર્પોરેશન ખરીદવા મદદ કરી હતી. આમ ત્રણમાં બે વાઘરી અને એક એક કોળી ભાઈને મદદ મળેલી જોવા મળી હતી.

તપાસમાં લીધેલ સો કુટુંબોને ખેતી વિષયક કેવા લાભો મળેલા હતા તેમજ તેમની જરૂરિયાતો કેવા પ્રકારની છે તે કોઠા દ્વારા સમજીએ.

કોઠા નં. ૨૮

## સરકારી લાભો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | જમીન સંરક્ષણ | | સિંચાઈ | | હા તો કેવો કૂવો | કિટ્સનો લાભ | | | સીંગ | જુવાર બાજરો | દૂધાળાં ઢોર | | 'હા' તો શું | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | | હા | ના | દિવેલા | | | હા | ના | ભેંસ | ગાય |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | - | ૨૦ | - | ૨૦ | - | - | ૨૦ | - | - | - | ૧ | ૨૪ | ૧ | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | - | ૧૬ | ૧ | ૧૫ | ૧ | ૧ | ૧૫ | ૧ | ૧ | - | - | ૨૫ | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | - | ૧ | - | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૨૫ | - | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | - | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | ૨૫ | - | - |
| | કુલ | | | | ૩૮ | ૧ | ૩૭ | ૧ | ૩ | ૩૫ | ૧ | ૨ | ૧ | ૧ | ૯૯ | ૧ | - |

અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોમાં ૩૮ કુટુંબો ખેતીની જમીન ધરાવતા હતા. તેમને સરકાર તરફથી ચાલતી વિકાસલક્ષી યોજના દ્વારા તેમને કંઈ મળ્યું છે કે નહીં તે પૂછતાં કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૩૮ કુટુંબોમાંથી એક પણ કુટુંબને જમીન સંરક્ષણનો લાભ મળેલ નથી. સિંચાઈ માટે જે કુવા બનાવી આપવા, જુના કુવા રિપેરીંગ તથા ઊંડા કરવા માટે જે લાભ મળે છે તેમાં ભચાઉ તાલુકાના રાજણસર ગામના એક કુટુંબને કૂવો બનાવવા માટે સહાય મળેલી છે. બાકીના કોઈને સિંચાઈ માટે લાભ મળેલ નથી. સઘન ખેતી માટે ગ્રામસેવક દ્વારા જે સુધરેલ બિયારણ તથા કિટ્સ આપવામાં આવે છે તેમાં જમીન ધરાવતા ૩૮ કુટુંબોમાં ફક્ત ત્રણ કુટુંબોને મળેલ છે તેમાં એક કુટુંબને સુધરેલ દિવેલા, બે કુટુંબને સીંગ અને એક કુટુંબને જુવાર, બાજરાનું બિયારણ મળેલ છે. શ્વેત ક્રાંતિ લાવવા માટે દૂધાળા ઢોર આપવાની યોજનામાં અભ્યાસમાં લીધેલ રાપર તાલુકાના માનગઢ ગામના એક કુટુંબને ભેંસ મળેલી છે. બાકીના નવાણું કુટુંબોને દૂધાળા ઢોર ખરીદવા લાભ મળેલ નથી. આમ સમગ્ર કોઠો જોઈએ તો અભ્યાસમાં લીધેલ સો કુટુંબો પૈકી વધારેમાં વધારે ત્રણ કુટુંબોને બિયારણ કીટ્સ મળેલ છે. આ સિવાય જે લાભો દર્શાવ્યા છે તેનું પ્રમાણ નહીંવત્ છે તે સ્પષ્ટ દેખાય છે. સમગ્ર ગામનો ચિતાર આગળ જોયો તેમ માંડ એક-બે ને મદદ મળેલી છે એટલે કે ઘણા ઓછા લાભો મળ્યા છે.

કોઠા નં. ૨૯

## નવો ધંધો કરવા ઈચ્છતા કુટુંબો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ધંધો કરવા ઈચ્છતાં કુટુંબો | ખેતીમાં વિકાસ (ખેતી) | પશુ-પાલન | દળવા ની ઘંટી | કરિયાણા ની દુકાન | શાકભાજી ની દુકાન | દૂધ ડેરી | મીઠાના અગર | કોલસા બનાવ-વાનો | ઊંટલારી ફેરવવાનો | જંગલ પેદાશ વેચવાનો | રીક્ષા | રેંકડી | બારદાન સીવવાનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૬ | ૨ | - | ૧ | ૨ | - | ૧ | - | - | - | - | - | - | - |
| ૩. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૪ | ૧ | ૭ | - | - | - | - | ૧૦ | ૬ | - | - | - | - | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨૫ | - | - | ૧ | ૪ | ૩ | - | - | ૩ | - | - | ૩ | ૭ | ૪ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૨૧ | ૯ | ૬ | - | ૧ | - | - | - | - | ૪ | ૧ | - | - | - |
| | કુલ | | ૧૦૦ | ૭૬ | ૧૨ | ૧૩ | ૨ | ૭ | ૩ | ૧ | ૧૦ | ૯ | ૪ | ૧ | ૩ | ૭ | ૪ |

## કોઠા નં.૩૦

### ધંધા માટે જોઈતી મદદ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | તાલીમ | સાધનો | નાણાં |
|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૩ | ૬ | ૩ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨ | ૨૩ | ૨૨ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨ | ૨૨ | ૨૩ |
| ૪. | નખત્રાણા | કોટડા જડોદર | ૨૫ | અ | ૧૭ | ૨૧ |
| | કુલ | | ૧૦૦ | ૭ | ૬૮ | ૬૯ |

અગાઉના કોઠા દ્વારા સરકારી યોજનામાં કેવા લાભો મળ્યા છે તે જોયું. હવે અભ્યાસમાં સમાવેલ કુટુંબોને કેવા પ્રકારની જરૂરિયાતો છે તે જોઈએ. કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૭૬ કુટુંબો નવો ધંધો કરવા ઈચ્છતા હતા. તેમાં પશુપાલન અને ખેતી તથા ખેતી વિકાસ માટે સૌથી વધારે ઈચ્છા દર્શાવી હતી. ખેતી માટે બાર કુટુંબોએ ઈચ્છા દર્શાવી જેમાં માનગઢના બે અને ભચાઉનું એક કુટુંબ હતું, જયારે કોટડા જડોદર ગામના ૯ કુટુંબો હતા. જે ખેતી કરવા માગતા હતા, કારણ કે તેમની પાસે બીલકુલ જમીનો ન હતી અને તેઓ મજૂરી ઉપર આધારિત હતા. પશુપાલન કરવા ઈચ્છતા હોય તેવા ભચાઉ તાલુકાના રાજણસર ગામના ૭ કુટુંબો અને નખત્રણા તાલુકાના ૬ કુટુંબો હતા. રાજણસરના કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. તેમને પશુપાલન માટે સહાય મળે તો તે કરવા તેઓ તૈયાર છે. કોટડા જડોદર ગામના કુટુંબો પાસે જમીન કે પશુ ન હતાં. જેથી તેમને નવા વ્યવસાય તરીકે માગણી કરી છે. ગામમાં લોટ દળવાની ઘંટીની જરૂરિયાત હોવાને કારણે માનગઢ અને કોટડા જડોદર ગામના બે કુટુંબોએ માગણી કરેલી છે. કરિયાણાની દુકાનનો વ્યવસાય કરવા માટે ૭ કુટુંબોએ ઈચ્છા દર્શાવી છે. જેમાં બે માનગઢના, ચાર અંજાર સીટીના અને એક કોટડા જડોદર ગામના કુટુંબોનો સમાવેશ થાય છે. શાકભાજીની દુકાન માટે અંજાર સીટીના ત્રણ કુટુંબોએ માગણી કરી છે ત્યાં શહેર વિસ્તાર હોવાથી કરી શકાય તેમ છે. પશુપાલનનો વ્યવસાય થઈ શકે તેમ હોવાથી માનગઢ ગામના એક કુટુંબે દૂધની ડેરીના ધંધાની ઈચ્છા દર્શાવી છે. કોળીઓ ઘણા મોટાભાગનો સમય મીઠાના અગરમાં કામ કરતા હોય છે ત્યાં તેમનું શોષણ થાય છે અને યોગ્ય વળતર મળતું નથી. વળી

સંપૂર્ણ આવડત ધરાવતા આ કોળીઓને યોગ્ય મદદ મળે તો સ્વતંત્ર વ્યવસાય કરી શકે તેમ છે. રાજણસર ગામના ૧૦ કુટુંબોએ મીઠાના અગરો બનાવી નવો ધંધો કરવાની ઈચ્છા દર્શાવી છે. કચ્છ રણ પ્રદેશ, રેતાળ અને ખારા પટ્ટવાળી જમીનમાં ગાંડા બાવળ (વિજય બાવળ) પુષ્કળ પ્રમાણમાં થાય છે. આને કારણે કોલસા બનાવાનો વ્યવસ્થિત ધંધો કરે તો સારો વિકાસ થઈ શકે તેમ છે. રાજણસર ગામના ૬ અને અંજાર સીટીના ૩ એમ નવ કુટુંબોએ કોલસા બનાવવાનો વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી છે. ઊંટલારી ફેરવી ભાડા કરવા માટે કોટડા જડોદર ગામના ચાર કુટુંબોએ ઈચ્છા દર્શાવી છે. જંગલ પેદાશ એકઠી કરી તેનો સંગ્રહ કરી વેચવાની તૈયારી પણ આ જ ગામના એક કુટુંબની માગણી છે, કારણ કે અહીંના કોળીઓ જંગલ પેદાશ ખૂબ સારા પ્રમાણમાં એકઠી કરી  વેચે છે. અંજાર સીટીમાં વસવાટ કરતા કોળી કુટુંબોમાંથી ૩ કુટુંબોએ રીક્ષાની માગણી કરી છે. સાથે સાથે સાત કુટુંબો એવા છે જેઓ હાથ મજૂરી કરવા માટે પોતાનું કોઈ સાધન ઈચ્છે છે તે માટે તેમણે રેંકડીની માગણી કરી છે. અંજાર શહેરમાં એક ધંધો ખૂબ સારો ચાલે છે અને તે બારદાન સીવવાનો. આવા બારદાન બનાવવાનો વ્યવસાય કરવા ઈચ્છતાં ૪ કુટુંબો હતા. આમ સમગ્ર કોઠાનું તારણ જોઈએ તો કોળીઓના વ્યવસાયની જે માગણી છે તે પોતાના વિસ્તાર અને ગામને અનુકૂળ ખાસ જરૂરિયાતવાળા અને  પોતે કરી શકે તેવા ધંધાઓની માગણી કરેલી છે. જે દરેકને ધંધા માટે યોગ્ય સહાય અને માર્ગદર્શન મળી રહે તો ખૂબ સારી રીતે કરી શકે તેમ છે. હવે આ ધંધો કરવા માટે ધંધા કરવા ઈચ્છતા કુટુંબછને શાની જરૂરિયાત છે તે જોઈએ તો ફક્ત ૭ કુટુંબો એવા હતા જેમને સાધનોની જરૂરિયાત હતી અને ૬૯ કુટુંબો એવાં હતાં જેઓ નાણાના અભાવે ધંધો કરી શકતા ન હતા. આમ મોટાભાગના કુટુંબોને સાધન અને નાણાની જરૂરિયાત હતી તે મળે તો વ્યવસાય કરી શકે તેમ હતા.

**કોઠા નં.૩૧**

**જરૂરિયાત દર્શાવતો કોઠો (ઘરથાળના પ્લોટ)**

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ઘરથાળનો પ્લોટ મળેલ કુટુંબ | નવા પ્લોટની જરૂરિયાત | પ્લોટમાં મકાન બનાવ્યું છે | મકાનનું સમારકામ કરાવ્યું છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧ | ૧૫ | ૧ | ૭ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | - | ૨૫ | - | ૨૫ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | - | ૨૫ | - | ૧૯ |
| ૪. | નખત્રાણા | કોટડા જડોદર | ૨૫ | ૮ | ૧૭ | ૬ | ૨૧ |
| | કુલ | | ૧૦૦ | ૯ | ૮૨ | ૭ | ૭૨ |

ઘરથાળના પ્લોટ મળેલા છે તે અને જરૂરિયાતવાળા કુટુંબોનો કોઠો જોઈએ તો જમીનવિહોણા કુટુંબોને જે મફત ઘરથાળના પ્લોટ મળે છે તે યોજના હેઠળ ૯ કુટુંબોને મળેલ છે. તેમાં ૧ કુટુંબ માનગઢનું અને ૮ કુટુંબો કોટડા જડોદર ગામના છે. જોકે તેમાં છ કુટુંબોએ જ મકાન બનાવ્યા છે. જેમને ઘર માટે પ્લોટની જરૂરિયાત છે તેવાં ૮૨ કુટુંબો હતાં જેમાં અંજાર શહેર અને રાજણસર ગામનાં બધાં જ કુટુંબોને પ્લોટની જરૂરિયાત છે. જયારે માનગઢના પંદર અને કોટડા જડોદરા ગામના બાકીના ૧૭ કુટુંબોને જરૂરિયાત છે. સાત કુટુંબોએ પ્લોટમાં મકાન બનાવ્યું હતું. બે કુટુંબોએ બનાવ્યું ન હતું. પોતાનું મકાન સમારકામ કરાવવું હોય તેવાં ૭૨ કુટુંબો હતાં, એટલે કે મોટાભાગના કુટુંબોના મકાનો ખૂબ જૂના થઈ ગયેલા જેનો ખાપડો પણ બદલાવી ન શકતા હોવાને કારણે સમારકામની જરૂરિયાત દર્શાવી હતી.

કોઠા નં.૩૨

શૈક્ષણિક લાભો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | બાળકો નિશાળે જાય છે ? | | 'ના' તો કારણ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | બહારગામ મજૂરી | બાળકો સાચવવા ઘરે | ખેતી કામમાં મદદ | આર્થિક સ્થિતિ નબળી | બાળકો નાના છે |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૦ | ૧૫ | ૧ | ૧ | - | - | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૮ | ૧૭ | - | - | ૧ | ૪ | ૩ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૬ | ૧૯ | - | - | - | ૩ | ૩ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | - | ૨૫ | - | - | - | ૨૫ | અ |
| | કુલ | | ૧૦૦ | ૨૪ | ૭૬ | ૧ | ૧ | ૧ | ૩૨ | ૬ |

કોઠા નં.૩૨ (ચાલુ)

શૈક્ષણિક લાભો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | શિક્ષણ યોજનાનો લાભ મળે છે ? | | 'હા' તો શું લાભ મળે છે ? | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | સ્કોલરશીપ | ગણવેશ | પુસ્તક | મધ્યાહન ભોજન | હાલમાંબંધછે. (મધ્યાહનભોજનયોજના) |
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૯ | ૧ | ૫ | - | - | ૭ | ✓ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૮ | - | ૩ | ૧ | - | ૮ | ✓ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૨ | ૪ | ૧ | ૨ | ૨ | ૬ | |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | - | - | - | - | - | - | |
| | કુલ | | ૧૦૦ | ૧૯ | ૫ | ૯ | ૩ | ૨ | ૨૧ | ૨ |

અભ્યાસમાં આવરી લીધેલ ચાર તાલુકાના સો કુટુંબોના બાળકોને શૈક્ષણિક લાભો કેવા પ્રકારના મળે છે તે તપાસતાં જેમનાં બાળકો નિશાળે જતા હોય તેવાં ૨૪ કુટુંબો હતાં, જયારે ૭૬ કુટુંબો તો એવાં હતાં કે જેમના બાળકો નિશાળે જ જતા ન હતા. બાળકો નિશાળે જતા નથી તો કેમ નથી જતા તેના કારણોમાં બહારગામ મજૂરી જવાના કારણે એક કુટુંબ નથી ભણાવતું, એક કુટુંબે નાના બાળકોને સાચવવાનું કારણ બતાવ્યું. આર્થિક સ્થિતિને કારણે ન જતા હોય તેવાં ૩૨ કુટુંબોના જવાબો હતા. બાળકો નાના છે માટે નથી જતા તેવાં પાંચ કુટુંબો હતાં, જયારે એક કુટુંબ એવું હતું જેને બાળકો ન હતા. આમ ઉપરોક્ત કારણે જોઈએ તો ઘણા ઓછા કુટુંબોએ કારણો દર્શાવ્યા છે. બાકીના કુટુંબોએ જવાબો આપ્યા નથી અથવા તો અમસ્તા એમ જ બાળકો રમ્યા કરે તેવા કારણે આપી જવાબને ટાળ્યા હોય તેમ લાગે છે. મોટાભાગના કુટુંબોના બાળકો એ ઘરકામમાં મદદ, નાના બાળકોને સાચવવા, ઢોર ચરાવવા, મજૂરીમાં મદદ, જંગલ ગૌણ પેદાશ એ કારણ વગેરે કામોમાં વત્તાઓછા પ્રમાણમાં બાળકો કામ કરતા હોય છે. જેને કારણે નિશાળે ન જતાં ઘરે રહે છે. કોટડા જડોદર ગામના કોળીઓના જણાવ્યા પ્રમાણે કપડાં સારા હોય તો જ શાળામાં બેસવા દે નહીં તો બેસવા દેતા નથી. આના કારણે બાળકને નિશાળે જવું હોય તો પણ જતાં નથી. વળી એમની રહેઠાણની જગ્યાનું વાતાવરણ એવા પ્રકારનું હોય છે. જયાં બાળકને શૈક્ષણિક વાતાવરણ મળતું નથી. કારણ કે તેમના વસવાટો સ્કૂલથી દૂર ભૂંગામાં વસવાટ, લાઈટની સગવડનો અભાવ, નિયમિત બાળકોને નિશાળે મોકલવા તૈયાર કરવાની બિનકાળજી, શ્રમજીવી હોવાને કારણે વહેલા મોડા ઘરે આવે જેથી બાળકો એકલા ઘરે બેસી રહે. આવા ઘણાં કારણો બાળકોને શિક્ષણથી વંચિત રાખે છે તેમ અમને લાગે છે.

જે કુટુંબોના બાળકો નિશાળે જાય છે તેમને શિક્ષણ યોજનાના લાભો મળે છે તે તપાસતાં સ્કોલરશીપ મળતી હોય તેવા નવ વિદ્યાર્થીઓ, ગણવેશ મળતો હોય તેવા ૩ વિદ્યાર્થીઓ, પુસ્તક મળતા હોય તેવા બે વિદ્યાર્થીઓ હતા. મધ્યાહન ભોજન યોજના લગભગ દરેક જગ્યાએ ચાલુ હતી પણ દિવાળી વેકેશન પછી બે સ્કૂલમાં આ યોજના ચાલુ થઈ ન હતી તેમાં માનગઢ અને રાજણસર જે સંપૂર્ણ કોળી વસતિ ધરાવતાં ગામો હતા. છાત્રાલય કે આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકોને ગણવેશ અને પુસ્તક પણ મળતા હતા. જયારે પ્રાથમિક શાળામાં ગણવેશ પુસ્તકો મળતાં નથી.

આમ શૈક્ષણિક ક્ષેત્રે ઘણા ઓછા લાભો મળે છે તે હકીકત હોવા છતાં શિક્ષણના પ્રકરણમાં જોઈએ તો કોળીઓનું શિક્ષણ કેટલું ઓછું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

કોઠા નં. ૩૩

ખેતી વિષયક જરૂરિયાત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | જમીન સમતળ કરવા ઈચ્છતાં કુટુંબો | પાળા બાંધવા માગતા | ક્યારી બનાવવી છે | ખેતી માટે જમીન | બિયાણની જરૂરિયાત | ખાતરની જરૂરિયાત | જંતુનાશક દવાની જરૂરિયાત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૧૭ | ૧૭ | ૧૮ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૩ | ૧૫ | ૧૦ | ૧૬ | ૧૫ | ૧૫ | ૧૫ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૧ |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૧ | ૧ | ૧ |
| | કુલ | | ૧૦૦ | ૧૬ | ૧૮ | ૧૨ | ૫૦ | ૩૪ | ૩૪ | ૩૫ |

નોંધ : એક કરતાં વધુ જવાબ મળેલ છે.

અગાઉના કોઠા દ્વારા તપાસેલ કુટુંબોને ખેતી વિષયક લાભો કેવા કેટલા પ્રમાણમાં મળ્યા છે તે જોયું, હવે તપાસેલ કુટુંબોને ખેતી વિષયક જરૂરિયાતો કેવા પ્રકારની છે તે કોઠો જોઈએ તો જમીન સમતળ કરવાની ઈચ્છતા હોય તેવા ૧૬ કુટુંબો પાળા બાંધવા માગતા હતા; ૧૮ કુટુંબો કયારી બનાવા ઈચ્છતા હતા; ૧૨ કુટુંબો ખેતી માટે જમીન ઈચ્છતા હોય તેવા ૫૦ કુટુંબો હતા. બિયારણની ઈચ્છા ધરાવતા ૩૪ કુટુંબો, ખાતરની જરૂરિયાતવાળી ૩૪ અને જંતુનાશક દવાની જરૂરિયાતવાળા ૩૫ કુટુંબો હતા. આમ ખેતી વિષયક જરૂરિયાત લગભગ બધા જ ખેતીની જમીન ધરાવતા કુટુંબોને વત્તા ઓછા પ્રમાણમાં હતી. તેમને જે લાભો મળેલા છે તે લાભો કેટલા નહીંવત્ છે તેનો સ્પષ્ટ ખ્યાલ જરૂરિયાત દર્શાવતા કોઠા ઉપરથી આવી જાય છે.

તે જ રીતે ખેતી માટે સાધનોની જરૂરિયાત કેટલા કુટુંબોને છે તેમની પાસે કેટલાં ઓછાં સાધનો છે તે અગાઉ ભૌતિક જીવનના પ્રકરણમાં ખેતીનાં સાધનો દર્શાવતો કોઠા દ્વારા જોયું કે તેમની પાસે કેટલાં ઓછાં સાધનો છે. ખેતી વિકાસ માટે આધુનિક સાધનો ખૂબ જરૂરી છે. તેમ છતાં તે જે વાપરે છે તેવાં પરંપરાગત સાધનો પણ નથી. જેના કારણે તેમને સાધનોની જરૂરિયાત હોવા છતાં વસાવી શકતા નથી. સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો જોઈએ તો.

કોઠા નં.૩૪

## ખેતીના સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | લાકડાનું હળ | રાંપ | રાંપડી | સમાર | વાવણિયો | લોખંડનું હળ | પંખો | મોધ | બળદ ગાડું | દવા છાંટવાનો પંપ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૦ | ૪ | ૬ | ૧ | ૯ | - | ૧ | - | ૭ | ૨ | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૦ | ૪ | ૮ | ૨ | ૧૨ | ૩ | ૧ | ૧ | ૭ | ૧ | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - |
| | કુલ | | ૧૦૦ | ૨૨ | ૯ | ૧૬ | ૫ | ૨૨ | ૩ | ૩ | ૧ | ૧૬ | ૪ | - |

નોંધ : એક કરતાં વધુ જવાબ મળેલ છે.

બાવીસ કુટુંબોને લાકડાના હળની જરૂરિયાત છે, રોપ ૯, રાંપડી ૧૬, સમાર ૫, વાવણિયો ૨૨, લોખંડનું હળ ૩, પંખા ૩, મોઘ ૧, બળદગાડું ૧૬, દવા છાંટવાનો પંપ ૪ની જરૂરિયાત દર્શાવી છે. સૌથી વધારે જરૂરિયાત ખેતી માટે અગત્યના સાધન હળ અને વાવણિયો અને રાંપ છે. તો તેની માગણી દર્શાવતા કુટુંબોની સંખ્યા પણ વધારે જોવા મળે છે, જો કે આવાં પ્રાથમિક સાધનો પણ તેમની પાસે નથી. કચ્છમાં આજે પણ ખેડૂત બળદગાડું રાખે છે. દરેક ખેડૂત પાસે બળદ અને ગાડું હોય તો ખેતરેથી ચીજવસ્તુઓ લાવી શકાય, ગામમાંથી ખાતર કાઢી શકાય વગેરે કામ માટે ગાડું એ ખેડૂત માટે અગત્યનું સાધન છે. તેની માગણી ૧૬ કુટુંબોએ દર્શાવી છે. બાકીનાં ખેતીના સાધનોની જરૂરિયાતોમાં ૩ થી ૪ ચીજવસ્તુઓની જરૂરિયાત દર્શાવી છે. જેનું પ્રમાણ ઓછું કહી શકાય.

''ખેડ, ખાતર અને પાણી પાકને લાવે તાણી'' આ કહેવત ઉપર ખેતી કામ કરે છે. પણ કચ્છમાં તો ખેડ છે, ખાતર છે, પણ પ્રાણ સમાન પાણી નથી. દર ત્રીજા વર્ષે કચ્છમાં કુદરત પણ રુઠે છે. તેવા આ પ્રદેશમાં કયાંક મીઠા પાણીની વાડીઓ છે. કયાંક કૂવાઓમાં મીઠા પાણી મળે છે. મોટાભાગનું પિયત કૂવા દ્વારા જ થાય છે. પાણીના પુરવઠા પ્રમાણે પિયત કરવામાં આવે છે. ક્યારેક કૂવા ફેઈલ જાય છે, ક્યારેક પથ્થર નિકળે છે. આવી પરિસ્થિતિમાં સામાન્ય કોળી ખેડૂત કૂવો ખોદવાની હિંમત કયાંથી કરી શકે ? એટલે કૂવા અને વાડી ધરાવતા કુટુંબોમાં કોળીઓની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે.

કોઠા નં. ૩૫

## પિયતના સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | નવા કૂવાની જરૂરિયાત | કૂવો ઊંડો કરવાની જરૂરિયાત | કૂવો મરામત કરવાની જરૂરિયાત | કોશ અથવા રેટની જરૂરિયાત | વીજળી જોડાણની જરૂરિયાત | ઓઈલ એન્જીન અથવા મોટરની જરૂરિયાત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૧૩ | - | - | - | - | ૧ |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧ | - | - | - | - | - |
| ૪. | નખત્રાણા | કોટડા/જડોદર | ૨૫ | ૧ | - | - | - | - | - |
| | કુલ | | ૧૦૦ | ૨૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

પિયતના સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો જોઈએ તો ૨૮ કુટુંબોએ નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી, એટલે કે તેમની પાસે કૂવા નથી. કૂવો થાય તો બળદથી કોસ દ્વારા પણ પિયત કરી શકે તેમ છે. પણ પાણીના સાધન કૂવાની તેમને મુખ્ય જરૂરિયાત છે. ફકત એક કુટુંબ પાસે કૂવા હતા. જેમને કૂવો ઊંડો કરાવવો હતો. મરામત કરાવવી, પાણી બહાર કાઢવા સરકાર જે આપે તે ઓઈલ એન્જીન કે મોટર વગેરે કોઈ એક સાધનોની જરૂરિયાત હતી. કચ્છી કોળીઓની જરૂરિયાત ખૂબ વાજબી અને સંતોષજનક પોતાની મર્યાદાઓની વચ્ચે હોય છે તેમ જરૂરિયાત દર્શાવતા કોઠા જોતાં લાગ્યા સિવાય રહેતું નથી, કારણ કે તેઓ ત્યાંના વાતાવરણને સારી રીતે જાણે છે ત્યાં શું થઈ શકે તેમ છે; ત્યાં શું કરી શકાય તેની સાચી પરિસ્થિતિની માહિતી તેમને હોવાથી તેઓની માગણી મહ્દઅંશે ખૂબ વાજબી અને જીવન જરૂરિયાતોમાં ખૂબ મહત્વની કહી શકાય તેવી જોવા મળી છે.

કચ્છ વિસ્તારમાં ઓછો વરસાદ પડતો હોવા છતાં પશુપાલનનું મહત્વ ઘણું છે. પશુપાલન કરતા વધારેમાં વધારે કુટુંબો કચ્છમાં જોવામાં આવે છે. દરેક કુટુંબ પાસે કોઈપણ એક તો દુધાળું ઢોર હોય જ.

**કોઠા નં.૩૬**

**દૂધાળા ઢોરની જરૂરિયાત દર્શાવતો કોઠો**

| ક્રમ | તાલુકો | ગામ | કુલ કુટુંબો | ઢોરની જરૂરિયાત-વાળાં કુટુંબો | ભેંસ | ગાય | બકરા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાપર | માનગઢ | ૨૫ | ૧૮ | ૧૧ | ૮ | - |
| ૨. | ભચાઉ | રાજણસર | ૨૫ | ૨૫ | ૧૦ | ૧૬ (૪ ગીર, શંકર) | - |
| ૩. | અંજાર | અંજાર સીટી | ૨૫ | ૧૨ | ૧ | ૩ | ૯ |
| ૪. | નખત્રાણા | કોટડા | ૨૫ | ૧૯ | ૨ | ૪ | ૧૬ |
| | કુલ | | ૧૦૦ | ૭૪ | ૨૪ | ૩૧ | ૨૫ |

દૂધાળા ઢોરની જરૂરિયાત દર્શાવતો કોઠો જોઈએ તો અભ્યાસમાં લીધેલ સો કુટુંબોમાંથી ૭૪ કુટુંબોએ દૂધાળા ઢોરની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં ૨૪ કુટુંબોએ ભેંસની જરૂરિયાત દર્શાવી હતી. ૩૧ કુટુંબોએ ગાયની જરૂરિયાત તેમાં ચાર કુટુંબોએ તો ગીરની અથવા શંકર ગાયની જરૂરિયાત દર્શાવી હતી. જયારે બકરાં ઘેટાંની જરૂરિયાત ૨૫ કુટુંબોએ દર્શાવી હતી, એટલે કે ઘણા મોટાભાગના કુટુંબોએ પશુપાલનની જરૂરિયાત દર્શાવી હતી. કારણ કે ખેતી સાથે પૂરક કોઈ વ્યવસાય હોય તો તે પશુપાલન છે. પશુપાલનથી કુટુંબના સભ્યો ઘી, દૂધ, છાશ મળી શકે અને થોડીક આર્થિક મદદ પણ મળી શકે.

# પ્રકરણ - ૭

# સમસ્યાઓ અને સુજાવો

## સમસ્યાઓ

કચ્છના કોળીઓને આદિવાસી ગણ્યા પણ તેમના વિકાસ માટે જે સઘન કાર્યક્રમ હાથ ધરવો જોઈએ તે ધરવામાં આવ્યો નથી. કચ્છમાં વસતા કોળીઓ કચ્છના દરેક તાલુકાઓમાં વસવાટ કરે છે કોઈ એક વિસ્તારમાં વસવાટ હોય તેવું નથી. જોકે રાપર અને ભચાઉ તાલુકાઓમાં તેમની વસતિ વિશેષ છે. તેમનો વસવાટ છે તે વિસ્તાર પણ રણની બોર્ડરવાળો, નાના ડુંગરો તેમજ પથ્થરવાળી જમીનો હોવાને કારણે તેઓ અતિ દુ:ષમ જીવન પદ્ધતિથી જીવન જીવે છે. અન્ય જાતિઓની સરખામણીમાં કોળીઓને પછાત અને હલકા ગણવામાં આવે છે. તેમની રૂઢિગત માન્યતાઓમાંથી બહાર આવશે જ નહીં તેવું અન્ય સમાજ માને છે. આજે પણ તેમને જુની અસરના કારણે સહન કરવું પડે છે. દા.ત. કોઈ વિસ્તારમાં ચોરી થાય તો તે વિસ્તારમાં વસતા કોળીઓને શક ઉપર પકડીને હેરાન કરવામાં આવે છે. તેમજ રીમાન્ડ પણ લે છે. ચોરી મનાવવામાં એક કોળીને બહુ મારતાં મૃત્યુ પામ્યાનો દાખલો પણ સાંભળવા મળ્યો હતો. કેટલાક વિસ્તારના કોળીઓને તો પહેલા અસ્પૃશ્ય ગણવામાં આવતા. હાલમાં ગણવામાં આવતા નથી. તેમને ઘણી બધી સમસ્યાઓ વિંટળાઈ વળી છે તે જોઈએ.

## પીવાના પાણીની સમસ્યા

કચ્છનો મોટોભાગ રણ છે, વરસાદ ઘણો ઓછો પડે છે તેના કારણે ઘણો મોટોભાગ પાણીની અછતવાળો રહે છે. જમીનના પેટાળમાં પાણી પણ તે ખારું હોવાના કારણે પીવાલાયક નથી. જેના કારણે પીવાના પાણીની સમસ્યા પ્રાણ પ્રશ્ન છે. ઘણા બધા ગામડાઓમાં લોકો વીરડા ખોદી પીવાનું પાણી મેળવે છે. કેટલાક ગામોમાં પાણી પુરવઠા યોજના દ્વારા ગામમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે પણ પાણી મળતું નથી. દા.ત. રાજણસર ગામે કટારીયા પાણી પુરવઠા યોજના દ્વારા ગામમાં પાણીનો ટાંકો, નળ અને હવાડો કરવામાં આવેલ છે. તેનું કામ નબળું હોવાથી તૂટવા લાગ્યું છે. ગામના આગેવાનોના કહેવા પ્રમાણે બે વર્ષમાં બેવાર પણ પાણી આવ્યું નથી. હાલમાં નદીના પટમાં વીરડો ખોદી પીવાનું પાણી મેળવે છે. આમ ઘણાં ગામોમાં આવી સમસ્યાઓ છે. યોજનાઓ દ્વારા કામ કરવામાં આવ્યા હોવા છતાં તેમાં તેની ત્રૂટીઓના કારણે ચાલતી નથી અને લોકોને સહન કરવું પડે છે. તો આવા દરેક ગામે યોજનાઓ નિયમિત ચાલે અને ન હોય ત્યાં જલદી યોજના દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા થવી જોઈએ. વળી કેટલાક ગામોમાં

મીઠા પાણી નિકળવાની શક્યતા રહેલી છે. સ્થાનિક માણસોના કહ્યા પ્રમાણે સો ફૂટ પથ્થર તોડે તો નીચે મીઠું પાણી મળી રહે છે. તો આવા પ્રયોગો સરકારે હાથ ધરી મીઠા પાણીની શોધખોળ કરવી જોઈએ.

**રહેઠાણની સમસ્યા**

ગામડામાં વસતા કોળીઓ માટે રહેઠાણની સમસ્યા ઓછી છે તેમ છતાં તેમના ઘરો કાચા ભૂંગા (કૂબા) બનાવી રહે છે. તેઓ ૧૦ X ૧૦ ના ભૂંગામાં એક કુટુંબ કઈ રીતે રહી શકે તે કલ્પનામાં ન આવે છતાં પણ કોળીઓ માટે આ સત્ય હકીકત છે કે તેઓ પાકાં ઘરો બનાવી શકતા નથી અને આવા કાચા ભૂંગા બનાવી રહે છે. જેના ટકાઉપણાનો કોઈ ભરોસો રહેતો નથી. કોટડા જડોદર ગામના ભૂંગાઓ ઉપર ઘાસ એટલું જૂનું હતું કે એક અંગારી (ચિનગારી) પડે તો સમગ્ર કોળીઓના ભૂંગા સાફ થઈ જાય અને જાનહાનીનો ભય નકારી શકાય નહીં. તેવા ભૂંગાઓમાં તેઓ લાકડાં સળગાવીને રસોઈ બનાવે છે. તે ક્યારે આગ પકડી લે તે કહી શકાય નહીં. તેમની આ સમસ્યા પણ ઘણી વિકટ છે.

શહેરમાં વસતા કોળીઓને તો ઘર બાંધવા માટે જમીન પણ નથી, તેમજ તેમના વસવાટો અતિ ગંદા વિસ્તારમાં જયાં પાણી ભરાઈ રહેતું હોય, કચરો ઠલવાતો હોય, ઝૂંપડપટ્ટીમાં તેઓ કંતાન કે પ્લાસ્ટીકની દિવાલોવાળા, નાનાં ઝૂંપડાં બનાવે છે, કયાંક ભૂંગા પણ બનાવે છે. તેમને રહેઠાણ માટેની જમીન અને ઘર બાંધવા માટે મદદની અતિ આવશ્યકતા છે. અંજાર શહેરના કોળીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમનો વસવાટ અતિ જૂનો હતો. તેઓ છપના દુકાળ વખતે આવેલા તેમ જાણવા મળ્યું હતું. તેમના વસવાટ સ્થળે નગરપાલિકા દ્વારા અપૂરતી સંખ્યામાં નળ અને લાઈટના થાંભલાની વ્યવસ્થા જોવા મળી; પણ તેમના કહ્યા પ્રમાણે તેમની પાસેથી ટેક્ષ (મકાન વેરો) લેવામાં આવતો નથી. જેથી તેમને ક્યારે ખાલી કરી જવું પડે તે ભય છે. બાંધકામની પરવાનગી મળતી નથી. વળી દુષ્કાળ કે આકસ્મિક કુદરતી આપત્તિ આવી પડે ત્યારે તેમને કોઈ લાભો મળતા નથી, કારણ કે તેઓ ત્યાં કાયમી વસતા હોય તેવો કોઈ લેખિત પૂરાવો તેમની પાસે હોતો નથી. જેથી ઘણું સહન કરવું પડે છે. વળી તેમના વસવાટના સ્થળે કોઈ સુવિધા નહીં હોવાથી આરોગ્યની પણ ઘણી મુશ્કેલી રહે છે. આમ શહેરમાં વસતા કોળીઓ માટે રહેઠાણ માટેની મોટી સમસ્યા છે.

**મજૂરીની સમસ્યા (રોજગારીની સમસ્યા)**

કોઈ એક વ્યવસાય પૂરી આવક આપતો હોય તેવું નથી. અભ્યાસમાં જોયું તેમ ઘણા બધા વ્યવસાયો કરી આવકો મેળવવી પડે છે. તો પણ પુરતું મળતું નથી. ઓછા વરસાદના કારણે ખેત-મજૂરી ઘણા ઓછા

દિવસ મળે છે. વળી ગામમાં કાયમી કામ મળે તેવાં ગામ ઘણાં ઓછાંક છે. જેના કારણે મજૂરી માટે બહારગામ જવું પડે છે. ખાસ કરી મીઠાના અગરો, રોડ કામો અને બાંધકામ વગેરેમાં કોળીઓ મજૂરી કરવા જતા હોય છે. તેમના આ સ્થળાંતરને કારણે તેમનું જીવન સ્થાઈ રહેતું નથી. તેમના બાળકો શિક્ષણથી વંચિત રહે છે. જે મજૂરી મળે છે તેમાં તેમનું શોષણ થાય છે. મીઠાના અગરોમાં કામ કરતા મજૂરોને ઘણું ઓછું વળતર મળે છે. શહેરમાં વસતા કોળીઓ મજૂરી ઉપર આધારિત છે. તેઓ ગુણ ઉંચકવાની, રેંકડી ફેરવાની મજૂરી કરે છે. તેમને આ કામ કાયમી મળતાં હોય તેવું નથી. વળી તેમને કામ મેળવવા માટે વેપારીને આજીજી કરવી પડે છે. વેપારી તેની ગરજ પ્રમાણે પૈસા ચૂકવે છે. આમ મજૂરી પણ કાયમી મળતી નથી. જેના કારણે જંગલના ફળ, પાંદડાં એકઠા કરી વેચવા પડે છે. ઉપરાંત કોલસા, લાકડાં વગેરે પણ વેચે છે. આમ તેમને કાયમી મજૂરી મળતી નથી. તે મળે તેવી યોજના થવી જોઈએ. અભ્યાસ દરમ્યાન દુષ્કાળના કારણે રાહત કામો ચાલતાં હતાં. જો કે તે ઘણા દૂર ચાલતા હોવાથી કેટલાકને તેનાથી પણ અસંતોષ હતો.

જમીન

રાપર ભચાઉ તાલુકામાં વસતા કોળીઓ ખેતી, પશુપાલન સાથે મજૂરી પણ કરે છે. અંજાર, નખત્રાણા તાલુકામાં વસતા કોળીઓ પાસે જમીન નથી. ખેતમજૂરી તેમજ અન્ય મજૂરી કરે છે. જમીન તે રેતાળ, ટેકરીવાળી, કયાંક પથ્થરવાળી, કયાંક ખારા પટવાળી જમીનો, કયાંક ગોરાડુ જમીન છે. ત્યાં વાડીઓ થઈ શકે તેમ છે. તેમની પાસે જે જમીન છે તે જમીનમાં વાડીઓ થઈ શકે તેવી પણ જમીન હોય છે. તેને યોગ્ય માવજત કરી પાણીની વ્યવસ્થા કરવામાં આવે તો અન્ય જાતિઓ જેમ વાડીઓ બનાવે છે તેમ કોળીઓ પણ વાડી બનાવી શકે. તેમની જમીનો પથ્થરના પટવાળી હોય તો પથ્થર ખોદાવી જમીન સમતળ કરાવવી જોઈએ. રણ રોકવા માટે ખેતરની ચારેબાજુ બાવળની વાડ કરી તેની ફળદ્રુપતા ટકાવી રાખવા પ્રોત્સાહન આપવું જોઈએ. તેમની સારી જમીનો કોઈ પડાવી ન જાય તે જોવું જોઈએ. જમીનવિહોણા કુટુંબો જેઓ ખેતી કરવા ઈચ્છે છે તેમને ખેતી માટે જમીન આપવી જોઈએ.

ખેતી

કોળીઓ ખેતીમાં વધુ રસ ધરાવે છે. વરસાદ ઓછો હોવા છતાં જો સમયસર ક્રમબધ્ધ વરસાદ આવે તો કોળીઓના કહેવા પ્રમાણે અનાજ સારું પાકે છે પણ તેમની ખેતી કરવાની જે પદ્ધતિ છે તેમાં કોઈ ફેરફાર જોવા મળતા નથી. ખેતી કરતાં ૩૮ કુટુંબો પાસે ખેતીનાં સાધનો ઘણાં ઓછાં જોવા મળ્યાં હતા. તેમજ

તેઓ જુની પદ્ધતિથી ખેતી કરે છે. બિયારણ, કિટ્સ કે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવતો નથી. જો તેમને યોગ્ય માર્ગદર્શન આપી તેનો ઉપયોગ કરવામાં આવે તો ઉત્પાદન વધારી શકાય તેમ છે. બળદ વેચાતા લેવા પડે છે જેના કારણે આર્થિક સ્થિતિ પ્રમાણેના બળદો ખરીદે છે. ગાય પાળતા હોવા છતાં ધાર્મિક માન્યતાને વશ થઈને વાછરડાને ખસી કરાવી બળદનો ઉપયોગ કરતા નથી. પાણીની સુવિધાવાળી જગ્યાએ શિયાળુ, ઉનાળુ પાકો લેવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. તેઓ કૂવા કરી શકતા નથી. કૂવો કરવા ઈચ્છતા ખેડૂતને યોગ્ય માર્ગદર્શન અને મદદ કરી કૂવો બનાવી આપવો જોઈએ.

**શિક્ષણ**

કોળીઓમાં શિક્ષણ નહીંવત્ છે તે શિક્ષણના પ્રકરણમાં જોયું પણ તેમની પરિસ્થિતિ જ એવા પ્રકારની છે જેનાં કારણે બાળકોને નિશાળે મોકલી શકતા નથી. અગાઉ જોયું તેમ અનેક ધંધાઓ કરવા પડે છે. તો પણ કુટુંબ પુરતું પોષણ મેળવી શકતા નથી. આવી સ્થિતિમાં બાળકોને નિશાળે ન મોકલતાં કામમાં રોકે છે. વળી વારંવાર બહારગામ મજૂરી કરવા જતા હોવાથી બાળકોને પણ સાથે લઈ જાય છે. જેથી શિક્ષણ મેળવી શકતા નથી. કોળીઓનો સમાજ અતિ ગરીબ હોવાથી સામાજિક સંગઠન દ્વારા શૈક્ષણિક સુવિધા ઊભી કરી શકતા નથી. અન્ય સમાજોએ પોતાની જ્ઞાતિની બોર્ડિંગો દ્વારા તે જ્ઞાતિના બાળકોને અભ્યાસ કરવા સુવિધાઓ આપે છે. જયારે આદિવાસીઓ માટેનો સરકારી વ્યવસ્થા પણ અપૂરતી છે. આશ્રમશાળા કે છાત્રાલયો પણ નહીંવત્ અને સંખ્યાની મર્યાદાના કારણે ભણવા ઈચ્છતા બાળકો પણ ભણી શકતા નથી. આ વિસ્તાર પૂરતી સરકારી મર્યાદાઓમાં છૂટછાટ આપી આદિવાસી બાળકોને રોકવા જોઈએ નહીં અને તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી આપવી જોઈએ. સ્ત્રી શિક્ષણ બીલકુલ નથી, ભણે તો ઉધરી જાય તે વાતને બહાર કાઢી સ્ત્રી કેળવણી વધે તે માટે પ્રોત્સાહન આપવા જોઈએ. ગમે ત્યાં ગમે ત્યારે ભણવાની છૂટછાટ આપવી જોઈએ. મજૂરી માટે બહાર જાય ત્યાં પણ બાળકને નિશાળે મૂકી ભણાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**ધંધાકીય સમસ્યા**

કોળીઓ ગામડાઓમાં અને શહેરમાં વસવાટ કરે છે. જેમની પાસે જમીન છે તેઓ ખેતી પશુપાલનનો વ્યવસાય કરે છે. જમીન વિહોણા કોળીઓ મજૂરી ઉપર આધારિત છે. શહેરમાં તેમજ ભુજથી આગળના ભાગમાં વસતા કોળીઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. મુખ્ય વ્યવસાય મજૂરી જંગલ ગૌણ પેદાશ છે. અભ્યાસમાં જોયા પ્રમાણે ઘણા ધંધાઓ કરી શકે તેમ છે. પણ તેમની પાસે નાણાકીય જોગવાઈ ન હોવાથી કરી શકતા નથી. તો સ્વતંત્ર ધંધા કરવા માટે નાણાકીય સુવિધા અને જરૂરિયાતો તેમજ તાલીમની વ્યવસ્થા

પણ ગોઠવવી જોઈએ. મીઠાના અગરો, બારદાન સિવવાનો, કોલસા બનાવવાનો, રીક્ષા ચલાવવાનો, દુકાન, દૂધ, ડેરી, ક્વૉરી, દળવાની ઘંટી વગેરે ધંધાઓ તે તાલીમ વગર કરી શકે તેમ છે પણ નાણાકીય અભાવના કારણે તે કરી શકતા નથી.

**વસવાટના સ્થળે અપૂરતી સગવડો**

સમગ્ર કોળી વસતિ ધરાવતાં બે ગામોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તે ગામોમાં એક ઓરડાવાળી પ્રાથમિક શાળા હતી. ગામમાં લાઈટની સુવિધા ન હતી. બાલવાડી, આંગણવાડીની સુવિધા ન હતી. પાણી નિયમિત આવતું ન હતું. ગામમાં પ્રાથમિક ચીજવસ્તુઓની દુકાન પણ ન હતી. ફલોર ફેકટરી ન હતી, ત્યાં આરોગ્ય કેન્દ્ર અને અન્ય સુવિધા કયાંથી હોય ? શહેરમાં અને અન્ય જાતિ સાથેના વસવાટોવાળા અન્ય બે ગામ પસંદ કરવામાં આવ્યા હતા. ત્યાં લાઈટ, પાણીની અપૂરતી સગવડ હતી. એક ગામમાં બિલકુલ સગવડ ન હતી. વસવાટ ગામથી દૂર છેવાડે હતો, રસ્તા ન હતા. પાણી ભરાઈ રહેતું હતું. વસવાટના સ્થળે ઘણી જ ગંદકી હતી. તેમના વાસમાં બાલવાડી, આંગણવાડી ન હતી. અભ્યાસ કરવામાં આવેલ ચારે ગામોમાં અંજારના એક ઘર સિવાય એકપણ ઘરમાં લાઈટ ન હતી. આમ તેમના વ્યવસાયના સ્થળોએ અપૂરતી સગવડને કારણે તેઓ સમૂહમાં રહેતા હોવા છતાં અલિપ્ત જેવા લાગતા હતા.

**સુઝાવો**

અગાઉ પ્રાસ્તાવિક ભૂમિકામાં જોયું તેમ કચ્છના આદિવાસીઓની કુલ વસતિ ૬૩૩૦૧ની છે. આ આદિવાસીઓ માટે સરકારશ્રી તરફથી કોઈ સ્પેશ્યલ યોજના નથી કે જેના દ્વારા તેમને લાભો મળે અને વિકાસ થાય. જિલ્લા વિકાસ એજન્સી દ્વારા ચાલતા કાર્યક્રમોમાં આદિવાસીઓને લાભો મળે છે તે ઘણા ઓછા છે. આદિવાસીઓ કરતાં અન્ય જાતિના લોકો તેનો લાભ વધારે લે છે તે લાભો દર્શાવતા પ્રકરણમાં જોયું છે. આ આદિવાસીઓનો આર્થિક સામાજિક ઉત્કર્ષ થાય તે માટે શું કરવું જોઈએ તો અભ્યાસને આધારે એમ કહી શકાય કે તેમને માટે અન્ય આદિવાસી વિસ્તારોમાં ટ્રાઈબલ સબપ્લાન (આદિવાસી પેટા યોજના) દ્વારા જે વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે તેવી કામગીરી અહીં પણ હાથ ધરવામાં આવે તો આદિવાસીઓનો વિકાસ ઝડપી થાય. વળી તેમના માટેની જે યોજના હોય તેનો લાભ આદિવાસીને જ મળવો જોઈએ. તે માટે જિલ્લા કક્ષાએ પ્રોજેકટની કચેરી અને તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી અને બે મદદનીશની નિમણૂક કરી કામગીરી હાથ ધરાવવી જોઈએ. કચ્છમાં અધિકારીઓ કામ કરવા તૈયાર હોતા નથી તો જેમને આદિવાસીમાં કામ કરવાનો રસ હોય તેમની નિમણૂક કરવી જોઈએ. વળી હાલમાં ચાલતા

કામોમાં જ અસંતોષ પરિવર્તે છે. તે અસંતોષ આદિવાસીઓમાં ન થાય અને કામગીરી વ્યવસ્થિત પાયા ઉપર ચાલે તે માટે ખાસ તંત્ર ઊભું કરી વિકાસ કાર્ય હાથ ધરાવવા જોઈએ.

**પ્રાથમિક જરૂરિયાતો**

**પીવાના પાણીની સગવડ**

રાપર અને ભચાઉ તાલુકાઓમાં આદિવાસી કોળીઓની વસતિ વધારે છે. ઘણાંબધાં ગામો તો એકલા કોળી ગામો છે. ઘણાં ગામોમાં ૫૦ ટકાથી વધારે વસતિ કોળીઓની છે. કેટલાક ગામોમાં કોળીઓ અન્ય જાતિઓ સાથે વસે છે. અન્ય જાતિ સાથે વસતા કોળીઓ મોટા ભાગે ગામની છેવાડે વસતા હોય છે. શહેરમાં વસતા કોળીઓ પણ શહેરની બહાર ઝૂપડપટ્ટી વિસ્તારમાં વસતા હોય છે. તેમને ત્યાં પીવાના પાણીની સગવડ અપૂરતી જોવા મળી છે. અભ્યાસમાં આવરી લીધેલ સંપૂર્ણ કોળી વસતિ ધરાવતા બન્ને ગામે પાણીના ટાંકા, નળ હોવા છતાં પાણી નિયમિત મળતું ન હતું. તે નિયમિત મળે તે માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ. વળી કેટલાંક ગામોમાં તો વીરડા ખોદી પાણી મેળવે છે. ત્યાં પીવાના પાણીના કૂવા કરવા જોઈએ. દરેક ગામે પીવાના પાણી માટે જાહેર કૂવા કરવા જોઈએ. એ લોકોના કહ્યા પ્રમાણે તેમના ગામોમાં પાણીનું ચેકીંગ જ થતું નથી, તો પાણી ખારું છે તેમ માની લેવામાં આવે છે. વાડીઓમાં પાણી મીઠું મળે તો ગામના કૂવામાં કેમ ના મળે ? જો દરેક ગામે પીવાના પાણી માટે કૂવા, પાણી પૂરવઠા યોજના દ્વારા પાણી મળતું હોય તો તે નિયમિત મળવું જોઈએ અને અપૂરતા નળ હોય તો તે નવા નંખાવા જોઈએ. આમ છતાં પાણી ન મળે તો અંડરગ્રાઉન્ડ ટાંકા કરી વરસાદનું પાણી સંગ્રહવું જોઈએ. તે માટે શક્ય હોય તો વ્યક્તિદીઠ પણ મદદ કરવી અને જાહેર યોજનાઓ પણ કરવી જોઈએ.

**ઘર**

કોળીઓના ઘરને ભૂંગા અથવા કૂબો કહેવામાં આવે છે. આવા કૂબાના સમૂહને વાંઢ કહેવામાં આવે છે. મુખ્ય વ્યક્તિના નામ પરથી તેનો વાંઢ એમ કહેવાય છે. વાંઢમાં ૧૫ થી ૨૦ કૂબા હોય છે. મોટાભાગના કોળીઓ આવા કૂબાઓમાં રહે છે. કયાંક એક ખંડવાળા પથ્થરના મકાન બનાવ્યા છે, પ્રમાણ ઘણું ઓછું. મોટાભાગના ભૂંગા બનાવી રહે છે. શહેરમાં વસતા કોળીઓ પણ ભૂંગા કે છાપરાં બનાવી રહે છે. આ ભૂંગાઓ ઉપરનો ખીપડો દર વર્ષે બદલવો પડે છે. આગ લાગવાનો કે અન્ય ભય સતત રહ્યા કરે છે. તેમનાં ઘર લાકડાનાં અને ઘાસથી છાયેલાં એક ખંડના હોય છે. તેની ચારે બાજુ ચીજવસ્તુ ગોઠવેલી હોય છે. આવડા નાના ઘરમાં તે રહે છે. વિસ્તાર ખુલ્લો હોવાથી નાના જાનવર, વિંછી, મંકોડા, સાપ, ઉધઈ, ઉંદર વગેરે ઘરમાં નુકસાન પહોંચાડે છે. ગામડામાં વસતા કોળીઓ પાસે ઘરથાળના પ્લોટ હોય છે. તેમને ઘર

બાંધવા મદદ મળવી જોઈએ. જમીન વિહોણાને પ્લોટ આપી ઘર બાંધી આપવા જોઈએ.

શહેરમાં વસતા કોળીઓ અને અન્ય જાતિ સાથે વસતા કોળીઓને ઘર બાંધવા માટે જમીન અને ઘર બાંધવા સહાય આપવી જોઈએ. કેટલાક વર્ષોથી વસતા કોળીઓ તે જયાં રહેતા હોય તે જમીન કાયમી ધોરણે આપવી જોઈએ અને ઘર બાંધવા મંજૂરી આપવી જોઈએ. અંજાર શહેરમાં વસતા કોળીઓને આવા હક્કો નહીં મળવાથી કોઈપણ પ્રકારની મદદ તેમને મળતી નથી અને સહન કરવું પડે છે. કોળીઓ અન્ય આદિવાસીઓની જેમ અલગ જ વસે છે તેવું નથી. તેમને એક જગ્યાએ પદ્ધતિસર ઘરો બાંધી આપવામાં આવે તો કોળીઓ ત્યાં રહી શકે માટે નવા વસવાટો ઊભા કરી આપવા જોઈએ. ત્યાં પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ.

**વસવાટના સ્થળે જાહેર સગવડો**

કોળીઓના ગામોમાં જાહેર સગવડનો અભાવ જોવા મળ્યો છે. જાહેર સગવડ હોય તો પણ અપૂરતી અને અનિયમિત જેવી હોય છે. પ્રાથમિક શાળાનો એક ઓરડો હોય અને સાત ધોરણ ચાલતાં હોય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય જ નહીં. લાઈટ પાણી મળતાં ન હોય. રસ્તા ન હોય, સહકારી મંડળી, દૂધ મંડળી જેવી કોઈ સંસ્થા ગામોમાં હોતી નથી. વળી ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ બાજુના ગામોમાં જવું પડે તેવા ગામોમાં જાહેર સગવડો વહેલામાં વહેલી તકે ઊભી કરવી જોઈએ. મોટાભાગના ગામોમાં જૂથ ગ્રામપંચાયત હોય, તાલુકાથી ગામનું અંતર અને ગામથી પંચાયત જે ગામમાં હોય તેનું અંતર એટલું બધું હોય છે કે સામાન્ય વ્યક્તિ ખાસ  કામ સિવાય તેનો લાભ લેવા તૈયાર થાય નહીં. તો આ માટે યોગ્ય વિકલ્પ શોધવો જોઈએ. અઠવાડિયામાં એક દિવસ તે ગામની વીઝીટ લઈ મંત્રી તાલુકાની વિકાસની યોજનાઓ અંગે ગામજનોને વાકેફ કરે. ક્ષેત્રકાર્ય દરમ્યાન રાહત કામો ચાલતા હતા. તે કામો પોતાની વગના ધોરણે સૌ પોતપોતાના વિસ્તારમાં ખેંચવાનો પ્રયત્ન કરતા હોય છે. જેના કારણે નાના ગામડામાં વસતા આદિવાસીઓને આનો કોઈ ખ્યાલ હોતો નથી કયાં જવું શું કરવું તેનો પણ ખ્યાલ હોતો નથી. નાણા નિયમિત મળતા નથી. દુષ્કાળ રાહતમાં અનાજ માટે અલગ કાર્ડ અને ઘાસ પણ અડધી કિંમતે મળે તે યોજના અમલમાં હોય છે પણ તે અલગ કાર્ડ ન લાવે ત્યાં સુધી મળતું નથી. આવું કાર્ડ ક્ષેત્રકાર્યના ગામમાં કોઈને મળેલ નથી. આમ આવા લાભોથી અભણ આદિવાસીઓ વંચિત રહે છે. માટે તેમને આવી યોજનાથી વાકેફ કરવા જોઈએ.

## આર્થિક

### જમીન અને ખેતી

કચ્છની જમીન રેતાળ, પથ્થરવાળી, ખારા પટવાળી કયાંક ગોરાડુ જમીન પણ છે. વાડી વિસ્તારની જમીનો ગોરાડુ છે. કોળીઓ પાસે જમીન છે તે જમીન બિનપિયત છે. ઓછા વરસાદને કારણે જુવાર, બાજરો જેવા ધાન્ય વધારે થાય છે. ગોરાડુ જમીનમાં કપાસ પણ થાય છે. જમીનને નવસાધ્ય કરવા માટે પાળા બાંધવા જરૂરી છે. નવી જમીન બનાવવા માટે જમીનમાંથી પથ્થર કાઢવો પડે છે તે જમીન ફળદ્રુપ હોય છે. રણની સરહદના વિસ્તારોની જમીન દિવસે દિવસે ધૂળના ઢગલા ચઢતા જાય છે તેને રોકવા માટે ગાંડા બાવળ, પથ્થરની પાળ, પિયતની સગવડ કરવી ઘણી જ આવશ્યક છે. જમીન નવસાધ્ય કરવા તેમજ પિયત માટે કૂવા કરવા, મોટર કે એન્જીન માટે લોન સબસીડી, પંપ માટે લોન સબસીડી વગેરે યોજનાઓ આઈ.આર.ડી.પી. દ્વારા ચાલતી હોય છે, પણ તેનો લાભ કોળીઓને ઘણો ઓછો મળે છે તે વધારે મળવો જોઈએ.

કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી વરસાદ પર આધારિત છે. વરસાદ ઓછો પડે છે. કોળીઓ ખેતી કરવામાં ઘણા હોંશિયાર છે. મહેનતુ છે પણ સાધનના અભાવે ખેત ઉત્પાદન મળવું જોઈએ તે મળતું નથી. ખેતી માટેના સાધનો ઘણાં ટાંચાં છે. જુનાં છે અને જુની પદ્ધતિથી ખેતી કરે છે. નવાં સાધનો મળવાં જોઈએ. બિયારણ કિટ્સ, રાસાયણિક ખાતર વગેરે નિયમિત મળવા જોઈએ. અભ્યાસમાં લીધેલ ગામોમાં નથી જતા ગામ સેવકો કે નથી કોઈ માહિતી પહોંચતી. કોઈ જાણકાર ખેડૂત હોય તો બિયારણ મળે તેનું પણ પ્રમાણ નહિંવત છે તે મળેલા લાભના પ્રકરણમાં જોઈ શકાય છે. કોળીઓ ખેતી કરવા માગે છે; ખેતમજૂરી કરતા કોળીઓ વાડીઓમાં, ઓસવાળોના ખેતરમાં કામ કરે છે. ખાસ કરીને કચ્છી કોળીઓ ખેતમજૂરી પર આધારિત છે. તેમને ખેતીની જમીન આપવામાં આવે તો ખેતી કરવા તૈયાર છે. કારણકે ખેતી કામ તેમને આવડે છે. ફક્ત જમીન અને સાધનો આપવામાં આવે તો પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરી શકે તેમ છે. કચ્છ જમીન માટે સમૃધ્ધ છે. જમીન દરેક ગામમાં મળી રહે તેટલી પડતર, સરકારી, ગૌચર વગેરેનું પ્રમાણ સારું હોય છે. જેમાંથી આવા ખેતમજૂરો કે જેમને ખેતી કરવાની ઈચ્છા છે તેમને મળવી જોઈએ.

ખેતીક્ષેત્રે આદિવાસીઓ માટે અલગ યુનિટ ઉભું કરવું જોઈએ જે બિયારણ, ખાતર, સાધનની વહેંચણી કરે. પિયત કરવા ઈચ્છતા ખેડૂતોની જમીનમાં કૂવા ખોદાવી પિયતનાં સાધનો ઊભાં કરવાં

જોઈએ. તેના માટે આદિમ જાતિઓ માટે જેમ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ સ્વતંત્ર ગ્રામ સેવક અને વિસ્તરણ અધિકારી દ્વારા કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

**પશુપાલન**

ખેતી અને પશુપાલન પૂરક વ્યવસાય છે. કચ્છ પશુપેદાશ માટે સમૃધ્ધ છે ત્યાંના પશુઓ ખ્યાતનામ હોય છે. કોળીઓ પાસે હાલમાં માંડ એકાદ બે ગાય કે ભેંસ હોય છે. તેમને જરૂરિયાત પ્રમાણે ગાય, ભેંસ, બળદ, બકરા, ઊંટ વગેરે ખરીદવા માટે લોન સબસીડી આપવી જોઈએ કેટલાંક કુટુંબો પશુપાલન કરવા ઈચ્છતા હોવા છતાં આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે પાળી શકતા નથી, વળી દૂધનો વ્યવસાય કરવામાં આવે તો પૂરક આવક મેળવી શકાય તેમ છે. કેટલાક કોળીઓ દૂધ વેચતા નથી. તેમને સમજાવીને દૂધ વેચવા પ્રેરવા જોઈએ અને દૂધનો વ્યવસાય દિનપ્રતિદિન વધે અને વિકસે તે માટે ઘાસચારા માટે પણ પ્રબંધ કરવો જોઈએ. જેથી ખેતી પશુપાલન પાછળ કોળી કુટુંબો ભરાઈ રહે અને બહારગામ મીઠાના અગરોમાં કે અન્ય મજૂરી કરવા જવું પડે નહીં.

**નાના ધંધાઓ**

ગામડાઓમાં રહી રોજગારી મેળવી શકે તેવા ધંધાઓ માટે લોન, સબસીડીની સહાય આપવી જોઈએ. ગામડાઓમાં ચાલી શકે તેવા ધંધાઓ, કરિયાણાની દુકાન, ફલોર ફેકટરી, શાકભાજીની લારી, કાપડની ફેરી, ભરતગુંથણકામ, સુથારી, લુહારી વગેરે કામો એવાં છે જેમાંથી દરેક ગામમાંથી એક બે કે વધારે કુટુંબોને રોજગારી મળી રહે. આવા નાના ધંધાઓ માટે યોગ્ય મદદ સરળતાથી મળવી જોઈએ. આ ઉપરાંત કોલસા બનાવવાનો ધંધો, મીઠાના અગર બનાવાનો ધંધો, શહેરમાં રીક્ષા, રેંકડી ફેરવવાનો ધંધો, બારદાન સિવવાનો વગેરે ધંધાઓ કરવા ઈચ્છતા કોળીઓને પણ યોગ્ય માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવું જોઈએ. શહેરમાં પારધી આદિવાસીઓ કાગળના ફૂલો બનાવવાનો ખૂબ સારો આકર્ષક વ્યવસાય કરે છે. વાઘરી લોકો કાપડ વેચવાનો, બકાલુ વેચવાનો વ્યવસાય કરે છે. પારઘી લોકો, ટાયરપંચર કરવાનો, સોડા ફેકટરીમાં સોડા બનાવવાનો, સોમીલ ચલાવવાના વગેરે ધંધાઓના કારીગરો હોવાના કારણે તેઓ સ્વતંત્ર ધંધાઓ પણ કરી શકે તેમ છે. યોગ્ય જમીન, નાણાકીય સહાય મળે તો તે સ્વતંત્ર રોજગારી ઊભી કરી શકે તેમ છે અને પોતાના જ સમાજના લોકોને પણ કંઈક રોજગારી આપી શકે તેમ છે.

બારદાન સિવવાનો વ્યવસાય, કેટલાક કુટુંબો આ ધંધો ખૂબ સારી રીતે કરે છે. તેઓ વેપારી પાસેથી કાચો માલ મેળવી તેને સીવી કોથળા બનાવે છે. તેના બદલામાં વેપારી તેમને ઘણું ઓછું મહેનતાણું આપે

છે. જો આ ધંધો તે જાતે કરે તેને હાલ જે રકમ મળે છે તેના કરતાં બેથી ત્રણ ઘણી રકમ મળી શકે તેમ છે પણ તેની પાસે નાણાકીય વ્યવસ્થા નહીં હોવાના કારણે તે કરી શકતો નથી.

### ક્વૉરી

કચ્છમાં મોટા ડુંગર નથી પણ નાના ડુંગર ઘણા છે અને પથ્થરનો પાર નથી, જ્યાં આવા પથ્થરવાળો વિસ્તાર હોય ત્યાં ક્વૉરી કરવા માટે મંજૂરી અને સહાય મળે તો કેટલાકને રોજગારી મળે. ઉપરાંત પોતે સ્વતંત્ર વ્યવસાય કરી શકે.

### જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાનો પરવાનો

જયાં જંગલ વિસ્તાર છે ત્યાં મધ, ગુંદર, ઘણા સારા પ્રમાણમાં મળી રહે છે. ગુંદર બે ત્રણ જાતનો મળે છે. આના માટે આદિવાસીઓને એકઠા કરવાનો પરવાનો આપવામાં આવે અને ત્યારપછી નિગમ દ્વારા ખરીદી લેવામાં આવે તો આદિવાસીઓને ઘણો લાભ થાય તેમ છે. વેપારીઓ તેને છેતરતા હોય છે. ઘણીવાર નિગમ પણ ઘણા ઓછા પૈસા આપે છે.

### ભરત ગૂંથણ

કચ્છનું પ્રિન્ટ ઘણું પ્રખ્યાત છે તેનું ભરતગુંથણ કામ અજોડ છે. આ કામ અભણ બહેનો પણ ખૂબ સારી રીતે કરી શકે છે. ફક્ત તેમને આ કામ માટે જોઈતાં સાધનો અને મારકેટ પુરુ પાડવામાં આવે તો તે ખૂબ સારી રીતે કરી શકે તેમ છે. કચ્છી બહેનો જે નવરાશના સમયે ઘરે બેસી રહે છે ત્યારે આવા કેન્દ્રો ખોલી જરૂર પડે ટ્રેનિંગ આપી, ભરતગુંથણનાં કેન્દ્રો ચલાવવા જોઈએ. જેથી બેનોને કામ મળે, જાગૃતિ વધે અને બહેનોનો લોકસંપર્ક પણ વધે સાથે સાથે કુટુંબની આવકમાં વધારો પણ થઈ શકે.

### શૈક્ષણિક

કોળીઓમાં શિક્ષણ નહીંવત છે. ગામની પ્રાથમિક શાળાઓમાં બાળકોના નામ હોય પણ બાળકો ભણવા માટે આવતા નથી. તે પસંદ થયેલ ગામોની પ્રાથમિક શાળાની વિગતો જોતાં ખ્યાલ આવે છે. સ્ત્રી શિક્ષણ તો નથી એમ કહી શકાય. થોડીક આશ્રમશાળાઓમાં નાની બાળકીઓ જોવા મળે. ગામની પ્રાથમિક શાળાઓમાં તો નહીંવત જોવા મળે. ''ભણે તો ઉધરી જાય'' તે સૂત્ર હજુ આજે પણ ઘણા વિસ્તારોમાં પ્રચલિત છે અને તેઓ સ્ત્રી શિક્ષણમાં માનતા નથી. બાળકોને નિશાળે નથી મોકલતા તેનાં કારણો જાણવા મળે છે તેમાં મુખ્ય કારણ તેમની આર્થિક સ્થિતિ નબળી છે તે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે

બાળકોવને કામમાં મદદ કરવા જવું પડે છે. મોટા બાળકો ઢોર ચરાવવા, નાના બાળકોને રાખવાનું, જંગલ ગૌણ પેદાશ એકઠી કરવામાં મદદ કરવાનું કેટલાક ઘરના કામોમાં મદદ કરવાની દા.ત. નાની છોકરીઓ વીરડેથી પાણી લાવે. આંગણા સાફ કરે વગેરે કામો કરતા હોવાથી નિશાળને બદલે ઘરે રોકી લેવામાં આવે છે.

તેમનામાં શિક્ષણ વધારવું હોય તો તેમનો આદિમ જાતિ જૂથોમાં સમાવેશ કરી તેમને મફત પુસ્તકો, કપડાં અને અનાજની યોજનાઓ જે અન્ય આદિમજૂથના આદિવાસીઓ જેવા કે કોલઘા, કાથોડી, વારલી વગેરેમાં ચાલે છે તે યોજના દાખલ કરવામાં આવશે તો, વાલીઓ ઉપર બાળકનું ભારણ રહેશે નહીં. વળી આર્થિક મદદ પણ થશે તો તેને સ્કૂલમાં નિયમિત મોકલશે. ઘણાં ગામોમાં એક જ ઓરડાની સ્કૂલ હોય છે. એકથી છ સાત ધોરણ ચલાવતા એક જ શિક્ષક હોય છે તો આવી પ્રાથમિક શાળાઓમાં વહેલામાં વહેલી તકે શૈક્ષણિક સ્ટાફ વધારવો જોઈએ અને શક્ય હોય તો સ્કૂલના ઓરડા પણ જલ્દી વધારવા જોઈએ. શિક્ષકો સ્કૂલમાં નિયમિત કામ કરે તે માટે મોટું ગામ હોય તો ગામમાં, નહીં તો નજીકના મોટા ગામમાં ક્વાર્ટર્સ બનાવી આપવા જોઈએ. જેથી તેઓ સ્થાઈ ગામમાં રહે અને વ્યવસ્થિત શિક્ષણકાર્ય કરી શકે. શિક્ષણ મેળવેલ કોળીઓને તેમના અભ્યાસની લાયકાત પ્રમાણે અનામત સીટનો લાભ આપી તાત્કાલિક નોકરી આપવી જોઈએ. જિલ્લાના સ્થાનિક માણસો મળી રહે ત્યાં સુધી બહારના જિલ્લાઓના ઉમેદવારને પસંદગી આપવી નહીં.

ઓછું ભણેલા આદિવાસી ઉમેદવાર ભાઈઓ અને બહેનોને અન્ય આદિવાસી વિસ્તારમાં ચાલતા ટૂંકાગાળાના તાલીમ વર્ગો જેવા કે, વાયરમેન, સિવણ, સુથારી, લુહારી, રેડિયો રીપેરીંગ જેવા ટેકનિકલ કોર્સ સ્ટાઈપેન્ડ આપી કરાવવા જોઈએ અને તેઓ સ્વતંત્ર ધંધો કરી શકે તે માટે યોગ્ય સાધન સામગ્રી તથા નાણાકીય મદદ કરવી જોઈએ. આને પ્રથમ પસંદગી આપવામાં આવશે તો જ આદિવાસીઓનો વિકાસ ઝડપી થશે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને વિકાસ એજન્સી દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમો દરેક પછાત વર્ગ માટે હોય છે જેના કારણે માત્ર કોળીઓને તેમાંથી સ્પેશ્યલ લાભો મળતા નથી. વળી તેમનામાં શિક્ષણ નહીં હોવાથી તે મેળવી શકતા નથી માટે અલગ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

કોળીઓમાં આજે પણ ઘણી રૂઢિગત માન્યતાઓ ચાલી આવે છે. તેઓ તે છોડવા તૈયાર નથી. દા.ત. ભણે તો ઉધરી જાય (બગડી જાય) (૨) વાછરડાને ખસી ન કરાવવી (૩) દૂધ વેચાય નહીં

(૪) માતાજીની બકરીઓ (૫) સામાજિક રીતરિવાજોમાં વધારે પડતો ખર્ચ ખાસ કરી બારમું.

આવા જૂનવાણી માનસમાં પરિવર્તન લાવવા માટે રાત્રી શાળાઓ દ્વારા સાચી, વૈજ્ઞાનિક, આધુનિક માહિતી આપવી જોઈએ. તેના માટે પ્રૌઢ શિક્ષણ અને સતત શિક્ષણ દ્વારા લોકોને જાગૃત કરવા જોઈએ. કોળી ગામોમાં કે મહોલ્લામાં બાલવાડી કે આંગણવાડી ચાલતી હોતી નથી. અભ્યાસમાં લીધેલ ગામોમાં બાલવાડી જોવા મળી ન હતી.

બાકોને નાસ્તો, રમતગમત વગેરેનું પ્રોત્સાહન મળે તો બાળકો ભણવા જવાનું ગમે અને ભણવા પ્રત્યે રુચિ પેદા થાય છે. આદિવાસી બાળકો માટે અલગ બાલવાડીઓ ખોલવી જોઈએ.

**આશ્રમશાળા દ્વારા શિક્ષણ**

આદિવાસીઓ માટે આશ્રમશાળાઓની શક્ય હોય તેટલી વધારે જોગવાઈ કરવી જોઈએ. પોતાના ઘેર તો સામાન્યતઃ બાળક અનિયમિત રહે છે અને અન્ય કામોમાં રોકાઈ રહે છે, જયારે આશ્રમશાળામાં જીવન ઘડતર સાથે સાથે શિક્ષણ પણ મેળવે છે. આશ્રમશાળાનો તમામ ખર્ચ સરકાર તરફથી મળવો જોઈએ. જેથી મા-બાપને ભણાવવાનો બોજો ઉપાડવો ના પડે. હાલમાં જે ગણીગાંઠી આશ્રમ શાળાઓ ચાલે છે તેમની મર્યાદાઓને કારણે વધારે બાળકો રાખી શકાતા નથી. વધારે સગવડ અપાતી નથી તો એક સમાજ સેવકના સૂચન પ્રમાણે જન્મદર અને શિક્ષણનો દર લગભગ ૭:૧ પ્રમાણે છે, એટલે કે આ ઘટાડવો હોય તો વધુ બાળકોને આશ્રમ શાળામાં રાખવાની પરવાનગી આપવી જોઈએ. વળી પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને પણ વધારે પ્રોત્સાહન આપી આકર્ષવા જોઈએ. અન્ય અવિકસિત વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે આશ્રમશાળાઓ શ્રેષ્ઠ સાબીત થઈ છે. વળી આશ્રમશાળા દ્વારા આપવામાં આવતું શિક્ષણ એ બુનિયાદી શિક્ષણ હોવાથી જીવન ઘડતર માટે ઘણું જ ઉપયોગી શિક્ષણ હોવાથી આશ્રમશાળાઓ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપવું. ઉચ્ચ શિક્ષણ માટે શહેરોમાં હોસ્ટેલની વ્યવસ્થા કરવી જોઈએ જેથી આગળ વધુ અભ્યાસ કરી શકે.

## પ્રકરણ - ૮

## સૂચિત વિકાસ કાર્યક્રમ

કચ્છની અનુસૂચિત જનજાતિઓ કોળી, વાઘરી અને પારઘી મુખ્ય છે. આમાં સૌથી વધારે વસતિ કોળી અનુસૂચિત જનજાતિની છે. કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને છૂટક મજૂરી છે. વાઘરી જાતિનો મુખ્ય વ્યવસાય શાકભાજી, દાતણ, જુના કપડાં તથા કાથીના દોરડા બનાવી વેચવાનો મુખ્ય છે. જયારે પારઘી આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય વાડીઓમાં કામ કરવાનો તથા શહેરમાં કાગળના ફૂલોના હાર અને ફૂલદાની બનાવી વેચવાનો છે. આ સિવાય છૂટક મજૂરીનો વ્યવસાય મુખ્ય છે. કચ્છમાં વસવાટ કરતી આ અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે કોઈ અલગ વ્યવસ્થા નથી પણ જિલ્લા વિકાસ એજન્સી દ્વારા ચાલતા વિકાસના કાર્યક્રમોમાં તેમના માટેના કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલો છે. જેનો લાભ અન્ય જાતિઓની સરખામણીમાં આદિવાસીઓને ઘણા ઓછા પ્રમાણમાં મળે છે. વળી અભણ, અજ્ઞાન આદિવાસીઓને લાભો કેવી રીતે મેળવવા / કયાંથી મેળવવા વગેરેની કોઈપણ જાતની માહિતી નહીં હોવાને કારણે તેમના પરંપરાગત વ્યવસાયો જૂની પદ્ધતિએ જ કરતા માલુમ પડ્યા છે. જેના કારણે તેમનું જીવન ધોરણ સંઘર્ષમય અને આર્થિક ભીંસમાં સપડાતું જાય છે. જેને અટકાવી તેમાંથી તેમને બહાર લાવવાનો કોઈ અલગ ઉપાય હજુ સુધી સમાજે અપનાવ્યો નથી.

તાલુકા વિકાસ એજન્સી રાપર દ્વારા થયેલ કામગીરીના આંકડા જોઈએ તો એજન્સી દ્વારા ચાલતા આ કાર્યક્રમોમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિતજાતિ અને અન્ય જાતિને જે લાભો મળ્યા છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં. ૩૭

રાપર તાલુકા વિકાસ એજન્સી દ્વારા આપવામાં આવેલી સહાય ૧૯૮૩-૮૪

| | અનુસૂચિત જનજાતિ | | | | અનુસૂચિત જાતિ | | | | અન્ય | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લાભાર્થી સંખ્યા | લોન | સબસીડી | કુલ | લાભાર્થી સંખ્યા | લોન | સબસીડી | કુલ | લાભાર્થી સંખ્યા | લોન | સબસીડી | કુલ | લાભાર્થી સંખ્યા | લોન | સબસીડી | કુલ |
| | ૬૩ | ૩૬૬૭૯૦ | ૧૭૯૬૦૪ | ૫૪૬૩૯૪ | ૧૨૫ | ૫૧૮૯૦૦ | ૧૦૦૦૭૭ | ૬૧૮૯૭૭ | ૫૨૭ | ૧૮૨૮૩૯૭ | ૫૩૫૧૪૩ | ૨૩૬૩૫૪૦ | ૭૧૫ | ૨૭૧૪૦૮૭ | ૮૧૪૮૨૪ | ૩૫૨૮૯૧૧ |
| ટકા | ૮.૮૨ | ૧૩.૫૨ | ૨૨.૦૪ | ૧૫.૪૮ | ૧૭.૪૮ | ૧૯.૧૧ | ૧૨.૨૮ | ૧૭.૫૪ | ૭૩.૭૦ | ૬૭.૩૭ | ૬૫.૬૮ | ૬૬.૯૮ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

ઉપરોક્ત કામગીરીના આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સૌથી વધુ આદિવાસી વસતિ ધરાવતા રાપર તાલુકામાં ફક્ત ૬૩ આદિવાસી લાભાર્થીઓને લાભ મળેલ છે. જે કુલ લાભાર્થીઓના ૮.૮૨ ટકા થાય છે. તેમને જે મદદ મળી છે તેમાં ૧૩.૫૨ ટકા લોન અને ૨૨.૦૪ ટકા સબસીડી મળેલ છે. આમ કુલ ખર્ચ થયેલ રકમના ૧૫.૪૮ ટકા મદદ આદિવાસીઓને મળી છે જેનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય. તે જ રીતે અનુસૂચિત જાતિના ૧૨૫ લાભાર્થીઓ હતા જે કુલ લાભાર્થીના ૧૭.૪૮ ટકા થાય છે અને તેમને જે મદદ મળી છે તે કુલ રકમના ૧૭.૫૪ ટકા થાય છે. એટલે કે આદિવાસીઓ કરતાં બે ટકા વધારે મદદ મળેલી જોઈ શકાય છે. જ્યારે અન્ય લાભાર્થીની સંખ્યા ૫૨૭ થાય છે જે કુલ લાભાર્થીના ૭૩.૭૦ ટકા થાય છે. જેમને ૬૭.૩૭ ટકા લોન અને ૬૫.૬૮ ટકા સબસીડી મળે છે. આમ કુલ રકમના ૬૬.૯૮ ટકા મદદ તો અન્ય જાતિઓને મળી છે જે આદિવાસી અને અનુ.જાતિના લાભાર્થીઓને જે મદદ મળી છે તેની સરખામણીમાં ઘણી વધારે છે. આવો મોટો તફાવત જોવા મળે છે ત્યારે આદિવાસીઓ માટે અલગ વ્યવસ્થા ગોઠવવી તેમના વિકાસ કાર્યો હાથ ધરવા જોઈએ તેમાં કોઈ શંકા લાગતી નથી.

કચ્છની ભૌગોલિક સ્થિતિ ઘણી વિવિધતાવાળી હોઈ કોઈ એક કાર્યક્રમના સૂત્રમાં ન બાંધતાં તેમાં થોડી છૂટછાટો પણ રાખવી જોઈએ તેમ લાગે છે. મુંદ્રા, માંડવી, અંજારનો કેટલોક ભાગ વગેરે તાલુકા વાડી વિસ્તાર તરીકે ગણાવી શકાય, જયારે રાપર, ભચાઉ, ભૂજ, નખત્રાણાનો કેટલોક ભાગ રણ વિસ્તાર પણ કહી શકાય. કચ્છના દરિયાકિનારાને લક્ષમાં રાખી પણ સૂચિત કાર્યક્રમ ઘડાવો જોઈએ.

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે કચ્છમાં ૬૩૩૦૧ની આદિવાસી વસતિ હતી જે કુલ વસતિના ૬.૭૨ ટકા થાય છે. સરેરાશ છ સભ્ય સંખ્યાનું કુટુંબ ગણીએ તો પણ સરેરાશ ૧૦૫૫૦ કુટુંબો કહી શકાય. આટલી મોટી સંખ્યામાં આદિવાસી વસતિ ધરાવતા કચ્છ જિલ્લામાં આદિવાસીઓ માટે કોઈ અલગ વિકાસ કાર્યક્રમો ગોઠવાયા નથી. જેના કારણે દિનપ્રતિદિન તેમની સ્થિતિ કથળતી જાય છે. વળી કચ્છ એટલે આફતનો દરિયો. ક્યારે દુષ્કાળ પડે તે કંઈ કહી શકાય નહીં. પાણીનો દુષ્કાળ તો બારેમાસ રહ્યા જ કરે તેમ છતાં આ સાહસિક પ્રજાએ છેક પુરાતનકાળથી દરિયો ખેડવામાં અને મહેનતમાં પાછી પાની કરી નથી. એમની પાસે મૂડીની સગવડ હતી. તેઓ પરદેશ પણ ગયા. કેટલાકે વાડીઓ કરી જૈન ઓસવાલ, કચ્છી પટેલ, જતલોકો વગેરે જાતિઓએ સાહસ કરી ગુજરાતના ઘણા જિલ્લાઓમાં તેમજ રાજય બહાર પણ પોતાની નામના કાઢી છે. અન્ય જાતિઓનો જે વિકાસ થયો છે તેની સરખામણીમાં આદિવાસી અને હરિજનોનો વિકાસ થયો નથી. કારણ કે આ પ્રજા પોતાના વતનને પકડી રહી દુષ્કાળનો સામનો કરતી રહી

જેને કારણે જે કંઈ મૂડી હતી તે દર વર્ષે ખર્ચા કરી આવકનું પ્રમાણ ઘટતું ગયું. જેથી જીવન ધોરણ સ્તર નીચું ગયું. દિવસે દિવસે મજૂરી ઉપર આધારિત કુટુંબો વધતાં ગયાં. મજૂરી પણ વતનમાં ન મળવાથી બહારગામ ગયા ત્યાં તેમનું શોષણ થવા લાગ્યું. આ દરેક પ્રશ્નોમાંથી ઉગરવા અને સર્વાંગી વિકાસ હાંસલ કરવા માટે અલાયદું આયોજન ખૂબજ જરૂરી જણાય છે.

**(૧) પીવાના પાણીની યોજના**

અગાઉ મુશ્કેલી અને સુઝાવોના પ્રકરણમાં પાણીની કેવી મુશ્કેલી છે તેનો ખ્યાલ મેળવ્યો છે. ક્ષેત્રકાર્યના આધારે કહી શકાય છે કે પાણી મેળવી શકાય તેવી શક્યતાવાળા વિસ્તારોમાં પણ પીવાના પાણીના કૂવા નથી. અન્ય જાતિ સાથે વસવાટ કરતા આદિવાસીઓના મહોલ્લામાં પાણીની સુવિધા નથી. નળ હોય તો અપુરતા, પાણી પુરવઠા યોજના દ્વારા ચાલતા કાર્યક્રમો અનિયમિત અને સંતોષકારક સાબીત થયા નથી તો તે માટે આદિવાસી વસતિ ધરાવતા ગામોને પ્રથમ પસંદગી આપી દર વર્ષે પીવાના પાણી માટે ઓછામાં ઓછા ૨૦ કૂવા કરવા જોઈએ. આ વિસ્તારને આધારે એક કૂવા પાછળ ૧૦,૦૦૦ રૂા. ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

| **રૂા.** | | **કૂવા** | | **કુલ ખર્ચવાની રકમ** |
|---|---|---|---|---|
| ૧૦,૦૦૦ | x | ૨૦ | = | ૨૦,૦૦,૦૦૦ |

જયાં સુધી પીવાના પાણીનો પ્રશ્ન હલ ન થાય ત્યાં સુધી આ યોજના ચાલુ રાખવી.

**(૨) ઘર અને ઘરથાળના પ્લોટ :**

અગાઉ જોયું તેમ અન્ય વસતિ સાથે વસવાટ કરતા આદિવાસીઓને ઘરથાળના પ્લોટ અને ઘર બનાવવાનો પ્રશ્ન વિકટ છે. મોટાભાગના આદિવાસીઓ પરંપરાગત ઘર ભૂંગા બનાવી રહે છે. એવું નથી કે ત્યાં ભૂંગામાં રહેવું અનિવાર્ય છે. કારણ કે અન્ય જાતિઓ પાકાં ઘરો બનાવી રહે છે, જયારે આદિવાસીઓની આર્થિક સ્થિતિના કારણે પાકાં ઘરો બનાવી શકતા નથી તો તે માટે દર વર્ષે ઓછામાં ઓછા ૫૦૦ કુટુંબોને ઘરથાળના પ્લોટ આપી ઘર બાંધવા લોન / સબસીડી આપવી જોઈએ. એક ખંડ ઓસરીવાળા મકાન બનાવવા માટે અંદાજે ચારથી પાંચ હજાર રૂપિયા સુધી ખર્ચ થાય છે. ઘર માટે પથ્થર સ્થાનિક મળી રહે છે. ઘર ઉપર મેંગ્લોરી નળિયાં કે સિમેન્ટના પતરાં નાખવાં જોઈએ જેથી ગરમીથી રક્ષણ મળી રહે.

**દર વર્ષે ૫૦૦ કુટુંબને ઘરથાળના પ્લોટ અને ઘર બાંધવા સહાય :** જમીનવાળા સીમાન્ત અને નાના ખેડૂતોને ઘરની જરૂરિયાત હોય તો ૫૦ ટકા લોન અને ૫૦ ટકા સબસીડીના ધોરણે જયારે ખેતમજૂર કે અન્ય મજૂરી પર આધારિત કુટુંબને ૧૦૦ ટકા સબસીડીના ધોરણે મકાન બાંધી આપવા.

૫૦૦ ઘર x ૪૦૦૦ એક ઘરનો અંદાજી ખર્ચ = ૨૦,૦૦,૦૦૦

આ યોજના ઘરથાળના પ્લોટ અને ઘરની જરૂરિયાત પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવી.

**(૩) ખેતી વિકાસ**

ખેતી વિકાસ માટે જમીન સુધારણા, સુધરેલ બિયારણ કિટ્સ- રાસાયણિક ખાતર, ખેતીના સુધારેલ ઓજારો તથા પિયત માટે કૂવા ઈલેકિટ્રકમોટર અથવા ઓઈલ એન્જીન વગેરેની ખાસ જરૂરિયાત છે. કોળી આદિવાસીઓની વધારે વસતિ રાપર અને ભચાઉ તાલુકામાં છે, ત્યાંના કોળીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. દિવસે દિવસે ખેતી ઉપર ભારણ વધતું જાય છે. અંદાજે ૫ હજાર કુટુંબો ખેતીનો વ્યવસાય કરે છે. કોળી કુટુંબોને ખેત ઉત્પાદન અન્ય જાતિ કરતાં ઘણું ઓછું છે. કારણ કે પરંપરાગત ખેતી, બિનપિયત અને સાધનો અભાવ. દર વર્ષે જમીન સુધારણા માટે ૫૦૦ કુટુંબોને આવરી લેવા જમીન સુધારવા માટે પથ્થર ખોદવો, પાળા બાંધવા અને શેઢા ઉપર બાવળ રોપવા વગેરે છે. આ કામ માટે એકરે ૧૦૦૦ હજાર રૂપિયા સુધીની જોગવાઈ કરવી જોઈએ.

(૧) જમીન સુધારણા - ૫૦૦ કુટુંબો માટે ૧ એકરે ૧૦૦૦ રૂા. કુલ ૫,૦૦,૦૦૦

(૨) બિયારણ કિટ્સ - ૫૦૦ કુટુંબો માટે ૧૦૦ રૂા. સુધીની જોગવાઈ કુલ ૫૦,૦૦૦

(૩) ખેતીનાં સાધનો (જરૂરિયાતવાળા ખેડૂતોને દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ ખેડૂતો) ૧૦૦ કુટુંબો માટે ૫૦૦ રૂા. સુધીના - ૫૦,૦૦૦

(૪) કૂવા તથા પિયતનાં સાધનો ૫૦ કુટુંબોને માટે ઈલેકિટ્રકમોટર, ઓઈલ એન્જીન

| | | |
|---|---|---|
| ૧ કૂવો | ૧૦,૦૦૦ | |
| મોટર એન્જીન | ૫,૦૦૦ | |
| ૧૧૫૦ કુટુંબો | ૧૫,૦૦૦ x ૫૦૦ | ૭,૫૦,૦૦૦ |
| | **કુલ રૂા.** | ૧૩,૫૦,૦૦૦ |

આ ઉપરાંત ખેતી વિકાસ માટે ખેત તલાવડી, વનિકરણ માટે સહાય આપવી જોઈએ.

(૪) પશુપાલન

ખેતી સાથે પશુપાલન પૂરક વ્યવસાય છે. સાથે સાથે ખેતી માટે તે ઉપયોગી પણ છે. વળી કોળી ખેડૂતો પશુપાલનનો વ્યવસાય ખૂબ સારી રીતે કરી શકે તેમ છે. કચ્છનો કેટલોક વિસ્તાર તો ઘાસિયા વિસ્તાર છે. ત્યાંની સારી ઓલાદના પશુ દેશભરમાં પ્રખ્યાત છે. પણ નાનાં ઝાંખરાં, પીલુડી, બોરડી વગેરેના કારણે ઘેટા બકરાનો વ્યવસાય ખૂબ સારી રીતે થઈ શકે તેમ છે. વળી રણ વિસ્તાર હોવાથી ઊંટ પણ જરૂરી પશુ છે. તે માટે મદદ કરવી જોઈએ.

કુટુંબદીઠ

| | સંખ્યા | કિંમત | દર વર્ષે સમાવા માગતા કુલ કુટુંબો - | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ ભેંસ | ૧ | ૩૦૦૦ | ૧૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨ ગાય | ૧ | ૧૫૦૦ | ૧૦૦ | ૧૫૦૦૦૦ |
| ૩ બકરાં ઘેટાં યુનિટ | ૧૧ | ૧૫૦૦ | ૧૦૦ | ૧૫૦૦૦૦ |
| ૪ બળદ | ૧ | ૨૦૦૦ | ૧૦૦ | ૨૦૦૦૦૦ |
| | | | | ૮૦૦૦૦૦ |

(૫) શિક્ષણ

કચ્છના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે. તેમાંય બહેનોમાંતો શિક્ષણ ન હોવા બરાબર છે. શહેર વિસ્તારમાં વસતા આદિવાસીઓ પણ શિક્ષણ આપી શકતા નથી તો ગામડામાં વસતા આદિવાસીની સ્થિતિ કેવી હશે તે અગાઉ જોયું. વળી તાલુકા પંચાયતના આંકડાઓ રજીસ્ટર આંકડા છે. જૂનમાં સ્કૂલ ખૂલે ત્યારે શિક્ષક ઘરે ઘરે ફરી બાળકોના નામ લખતા હોય છે પણ તે નિયમિત સ્કૂલમાં આવે તેવું માળખું ગોઠવાતું નથી. આ માટે શહેરી વિસ્તારમાં છાત્રાલય અને ગ્રામ્ય વિસ્તારમાં આશ્રમશાળાની અતિ આવશ્યકતા છે. કેટલાક સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આશ્રમશાળાઓ ચાલે છે પણ તે ઘણી બધી ઓછી અને સરકારી મર્યાદાઓના કારણે તેઓ વધારે બાળકોને રાખી શકતા નથી અને વધારે વ્યવસ્થા પણ આપી શકતા નથી. આ માટે કચ્છના

આદિવાસીઓ માટેની આશ્રમશાળામાં તો ઠીક વિશેષ સગવડ આપવી અને સંખ્યાની બાબતમાં છૂટછાટ આપવી અને ભણવા માટે પ્રોત્સાહન આપવું. હાલમાં સો બાળકો માટેનું આયોજન કરવું. બાળકો વધે તો ખર્ચ વધારી આશ્રમશાળા ચલાવવી.

**આશ્રમશાળાનું ખર્ચ**

| **ક્રમ** | **પ્રથમ વર્ષ** | **કુલ ખર્ચ** |
|---|---|---|
| | **અનાવર્તક ખર્ચ** | |
| ૧ | ફરનીચર અન્ય સરસામાન | ૧૦,૦૦૦-૦૦ |
| ૨ | ૧૦૦ છોકરા માટે વાસણો | ૨,૦૦૦-૦૦ |
| ૩ | રમતગમતનાં સાધનો | ૧૦૦-૦૦ |
| ૪ | ૧૦૦ છોકરાનું આશ્રમશાળાનું મકાન, છાત્રાલય સાથે | ૫૦,૦૦૦-૦૦ |
| ૫ | જમીન મળી શકે તો ૧૦ એકર જમીનની કિંમત | ૧૦,૦૦૦-૦૦ |
| ૬ | ખેતીનાં સાધનો | ૫૦૦-૦૦ |
| ૭ | બે ગાય (૫૦૦ એકના) | ૧,૦૦૦-૦૦ |
| ૮ | બે બળદ (૧૦૦૦ એકના) | ૨,૦૦૦-૦૦ |
| ૯ | સુધારેલ બિયારણ ખાતર | ૨૦૦-૦૦ |
| ૧૦ | પશુ છાપરા | ૧,૫૦૦-૦૦ |
| ૧૧ | જાજરૂ - પેશાબખાનું બાંધકામ | ૪૦૦-૦૦ |
| | **કુલ** | **૭૯,૨૦૦-૦૦** |

**૨. (રીકરીંગ) આવર્તક ખર્ચ :**

| | | |
|---|---|---|
| ૧. | બે તાલીમ પામેલ શિક્ષકો (૨૯૦-૫૬૦ પગાર) મોંઘવારી ભથ્થા સાથે | ૧૦,૦૦૦-૦૦ |
| ૨. | છાત્રાલય (છાત્ર નિવાસ) | |
| | (૧) રસોઈયો (કામાઠી અને નોકર) પગાર (૧૯૬ થી ૨૩૨) | ૮,૦૦૦-૦૦ |
| | (૨) વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ૧૦૦ વિદ્યાર્થી ૭૫ પ્રમાણે | ૭,૫૦૦-૦૦ |
| | (૩) અન્ય ખર્ચ | ૧,૦૦૦-૦૦ |
| | **કુલ ખર્ચ** | **૧,૦૫,૭૦૦-૦૦** |

વધુ વસતિ ધરાવતા તાલુકાઓમાં નવી આશ્રમશાળાઓ ખોલવી જોઈએ. પાંચ આશ્રમશાળા અને પાંચ છાત્રાલયો ખોલવાં જોઈએ.

**પ્રથમ વર્ષનો ખર્ચ :**

| | |
|---|---|
| પાંચ આશ્રમશાળા - ૧,૦૫,૭૦૦ x ૫ | ૫,૨૮,૫૦૦ |
| પાંચ છાત્રાલય - શહેરી વિસ્તારમાં ૬૮,૫૦૦ x ૫ | ૩,૪૨,૫૦૦ |
| કુલ | ૮,૭૧,૦૦૦ |

બીજા વર્ષ અનાવર્તક ખર્ચ (નોન રીકરીંગ) ખર્ચ બાદ થતાં આશ્રમશાળા અને છાત્રાલયના ખર્ચમાં ઘટાડો થશે.

**માધ્યમિક શિક્ષણ**

માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને કપડાં અને પુસ્તકો વાર્ષિક એક છોકરાને ૧૦૦ પ્રમાણે આપતાં ૧૦૦ x ૧૦૦ - ૧૦,૦૦૦

**પ્રૌઢશિક્ષણ વર્ગો**

કોળીઓમાં મોટી ઉંમરની વ્યક્તિઓ લગભગ અશિક્ષિતો છે, જેમાં ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરની વ્યક્તિઓ શિક્ષણથી વંચિત છે તો તેમને શિક્ષણ આપવું જોઈએ.

એક પ્રૌઢ દીઠ વાર્ષિક ૨૦ રૂપિયા પ્રમાણે ખર્ચ આવે તો ગામે ગામ આવા વર્ગો ચલાવી શિક્ષણ આપવું જોઈએ. આ માટે શિક્ષિત બેકાર વ્યક્તિને માનદ વેતન આપી રોકવા જોઈએ.

(૬) **ગૃહઉદ્યોગ**

આદિવાસીઓની આવડતવાળા અને વિના ટ્રેનિંગ કરી શકે તેવા ગૃહઉદ્યોગ તેમની પાસે છે. ફક્ત તેને આપણે થોડી નાણાંકીય સહાય આપવાની જરૂર છે. કેટલાંક કુટુંબો આવા ગૃહઉદ્યોગો પોતાની મર્યાદામાં રહી કરે છે.

**કોલસા બનાવવાનો ઉદ્યોગ**

બાવળના લાકડામાંથી કોલસો બનાવવાનું કામ દરેક આદિવાસી જાણે છે. ફક્ત તેને થોડોક પ્રોત્સાહિત કરી વ્યવસ્થિત પાયા ઉપર બનાવાનો છે. સૌ પ્રથમ એ જોવાનું છે કે તે જે બાવળનો

ઉપયોગ કરે છે તે બાવળ કોનો છે. જંગલ ખાતાનો પંચાયતનો કે કોઈ ખાનગી ? આનો જવાબ કોઈપણ હોઈ શકે. તે માટે સૌ પ્રથમ જમીનવાળા ખેડૂતને એક એકરમાં બાવળ ઉગાડવા માટે પ્રોત્સાહિત કરવો જોઈએ. એક એકરમાં અંદાજે પાંચ હજાર છોડ થઈ શકે તેમ તેમનું માનવું છે. તેના માટે સબસીડીના ધોરણે બાવળના રોપા પુરા પાડવા જોઈએ. આ બાવળ ૪ વર્ષે કાપવા લાયક થઈ જાય છે. ચાર વર્ષે સુધી તે ખેડૂતને દર વર્ષે એક હજાર રૂા. નિભાવ ખર્ચ આપવો જોઈએ. ત્યારપછી તેને જોઈતાં સાધનો લેવા પાંચસો રૂપિયાની સહાય જેમાં છાણીયું, તગારાં, બારદાન, સાજી વગેરે સાધન ખરીદી શકે. એક ભઠ્ઠામાંથી અંદાજે ૧૫ થી ૨૫ ગુણ કોલસો મેળવી શકાય છે. જેવી અંદાજે કિંમત ૩૭૫ રૂા. જેટલી થાય છે. આમ એક કુટુંબને એક ભઠ્ઠા પાછળ ૨૦ દિવસનો સમયગાળો લાગે અને એક ભઠ્ઠામાંથી ૩૭૫ રૂપિયા કમાણી થઈ શકે છે.

એક વર્ષમાં ૧૮ ભઠ્ઠા કરી શકાય છે. જેમાંથી અંદાજે ૪૫૦ કોથળા કોલસા મેળવી શકાય છે જેની અંદાજે આવક ૬,૭૫૦ રૂા. થાય છે. જે એક કુટુંબ માટે હાલની આવકો કરતાં વધારે અને સ્વતંત્ર વ્યવસાય કરી શકાય છે. એક એકરમાં પાંચ હજાર છોડ જેમાંથી અંદાજે એક હજાર કોથળા કોલસા મેળવી શકીએ તો ૧૫,૦૦૦ રૂા. આવક કરી શકાય. તો તે માટે જમીન ધરાવનાર ખેડૂતને એક એકરમાં ૫ હજાર છોડ ઉગાડવા માટે છોડના રોપા પુરા પાડવા જોઈએ તથા ચાર વર્ષ સુધી એક વર્ષના ૧,૦૦૦ રૂા. પ્રમાણે નિભાવ ખર્ચ પેટે આપવા જેથી ખેતીની વાર્ષિક આવક જે થાય તે આવક ખેડૂત ગુમાવે નહીં અને ચાર વર્ષ પછી વાર્ષિક ૬,૭૫૦ રૂા. કમાણી કરી શકે.

| | છોડ |
|---|---|
| પ્રથમ વર્ષે ૧૦૦ ખેડૂત x ૫ હજાર છોડ - | ૫,૦૦,૦૦૦ |
| ૧ ખેડૂત - ૧૦૦૦ રૂા. સહાય x ૧૦૦ - | ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ સુધી સહાય ૧૦૦ x ૧૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| કુલ ચાર વર્ષનું ખર્ચ | ૪,૦૦,૦૦૦ |
| દર વર્ષે - ૫૦ ખેડૂત વધારતા જવું જેનો ૪ વર્ષનો ખર્ચ | ૧,૫૦,૦૦૦ |
| **કુલ ખર્ચ** | ૫,૫૦,૦૦૦ |

(૭) **બારદાન સિવવાનું કામ**

શહેરમાં વસતા આદિવાસીઓ ગૃહઉદ્યોગ તરીકે બારદાન સિવવાનું કામ કરે છે. સીમેન્ટની ખાલી કોથળી નં.ર ભેગી કરી તેનું એક બારદાન બનાવે છે. જે મીઠામાં, કપાસીયા ભરવામાં વપરાય છે. આમ એક કુટુંબ એક દિવસના ઓછામાં ઓછા ૭૫ બારદાન સીવે છે જેની મજૂરી તેમને વેપારીઓ ૩૦ રૂા. આપે છે. જો સ્વતંત્ર ધંધો આપવામાં આવે તો એક દિવસના ૩૦ રૂા. કમાનાર કુટુંબ રૂા. ૧૧૨.૫૦ પૈસા કમાય છે.

આના માટે ૧ કુટુંબને ૫,૦૦૦ રૂા. સુધી સહાય કરવી જોઈએ. તેમાં ૫૦ ટકા સબસીડી અને ૫૦ ટકા લોન રાખવી જોઈએ.

સિમેન્ટની એક કોથળીના ૧ રૂા. ૫૦ પૈસા થાય. એક થેલા માટે બે કોથળા જોઈએ જેની કિંમત ૩ રૂા. થાય. એક થેલાનો બજાર ભાવ ૪ રૂા. ૫૦ પૈસા ચાલે છે. એક થેલા પાછળ - ૧ રૂા. ૫૦ પૈસા નફો. એક થેલો બનાવવા પાછળ ૨૦ પૈસા ખર્ચ થાય.

એક કુટુંબ એક દિવસના ૭૫ થેલા બનાવે તે માટે મૂડી જોઈએ ૨૨૫ રૂા. ખાલી થેલા ખરીદવા માટે. ૧૦ રૂા. સુતરીના ગણીએ તો રૂા. ૨૩૫/- થાય. તેની સામે બજાર ભાવ ૪ રૂા. ૫૦ પૈસા પ્રમાણે ૭૫ થેલાના ૩૩૭-૫૦ પૈસા મળે. તેમાંથી ૨૩૫-૦૦ મૂડી બાદ કરતાં રૂા. ૧૦૨-૫૦ પૈસા મળે; જે કુટુંબનો ચોકખો નફો.

એક દિવસના જે કુટુંબ મજૂરીમાંથી ૩૦ રૂા. કમાતું હતું તે સીધું રૂા.૧૦૨-૫૦ પૈસા કમાતું થઈ શકે તેમ છે, એટલે કે ત્રણથી ચાર ગણી આવક વધારે કરી શકે તેમ છે. પણ તેની પાસે મૂડી નહીં હોવાથી સ્વતંત્ર ધંધો કરી શકતા નથી.

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ષ ૧૦ કુટુંબને - રૂા.૫,૦૦૦ | રૂા. | ૫૦,૦૦૦ |
| દર વર્ષે - ૧૦ કુટુંબો વધારતા જવું - પાંચ વર્ષ સુધી | રૂા. | ૧,૬૦,૦૦૦ |
| ૪૦ કુટુંબો માટે | રૂા. | ૨,૧૦,૦૦૦ |

(૮) **કાગળની ફૂલદાની અને ફૂલના હાર**

પારઘી આદિવાસી જેઓ શહેરોમાં વસવાટ કરે છે તેઓ કાગળની ફૂલદાની અને ફૂલના હાર બનાવે છે. લગભગ આમાં તેમનો ઈજારો છે. ખૂબ આકર્ષક બનાવે છે. એક કુટુંબ એક દિવસના ૨૦ થી ૨૫ રૂા. આસાનીથી કમાઈ શકે તેમ છે.

કાગળના ફૂલનો ધંધો કરવા માટે રૂા.૨,૦૦૦ સુધીની મૂડીની જરૂર પડે છે. જે માટે ૫૦ ટકા લોન અને સબસીડીના ધોરણે મદદ કરવી જોઈએ. એક દિવસના ૩૬ હાર એક કુટુંબ બનાવી શકે. જે ૨ થી ૫ રૂા. સુધી વેચાય છે. આ ધંધો મોટા પાયે કરવા માટે ૩૦૦ કીલો જરી અને ૬૦ કીલો રેશમની જરૂરિયાત પડે છે. ફૂલદાની માટે નકશાનો કાગળ વપરાય છે. જે ડઝનના રૂા.૨૪ ના ભાવે મળે છે. જેની સાથે પુઠું, વાયર, કાગળની જરૂરિયાત પડે છે. દર વર્ષ ૧૦ થી ૧૫ કુટુંબને આ ધંધા માટે સહાય કરવી જોઈએ. બહેનો પણ આ કામ કરી શકે છે.

પ્રથમ વર્ષે ૧૦ કુટુંબ ગણીએ તો ૧ કુટુંબ x ૨૦૦૦ - ૨૦,૦૦૦ રૂા. ની જરૂરિયાત પડે. તે પ્રમાણે દર વર્ષે કુટુંબોની સંખ્યામાં ૫ થી ૧૦ કુટુંબોનો વધારો કરવો જોઈએ.

**(૯) છૂટક ધંધાઓ માટે**

કચ્છના આદિવાસીઓ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં છે, જે અન્ય પ્રકારના ધંધાઓ કરી પૂરક આવક મેળવી શકે તેમ છે. જેમાં નાના પાયા ઉપર વેપાર, શાકભાજીની લારી, પાનના ગલ્લા, હાથે ફેરવવાની રેંકડી, રીક્ષાઓ, કાપડની ફેરી, દોરડા બનાવવાનો વ્યવસાય, સોડા ફેકટરી, સોમીલ, ટાયર પંચર, સાયકલ રિપેરીંગ સ્ટોર વગેરે ધંધાઓ શહેરમાં વસતા આદિવાસી કરી શકે તેમ છે. આ ધંધાઓ કરવાની આવડત તેનામાં છે. આના માટે દર વર્ષે ૫૦ કુટુંબોને ધંધાની લોન અને સબસીડી આપવી જોઈએ. ઓછામાં ઓછી બે હજાર અને વધારેમાં વધારે ૫,૦૦૦ સુધીની મર્યાદામાં પચાસ ટકા લોન, સબસીડીના ધોરણે સહાય કરવી જોઈએ. ઓછામાં ઓછા ૨૦૦ કુટુંબોને ૪ વર્ષ સુધી સહાય કરવી જોઈએ.

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ષે - ૨૫ કુટુંબને ૨૦૦૦ની સહાય | રૂા. | ૫,૦૦૦-૦૦ |
| ૨૫ કુટુંબને ૫,૦૦૦ની સહાય | રૂા. | ૧,૨૫,૦૦૦-૦૦ |
| જેનો કુલ ખર્ચ ૧૦૦ કુટુંબોને ૨૦૦૦ પ્રમાણે | રૂા. | ૨,૦૦,૦૦૦-૦૦ |
| ૧૦૦ કુટુંબને ૫,૦૦૦ પ્રમાણે | રૂા. | ૫,૦૦,૦૦૦ |
| **કુલ** | **રૂા.** | **૭,૦૦,૦૦૦** |

ચાર વર્ષનું ૭,૦૦,૦૦૦/- મૂડી રોકાણ રહેશે. તેની સામે ૫૦ ટકા લોન અને ૫૦ ટકા સબસીડીનું ધોરણ રહેશે.

### (૧૦) ધંધા રોજગાર માટેની તાલીમ

કચ્છના આદિવાસી વિસ્તારોમાં કોઈપણ પ્રકારના તાલીમી વર્ગ ચાલતા નથી. યુવાનોને તાલીમ આપવામાં આવે તો સારું કામ કરી શકે તેમ છે. દા.ત. કોળીઓ તથા પારધી, સુથારીકામ, સીવણકામ, કડિયાકામ, લાઈટ ફીટીંગ, મોટર મિકેનીક, રેડીયો રિપેરીંગ, ડ્રાઈવીંગ, ભરતગુંથણની તાલીમ આપી સહાયથી સાધનો પુરા પાડવામાં આવે તો ગૌરવભેર પોતાનો ધંધો કરી આર્થિક ક્ષેત્રે પગભર થાય. આ માટે શૈક્ષણિક લાયકાતને બહુ ધ્યાનમાં ન લેવામાં આવે, કારણ કે શિક્ષણનું પ્રમાણ એટલું ઓછું છે કે વર્ગ ચલાવવા માટે સંખ્યા પણ પૂરતી થાય નહીં. આવડત ઉપર તેમની પસંદગી કરી તાલીમ આપવી.

વધારે વસતિ ધરાવતા તાલુકાઓમાં તાલીમી કેન્દ્ર ખોલવાં જોઈએ. પાંચ વર્ષના તબક્કામાં વ્યક્તિઓને તાલીમ આપવા પચાસની ટુકડીઓને તાલીમ આપવી. તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને અન્ય ખર્ચ મળી રૂા.૫,૦૦૦/- સુધી; એક તાલીમ પાછળ રૂા.૧૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ષે - ૨ વર્ષ ૧૦૦ x ૫૦૦ | રૂા. | ૫૦,૦૦૦ |
| પાંચ વર્ષનો ૫૦૦ તાલીમાર્થીઓનો કુલ ખર્ચ | રૂા. | ૨,૫૦,૦૦૦ |

### (૧૧) માછીમારી

અગાઉ સમાજ વ્યવસ્થાના પ્રકરણમાં જોયું તેમ કચ્છની મુખ્ય આદિવાસી વસતી કોળી જાતિ બે જૂથમાં વહેંચાયેલી છે. ચિરાઈથી આગળના કોળીઓની જાતિ તે કચ્છી કોળી અને રાપર, ભચાઉના કોળીઓને વાગડના કોળી તરીકે ઓળખાવે છે. કચ્છી કોળી દરિયાકિનારે પણ રહે છે. માંડવી, મુન્દ્રા, કંડલા વગેરે બંદરો ઉપર વસવાટ કરતા આદિવાસીઓ માછલી પકડવાનો વ્યવસાય કરી શકે તેમ છે. ઓછામાં ઓછા ૨૦૦ કુટુંબોને માછલી પકડવાની જાળો આપવી જોઈએ. આ રકમ ૧૦૦ ટકા સબસીડીના ધોરણે આપવી જોઈએ. એક સારી જાળની કિંમત રૂા.૨,૦૦૦ સુધી થાય છે.

| | કુટુંબ | કિંમત | કુલ ખર્ચ કુટુંબદીઠ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૧૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| બીજા વર્ષે | ૧૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| કુલ | | | ૪,૦૦,૦૦૦ |

(૧૨) બળદગાડા તથા ઊંટલારી

કચ્છ વિસ્તારની દ્રષ્ટિએ ઘણો ભાગ રેતાળ રણપ્રદેશ છે. મુખ્ય વાહક તરીકે ઊંટનો ઉપયોગ વિશેષ થાય છે. ગામડાઓમાં માલ પહોંચાડવા, મુસાફરી કરવા ઊંટ ઘણુંજ ઉપયોગી પ્રાણી છે. તેને જોઈતો ચારો પણ ઝાડ અને ઝાંખરાઓમાંથી મળી રહે છે. દરેક પ્રકારનો ઘાસચારો ઊંટને માફક આવે છે જેથી ખેતમજૂર પણ ઊંટ પાળી શકે છે. એટલે ભાડાના કામો કરવા માટે ઊંટગાડી ખૂબ ઉપયોગી છે. વળી આદિવાસીઓની માંગ ઘણી રહે છે. એક કુટુંબને રૂા.૫,૦૦૦ની મર્યાદામાં ઊંટગાડી ખરીદવા માટે ૫૦ ટકા લોન સબસીડીના ધોરણે મદદ કરવી જોઈએ. ચાર વર્ષમાં ૪૦૦ કુટુંબોને આવરી લેવા જોઈએ.

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ષે | ૧૦૦ કુટુંબો | ૫,૦૦,૦૦૦ |
| બીજા વર્ષે | ૧૦૦ કુટુંબો | ૫,૦૦,૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૧૦૦ કુટુંબો | ૫,૦૦,૦૦૦ |
| ચોથા વર્ષે | ૧૦૦ કુટુંબો | ૫,૦૦,૦૦૦ |
| **કુલ** | **૪૦૦ કુટુંબો** | **૨૦,૦૦,૦૦૦** |

(૧૩) ગુજરાત સરકાર સંચાલિત ઔદ્યોગિક એકમો ચાલુ કરવાં જોઈએ. ઉપરાંત ઉદ્યોગપતિઓને ઉદ્યોગો સ્થાપવા પરવાના આપવા જોઈએ. ગુજરાત સરકાર ચલાવી શકે તેવા ઉદ્યોગોમાં જી.એમ.ડી.સી. (ગુજરાત મિનરલ ડેવલપમેનટ કોર્પોરેશન) આખાએ કચ્છ વિસ્તારમાં પથ્થરનું પ્રમાણ ઘણું છે. પથ્થર ઘણા પ્રકારના મળે છે તો વધારે પુરવઠો અને વિવિધ પ્રકારના પથ્થરો ઉપલબ્ધ હોય ત્યાં આવા મોટા પાયા ઉપર ઔદ્યોગિક એકમ ચાલુ કરવાં જોઈએ; જેથી સ્થાનિક વસવાટ કરતા બિન આદિવાસી અને આદિવાસીઓને પણ રોજગારી મળી રહે.

ટેક્ષટાઈલ મિલ

કચ્છના સમગ્ર તાલુકાઓમાં કપાસના પાકનું પ્રમાણ ખૂબ સારું છે. કપાસ લોઢવાની મિલો પણ આવેલી છે. પણ ત્યાં કાપડ બનાવવા માટે ટેક્ષટાઈલ મિલ કે મિલ જેવું કંઈ નથી. તો કપાસ ઉત્પન્ન કરતા વિસ્તારમાં આવી મિલો ઉભી કરવી જોઈએ, જેથી રોજગાર આપી શકાય. કચ્છની આબોહવા અનુકૂળ ન પણ આવે તો પણ અત્યારના વિજ્ઞાનયુગમાં એરકન્ડીશન પ્લાન્ટ કરી ઉદ્યોગો સ્થાપી શકાય તેમ છે.

(ક) ક્વૉરી ઉદ્યોગ

ક્વૉરી ઉદ્યોગ માટે પથ્થર મહત્વનો કાચો માલ છે અને તે કચ્છમાં મબલખ પ્રમાણમાં ઉપલબ્ધ છે તો તેવા ઉદ્યોગો માટે લોન સબસીડીના ધોરણે સહકારી મંડળી દ્વારા કે ખાનગી સાહસો દ્વારા આવા પ્લાન્ટ ઊભા કરવા જોઈએ. આ પ્લાન્ટોમાં આદિવાસી મજૂરોને પ્રાધાન્ય આપવું જોઈએ. એક નાના પાયાના ઉદ્યોગો માટે તેમને પણ પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૧૪) આ વિકાસ કાર્યક્રમનો વ્યવસ્થિત વિકાસ થાય તે માટે જિલ્લા કક્ષાએ અલગ વહીવટી માળખું ઊભું કરવું પડશે. કારણ કે જિલ્લા વિકાસ એજન્સી દ્વારા ચાલતા કાર્યક્રમો બધી જ જાતિઓ માટે હોવાના કારણે આદિવાસીઓને લાભો મળવા જોઈએ તેટલા પ્રમાણમાં મળતા નથી.

(૧) જિલ્લા કક્ષાએ બીજા વર્ગના અધિકારીની જગ્યા - ૧

(૨) તાલુકા કક્ષાએ આસિસ્ટન્ટની એક એક જગ્યા - ૯

જિલ્લામાં વિકાસ માટે ફાળવવામાં આવેલ કુલ બજેટમાંથી આદિવાસીના વિકાસ માટેનું બજેટ અલગ પાડી જિલ્લા વિકાસ એજન્સીના અલગ વિભાગ તરીકે કામગીરી હાથ ધરવી જોઈએ. ઉપરાંત અલગ અલગ શાખાઓ મારફતે મળતા લાભોમાં આદિવાસીને મળવાપાત્ર લાભોની ટકાવારી નક્કી કરી દેવી જોઈએ અને તેટલાં નાણાં અંકિત ભંડોળ તરીકે આદિવાસીમાં જ ખર્ચાવા જોઈએ. તેની સંપૂર્ણ જવાબદારી આદિવાસી વિકાસ માટે નિમાયેલ અધિકારીની રહેવી જોઈએ. વિકાસ એજન્સી દ્વારા તેમને પણ અન્ય વાહન વગેરેની સેવા મળવી જોઈએ.

| | | |
|---|---|---|
| ૧. | અધિકારીનો ૧ વર્ષનો પગાર ૫૦૦ થી ૯૦૦નો ગ્રેડ<br>(સરકારી નિયમ મુજબ મળવાપાત્ર ભથ્થા સાથે) | ૧૫,૦૦૦ |
| ૨. | આસિસ્ટન્ટનો પગાર ૧ વર્ષનો ૪૨૫ થી<br>(સરકારી નિયમ મુજબ મળવાપાત્ર ભથ્થાં) | ૧,૦૮,૦૦૦ |
| | કુલ | ૧,૨૩,૦૦૦ |

## સૂચિત વિકાસ કાર્યક્રમનો કુલ ખર્ચ

| ક્રમ | યોજનાઓ | ખર્ચ રૂપિયા | વર્ષ અને કુટુંબો |
|---|---|---|---|
| ૧. | પીવાના પાણીની યોજના | ૨,૦૦,૦૦૦ | વાર્ષિક ૨૦ કૂવા પ્રમાણે |
| ૨. | ઘરથાળના પ્લોટ અને ઘર બાંધવા | ૨૦,૦૦,૦૦૦ | વાર્ષિક ૫૦૦ કુટુંબો |
| ૩. | ખેતી વિકાસ (જુદા જુદા કાર્યક્રમો હેઠળ) | ૧૩,૫૦,૦૦૦ | વાર્ષિક ૧૧૫૦ કુટુંબો |
| ૪. | પશુપાલન માટે સહાય | ૮,૦૦,૦૦૦ | વાર્ષિક ૪૦૦ કુટુંબો |
| ૫. | શિક્ષણ, આશ્રમશાળા છાત્રાલય | ૮,૭૧,૦૦૦ | પાંચ આશ્રમશાળા અને છાત્રાલયો |
| | ઉચ્ચ અભ્યાસ માટે પુસ્તકો તથા કપડાં | ૧૦,૦૦૦ | ૧૦૦ વિદ્યાર્થીઓ માટે |
| ૬. | કોલસા બનાવવાનો | ૫,૫૦,૦૦૦ | ચાર વર્ષમાં ૨૫૦ કુટુંબો |
| ૭. | બારદાન સિવવા | ૨,૧૦,૦૦૦ | ચાર વર્સ્ષમાં ૪૦ કુટુંબો |
| ૮. | ફૂલના હાર, ફૂલદાની | ૨૦,૦૦૦ | વાર્ષિક ૧૦ કુટુંબો |
| ૯. | છૂટક ધંધાઓ માટે | ૭,૦૦,૦૦૦ | ચાર વર્ષમાં ૪૦૦ કુટુંબો |
| ૧૦. | ધંધા રોજગારી માટે તાલીમ | ૨,૫૦,૦૦૦ | પાંચ વર્ષમાં-૫૦૦ તાલીમ |
| ૧૧. | માછીમારી ઉદ્યોગ | ૪,૦૦,૦૦૦ | બે વર્ષમાં - ૨૦૦ કુટુંબો |
| ૧૨. | બળદગાડા, ઊંટગાડી માટે | ૨૦,૦૦,૦૦૦ | ચાર વર્ષમાં ૪૦૦ કુટુંબો |
| ૧૩. | વહીવટી તથા અન્ય ખર્ચ | ૧,૩૯,૦૦૦ | ૧ અધિકારી, ૯ મદદનીશ તથા અન્ય વહીવટી ખર્ચ તથા અન્ય ખર્ચ સાથે |
| | કુલ | ૯૫,૦૦,૦૦૦ | |

આ યોજનાના સૂચિત ખર્ચથી વાર્ષિક અંદાજે ૨૫૨૦ કુટુંબોને મદદ મળશે અને ચાર વર્ષમાં ૧૦૦૮૦ કુટુંબોને મદદ મળશે જેનાથી કચ્છના તમામ આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થઈ શકશે તથા અન્ય શૈક્ષણિક અને જાહેર સુવિધાઓમાં વધારો કરી શકાશે.

## સૂચિત વિકાસ કાર્યક્રમનો કુલ ખર્ચ

| ક્રમ | યોજનાઓ | ખર્ચ રૂપિયા | વર્ષ અને કુટુંબો |
|---|---|---|---|
| ૧. | પીવાના પાણીની યોજના | ૨,૦૦,૦૦૦ | વાર્ષિક ૨૦ કૂવા પ્રમાણે |
| ૨. | ઘરથાળના પ્લોટ અને ઘર બાંધવા | ૨૦,૦૦,૦૦૦ | વાર્ષિક ૫૦૦ કુટુંબો |
| ૩. | ખેતી વિકાસ (જુદા જુદા કાર્યક્રમો હેઠળ) | ૧૩,૫૦,૦૦૦ | વાર્ષિક ૧૧૫૦ કુટુંબો |
| ૪. | પશુપાલન માટે સહાય | ૮,૦૦,૦૦૦ | વાર્ષિક ૪૦૦ કુટુંબો |
| ૫. | શિક્ષણ, આશ્રમશાળા છાત્રાલય | ૮,૭૧,૦૦૦ | પાંચ આશ્રમશાળા અને છાત્રાલયો |
| | ઉચ્ચ અભ્યાસ માટે પુસ્તકો તથા કપડાં | ૧૦,૦૦૦ | ૧૦૦ વિદ્યાર્થીઓ માટે |
| ૬. | કોલસા બનાવવાનો | ૫,૫૦,૦૦૦ | ચાર વર્ષમાં ૨૫૦ કુટુંબો |
| ૭. | બારદાન સિવવા | ૨,૧૦,૦૦૦ | ચાર વર્સ્ષમાં ૪૦ કુટુંબો |
| ૮. | ફૂલના હાર, ફૂલદાની | ૨૦,૦૦૦ | વાર્ષિક ૧૦ કુટુંબો |
| ૯. | છૂટક ધંધાઓ માટે | ૭,૦૦,૦૦૦ | ચાર વર્ષમાં ૪૦૦ કુટુંબો |
| ૧૦. | ધંધા રોજગારી માટે તાલીમ | ૨,૫૦,૦૦૦ | પાંચ વર્ષમાં-૫૦૦ તાલીમ |
| ૧૧. | માછીમારી ઉદ્યોગ | ૪,૦૦,૦૦૦ | બે વર્ષમાં - ૨૦૦ કુટુંબો |
| ૧૨. | બળદગાડા, ઊંટગાડી માટે | ૨૦,૦૦,૦૦૦ | ચાર વર્ષમાં ૪૦૦ કુટુંબો |
| ૧૩. | વહીવટી તથા અન્ય ખર્ચ | ૧,૩૯,૦૦૦ | ૧ અધિકારી, ૯ મદદનીશ તથા અન્ય વહીવટી ખર્ચ તથા અન્ય ખર્ચ સાથે |
| | કુલ | ૯૫,૦૦,૦૦૦ | |

આ યોજનાના સૂચિત ખર્ચથી વાર્ષિક અંદાજે ૨૫૨૦ કુટુંબોને મદદ મળશે અને ચાર વર્ષમાં ૧૦૦૮૦ કુટુંબોને મદદ મળશે જેનાથી કચ્છના તમામ આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થઈ શકશે તથા અન્ય શૈક્ષણિક અને જાહેર સુવિધાઓમાં વધારો કરી શકાશે.

૧૯૮૪-૮૫ વર્ષના વિકાસ કાર્યક્રમોમાં લાભાર્થી કુટુંબોને આપવામાં આવેલી મદદની વિગત તેમજ મળેલી લોન સબસીડી દર્શાવતો કોઠો
જિલ્લો કચ્છ (જિલ્લા વિકાસ એજન્સી દ્વારા પ્રકાશિત વિગત) (લાખમાં)

| અ. નં. | વિકાસ યોજનાની વિગત | એકમ | એકમ સંખ્યા | | | | કુટુંબ સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | યુનિટની અનુ.જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ |
| અ. | આવક નહીં આપતી પ્રવૃત્તિઓની મિલકત | | | | | | | | | |
| ૨ | સુધારેલા ખેતી ઓજારો | - | ૧ | ૪ | ૧૩ | ૧૮ | ૧ | ૪ | ૧૩ | ૧૧ |
| | કુલ | | ૧ | ૪ | ૧૩ | ૧૮ | ૧ | ૪ | ૧૩ | ૧૮ |
| બ | આવક આપતી પ્રવૃત્તિ/મિલકત | | | | | | | | | |
| ૧ | બળદ | - | ૩૫ | ૧૫ | ૧૬૭ | ૨૧૭ | ૩૫ | ૧૫ | ૧૬૭ | ૨૧૭ |
| ૨ | બળદગાડી | - | ૬૯ | ૭૪ | ૩૯૫ | ૫૩૮ | ૬૯ | ૭૪ | ૩૯૫ | ૫૩૮ |
| ૩ | શાકભાજીના ધંધા માટે | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | ખેત જંગલ | - | - | - | - | - | - | - | - | - |
| ૫ | નવા કૂવા | - | - | - | - | - | - | - | - | - |
| ૬. | કૂવા ઊંડા કરાવવા | - | - | - | - | - | - | - | - | - |
| ૭. | પંપસેટ ઈ.મોટર અથવા ઓઈલ એન્જીન સાથે | - | - | - | - | - | - | - | - | - |
| ૮. | પાઈપ લાઈન | મીટર | - | - | ૨ | ૨ | - | - | ૨ | ૨ |
| ૯. | ભેંસો | | ૧૨૦ | ૬૨ | ૯૯૦ | ૧૧૭૨ | ૧૨૦ | ૬૨ | ૯૯૦ | ૧૧૭૨ |
| ૧૦. | ગાયો | | ૧૮૦ | ૨૭ | ૮૨૫ | ૧૦૩૨ | ૧૮૦ | ૨૭ | ૮૨૫ | ૧૦૩૨ |
| ૧૧ | બકરા યુનિટ | | ૮ | ૪૬ | ૨૬૪ | ૩૧૮ | ૮ | ૪૬ | ૨૬૪ | ૩૧૮ |

૧૯૮૪-૮૫ વર્ષના વિકાસ કાર્યક્રમોમાં લાભાર્થી કુટુંબોને આપવામાં આવેલી મદદની વિગત તેમજ મળેલી લોન સબસીડી દર્શાવતો કોઠો

જિલ્લો કચ્છ (જિલ્લા વિકાસ એજન્સી દ્વારા પ્રકાશિત વિગત) (લાખમાં)

| અ. નં. | વિકાસ યોજનાની વિગત | એકમ | એકમ સંખ્યા | | | | કુટુંબ સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | યુનિટની અનુ.જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ |
| ૧૨ | ઘેટા યુનિટ | | ૬ | ૨ | ૩૭૬ | ૩૮૪ | ૬ | ૨ | ૩૭૬ | ૩૮૪ |
| ૧૩ | ભૂંડ યુનિટ | | - | - | - | - | - | - | - | - |
| ૧૪ | મરઘા યુનિટ | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫ | માછલા પકડવાની જાળ | - | - | ૧૪ | ૨૨૭ | ૨૪૧ | - | ૧૪ | ૨૨૭ | ૨૪૧ |
| ૧૬ | માછલા પકડવાની હોડી | - | - | - | ૧૪ | ૧૪ | - | - | ૧૪ | ૧૪ |
| ૧૭ | ઊંટગાડા | - | ૫૭ | ૪૩ | ૨૯૮ | ૩૯૮ | ૫૭ | ૪૩ | ૨૯૮ | ૩૯૮ |
| ૧૮ | ગ્રામ અને ગૃહઉદ્યોગ | - | ૯૨ | ૧૩ | ૫૧૫ | ૬૨૦ | ૯૨ | ૧૩ | ૫૧૫ | ૬૨૦ |
| ૧૯. | આઈ.એસ.બી. (દુકાન અને નાના ધંધા) | - | ૨૧૩ | ૪૬ | ૧૦૮૦ | ૧૩૩૯ | ૨૧૩ | ૪૬ | ૧૦૮૦ | ૧૩૩૯ |
| ૨૦ | અન્ય (બીજા સ્પેશ્યલ) ખેત ઉપયોગી | - | ૨૬ | ૫૪ | ૨૪૨ | ૩૨૨ | ૨૬ | ૫૪ | ૨૩૭ | ૩૧૭ |
| સી | સગવડ માળખું | - | - | - | - | - | - | - | - | - |
| ડી | તાલીમ વર્ગ | - | - | - | - | - | - | - | - | - |
| ઈ | સહકારી મંડળી તથા ધંધા માટે સહાય | - | - | - | - | - | - | - | - | - |
| એફ | વહીવટી | - | - | - | - | - | - | - | - | - |
| જી | બીજા | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ ટોટલ એ-બી-સી | | ૮૦૭ | ૪૦૦ | ૫૪૦૮ | ૬૬૧૫ | ૮૦૭ | ૪૦૦ | ૫૪૦૩ | ૬૬૧૦ |
| | | | ૧૨.૨૦ | ૬.૦૪ | ૮૧.૭૬ | ૧૦૦.૦ | ૧૨.૨૧૬ | .૦૫ | ૮૧.૭૪ | ૧૦૦.૦ |

૧૯૮૪-૮૫ વર્ષના વિકાસ કાર્યક્રમોમાં લાભાર્થી કુટુંબોને આપવામાં આવેલી મદદની વિગત તેમજ મળેલી લોન સબસીડી દર્શાવતો કોઠો

જિલ્લો કચ્છ (જિલ્લા વિકાસ એજન્સી દ્વારા પ્રકાશિત વિગત) (લાખમાં)

| અ. નં. | વિકાસ યોજનાની વિગત | સબસીડીની રકમ | | | | લોનની રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યુનિટની અનુ.જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ |
| અ. | આવક નહીં આપતી પ્રવૃત્તિઓની મિલકત | | | | | | | | |
| ૨ | સુધારેલા ખેતી ઓજારો | - | ૦.૦૧ | ૦.૦૧ | ૦.૦૨ | - | - | - | - |
| | કુલ | - | ૦.૦૧ | ૦.૦૧ | ૦.૦૨ | - | - | - | - |
| બ | આવક આપતી પ્રવૃત્તિ/મિલકત | | | | | | | | |
| ૧ | બળદ | ૦.૭૩ | ૧.૦૪ | ૩.૮૪ | ૫.૬૧ | ૧.૮૪ | ૧.૦૪ | ૮.૬૪ | ૧૧.૫૨ |
| ૨ | બળદગાડી | ૧.૨૬ | ૧.૭૨ | ૭.૫૫ | ૧૦.૪૩ | ૨.૫૨ | ૧.૭૨ | ૧૬.૯૮ | ૨૧.૨૨ |
| ૩ | શાકભાજીના ધંધા માટે | - | - | - | - | - | - | - | - |
| ૪ | ખેત જંગલ | - | - | - | - | - | - | - | - |
| ૫ | નવા કૂવા | - | - | - | - | - | - | - | - |
| ૬. | કૂવા ઊંડા કરાવવા | - | - | - | - | - | - | - | - |
| ૭. | પંપસેટ ઈ.મોટર અથવા ઓઈલ એન્જીન સાથે | - | - | - | - | - | - | - | - |
| ૮. | પાઈપ લાઈન | - | - | ૦.૦૪ | ૦.૦૪ | - | - | ૦.૧૦ | ૦.૧૦ |
| ૯. | ભેંસો | ૧.૧૯ | ૦.૮૩ | ૯.૮૬ | ૧૧.૮૮ | ૨.૬૭ | ૦.૮૩ | ૨૨.૨૨ | ૨૫.૭૨ |
| ૧૦. | ગાયો | ૧.૦૫ | ૦.૨૨ | ૪.૭૫ | ૬.૦૨ | ૨.૧૦ | ૦.૨૩ | ૧૦.૮૬ | ૧૩.૧૦ |
| ૧૧ | બકરા યુનિટ | ૦.૦૯ | ૦.૭૬ | ૨.૯૩ | ૩.૭૮ | ૦.૧૭ | ૦.૭૬ | ૬.૬૦ | ૭.૫૩ |

## ૧૯૮૪-૮૫ વર્ષના વિકાસ કાર્યક્રમોમાં લાભાર્થી કુટુંબોને આપવામાં આવેલી મદદની વિગત તેમજ મળેલી લોન સબસીડી દર્શાવતો કોઠો

### જિલ્લો કચ્છ (જિલ્લા વિકાસ એજન્સી દ્વારા પ્રકાશિત વિગત) (લાખમાં)

| અ. નં. | વિકાસ યોજનાની વિગત | એકમ સંખ્યા | | | | કુટુંબ સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યુનિટની અનુ.જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | અન્ય | કુલ |
| ૧૨ | ઘેટા યુનિટ | ૦.૦૮ | ૦.૦૨ | ૪.૭૩ | ૪.૮૭ | ૦.૨૪ | ૦.૦૬ | ૧૪.૬૧ | ૧૪.૯૧ |
| ૧૩ | ભૂંડ યુનિટ | - | - | - | - | - | - | - | - |
| ૧૪ | મરઘા યુનિટ | - | - | - | - | - | - | - | - |
| ૧૫ | માછલાં પકડવાની જાળ | - | ૦.૧૪ | ૨.૭૧ | ૨.૮૫ | - | ૦.૧૪ | ૫.૧૦ | ૫.૨૪ |
| ૧૬ | માછલાં પકડવાની હોડી | - | - | ૦.૫૧ | ૦.૫૧ | - | - | ૧.૨૮ | ૧.૨૮ |
| ૧૭ | ઊંટગાડા | ૧.૧૨ | ૧.૨૨ | ૬.૫૧ | ૮.૮૫ | ૨.૪૨ | ૧.૨૨ | ૧૨.૮૮ | ૧૬.૫૨ |
| ૧૮ | ગ્રામ અને ગૃહઉદ્યોગ | ૦.૪૯ | ૦.૦૬ | ૧.૮૯ | ૨.૪૪ | ૦.૭૧ | ૦.૦૬ | ૨.૫૧ | ૩.૨૮ |
| ૧૯. | આઈ.એસ.બી. (દુકાન અને નાના ધંધા) | ૧.૧૩ | ૦.૨૯ | ૭.૫૨ | ૮.૯૪ | ૨.૦૨ | ૦.૨૯ | ૧૪.૦૨ | ૧૬.૩૩ |
| ૨૦ | અન્ય (બીજા સ્પેશ્યલ) ખેત ઉપયોગી | ૦.૪૨ | ૦.૮૪ | ૨.૬૫ | ૩.૯૧ | ૦.૭૪ | ૦.૮૯ | ૩.૮૪ | ૫.૪૭ |
| સી | સગવડ માળખું | ૧.૧૦ | - | - | ૪.૭૭ | - | - | - | ૧.૫૦ |
| ડી | તાલીમ વર્ગ | ૦.૨૭ | - | - | ૧.૯૫ | - | - | - | - |
| ઈ | સહકારી મંડળી તથા ધંધા માટે સહાય | - | - | - | ૦.૩૫ | - | - | - | - |
| એફ | વહીવટી | - | - | - | ૭.૯૭ | - | - | - | - |
| જી | બીજા | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૮.૮૩ | ૭.૧૫ | ૫૫.૫૪ | ૮૫.૧૯ | ૧૫.૪૩૭ | .૨૪ | ૧૧૯.૪૬ | ૧૪૩.૬૩ |

## આઈ.આર.ડી.ના લાભાર્થીઓ ૧૯૮૩-૮૪, તા. રાપર (નાના ખેડૂતો)

| ક્રમ | સાધન | અનુ. જાતિ | | | અ.જનજાતિ | | | અન્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી |
| ૧. | બળદગાઢું | ૭ | ૮૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૨ | ૮૦૯૦૦ | ૪૦૪૫૦ | ૩૩ | ૨૦૪૫૦૦ | ૫૨૬૨૫ |
| ૨. | નવા કૂવા | ૨ | ૧૮૦૦૦ | ૪૫૦૦ | ૭ | ૪૭૫૦૦ | ૨૧૭૫૦ | ૯ | ૬૦૩૫૦ | ૧૫૭૫૫ |
| ૩ | ઈલેક્ટ્રીક મોટર | - | - | - | ૧ | ૬૦૦૦ | ૩૦૦૦ | ૭ | ૫૦૨૭૦ | ૧૨૫૭૧ |
| ૪ | ઓઈલ એન્જીન | - | - | - | - | - | - | ૧૨ | ૪૧૦૦૧ | ૨૦૯૫૦ |
| ૫ | હલર | - | - | - | - | - | - | ૧ | ૮૦૦૦ | ૨૦૦૦ |
| ૬ | બળદજોડ | ૧ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૮૦૦૦ | ૪૦૦૦ | ૧૦ | ૪૦૦૦૦ | ૧૦૧૫૦ |
| ૭ | પાઈપ લાઈન | - | - | - | - | - | - | - | - | - |
| ૮ | ગધેડા | - | - | - | ૪ | ૮૦૦૦ | ૯૮૬૬ | ૧૧ | ૨૬૦૦૦ | ૮૬૬૬ |
| ૯. | ઊંટગાડી | ૪ | ૧૭૭૦૦ | ૫૪૮૧ | ૧ | ૫૦૦૦ | ૧૬૬૬ | ૧૬ | ૭૨૬૦૦ | ૨૩૮૨૨ |
| ૧૦ | ભેંસ | ૨ | ૫૪૦૦ | ૧૬૯૧ | ૨ | ૫૪૦૦ | ૧૮૦૦ | ૬૦ | ૧૬૭૦૦૦ | ૫૩૨૪૦ |
| ૧૧ | કરિયાણાની દુકાન | - | - | - | - | - | - | ૭૧ | ૨૦૮૫૦૦ | ૬૪૬૩૫ |
| ૧૨ | ચમારકામ | ૬૪ | ૯૦૮૦૦ | ૨૮૫૫૯ | ૧ | ૨૦૦૦ | ૬૬૬ | - | - | - |
| ૧૩ | ઘોડાગાડી | - | - | - | - | - | - | ૧૯ | ૭૪૫૦૦ | ૨૩૪૮૩ |
| ૧૪ | બળદગાડી | - | - | - | - | - | - | ૧ | ૫૦૦૦ | ૧૬૬૭ |

## આઈ.આર.ડી.ના લાભાર્થીઓ ૧૯૮૩-૮૪, તા. રાપર (નાના ખેડૂતો) (ચાલુ)

| ક્રમ | સાધન | અનુ. જાતિ | | | અ.જનજાતિ | | | અન્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી |
| ૧૫ | સાયકલ રીપેરીંગ | - | - | - | - | - | - | ૩ | ૧૪૦૦૦ | ૪૬૬૬ |
| ૧૬ | શેરડી કોલું | - | - | - | - | - | - | ૧ | ૧૫૦૦ | ૫૦૦ |
| ૧૭ | સિલાઈ મશીન | ૪ | ૬૫૦૦ | ૨૧૬૬ | - | - | - | ૪૨ | ૭૩૮૫૬ | ૨૩૦૭૨ |
| ૧૮ | રેડિયો / ભરતગુંથણ | - | - | - | - | - | - | ૪ | ૪૦૦૦ | ૧૩૩૨ |
| ૧૯ | હજામતનાં સાધનો | - | - | - | - | - | - | ૯ | ૧૩૦૦૦ | ૪૩૩૩ |
| ૨૦ | રેડીપો રીપેરીંગ | - | - | - | - | | - | ૫ | ૧૦૦૦૦ | ૩૩૩૩ |
| ૨૧ | પાનબીડી | - | - | - | - | - | - | ૧૫ | ૩૨૫૦૦ | ૧૦૭૮૦ |
| ૨૨ | મીણબત્તીકામ | - | - | - | - | | - | ૧ | ૬૯૦૦ | ૨૩૦૦ |
| ૨૩ | ગાય | - | - | - | - | - | - | ૩ | ૪૫૦૦ | ૫૦૦ |
| ૨૪ | કુંભારીકામ | - | | - | - | - | - | ૧ | ૧૦૦૦ | ૩૩૩ |
| ૨૫ | ઊંટ | ૨ | ૪૦૦૦ | ૧૩૩૨ | - | - | - | ૧ | ૨૦૦૦ | ૬૬૬ |
| ૨૬ | ડીટરજન્ટ પાવડર | - | - | - | - | - | - | ૧ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૨૭ | મિઠાઈકામ | - | - | - | - | - | - | ૧૦ | ૨૨૦૦૦ | ૬૮૮૫ |
| ૨૮ | સુથારીકામ | - | - | - | - | - | - | ૧૬ | ૩૫૫૮૫ | ૧૧૩૬૬ |

## આઈ.આર.ડી.ના લાભાર્થીઓ ૧૯૮૩-૮૪, તા. રાપર (નાના ખેડૂતો) (ચાલુ)

| ક્રમ | સાધન | અનુ. જાતિ | | | અ.જનજાતિ | | | અન્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી |
| ૨૯. | બળદ એકો | - | - | - | - | - | - | ૧ | ૨૦૦૦ | ૬૬૦ |
| ૩૦. | ઘડિયાળ રીપેરીંગ | - | - | - | - | - | - | ૧ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| ૩૧. | પ્રાઈમસ રીપેરીંગ | - | - | - | - | - | - | ૧ | ૧૫૦૦ | ૫૦૦ |
| ૩૨ | ચાલાકી | - | - | - | - | - | - | ૯ | ૧૦૫૦૦ | ૭૧૫૪ |
| ૩૩ | ચાંદીકામ | - | - | - | - | - | - | ૨ | ૫૦૦૦ | ૧૬૬૬ |
| ૩૪ | રેડીમેડ કાપડ | ૨ | ૬૦૦૦ | ૨૦૦૦ | - | - | - | ૧૦ | ૨૧૮૦૦ | ૬૮૩૦ |
| ૩૫ | બુકબાઈન્ડીંગ | - | - | - | - | - | - | ૧ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| ૩૬ | પાપડ-અથાણા | - | - | - | - | - | - | ૩૪ | ૪૪૬૦૦ | ૧૩૮૨૬ |
| ૩૭ | ફલોરમીલ | - | - | - | - | - | - | ૩ | ૧૬૦૦૦ | ૪૮૧૮ |
| ૩૮ | કડીયાકામ | - | - | - | - | - | - | ૧ | ૨૦૦૦ | ૬૬૬ |
| ૩૯ | લુહારીકામ | - | - | - | - | - | - | ૯ | ૨૬૦૦૦ | ૧૧૧૨૬ |
| ૪૦ | વણાટકામ | ૧૪ | ૧૭૦૦૦ | ૫૬૪૯ | - | - | - | - | - | - |
| ૪૧ | બળદગાડું | ૭ | ૪૬૫૦૦ | ૧૪૮૬૭ | ૨૨ | ૧૫૧૦૦૦ | ૭૩૭૫૦ | ૪૦ | ૨૨૪૦૦૦ | ૩૪૯૧૩ |
| ૪૨ | ઈ.મોટર | - | - | - | - | - | - | ૨ | ૧૨૫૦૦ | ૩૮૩૦ |

આઈ.આર.ડી.ના લાભાર્થીઓ ૧૯૮૩-૮૪, તા. રાપર (નાના ખેડૂતો) (ચાલુ)

| ક્રમ | સાધન | અનુ. જાતિ | | | અ.જનજાતિ | | | અન્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી | સંખ્યા લાભાર્થી | લોન | સબસીડી |
| ૪૩ | ઓઈલ એન્જીન | - | - | - | ૨ | ૧૨૯૯૦ | ૬૪૯૫ | ૧૧ | ૭૬૬૩૫ | ૨૫૫૩૭ |
| ૪૪ | હલર | - | - | - | - | - | - | ૧ | ૫૦૦૦ | ૧૬૬૬ |
| ૪૫ | બળદજોડ | ૨ | ૮૦૦૦ | ૨૬૬૬ | ૩ | ૧૨૦૦૦ | ૬૦૦૦ | ૧૬ | ૬૩૭૦૦ | ૨૧૨૧૪ |
| ૪૬ | પાઈપલાઈન | ૧ | ૩૦૦૦ | ૧૦૦૦ | ૧ | ૩૦૦૦ | ૧૦૦૦ | - | - | - |
| ૪૭ | ગધેડા | - | - | - | - | - | - | - | - | - |
| ૪૮ | ઊંટગાડી | ૧૩ | ૫૨૭૦૦ | ૧૯૧૬૬ | ૫ | ૨૫૦૦૦ | ૯૧૬૧ | ૨૩ | ૧૦૮૧૦૦ | ૩૫૬૦૭ |
| | કુલ | ૧૨૫ | ૫૧૮૯૦૦ | ૧૦૦૦૭૭ | ૬૩ | ૩૬૬૭૯૦ | ૧૭૯૬૦૪ | ૫૨૭ | ૧૮૨૮૩૯૭ | ૫૩૫૧૪૩ |
| | ટકા | ૧૭.૪૮ | ૧૯.૧૧ | ૧૨.૨૮ | ૮.૮૨ | ૧૩.૫૨ | ૨૨.૦૪ | ૭૩.૭૦ | ૬૭.૬૭ | ૬૫.૬૮ |
| | | | ૧૭.૫૪ | | | ૧૫.૪૮ | | | ૬૬.૯૮ | |

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

## છૂટાછવાયા આદિવાસીઓ માટે આયોજન

## કુટુંબપત્રક

ગામ : પત્રક ભરનારનું નામ :

તાલુક : તારીખ :

જિલ્લો : ઘર નંબર :

(૧) કુટુંબની સામાન્ય માહિતી

૧. કુટુંબના વડાનું નામ :

૨. જાતિ / જ્ઞાતિ :

૩. મુખ્ય ધંધો :

૪. ગૌણ ધંધો :

૫. મકાનનો પ્રકાર : કાચું / પાકું

૬. મકાનનું કુલ ક્ષેત્રફળ :

૭. ઓરડાની સંખ્યા :

૮. દીવાલનો પ્રકાર :

૯. છાપરાનો પ્રકાર :

૧૦. મકાન પોતાની માલિકીની જમીનમાં છે ? હા / ના

જો 'ના' તો કોની જમીનમાં છે ?

જમીન બીજાની હોય તો શું આપવું પડે છે ?

૧૧. પશુ માટેની છાપરી છે ? હા / ના

'હા' તો ઘરમાં / ઘર બહાર / ખેતરમાં

૧૨. ભાડાના મકાનમાં રહો છો ? હા / ના

૧૩. જો 'હા' તો માસિક ભાડું જણાવો :

(૨) કુટુંબના સભ્યોની સામાન્ય માહિતી :

| ક્રમ | સભ્યનું નામ | કુટુંબના વડા સાથ સંબંધ | જાતિ પુરુષ/સ્ત્રી | ઉંમર | વૈવાહિક દરજ્જો | ધંધો | શિક્ષણ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

નોંધ : કુટુંબના સભ્યો બહારગામ મજૂરી માટે જતા હોય તો કેટલો સમય જાય છે તે વિશેષ નોંધમાં લખવું., શિક્ષણના કોલમમાં ચાલુ અભ્યાસ હોય તેને કૌંસમાં(ચાલુ) લખવું.

**(૩) મિલકત:**

૧અ. કુલ જમીન (એકરમાં) : પિયત : બિનપિયત :

૧બ. જમીનની કુલ કિંમત :

૧ક. તમારી જમીન ગીરો, વેચાણ આપી છે ? હા / ના

જો 'હા' તો કોને અને કયારે ?

૨. મકાન અને અન્ય સ્થાવર મિલકત :

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **અત્યારની કિંમત** |
|---|---|---|---|
| ૧. | મકાન | | |
| ૨. | વૃક્ષો : | | |
| | ૧. મહુડા | | |
| | ૨. આંબા | | |
| | ૩. ખજૂરી/તાડી | | |
| | ૪. સાગ | | |
| | ૫. નીલગીરી/સુબાબુલ | | |
| | ૬. અન્ય(વિગત આપો) | | |

૩. પશુધન તપાસ સમયે

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **અત્યારની કિંમત** |
|---|---|---|---|
| ૧. | ગાયો | | |
| ૨. | ભેંસો | | |
| ૩. | બકરાં, ઘેટાં | | |
| ૪. | બળદ | | |
| ૫. | વાછરડા | | |

૬. વાછરડી

૭. પાડી, પાડા

૮. મરઘાં

૯. અન્ય

૧૦. કુલ

૪. પોતાની માલિકીનાં યંત્રો, ઓજારો, માલવાહન સાધનો

| ક્રમ | વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૧. | હળ : લાકડાનું | | |
| ૨. | હળ : લોખંડનું | | |
| ૩. | કરબ | | |
| ૪. | સમાર | | |
| ૫. | વાવણિયો | | |
| ૬. | નાનાં ઓજારો | | |
| ૭. | ગાડું : લાકડાના પૈડાવાળું | | |
| ૮. | ગાડું : ટાયરના પૈડાવાળું | | |
| ૯. | કૂવો : કાચો / પાકો | | |
| ૧૦. | કોશ | | |
| ૧૧. | રહેંટ | | |
| ૧૨. | ઓઈલ એન્જીન | | |
| ૧૩. | ઈલેકટ્રીક મોટર | | |
| ૧૪. | ટ્રેકટર | | |
| ૧૫. | ટ્રેકટર, ટ્રોલી સાથે | | |
| ૧૬. | ખટારો | | |
| ૧૭. | અન્ય (વિગત આપો) | | |

## ૫. ઘરવખરીનાં સાધનો

૧. રસોઈનાં અને અન્ય ઉપયોગ માટેનાં ઘરવપરાશનાં સાધનો

| વસ્તુ | વિગત | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| વાસણો | અ. તાંબાનાં | | |
| | બ. એલ્યુમિનિયમનાં | | |
| | ક. પિત્તળનાં | | |
| | ડ. સ્ટીલનાં | | |
| | ઈ. માટીનાં | | |
| | ચ. કાચનાં | | |
| | છ. અન્ય | | |

૬.

| ક્રમ | વિગત | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૧. | ફરનિચર : | | |
| | અ. ખાટલા | | |
| | બ. પલંગ લોખંડના/લાકડાના | | |
| | ક. ટેબલ/ટીપોઈ/ખુરશી | | |
| ૨. | સાયકલ | | |
| ૩. | ઘડિયાળ | | |
| ૪. | રેડિયો | | |
| ૫. | સીવવાનો સંચો | | |
| ૬. | માછલાં પકડવાની જાળ | | |
| ૭. | શિકારનાં સાધનો | | |
| ૮. | વાજિંત્રો | | |

૯. ફાનસ, ચીમની, પેટ્રોમેક્સ

૧૦. ટોપલા, ટોપલીઓ

૧૧. દળવાની ઘંટી

૧૨. પ્રાયમસ

૧૩. પેટી

૧૪. બેટરી

૧૫. અન્ય

૭. **અન્ય અસ્કયામતો**

૧. રોકડ

૨. ઘરેણાં :

અ. ચાંદીનાં

બ. સોનાનાં

ક. કલાઈનાં

ડ. અન્ય કિંમત

૩. શેર અને અનામતો

૪. લેણું

૫. બેન્ક બેલેન્સ

૬. અન્ય

(૪) **જુદા જુદા સાધનવાર વાર્ષિક આવક (રૂપિયામાં)**

| ક્રમ | વિગત | કુલ આવક | કુલ ખર્ચ | ચોખ્ખી આવક | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | | | | |
| ૨. | પશુપાલન | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩. | જંગલ મજૂરી | | | | |
| ૪. | ખેતમજૂરી | | | | |
| ૫. | છૂટક મજૂરી | | | | |
| ૬. | નોકરીની આવક | | | | |
| ૭. | ગૃહઉદ્યોગ | | | | |
| ૮. | ધંધામાંથી આવક | | | | |
| ૯. | નફો- વ્યાજ | | | | |
| ૧૦. | દારૂમાંથી આવક | | | | |
| ૧૧. | તાડીની આવક | | | | |
| ૧૨. | અન્ય | | | | |
| | કુલ | | | | |

**(૫) વપરાશી ખર્ચ : પ્રમાણ**

| ક્રમ | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| ૧. | ખાધાખોરાકી પાછળ થતું ખર્ચ | | |
| ૨. | બળતણ વગેરે | | |
| ૩. | કપડાં, પગરખાં | | |
| ૪. | સામાજિક | | |
| ૫. | ધાર્મિક | | |
| ૬. | શૈક્ષણિક | | |
| ૭. | મોજશોખ, મનોરંજન | | |
| ૮. | દારૂ, બીડી, તાડી | | |
| ૯. | દેવાના હપ્તા અને વ્યાજ | | |
| ૧૦. | અન્ય | | |

(૬) દેવું : તમારે દેવું છે હા ના જો 'હા' તો નીચેની વિગત આપો.

| ક્રમ | દેવું કોની પાસેથી લીધું છે? | દેવાની રકમ | | | ક્યારે લીધેલ | દેવું કરવાનો હેતુ | વ્યાજનો દર રૂપિયામાં | દેવું ભરપાઈ ન થવાનું કારણ | લોન પરત કઈ રીતે શેમાંથી કરવાના | અપાયેલી જામીન-ગીરી | દેવું લેતી વખતે કેટલા રૂપિયા કાપી લેવામાં આવે છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રોકડ | વસ્તુ કિંમત | કુલ કિંમત | | | | | | | |
| ૧. | શાહુકાર વેપારી | | | | | | | | | | |
| ૨. | સરકાર | | | | | | | | | | |
| ૩. | સહકારી મંડળી | | | | | | | | | | |
| ૪ | બેન્ક | | | | | | | | | | |
| ૫ | સગાવહાલા | | | | | | | | | | |
| ૬ | ખાનગી | | | | | | | | | | |
| ૭ | અન્ય (વિગતો આપો) | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | |

(૭) કુટુંબના સભ્યોને જુદી જુદી યોજનામાંથી મળેલ મજૂરી (દિવસમાં) એક વર્ષની)

| ક્રમ | યોજનાનુ નામ | સભ્યોની વિગત | કુલ દિવસ | મજૂરીનો દર | | કુલ રકમ (રૂપિયામાં) | નોંધ (અનાજનું નામ અને વજન) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | રોકડા | અનાજમાં | | |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| ૫ | | | | | | | |
| ૬ | | | | | | | |
| ૭ | | | | | | | |
| ૮ | | | | | | | |
| ૯ | | | | | | | |
| ૧૦ | | | | | | | |

નોંધ : ૧. કુટુંબપોથી જોઈ તેને આધારે વિગત લેવી અને એસેટ્સ ચકાસવું

૨. યોજનાના નામમાં જે તે યોજનાનું નામ લખવું જેમ કે આઈ.આર.ડી.પી., એન.આર.ઈ.પી., આર.એલ.ઈ.જી.પી. ટ્રાયસેમ

(૮) ૧. જુદી જુદી યોજનામાંથી મેળવેલ મજૂરીમાં શું શું કામ કર્યું ?

કેટલે દૂર ? સ્થળ :

તેમાંથી અનાજ લાવેલા ? હા / ના

'હા' તો શું લાવેલા ? કેટલું ?

'ના' તો કેમ નહીં લાવેલા ?

તેનો ભાવ શું હતો ?

૨. મજૂરી મળ્યા પછી કંઈ રળી ખાઈ શકાય તેવાં સાધનો પેદા થઈ શક્યાં છે ? હા / ના

'હા' તો શું ?

૩. બળદ, બળદગાડા દ્વારા બીજું શું મળ્યું ?

(સ્વયં રોજગાર માટે મળેલ સહાય)

તેનો શું ઉપયોગ કરો છો ?

નથી કરતા તો કેમ નથી કરતા ?

(૯) ૧. જમીન સંરક્ષણ યોજનાનો લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો

૨. સિંચાઈ યોજનાનો લાભ લીધો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો ?

૩. કિટ્સનો લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો ક્યારે ?

૪. દૂધાળા ઢોરનો લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કોના દ્વારા અને શું ?

કેટલા રૂપિયા

૫. મરઘાં ઉછેર યુનિટ લાભ મળ્યો છે ? હા / ના

(૧૦) ૧. બાળકો નિશાળે જાય છે ? હા / ના

'ના' તો શા માટે ?

૨. શિક્ષણ યોજનામાં કોઈ લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો ?

અ. સ્કોલરશીપ (રૂપિયામાં)

બ. ગણવેશ

ક. પુસ્તક

ડ. મધ્યાહ્ન ભોજન

૩. આરોગ્ય અંગેની કોઈ સહાય મળી છે ? હા / ના

શું ? ક્યારે ?

(૧૧) ૧. તમે કયા કયા નવા ધંધામાં પડ્યા છો ?

શેને લીધે ?

૨. ટ્રાઈસેમ દ્વારા તાલીમ મળી છે ? હા / ના

'હા' તો (અ) તાલીમનો સમયગાળો (બ)સ્ટાઈપેન્ડ (રૂપિયામાં) (ડ) સાધન

૩. આ તાલીમ પછી કોઈ ધંધો શરૂ કર્યો ?

૪. તમે કોઈ નવો ધંધો કરવા ઈચ્છો તો ? હા / ના

જો 'હા' તો કયો ?

આ નવા ધંધા માટે શેની જરૂર છે ?

અ. તાલીમ બ. સાધનો ક. નાણાં

**(૧૨) લોકોની જરૂરિયાત અંગે**

૧૨.૧ ઘરથાળના પ્લોટ અંગે

૧. ઘરથાળનો પ્લોટ મળ્યો છે ? હા / ના

૨. નવો પ્લોટ જોઈએ છે ? હા / ના

૩. પ્લોટમાં મકાન બનાવ્યું છે ? હા / ના

૪. મકાનનું સમારકામ કરાવવું છે ? હા / ના

**૧૨.૨ ખેત વિષયક જરૂરિયાત**

૧. જમીન સમતળ કરાવવી છે ? હા / ના

૨. પાળા બાંધવા છે ? હા / ના

૩. ક્યારી બનાવવી છે ? હા / ના

૪. ખેતી માટે જમીન જોઈએ છે ? હા / ના

૫. બિયારણની જરૂરિયાત છે ? હા / ના

૬. ખાતરની જરૂરિયાત છે ? હા / ના

૭. જંતુનાશક દવાની જરૂરિયાત છે ? હા / ના

**૧૨.૩ ખેતીનાં સાધનોમાં જરૂરિયાત**

૧. લાકડાનું હળ

૨. રાંપ

૩. રાંપડી

૪. સમાર

૫. વાવણિયો

૬. લોખંડનું હળ

૭. પંખો

૮. મોઘ

૯. બળદગાડું

૧૦. દવા છાંટવા માટે સ્પ્રેયર પંપ

૧૧. અન્ય

**૧૨.૪ કૂવો તથા પિયતનાં સાધનોની જરૂરિયાત**

૧. નવો કૂવો કરાવવો છે ? હા / ના

૨. કૂવો ઊંડો કરાવવો છે ? હા / ના

૩. કૂવો મરામત કરાવવો છે ? હા / ના

૪. કોશ અથવા રહેંટ જોઈએ છે ? હા / ના

૫. પિયત માટે કૂવા પર વીજળી જોડાણની જરૂર છે ? હા / ના

૬. ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરની જરૂર છે ? હા / ના

**૧૨.૫ ફળઝાડ, શાકભાજી અને વનીકરણની જરૂરિયાત**

૧. શાકભાજીનું વાંવેતર કરવું છે ? હા / ના

૨. ફળઝાડનો ઉછેર કરાવવો હોય તો કયાં ફળઝાડ ? હા / ના

૩. જમીનમાં ઘાસચારો ઉગાડવો છે ? હા / ના

૪. પોતાની જમીનમાં વનીકરણ કરવું છે ? હા / ના

**૧૨.૬ દૂધાળાં ઢોરની જરૂરિયાત**

૧. તમને કોઈ પશુની જરૂર છે ? હા / ના

૨. જો 'હા' તો કયા પશુની ?

## સંદર્ભ સાહિત્ય


૧. કચ્છ દર્શન

શંભુદાન ગઢવી, ૧૯૭૮

૨. ભાતીગર ભોમકા : કચ્છ

નરેન્દ્રકુમાર મ. જોષી, ૧૯૭૭

૩. વતનનો વાર્તાલાપ - કચ્છના અંતમ રાજવીની સ્મરણયાત્રા

મદનસિંહ જી., ૧૯૭૬

૪. કચ્છી કહેવતો

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, ૧૯૭૬

૫. નકશામાં ગુજરાત

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૭

૬. સમાજવિદ્યા

બાલભૂગોળ - નવયુગ પ્રકાશન, ૧૯૭૮

૭. સૌરાષ્ટ્રની પછાતજાતિઓ

૮. વલ્લભપુર ગામની સામાજિક અને આર્થિક તપાસ

(સ્નાતક નિબંધ), ૧૯૬૯

૪૨૭/૧, આપર રણછોડભાઈ કરસનભાઈ

૯. ખતર મહાલના આદિવાસીઓની સામાજિક તપાસ

ચાવડા શામજી હમુજી, ૧૯૬૭ (૫૫૦)

૧૦. કચ્છનાં આદિવાસીઓ - વાગડ વિસ્તારને મધ્યમાં રાખીને

ધોળકીયા તરલાબહેન પ્ર., ૧૯૭૩

૧૧. જિલ્લા વિકાસ એજન્સી પ્રગતિ અહેવાલ, ૧૯૮૪-૮૫